# જૈનધર્મ

અને

# માંસાહાર-પરિહાર

લેખક :

શાહ રતિલાલ મફાભાઈ

પ્રાપ્તિસ્થાન :

શાહ ભરતકુમાર રતિલાલ

ઠે. રાજેન્દ્ર ગૃહ ભંડાર

માંડલ ( જિ. અમદાવાદ )

# જૈનધર્મ

અને

# માંસાહાર-પરિહાર

લેખક :

શાહ રતિલાલ મફાભાઈ

પ્રાપ્તિસ્થાન :
શાહ ભરતકુમાર રતિલાલ
ઠે. રાજેન્દ્ર ગૃહ ભંડાર
**માંડલ** (જિ. અમદાવાદ)

## હિંદી અનુવાદ માટે સહાયની જરૂર

જેમનામાં શાસનના ગૌરવની ભાવના છે, ભગવાન મહાવીર અને તેમની ભિક્ષુપરંપરા પર થયેલા માંસાહારના આરોપ અંગે દિલમાં દર્દ છે એવા થોડા-ઘણા ભાઈઓનો પણ જો સહકાર મળી રહેશે તો આનું હિંદી પ્રકાશન કરવાની તેમ જ જાણીતા જૈન–જૈનેતર પંડિતોના હાથમાં એની એક એક કોપી મૂકવાની તરત જ ગોઠવણ થઈ શકશે. એ માટે સહકારની આશા રાખવામાં આવે છે.


પ્રકાશનવર્ષ :
ઈ. સ. ૧૯૬૭
વિ. સંવત ૨૦૨૩

**કિંમત : અઢી રૂપિયા**

પ્રકાશક :
શાહ રતિલાલ મફાભાઈ
વાયા વીરમગામ
માંડલ (જિ. અમદાવાદ)

મુદ્રક :
કાન્તિલાલ એમ. દેસાઈ,
ચંદ્રિકા પ્રિન્ટરી,
મિરજાપુર રોડ, અમદાવાદ

# અર્પણ

## આદરણીય સુપ્રજ્ઞ શ્રી કસ્તુરમલ બાંઠિયાજી મહોદયને

પાકી ઉંમર થવા છતાં જેમની જ્ઞાનોપાસના સતત ચાલતી રહી છે, તેમ જ સમાજના વિવિધ પ્રશ્નો પર જેમની કલમ વણથોભી દોડયે જાય છે, એવા વયોવૃદ્ધ, વિદ્યારત, અનુભવી અને સૌજન્યમૂર્તિ શ્રી કસ્તુરમલ બાંઠિયાજીની શાસનસેવાની ધગશ અને જ્ઞાનોપાસનાની ભાવનાને અંજલિરૂપે આ વિનમ્ર કૃતિ એમના કરકમળમાં સમર્પિત કરી કૃતકૃત્ય થાઉં છું.

**શાહ રતિલાલ મફાભાઈ**

# અનુક્રમણિકા


| પ્રકરણ | | | પાનુ |
|---|---|---|---|
| | બે બોલ | | ૫ |
| | પૂર્તિ | | ૯ |
| ૧ | વિષયારંભ | ... | ૧ |
| ૨ | શંકાસ્પદ પાઠો | ... | ૧૧ |
| ૩ | આચાર્યોની ટીકાઓ | ... | ૨૫ |
| ૪ | ભયંકર દુષ્કાળ | ... | ૩૦ |
| ૫ | પ્રથમ ભિક્ષુસંગિતિ | ... | ૩૬ |
| ૬ | સર્જેલો ચમત્કાર | ... | ૩૯ |
| ૭ | માંસાહારનું પ્રમાણ (?) | ... | ૫૩ |
| ૮ | વિધાનપાઠો કે ઉદ્ધારપાઠો | ... | ૬૪ |
| ૯ | દોષ એ પણ એક સદ્‌ગુણ છે | ... | ૬૬ |
| ૧૦ | પ્રાપ્ત કરેલો રાષ્ટ્રવ્યાપી મહાવિજય | ... | ૬૭ |
| ૧૧ | શ્રી ભદ્રબાહુસ્વામીનો આધાર | ... | ૮૧ |
| ૧૨ | શાસ્ત્રો વિષે બાંધેલી કલ્પના | ... | ૮૭ |
| ૧૩ | વહેમી માન્યતાઓ અને ધર્મઘેલછાઓ | ... | ૮૯ |
| ૧૪ | નિબંધનો ટૂંક સાર | ... | ૯૩ |
| ૧૫ | સમસ્યા જટિલ બનવાનાં કારણો | ... | ૯૫ |
| ૧૬ | પંડિતોને નમ્ર વિનંતી | ... | ૯૯ |
| ૧૭ | ઉપસંહાર | ... | ૧૧૦ |
| ૧૮ | પરિશિષ્ટ | ... | ૧૨૪ |
| ૧૯ | અંતિમ નિવેદન | ... | ૧૬૧ |

# બે બોલ

સને ૧૯૫૮માં પ્રગટ થયેલું મારું 'ભગવાન મહાવીર અને માંસાહાર' નામે પુસ્તક વાંચ્યા પછી જૈન સમાજના જાણીતા ધર્મ-વિચારક, વિદ્યાવ્યાસંગી અને સમાજહિતચિંતક શ્રી કસ્તુરમલ બાંઠિયાજીનો પત્ર મળ્યો કે "मैंने मुनि महाराज श्री न्यायविजयजी को सूचित कर दिया था कि प्रचार की दृष्टि से आपकी 'भगवान महावीर अने मांसाहार' पुस्तक का हिन्दी अनुवाद मैं शीघ्र ही प्रस्तुत करुंगा। बादमें मैंने अनुवाद का काम हाथ में लिया। अनुवाद करने पर मुझे अनुभव हुआ कि हिन्दी ग्रंथ जिन लोगो में प्रचारित होगा, उनमें यह अनुवाद मात्र पर्याप्त नहीं होगा। क्योंकि 'भगवान बुद्ध' पुस्तक में मांसाहार का जैनो में प्रचार आचारांग और दशवैकालिक सूत्र के पाठों से सिद्ध किया गया है, जिनकी टीकाओ में अुसी अर्थ का समर्थन होता है, तो महावीर निरामिषाहारी रहे हो, परंतु अुनके साधुओ में मांसाहार आपदविपद में प्रचलित था, यह कोई कहे और अुसके समर्थन में भगवतीसूत्र के आधार पर वैसा ही अर्थ करने का आग्रह करे तो उनको कैसे कहा जा सकता है?। अतः टीकाकारों के अर्थविशेष का स्पष्टीकरण यदि आपने किया हो तो सूचित करें, अन्यथा वह प्रयास करें"।

આ પત્ર વાંચીને મારા જેવા આ વિષયના અજાણ માણસમાં મૂકેલા વિશ્વાસથી મને પાનો ચડ્યો, ઉત્સાહ પ્રગટ્યો અને એથી જ એમણે મૂકેલા પ્રશ્નોનું મારી અલ્પ બુદ્ધિ મુજબ સમાધાન શોધવાનો મેં કંઈક પ્રયત્ન કર્યો છે.

આ બાબતનું અધ્યયન કરવાનું અને કંઈક લખવાનું મારા અંતરમાં સંવેદન થયું તેની પૂર્વભૂમિકા એ છે કે ૩૦ વર્ષ પહેલાં ભગવાન મહાવીર ઉપર થયેલા માંસાહારના આક્ષેપથી હું ચોંકી ઊઠ્યો હતો, પણ ત્યારે મારો એવો અભ્યાસ નહોતો, લખવાનો પણ

ત્યાં સુધી ખાસ મહાવરો નહોતો, છતાં એ પ્રશ્ન હૈયાને કોર્યા કરતો હતો. તેથી ૧૦ વર્ષ પહેલાં ધર્માનંદ કૌશાંબીજીકૃત 'ભગવાન બુદ્ધ' પુસ્તક પ્રગટ થતાં એ પ્રશ્ન ફરી ચકડોળે ચઢ્યો. આ બધા સમય દરમ્યાન આ અંગે મેં જે કંઈ અભ્યાસ અને ચિંતન કર્યાં હતાં તેને આધારે તટસ્થપણે વિચાર કરતાં મને જણાયું કે આમાં ક્યાંક મોટી ભૂલ થઈ રહી છે. જોકે કેટલીક જગ્યાએથી એનો પ્રતિકાર થયો હતો પણ મારા ચિત્તને એથી સંતોષ નહોતો. તેથી એક દિવસ મનો-વ્યથા વ્યક્ત કરતાં, ન્યાયવિશારદ, ન્યાયતીર્થ પૂ. મુનિશ્રી ન્યાય-વિજયજી મહારાજે જ મને એનો પ્રતિકાર કરવા ઉત્સાહિત કર્યો. ન મને માગધી ભાષાનું જ્ઞાન, ન સંસ્કૃતનું ખાસ જ્ઞાન કે ન શાસ્ત્રોનો અભ્યાસ. પણ એમણે મને મેં માંગ્યા તે પાઠો, અનુવાદો વગેરેની મદદ આપી. એને આધારે તે વખતે હું 'ભગવાન મહાવીર અને માંસાહાર' નામે પુસ્તક પૂ. વિનોબાજીની પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ કરી શક્યો હતો, જે ત્યારે સારો આવકાર પામ્યું હતું.

આ પુસ્તક અંગે આચારાંગનો કંઈક અભ્યાસ થયો હતો. તેથી મારી સામે એક ચિત્ર આકાર લઈ રહ્યું હતું. પણ ત્યારે હું જૈનધર્મમાં માંસાહારનું વિધાન કેવી રીતે હોઈ શકે? એ પ્રશ્નને વ્યાપક રીતે સ્પર્શી શક્યો ન હતો. વળી એ મારા ગજા ઉપરવટની વાત પણ હતી. છતાં જ્યારે આ બીજો પ્રશ્ન પણ હાથ પર લેવા બાંઠિયાજીએ ઉપર આપેલ પત્ર દ્વારા મને ઉત્સાહિત કર્યો એથી આ લઘુ નિબંધ હું તૈયાર કરી શક્યો છું. સાથે ૨૦૦૦ વર્ષથી ગૂંચવાતી રહેલી આ કઠિન સમસ્યા હલ થઈ શકે તો કેવું સારું એવી દિલમાં પડેલી એક અદમ્ય ઇચ્છાએ પણ મને બળ પૂરું પાડ્યું છે.

જોકે આ પ્રશ્નના અનેક વાર જોરદાર જવાબો અપાયા છે. પણ એમ છતાં એમાં કંઈક ખૂટતું હતું, જેથી પંડિતોને આ વાત ગળે ઊતરે તેવી અસરકારકતા એમાંથી ઉદ્ભવતી નહોતી. કારણ કે માંસાહારનો અર્થ આપતા પાઠો, એવો જ અર્થ આપતી ટીકાઓ વગેરેનું કારણ

શું, એની પાછળનો ભેદ શો, કોને માટે ને કયા સંજોગોમાં એ બધું લખાયું હતું — એ બધાં કારણોનો ઇતિહાસ અંધારામાં હોઈ તેમ જ આજ સુધી એનું પર્યાપ્ત સંશોધન થયું ન હોઈ એક પ્રકારની મૂંઝવણ અને સાશંકતા પેદા થાય એવી કંઈક અપૂર્ણતા એમાં રહી જતી હતી એમ મને લાગ્યા કરતું હતું.

આ કારણે મારી જાણમાં આવ્યા તે બધા તેમ જ એવા શંકાસ્પદ પાઠોના અર્થો પણ મેં ખૂબ કાળજીપૂર્વક વિચાર્યા છે; અને તે પછી, કેવળ તટસ્થ દૃષ્ટિએ, પૂર્વગ્રહથી મુક્ત બની, આ અંગે મને જે રહસ્ય સમજાયું છે એ જ મેં અત્રે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો છે.

પૂ. ગુરુદેવ ન્યા. ન્યા. શ્રી ન્યાયવિજયજી મહારાજના મારા પર સ્નેહ, કૃપા અને માર્ગદર્શન સાથે જે આશીર્વાદ ઊતરતા રહે છે એને પ્રતાપે જ હું કંઈક છું એમ કહું તો ખોટું નથી. વૃદ્ધાવસ્થા અને નાદુરસ્ત તબિયત છતાં તેઓશ્રી મને જે રીતે ઉત્સાહિત બનાવતા રહે છે તે માટે હું કયા શબ્દોમાં એમનો ઉપકાર માની શકું ? નિત્યનો એમનો સત્સમાગમ એ જ મારું પરમ ધન છે, મારું પરમ સદ્‌ભાગ્ય છે.

આ નિબંધ ૭ વર્ષ પૂર્વે લખાયેલો હોવા છતાં આર્થિક ઉપરાંત અન્ય કેટલાંક કારણોને અંગે સાનુકૂળ તકની હું રાહ જોઈ રહ્યો હતો. મારા આ પ્રયત્ન સંબંધી સહેજ માહિતી મળતાં દૂર બેઠેલા મારાથી અજાણ મુનિશ્રી વલ્લભદત્તવિજયજીએ પત્રો પર પત્રો લખી મને આ માટે વિશેષ ઉત્સાહિત કર્યો, હિંમત આપી તેમ જ આર્થિક મદદનો આરંભ કરી કાર્યપ્રવૃત્ત થવા પ્રેર્યો.

આ સ્થાને એક વાતનો નિર્દેશ કરવો ઉચિત લાગે છે: આ પ્રશ્ન મારા મનમાં રાત–દિવસ ઘોળાયા કરતો હતો અને એ માટે હું જરૂરી અધ્યયન અને ચિંતન કરતો રહેતો હતો, ત્યારે કેટલીક વાર અમુક પ્રશ્નનો ખુલાસો અમુક પ્રકારનો હોવો જોઈએ, અથવા હોઈ શકે, એવો આભાસ મેં મારા ચિત્તમાં કેટલીક વાર અનુભવ્યો છે. આમ છતાં મેં તે કાળની પરિસ્થિતિનો તેમ જ શાસ્ત્રીય આધારોના

પ્રકાશમાં જ આવા ઉકેલોને સાધાર બનાવવા પ્રયત્ન કર્યો છે અને દરેક બાબતના વિચાર અને નિર્ણયમાં કાળજીપૂર્વક પગલું ભર્યું છે.

જેમણે મને નિબંધ લખવામાં પ્રોત્સાહિત કર્યો એ બાંઠિયાજી સાહેબનો તથા મુનિ શ્રી વલ્લભદત્તવિજયજીનો હું ખૂબ ઋણી છું. સાથે શ્રી રવજી દેવપાળ સંપાદિત આચારાંગનો આધાર લેવા માટે એના પ્રકાશકોનો હું આભાર માનું છું. આ નિબંધમાં આપેલા સૂત્રોના ક્રમાંક તથા એવા પાઠોના અનુવાદ એ આચારાંગ પ્રમાણે જ લેવામાં આવ્યા છે. તથા 'નિશીથ એક અધ્યયન'નો આધાર મેળવવા માટે શ્રી દલસુખભાઈ માલવણિયાનો પણ હું આભારી છું.

આ સંશોધન અંગે ઊંડા ઊતરતાં મેં મારા સાનંદાશ્ચર્ય વચ્ચે જોયું કે આની પાછળ તો જૈનધર્મનો અત્યંત તેજસ્વી અને ગૌરવ-ભર્યો ઇતિહાસ છુપાયેલો છે, છતાં આવો ઇતિહાસ આજ સુધી કેમ અંધારામાં રહ્યો હશે એનું જ મને આશ્ચર્ય થાય છે. એથી આશા રાખું છું કે માંસાહારના પ્રશ્નને ગૌણ ગણી જૈનધર્મના આવા ગૌરવપ્રદ ઇતિહાસને બહાર લાવવાના આ કાર્યને સહુનો સહકાર મળી રહેશે.

આ નિબંધનો હેતુ ચર્ચા–પ્રતિચર્ચા જગાડવાનો નથી, પણ મૂળ રહસ્ય શું હતું એ જાણી સ્થિર કરવામાં ઉપયોગી થઈ શકાય એ જ છે. બાકી, એ ખામી વિનાનો છે એવો મારો દાવો નથી; મેં તો ફક્ત દિશાસૂચન જ કર્યું છે. જેઓને નિબંધવાચનમાં રસ ન આવે તેઓ પ્રકરણ ૬–૭–૧૦–૧૬–૧૭–૧૮ અને ૧૯ વાંચશે તોપણ તેઓ મારું મૂળભૂત દૃષ્ટિબિંદુ સમજી શકશે.

આ કાર્યમાં જે મહાનુભાવોએ મને આર્થિક કે સાહિત્યિક સહાય આપી છે એમનો અહેશાન હું ભૂલી ન શકું. અને છેલ્લે પ્રકાશન વ્યવસ્થા અંગે મારી ચિંતાને પોતાની માની બધી જ જવાબદારી વિશુદ્ધ સ્નેહભાવે વહન કરનાર શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનો ગાઢ સ્નેહને કારણે આભાર માનતાં સંકોચ અનુભવું છું.

આ અંગે ચંદ્રિકા પ્રિન્ટરીનો પણ હું આભાર માનું છું.

**માંડલ** તા. ૧–૩–૬૭ **શાહ રતિલાલ મફાભાઈ**

# પૂર્તિ

## ( પાના ૭૫ના અનુસંધાનમાં )

જી. એફ. મુર લખે છે કે — ઈસ્વીસનના આરંભકાળ પહેલાં ઈરાક, શ્યામ તથા ફિલિસ્તાનમાં જૈન શ્રમણો સેંકડોની સંખ્યામાં પથરાયેલા હતા.

રેવરૅન્ડ જે. સ્ટીવન્સન ( અધ્યક્ષ રોયલ એશિયાટિક સોસાયટી ) લખે છે કે—ગ્રીક લોકોએ પશ્ચિમ ભારતના જે જિમ્નોસોફીસ્ટો વિષે કહ્યું છે તે જૈન લોકો જ હતા.

જર્મન ઇતિહાસલેખક વાનક્રેમર લખે છે કે — મિસરમાં જે 'સમાનિયા' સંપ્રદાય છે તે જૈન શ્રમણોનો જ અપભ્રંશ છે.

વિશ્વંભરનાથ પાંડે જણાવે છે કે — ઈસુના જન્મ પહેલાં જૈન ધર્મ મધ્યપૂર્વમાં ખૂબ ફેલાયેલો હતો, જેણે યહુદી તથા પાછળથી ઈસાઈ અને મુસ્લિમ ધર્મ પર પ્રભાવ પાડ્યો હતો.

સોપારક નામનો એક રાજદૂત યુનાન ગયો હતો. તેની સાથે એક જૈનાચાર્ય પણ ગયા હતા. એમણે ત્યાં જૈનધર્મનો સારો પ્રચાર કરી છેવટે એથેન્સ (ગ્રીસ)માં સમાધિમરણ પ્રાપ્ત કર્યું હતું. ( Indian Historical Quarterly Part II page 293 )

આમ તે કાળના મુનિઓ પ્રચારની (મિશનની) એક નવી ભાવનાથી હિંદ અને હિંદ બહાર દૂર દૂર સુધી વિહરવા લાગ્યા હતા.

## ( પાના ૯૨ના અનુસંધાનમાં )

સ્ત્રી-બાળકોના રક્ષણની આપણા પર જવાબદારી હોવા છતાં એમના પર ગુંડાઓનું-આક્રમણખોરોનું આક્રમણ થાય ત્યારે પણ અહિંસાની દૃષ્ટિએ પોતાનું બલિદાન આપવાની વાત કરી મહાત્મા ગાંધીજીએ જગતના ઇતિહાસમાં પ્રથમ વાર જ માનવહિંસાનો છેદ ઉડાડી દીધો છે. આવા એ ચુસ્ત માનવ-અહિંસાવાદી હતા. છતાં

એક ગામ પર ધાડપાડુઓનું આક્રમણ થતાં ડરના માર્યા સ્ત્રી–બાળકોને મૂકીને ભાગી ગયેલા લોકોને એમણે જણાવેલું કે **કાયરતા એ હિંસાથી પણ ભયંકર છે. માટે જો તમે વીરતાપૂર્વક સશસ્ત્ર સામનો કરી હિંસા કરી હોત તો હું એને અહિંસા માની ખુશ થાત.**

આવા શબ્દો સેંકડો યુગો પછી જળવાઈ રહે અને આજુબાજુના સંદર્ભો, એ પુરુષનું જીવનકાર્ય, એમના આચારવિચારો તથા સિદ્ધાંતો છૂટી જાય તો એ પુરુષને નામે કેવો વિકૃત પ્રચાર થઈ શકે!

એટલે મૂળ પુરુષના મુખમાં કોઈ પણ વાક્યો મુકાયેલાં શાસ્ત્રો-માંથી નીકળી આવે, પણ જ્યાં સુધી એના સંદર્ભો તથા એ મૂળ પુરુષની જીવનનિષ્ઠા ન સમજાય તેમ જ એવા શબ્દો ક્યારે, ક્યાં, કોને અપેક્ષીને બોલાયેલા એનો ખ્યાલ ન રહે, તો એ મૂળ પુરુષના સિદ્ધાંતનું જ ખૂન કરવા બરોબર બને. માટે જ કહેવામાં આવ્યું કે यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ।

**(અનુસંધાન પાનું ૧૦૭, પેરેગ્રાફ પહેલો)**

પંડિતોએ મૂળ માગધી પ્રમાણે दुवे कपोयसरीरे પાઠને આધારે બે કબૂતરોનાં શરીર રાંધ્યાં છે તેનું મારે પ્રયોજન નથી પણ તેના ઘરમાં मज्जारकडे બિલાડાએ મારેલું परियासिए વાસી એવું कुक्कुटमंसकं કૂકડાનું માંસ છે તે તું લઈ આવ, એવો અર્થ કર્યો છે; જ્યારે પરંપરા પ્રમાણે 'कपोय એટલે કોળું, मज्जारकडे એટલે માર્જાર નામના વાયુની શાંતિ માટે સંસ્કારિત કરેલો – ભાવના દીધેલો परियासिए દિવસો સુધી ચાલે તેવો જે कुक्कुटमंसकं બીજોરાપાક છે તે લઈ આવ' એવો અર્થ છે.

**સમીક્ષા:** सरीर શબ્દ દેહના અર્થમાં નાન્યતર જાતિનો છે, પણ અહીં નરવાચક હોઈ પાકના અર્થમાં છે. બે કબૂતરોનાં શરીર એટલે હાડકાં —ચામડી–પાંખ સાથે શરીર કહેવાય એ કેવી રીતે રાંધી શકાય? જ્યારે

છાલ કાઢીને બાકીનાં સર્વ અંગો સાથે કોળું રાંધી શકાય છે. વળી मज्जारकडे નું સંસ્કૃત मज्जारकृत થતું હોઈ મજ્જાર નામના વાયુની શાંતિ માટે સંસ્કારિત કરેલો–ભાવના આપેલો એવો અર્થ થઈ શકે, પણ कृत નો અર્થ 'મારેલું' કેવી રીતે ઘટે ? તેમ જ પંડિતો-એ परियासिए નો વાસી અર્થ કર્યો હોઈ રેવતી શું એટલી બધી મૂર્ખ હશે કે એણે એ વાસી માંસ ખાવા માટે રાખી લીધું હશે ? કારણ કે કૂકડાનું માંસ તો ૬–૮ કલાકમાં જ ગંધાઈ ઊઠતું અને સડી જતું હોઈ ખાવા લાયક રહેતું નથી, જેથી कुक्कुटमंसक નો અર્થ બીજોરાપાક હોઈ એ કેટલાક દિવસ ટકી શકે છે. અને मांस નો અર્થ 'ગર્ભ' છે, જે વાગ્ભટે પોતે જ ગર્ભના અર્થમાં વાપર્યો છે. (જુઓ પાનું ૫)

( પાના ૧૦૯ના અનુસંધાનમાં )

ખુદ કૌશાંબીજી હૃદયની સરળતાથી જણાવે છે કે "મેં જૈન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી. માંસાહાર વિષે ચર્ચા ચાલી ત્યારે પ્રસિદ્ધ જૈન પંડિતોએ જ તે (પાઠો) મને બતાવ્યા. તેમ જ એક જૈન મુનિએ પણ તેમ જ કહ્યું" (ભ. બુદ્ધ. પા. ૨૫૧) વાચકો જોઈ શકશે કે બીજાઓએ આપેલા પાઠો તથા અર્થો પર આધાર રાખી સ્વતંત્રપણે ચિંતન–મનન–શાસ્ત્રાભ્યાસ કે પૂર્વાપર સંબંધ જોયા વિના પંડિતોને હાથે કેવો ભયંકર અનર્થ પેદા થઈ જાય છે !

અને ભારત સરકાર સંચાલિત સાહિત્ય અકાદમી વિષે કહીએ તો, જે પ્રશ્ન ઊકળતો રહ્યો છે, એ પ્રશ્નને ઊકળતો રાખી એક વિશાળ કોમની ધાર્મિક લાગણીને આઘાત પહોંચાડવા પક્ષીય ધોરણે એ ભાગ ભજવે એ ભારત સરકારની સેક્યુલર સ્ટેઈટ (બિનસાંપ્રદાયિક રાજ્ય)ની ભાવના માટે એક કલંકરૂપ વસ્તુ છે.

### આજના યુગની સમસ્યા હલ કરતાં

# ભગવાન મહાવીરનાં ઉપદેશવચનો

(૧) જ્ઞાનદૃષ્ટિએ एगे आया (સ્થા. સૂત્ર) આત્મા એક જ છે. એથી तुमंसि नाम तं चेव (આચા. શ્રુ. ૧ અ. ૫) જેને તું હણવાનો–પીડવાનો વિચાર કરે છે તે તું જ છે.

(૨) માટે जं इच्छसि अप्पणतो (બૃ. ક. ભાષ્ય) જે તું પોતાને માટે ચાહે છે, તે બીજાને માટે પણ ચાહ અને જે તું નથી ચાહતો એ બીજાને માટે પણ ન ચાહ.

(૩, આથી असंविभागी न हु तस्स मोक्खो (દશ વૈ.) પોતાને પ્રાપ્ત વસ્તુઓનું જે સમવિભાજન નથી કરતો એને મોક્ષ જ પ્રાપ્ત થતો નથી.

(૪) गोयमा ! जो गिलाणं पडियरइ मं दंसणेण पडिवज्जइ

હે ગૌતમ ! જે ગ્લાન–રોગીની સેવા કરે છે એ મને જ પ્રાપ્ત કરે છે.

(૫) सच्चं खु भयवं (પ્ર. વ્યા.) સત્ય એ જ પરમેશ્વર છે.

(૬) सच्चं लोगम्मि सारभूयं વિશ્વમાં સત્યનું આચરણ એ જ સારભૂત છે. (પછી ફળ ગમે તે આવે.)

(૭) नत्थि एरिसो पासो पडिबंधो अत्थि सव्वजीवाणं સંસારના જીવોને જકડનાર પરિગ્રહ જેવું કોઈ બંધન નથી.

(૮) રાજકીય અવ્યવસ્થામાં ધર્મપાલન શક્ય નથી (નિ. ગા. ૨૩૫૭)

(૯) जं नायगं च रट्ठस्स हंता महामोहं पकुव्वइ જે રાષ્ટ્ર પ્રત્યેની ફરજ ચૂકે છે, એ મહાપાપી છે.

(૧૦) अट्ठारसदेसीभाषाणियतं अद्धमागहं અર્ધમાગધી અને ૧૮ જુદી જુદી ભાષાઓના મિશ્રણવાળી અર્ધમાગધીને એ કાળની રાષ્ટ્રભાષા તરીકે ભગવાને આકાર આપ્યો હતો, જેથી રાષ્ટ્રભાષાને આવકારવી એ ધર્મ બને છે. કારણ કે એથી પ્રજાસમૂહો પાસે પાસે આવી પ્રેમવિકાસ સાધી શકે છે.

# પ્રકરણ ૧ લું

# વિષયારંભ

'જૈનધર્મ અને માંસાહાર પરિહાર' નામના આ બીજા નિબંધમાં પૂર્વગ્રહથી મુક્ત બની સત્યસંશોધનની દૃષ્ટિએ જ મેં આ પ્રશ્ન વિચાર્યો છે. મારા પ્રથમ પુસ્તક 'ભગવાન મહાવીર અને માંસાહાર'ના અનુસંધાનમાં આ નિબંધ લખાયો હોઈ એ પ્રથમ નિબંધ વિષે ઊડતી નજર નાખી જઈએ કે જેથી નવા વાચકોને આ નિબંધ સમજવામાં સરલતા પ્રાપ્ત થાય.

સાંપ્રદાયિક રાગદૃષ્ટિથી હું પૂર્ણપણે મુક્ત તો ન જ હોઉં એમ માની પ્રથમ પુસ્તક શ્રી વિનોબાજી જેવા તટસ્થ અને શાસ્ત્રાભ્યાસી સંત-પુરુષને ધ્રાંગધ્રા મુકામે વાંચવા આપી એમનો અભિપ્રાય માંગેલો કે જ્યારે તેઓ ભૂદાનયાત્રાને અંગે સૌરાષ્ટ્રમાંથી ગુજરાત તરફ વળી રહ્યા હતા. પુસ્તક વંચાઈ ગયા બાદ એમના વિચારો જાણવા આથી હું તેમની સાથે કલોલથી ડાંગરવા સુધી ભૂદાનયાત્રામાં જોડાયો હતો; જ્યાં એમની મુલાકાત થયેલી. આ વખતે પુસ્તક અંગે અભિપ્રાય માંગતા એમણે જણાવેલું કે —

"ઋષિઓ માંસ ન જ ખાય તેવું તો હું માનતો નથી, પણ ભગવાન મહાવીરનું જીવન, તેમનો ઉપદેશ, સૂક્ષ્મ અહિંસાનું પાલન તથા આત્યંતિક સત્યને ખાતર બાંધછોડ ન કરવાની એમની મનોવૃત્તિ જોતાં હું નિઃસંશયપણે માનું છું કે ભગવાન મહાવીર કદાપિ માંસાહાર

કરે જ નહીં. જોકે પંડિતો સાથે હું ચર્ચામાં ઊતરવા નથી માંગતો, પણ તેમના જીવનને વિસંગત અર્થ એ કેમ બેસાડી શકતા હશે એ મારી બુદ્ધિમાં જ ઊતરતું નથી. હું માનું છું કે આ શબ્દની રમતનો પ્રશ્ન નથી પણ હૈયાની સૂઝનો પ્રશ્ન છે. બાકી જો ભગવાનમાં સહેજ પણ ક્ષતિ હોત તો દુનિયાભરમાં અજોડ એવો નિરામિષાહારી જૈનસંઘ ઊભો કરવા જેટલું એ બળ જ ન મેળવી શકયા હોત.”

થોડી વાર અટકી ગયા બાદ ફરી એમણે જણાવ્યું કે “હસવા જેવી વાત તો એ છે કે જેમ ભગવાનને એકાદ શબ્દનો આધાર લઈ પંડિતોએ એમને કૂકડાનું માંસ ખવડાવ્યું છે તેમ ખ્રિસ્તીઓએ ઈશુને ‘તીડ’ ખવડાવ્યાં છે. પ્રસિદ્ધ ટીકાકાર......... રેવરેન્ડે (નામ હું ભૂલી ગયો છું) બાઈબલ ઉપરની ટીકામાં લખેલું કે ઈશુ મધ સાથે તીડ ખાતા. આ વાંચી મને થયું કે તીડ તે કંઈ ખાવાની ચીજ છે કે ઈશુ મધ સાથે એ ખાતા હશે? આથી મેં એ પાદરી સાહેબનો સંપર્ક સાધ્યો તો એમણે જણાવ્યું કે ‘બાઈબલમાં જ જ્યાં સ્પષ્ટ ઉલ્લેખ છે ત્યાં પછી બીજા વિકલ્પને સ્થાન રહેતું નથી.’ જોકે શબ્દને જ વળગી રહેનારા પંડિતોને આ સિવાય બીજું સૂઝે પણ નહીં. પણ મને તો આ પ્રશ્ને બેચેન બનાવ્યો. મારું હૃદય એ અર્થ સ્વીકારવા ઇનકાર કરતું હતું. જેથી મેં જાણીતા વિદ્વાનોની જુદી જુદી ડિક્ષનેરીઓ તપાસવા માંડી. તો એકમાંથી એ શબ્દનો અર્થ તીડ ઉપરાંત એક જાતનું ફળ (જેનું નામ હું યાદ રાખી શક્યો નથી) નીકળી આવ્યો. જેની સાથે આજ પણ મધ લઈ શકાય છે.

આથી મેં એ રેવરેન્ડ સાહેબનો ફરી સંપર્ક સાધ્યો અને એમને મેં ફળનો અર્થ જ ઈશુ સાથે બંધબેસતો થઈ શકે એ સમજાવ્યું. એમણે પોતાની ભૂલ કબૂલ કરી એ નવો અર્થ માન્ય રાખ્યો, પણ ત્યાં સુધી તો આ ભૂલ ચાલ્યા જ કરી, એટલે વ્યક્તિના જીવનને સમજ્યા વિના તેના જીવનને વિસંગત અર્થ ઠોકી બેસાડવો એ એવા પુરુષને ભારે અન્યાય કરવા બરોબર છે, કારણ કે એથી એવી વ્યક્તિના

જીવન અને આચારનો પછી મેળ જ સાંધી શકાતો નથી. મૂળ વાત એ છે કે જેમ જેમ યુગ આગળ વધે છે તેમ તેમ ઘણા શબ્દો એવા નીકળી આવે છે કે જે નિત્ય નવા નવા અર્થો ધારણ કરતાં કરતાં વિકાસ પામ્યા કરે છે ને એથી લાંબા ગાળે એ પોતાનો મૂળ અર્થ જ ખોઈ બેસે છે. એથી સમય જતાં અમુક શબ્દનો અમુક અર્થ હતો એ પછી આપણા ધ્યાનમાં જ આવતું નથી. બાકી આજના રૂઢ થયેલા અર્થો જો એવા શબ્દોને લગાડવામાં આવે તો જે સિદ્ધાંતોને ખાતર શાસ્ત્રો રચાયાં હતાં, એ સિદ્ધાંતોનું જ ખૂન થાય ને એથી આખી સંસ્કૃતિ જ તૂટી પડે. એથી આજના રૂઢ બનેલા નહીં પણ તે યુગના અર્થો જ — જાણ ન હોય તો — સંશોધન કરીને લગાડવા જોઈએ.'' આમ એમના કહેવાનો ભાવાર્થ હતો. એથી આપણે એવા બે–ત્રણ દાખલાઓ લઈ આ પ્રશ્નની વિશેષ સ્પષ્ટતા કરીએ.

(૧) नग्नाः क्षपणका : ‘ક્ષપણકો — જૈન મુનિઓ નગ્ન રહે છે.’ આવી જાતના વાકયો બૌદ્ધ — વેદાદિ ધર્મશાસ્ત્રોમાં જોવા મળે છે. પણ આજે नग्न શબ્દનું રૂપ નાગો બની એનો અર્થ લુચ્ચો—હરામી થવા લાગ્યો છે. એથી જો આજનો એવો રૂઢ થવા લાગેલો ‘લુચ્ચો-હરામી’ શબ્દ ક્ષપણકોને લગાડીએ તો કેવો ભયંકર અર્થ પેદા થાય ?

(૨) અશોકના શિલાલેખોમાં ‘અન્ય પાષંડોને (ધર્મસંપ્રદાયોને) જે માન આપે છે એ પોતાના પાષંડને ઉન્નત બનાવે છે’ એવા શબ્દો લખાયેલા છે, પણ આજે પાષંડનો અર્થ પાખંડ અર્થાત્ છેતરપિંડીભર્યા કારસ્તાનો થવા લાગ્યો છે. એથી પાષંડ (ધર્મ-સંપ્રદાય)ને બદલે પાખંડનો (કારસ્તાનનો) અર્થ લગાડવામાં આવે તો એ જ અર્થ નીકળે કે જે બીજાની લુચ્ચાઈને માન આપે છે (નભાવે છે) એની લુચ્ચાઈ વિશેષ ફાલેફૂલે છે (ઉન્નત થાય છે) આમ જો નવો અર્થ કરવામાં આવે તો અશોકનું કર્યું કારવ્યું જ ધૂળમાં મળે.

(૩) જગન્નાથપુરીના સંમેલનમાં વિનોબાજીએ ગાંધીજી માટે 'વિશ્વાસઘાતી' શબ્દ વાપરેલો. પાછળથી આ પ્રશ્ન વર્તમાનપત્રોમાં ચર્ચાવાથી વિનોબાજીએ જણાવેલું કે "આ વખતે હું એકનાથના ભજનનો અનુવાદ મારા વ્યાખ્યાનમાં સમાવી રહ્યો હતો. એમાં એમ કહેવામાં આવ્યું છે કે સંતો સદા વિકાસશીલ હોઈ આજના ઉપદેશોથી એ આગળ ને આગળ વધતા હોય છે. એથી એમનો જે ઉપદેશ આજે હોય છે તે અન્ય દિવસે બદલાઈ જાય છે. આથી મેં એમને મારી વિશિષ્ટ શૈલીએ વિશ્વાસઘાતી કહેલા. વિશ્વાસઘાતી એટલે વિકાસશીલ."

એમના એ કથન પર એમની જ ટીકા પ્રાપ્ત ન થઈ હોત તો— ભવિષ્યના પંડિતો આ સ્પષ્ટ શબ્દના આધારે ગાંધીજીને કેવું વિચિત્ર બિરુદ આપત? અને તો જે સત્યતાના ધ્યેયને પહોંચવા એમણે અહિંસાની સાધના કરી હતી એ સત્યના મૂળમાં કેવો ઘા પડત? મહાવીર માટે તો ૧૦૦૦ વર્ષ પછી લખાયેલા શાસ્ત્રોમાંથી પુરાવો શોધવાનો છે પણ ગાંધીજી માટે તો એમના જ શિષ્યનો પુરાવો મળવાથી ભવિષ્યના પંડિતોને પછી બ્રહ્મા પણ ન સમજાવી શકત. અને આપણે જોઈએ છીએ કે મહાવીર માટે પણ આમ જ બન્યું છે. ખરી રીતે તો શબ્દોના મૂળ અર્થો, એની પાછળનો ભાવ, કોને ને ક્યારે તથા કયા હેતુને ઉદ્દેશીને એવા શબ્દો વાપરવામાં આવેલા છે, વગેરેનો પૂર્વાપર સંબંધ વિચારવો જોઈતો હતો. પણ એ વિચાર્યા વિના કેવળ આજના રૂઢ થયેલા અર્થ પર જ ભાર મૂકી પંડિતોએ ભારે છબરડો વાળ્યો છે.

એટલું સારું છે કે વિનોબાજીનો 'વિશ્વાસઘાતી' એવો સ્પષ્ટ શબ્દ હોવા છતાં એ પંડિતો ગાંધીજીને વિશ્વાસઘાતી કહેવાની હિંમત નહોતા કરી શક્યા. છતાં કેટલાક પંડિતો આ પ્રશ્ન અંગે મૂંઝાયેલા છે. તેમ જ કેટલાક તો વળી માંસપરક અર્થના જ આગ્રહી રહ્યા છે, જેમની પાસે કેવળ સૂઝતા આહારની જ એક માત્ર દલીલ છે. એમણે વિચારવું જોઈતું હતું કે—

(૧) જૈન શાસ્ત્રોમાં જ્યાં સૂક્ષ્મજીવોની પણ હિંસા ન કરવાનો આચાર છે, ત્યાં ધર્મચુસ્ત રેવતી કબૂતરને રાંધે ખરી ? [૧]

(૨) માની લઈએ કે ભગવાનને બચાવવા ખાતર ભક્તિને વશ બની એણે એવો અપવાદ કર્યો હશે પણ નથી ભગવાને એવી ઇચ્છા કરી કે નથી એને આજ્ઞા કે અનુમતિ આપી. તો પછી ભક્તિને કારણે એ જ વખતે તીર્થંકર ગોત્ર બાંધનારી રેવતી આવું હિંસાકર્મ કરે ખરી ?

(૩) ભગવાનને પિત્તજ્વરને કારણે લોહીના ઝાડા ચાલુ હતા. શરીર છેક જ નંખાઈ ગયું હતું. એક વાર તો એમના મરણની અફવા પણ ઊડી હતી. એવી સ્થિતિમાં કૂકડાનું માંસ પચે ખરું ? બીજી બાજુ मातुलिंगस्य वातजित् बृहणं मधुरं मांसं पित्तहरं ( વાગ્ભટ્ટ ) બીજોરાનો ગર્ભ વાતપિત્તશામક હોઈ પિત્તજ્વર અને ઝાડા માટે અકસીર ઉપાય છે એ તો સામાન્ય માનવી પણ આજે જાણે છે. આમ બીજોરાનો સુસંગત અર્થ મૂકી 'કૂકડા'નો વિસંગત અર્થ કેવળ 'માંસ' શબ્દને કારણે પકડી રાખી પંડિતોએ ભારે ભૂલ કરી છે; જ્યારે વાગ્ભટ્ટે પોતે તે અહીં બીજોરાના ગર્ભ માટે 'માંસ' શબ્દ જ વાપર્યો છે. એથી એ 'માંસ' શબ્દનો મૂળ અર્થ સમજવા માટે એ ઘણો ઉપયોગી થઈ પડે છે.

---

૧. ભગવાનને લોહીના ઝાડા હતા, છતાં એ પોતે ઉપચાર નહોતા કરાવતા, જેથી એમની સ્થિતિ આખર જેવી બની જવાથી ભગવાનના શિષ્ય સિંહ મુનિ ખૂબ રડી પડેલા. આથી ભગવાને એને આશ્વાસન આપેલું છતાં એના આગ્રહને કારણે કહેલું કે, "સિંહ! તું મેંઢિય ગામે રેવતી નામની ગૃહસ્થ પત્નીને ત્યાં જા, ને એને ત્યાંથી મારે માટે–બે કોળામાંથી તૈયાર કરેલો પાક છે તે ન વહોરીશ પણ રેવતીએ પોતાને માટે બીજોરા પાક કર્યો છે તે વહોરી લાવ." રેવતીએ અત્યંત ભક્તિભાવપૂર્વક એ પાક ભગવાનને માટે વહોરાવી દીધો હતો જેથી તેણે તે જ વખતે તીર્થંકર ગોત્ર બાંધ્યું હતું. પણ પંડિતો અહીં એનો એવો અર્થ કરે છે કે બે કબૂતરો રાંધી કરેલો પાક નહીં પણ ગઈ કાલે બિલાડાએ મારેલા કૂકડાનું માંસ લઈ આવ. ઈશુની જેમ શબ્દોને કારણે અહીં પણ એવો જ ગોટાળો થયો છે.

(૪) મૂળ પુરુષ પોતાની જીવનનિષ્ઠા—સિદ્ધાંત પર અત્યંત આગ્રહી હોય છે અને તો જ એનાં મૂળ ઊંડાં જઈ શકે છે. બાકી જો એ પોતે જ ચૂકે તો એવો પોલો સિદ્ધાંત ઊંડાં મૂળ નાખી શકતો નથી.

(૫) ભગવતીજી સૂત્ર શતક ૮, ઉ. ૫.માં ભગવાન પોતાના શિષ્યોને જણાવે છે કે " આજીવકો વડ, બોર, ડૂંગળી, લસણ તથા કંદમૂળ જેવી ચીજો ખાતા નથી તેમ જ મદ્ય—માંસ—સુરા વગેરેનો પણ સ્પર્શ કરતા નથી. તો શ્રમણ નિર્ગ્રંથોએ તો એથી પણ વિશેષ જાગ્રત રહેવું જોઈએ." અને પછી કાચું પાણી તથા ધાન્યના બીજ વગેરે વાપરવા માટે એ જ આજીવકોની ભગવાન આકરી ટીકા કરે છે.

આમ જૈન—બૌદ્ધ બન્ને શાસ્ત્રપુરાવાઓથી પાકો નિરામિષાહારી ગોશાલક આર્દ્રકુમાર સાથેની ચર્ચામાં ભગવાનની કડક ટીકા કરે છે પણ માંસાહાર માટે એક શબ્દનો પણ આક્ષેપ મૂકી શકતો નથી. બાકી જો એવું જ હોત તો ગોશાલક એ ગુરુ અને શિષ્ય બન્નેને ઉધડા લીધા વિના રહેત ખરો ?

(૬) તેવી જ રીતે વૈદિક—બૌદ્ધ શાસ્ત્રોમાંથી પણ માંસાહારના આક્ષેપનું એક પણ વાક્ય શોધ્યું જડતું નથી.

(૭) ઊલટું દેવદત્ત ભગવાન બુદ્ધ પાસે અન્ય શ્રમણોની જેમ માંસાહાર ત્યાગની આજ્ઞા ઉમેરાવા માંગે છે. જોકે બુદ્ધ એનો ઇનકાર કરે છે પણ એથી જણાય છે કે જૈન શ્રમણ પરંપરા માંસાહારના દોષથી પૂર્ણપણે મુક્ત હતી.

(૮) એટલું જ નહિ ખુદ ભગવાન બુદ્ધ (દીર્ઘનિકાય સૂત્ર—૨) સ્પષ્ટપણે જણાવે છે કે શ્રમણ પરંપરા માંસ મદિરાનું સેવન કરતી નથી. પંડિતોએ આ શ્રમણપરંપરા ભગવાન પાર્શ્વનાથની હતી એ સિદ્ધ કર્યું છે. મહાવીરે વળી બ્રહ્મચર્ય અને પ્રતિક્રમણનો નવો આચાર ઉમેરી એ પરંપરાને વધારે વિશુદ્ધ અને કડક બનાવી છે. (વાંચો दर्शन और चिंतन પા. ૧૯૬ લે. પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજી) એથી મહાવીર માટે આવો આક્ષેપ મિથ્યા ઠરે છે.

(૯) મૂળ આગમોમાં તો અનેક સ્થળે માંસાહારને નરકનું કારણ જણાવ્યું છે. (ઠાણાંગ સૂત્રના ૪થા સ્થાનમાં તેમ જ સૂત્રકૃતાંગના બીજા શ્રૂત સ્કંધના ૬ઠ્ઠા અધ્યયનમાં આવાં વાક્યો જોઈ લેવા) એ જ સિદ્ધાંતના પ્રદાતા સાથે માંસાહાર જોડવો એ કેવી રીતે ઘટે!

(૧૦) આથી કેવળ સૂઝતા આહારનો પ્રશ્ન રજૂ કરતાં પંડિતોને હું નમ્ર ભાવે ભગવતીજી શતક ૧૮, ઊદ્દે–૧૦ માં આપેલો ભગવાન મહાવીર અને સોમિલ બ્રાહ્મણ વચ્ચેનો સંવાદ ફરી ધ્યાનપૂર્વક વાંચી જવાની ભલામણ કરું છું. એમાં ભગવાન સ્પષ્ટતા માંગે છે કે, "હે સોમિલ! સરિસવય શબ્દના બે અર્થ છેઃ મિત્ર અને સરસવ. મિત્ર અર્થમાં સરિસવય શ્રમણ નિર્ગ્રંથોને અભક્ષ્ય છે—ત્યાજ્ય છે. પરંતુ ધાન્ય સરિસવય જો નિર્જીવ થયેલા હોય, નિર્દોષ હોય તથા ભિક્ષા નિયમ પ્રમાણે યાચવાથી પ્રાપ્ત થયેલા હોય તો તે ભક્ષ્ય છે."

એક વિદ્વાન પંડિતે પણ આ જ પ્રમાણે લખ્યું છે કે, "હે, સોમિલ! માસનો અર્થ જો 'માંસ' થતો હોય તો તે અમારે અભક્ષ્ય છે. પણ એનો અર્થ જો અડદ થતો હોય અને તે ભિક્ષા–નિયમ પ્રમાણે પ્રાપ્ત હોય તો તે ભક્ષ્ય છે.

ભગવાને એ કાળની ભાષાને કારણે બન્ને જાતના અર્થો થતા હોઈ આવી સ્પષ્ટતા કરી લેવાની ચોખ્ખી અને ચટ વાત કરી છે. એથી પછી નથી પ્રશ્ન રહેતો કેવળ એક શબ્દને કારણે માંસાહાર અર્થ લેવાનો કે નથી પ્રશ્ન રહેતો સૂઝતા આહારને નામે માંસાહાર કરવાનો. આ અંગે 'निशीथ एक अध्ययन'માં પંડિત દલસુખભાઈ માલવણિયાએ રજૂ કરેલું દૃષ્ટિબિંદુ પણ ઉપયોગી થઈ પડે તેમ છે. માલવણિયાજી લખે છે કે और खास खास बात यह है कि वह ऐसी कोई भी वस्तु आहारमें नहीं ले सकता, जो सजीव हो या सजीव से सम्बन्धित हो। इतना ही नहीं, किन्तु भिक्षाटन करते समय यदि संयमी

से या देते समय दाता से किसीको किसी प्रकारका कष्ट हो, जीव हिंसाकी संभावना हो तो वह भिक्षा भी स्वीकरणीय नहीं है। इत्यादि मुख्य नियमोंको लक्ष्य में रखकर जो उपनियम बने, उनकी लम्बी सूचियाँ शास्त्रो में है (दश वैका. अ ५) પાનું ૫૮.

પણ પંડિતો કહેશે કે ભગવાન સાથે માંસાહાર ઘટતો નથી પણ જ્યાં શાસ્ત્રના ચોખ્ખા શબ્દો છે, વળી એનું સમર્થન કરનારી દસ્તાવેજી પુરાવાઓ જેવી કોઈ કોઈ પૂર્વાચાર્યોની ટીકાઓ પણ છે ત્યાં પછી કેવળ વનસ્પતિ અર્થનો જ આગ્રહ શા માટે?

એમનો પ્રશ્ન તો સયુક્તિક છે. પણ જેમ ઇશુ સંબંધમાં થયું છે તેવું જ આમાં પણ થયું છે. એમ છતાંય લખાણના શબ્દો કરતાં પ્રત્યક્ષ પુરાવો જ સંગીન ગણાય. અને તે છે વહેતી આવેલી વિશુદ્ધ અને અવિચ્છિન્ન પરંપરા. સમગ્ર વિશ્વમાં માંસાહાર અમારે સંપૂર્ણ-પણે વર્જ્ય છે એવો જૈન ધર્મ સિવાય એક પણ ધર્મ છાતી ઠોકીને કહી શકે તેમ છે? બાકી જો મૂળમાં જ દોષ હોત તો આવું મહાવૃક્ષ નિર્માણ જ ન થઈ શક્યું હોત. બાકી કેટલીક વાર લખાણના શબ્દો પણ ખોટા ઠરે છે અને ઊલટી જ વાત સાચી ઠરે છે.

જોકે એક શબ્દને કારણે ભગવાન પર આરોપ મૂકવામાં આવ્યો છે પણ એવા શબ્દોનું મૂળ શું?, શા માટે એવા શબ્દો વપરાયા તેમ જ પાછળથી એને કેમ બદલવામાં નહીં આવ્યા હોય વગેરે બાબતો અંગે મેં ખૂબ જ સ્પષ્ટતાથી 'ભગવાન મહાવીર અને માંસાહાર' પુસ્તકમાં ખુલાસા આપ્યા છે. સાથે એ પણ જણાવ્યું છે કે એવા શબ્દો તો ભાષાશાસ્ત્ર અને શબ્દશાસ્ત્રના ઇતિહાસ પર એક નવો પ્રકાશ પાથરે છે. અને તેથી આગમોની ઊલટી પ્રાચીનતા સિદ્ધ થાય છે. આમ એ શબ્દશાસ્ત્રનો અને એના અર્થનો ઇતિહાસ હોવાને કારણે એ સંશોધનનો વિષય બનવો જોઈતો હતો પણ એને બદલે રૂઢ થયેલા આજના અર્થો એને લાગુ પાડી પંડિતોએ આ પ્રશ્નને ઊલટો વધુ ગૂંચવી નાખ્યો છે અને આ કંઈ કોરી કલ્પનાનો વિષય

નથી. ઠેઠ બારમા સૈકા સુધી પણ એવા શબ્દો વપરાતા રહ્યા છે, કારણ કે વનસ્પત્યાહાર તેમ જ માંસાહાર માટે લગભગ એક જ જાતના શબ્દો વપરાતા હોઈ ભક્ષ્યાભક્ષ્યનો પ્રશ્ન આવ્યા બાદ જ એવા શબ્દોને એક યા બીજા વર્ગમાં સ્થિર કરવાનું કાર્ય શરૂ થયું હતું. પણ શબ્દો એક રાતમાં બદલી શકાતા નથી જેથી આ પ્રક્રિયા ખૂબ લાંબા સમય સુધી ચાલતી રહી હતી અને આ કારણે જ ખુદ હેમચંદ્રાચાર્યે પણ ફળ પકવાન્ન માટે आमिष શબ્દ વાપર્યો છે (વાંચો યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૧૨૨–૨૩) જે શબ્દ આજે પૂર્ણરૂપે માંસ અર્થમાં જ રૂઢ થઈ સ્થિર બની ગયો છે.

આ બધી દૃષ્ટિએ વિચારતાં ભગવાન મહાવીર વિષે બીજો વિકલ્પ જ ન સંભવે. તો પછી પ્રશ્ન એ ઊઠે છે કે ભગવતીજીના આ પાઠનો અર્થ પાછળથી કોઈ કોઈ આચાર્યો માંસપરક અર્થ કરવા તરફ કેમ વળ્યા હશે? તેમ જ એવા શબ્દો પાછળથી થયેલા યુગપ્રધાનોએ માન્ય પણ કેમ રાખ્યા હશે? એ જ પ્રકારે આચારાંગમાં તથા એની ટીકાઓમાં પણ માંસાહાર અર્થનો સ્વીકાર–ભલે અલ્પ અંશે પણ — કેમ થયો હશે?

આ પ્રશ્નોના ઉત્તરો આપવામાંથી જ આ પુસ્તકનું નિર્માણ થયું છે જેથી આપણે હવે એની વિસ્તારથી ચર્ચા કરશું પણ એ પહેલાં એક વાત જણાવી દઉં કે વચમાં એક કાળ એવો આવ્યો કે જ્યારે પઠનપાઠન બંધ થઈ ગયું. જ્ઞાન શીર્ણવિશીર્ણ બની ગયું તથા ટીકાગ્રંથો પણ નષ્ટ થયા હતા. આમ જે હતું તે બધું અસ્તવ્યસ્ત થઈ ગયું હતું જેથી શબ્દો તો રહ્યા પણ એના અર્થો તથા ઇતિહાસ સમય જતાં ભૂલાવા લાગ્યા હતા.

પણ એમ છતાં કડક ટીકાઓના પ્રહારો તથા આક્ષેપોની ઝડીઓ સહન કરીને પણ એ કાળના પૂર્વાચાર્યોએ એ શબ્દો તથા પાઠો સુરક્ષિત રાખ્યા છે, એ આશાથી કે એમાંથી કદાચ નવસંશોધનના

દ્વાર ખુલ્લા થતાં મૂળ રહસ્ય તથા એના ઇતિહાસ પર એક દિવસ જરૂર પ્રકાશ પડશે. પણ આપેક્ષોના ભયે ન એમણે એવા પાઠો નષ્ટ કર્યા કે ન એમાં પરિવર્તન કર્યું એથી એ ખરેખર માનને પાત્ર ઠરે છે.

આટલી પ્રાથમિક ભૂમિકા રજૂ કરી શાસ્ત્રોમાં આવા પાઠો ક્યાં છે, કેટલા છે, શા માટે છે, એનો મૂળ અર્થ શો હતો, શા માટે એની રચના થઈ એ બધા પ્રશ્નો વિષે આપણે હવે ચર્ચા કરશું.

જોકે પરંપરાએ તો એવા પાઠોના અર્થો વનસ્પતિવાચક જ આપ્યા છે આમ છતાં પંડિતોએ એવા શંકાશીલ પાઠોના જે માંસપરક અર્થો કર્યા છે એ અર્થ પ્રમાણે જ આપણે એ પાઠો વિચારીએ અને એમાંથી માંસાહારનું વિધાન નીકળે છે કે નહીં એ પણ તપાસીએ.

## પ્રકરણ ૨ જું

# શંકાસ્પદ પાઠો

મૂળ જૈન શાસ્ત્રો જે આગમો અથવા દ્વાદશાંગી કહેવાય છે તે આ પ્રમાણે છે:

| | | |
|---|---|---|
| ૧ આચારાંગ | ૫ ભગવતી સૂત્ર | ૯ અનુત્તરોપપાતિક |
| ૨ સૂત્રકૃતાંગ | ૬ જ્ઞાતા ધર્મકથા | ૧૦ પ્રશ્ન વ્યાકરણ |
| ૩ સ્થાનાંગ | ૭ ઉપાસક દશા | ૧૧ વિપાક સૂત્ર |
| ૪ સમવાયાંગ | ૮ અંતકૃત દશા | ૧૨ દૃષ્ટિવાદ. |

આમાં ૧૨મું દૃષ્ટિવાદ વિચ્છેદ ગયું છે. બાકીના ૧૧ આગમો આજે પ્રસિદ્ધ છે, જેના રચયિતા ભગવાનની પ્રથમ પાટે આવેલા ગણધર સુધર્માસ્વામી છે.

આ આગમોમાંથી તથા પાછળના દશવૈકાલિક જેવા શાસ્ત્રોમાંથી — આચારાંગમાં ૭, દશવૈકાલિકમાં ૧, ભગવતીજીમાં ૧, સૂર્યચંદ્ર-પ્રજ્ઞપ્તિમાં ૧, અને કલ્પસૂત્રમાં ૧, મળી આવા પાઠો ૧૧ જેટલા છે, આમાં દશવૈકાલિક, સૂર્યચંદ્રપ્રજ્ઞપ્તિ તથા કલ્પસૂત્ર પાછળના આચાર્યોની રચના છે અને આચારાંગનો દ્વિતીય શ્રૂતસ્કંધ જેમાં આવા ૬–૭ પાઠો છે એ પણ પછીના સ્થવિરોની રચના છે એટલે મૂળ આગમોમાં ફક્ત આવો એક જ પાઠ છે જે ભગવતી સૂત્રમાં આવેલો છે. એ વિષે 'ભગવાન મહાવીર—માંસાહાર'માં આપણે વિસ્તારથી છણાવટ કરી ગયા છીએ.

વધારે દુઃખદાયક અને આશ્ચર્યકારક વાત તો એ છે કે આચારાંગનો પૂર્વાર્ધ જે ખુદ સુધર્માસ્વામીની રચના છે એના ૭ મા ' મહા પરિજ્ઞા ' નામના અધ્યયનના ૭ ઉદ્દેશા વિચ્છેદ ગયા છે. એમાંના ત્રીજા ઉદ્દેશામાં આમિષ ( પ્રાણી જ માંસ ) ભક્ષણ ત્યાગ વિષે મુનિઓને આપેલો ઉપદેશ તથા તેના ત્યાગની સ્પષ્ટ આજ્ઞાઓ હતી એવી નોંધ શ્રી ભદ્રબાહુસ્વામીએ પોતે આચારાંગ પર કરેલી નિર્યુક્તિમાં લીધી છે, એટલું જ નહીં, કયા કયા ઉદ્દેશામાં કયા કયા અધિકાર હતા એનું પણ વર્ણન કર્યું છે. એમના જણાવ્યા મુજબ ત્રીજા ઉદ્દેશામાં ક્ષુલ્લક પરિણામ ન રાખવા, આમિષ ( માંસ ) ભક્ષણ ન કરવું, ઝાડા પેશાબની વિધિ,વસ્ત્રો ધોવા–રંગવાની રીતોનો ત્યાગ, મૈથુન વગેરેનો ત્યાગ, હસ્તકર્મનો ત્યાગ, સ્ત્રી સાથે પરિચય ન રાખવો, શરીરની પરિકર્મણા ( આળ પંપાળ ) ન કરવી વગેરે અધિકારો હતા. જો એ બધા પાઠો બચ્યા હોત તો કદાચ આ પ્રશ્ન જ ઊભો ન થાત. આટલું કહીને આપણે એ પાઠો જોઈએ. પણ તેમાં આપણે પ્રથમ માંસપરક અર્થ કરનારા પંડિતોનું દૃષ્ટિબિંદુ તપાસીએ તેમ જ સાથે સાથે પરંપરાએ વહેતા આવેલા વનસ્પતિપરક અર્થોની યોગ્યતા–અયોગ્યતાનો પણ વિચાર કરતા જઈએ.

**પાઠ ૧ લો–**પ્રથમ આપણે ' દશવૈકાલિક 'માં આવેલો પાઠ જોઈએ. જ્યાં ફળનો અધિકાર ચાલે છે ત્યાં વચમાં આ અડધો શ્લોક આવેલો છે, જે આ પ્રમાણે છે :

वहु अट्ठियं पुग्गलं, अणिमिसं वा बहु कंटयं

अत्थियं तिंदुयं बिल्लं, उच्छु खंडं व सिंबलिं ॥ ( દશ. વૈ. અ. ૫. ગા. ૭૩ ) આપ્ટે સંસ્કૃત કોશ પ્રમાણે वा નો અર્થ इव પણ થાય છે. એટલે બહુ હાડકાંવાળા માંસ–મચ્છીની જેમ છોડવાનું ઘણું હોય એવા ફળો ન લેવાં. એવો પણ એક અર્થ કરવામાં આવે છે. પણ પંડિતોના અર્થ પ્રમાણે વિચારીએ.

**પંડિતોનો અર્થ:**– બહુ હાડકાવાળું માંસ અને બહુ કાંટાવાળી માંછલી, તેંદુક, શેરડી, બોર, શાલ્મલિ વગેરે જેમાં ખાવાનું થોડું અને છાંડવાનું ઘણું હોય છે એ મારે ન ખપે એમ કહીને મુનિ એ ન વહોરે.

**પરંપરાગત અર્થ:**– બહુ ઠળિયાવાળો ગર્ભ અને બહુ કાંટા –છાલવાળી વનસ્પતિ, તેંદુક શેરડી, બોર, શાલ્મલિ વગેરે જેમાં ખાવાનું થોડું અને છાંડવાનું ઘણું હોય છે એ મારે ન ખપે એમ કહીને મુનિ એ ન વહોરે.

**સમીક્ષા:**– બહુ હાડકાવાળું માંસ કે બહુ કાંટાવાળી મચ્છી એ અર્થ લઈએ તો એ જ અર્થ નીકળે કે બહુ હાડકાવાળું માંસ કે બહુ કાંટાવાળી મચ્છી ન લઈ શકાય. પણ થોડા હાડકાવાળું માંસ કે થોડા કાંટાવાળી મચ્છી લઈ શકાય, કારણ કે જેમાંથી ઘણો ભાગ ફેંકી દેવો પડે છે એવી શેરડી–સીતાફળ જેવી ચીજો કરતાં એ વધુ નિર્દોષ ઠરે છે. વધુ ઓછું ફેંકી દેવાના પ્રશ્ન પરત્વે જ આ પાઠનો હેતુ હોઈ એ જ અર્થ ફલિત થાય છે કે અલ્પ હાડકાં–કાંટાવાળી માંસ–માછલી કરતાં શેરડી–સીતાફળમાં વધુ પાપ છે, કારણ કે એમાંથી ઘણો ભાગ ફેંકી દેવો પડે છે.

ખાનપાનના આચાર પરત્વે આ કેવું ઊંધું શાસ્ત્ર બને છે? મને લાગે છે કે દુનિયાના ઇતિહાસમાં આવી વિચારસરણીનો ક્યાંય જોટો નહીં મળે. આ કારણે અહિંસા ધર્મની અને એવો અર્થ શોધનારી આપણી બુદ્ધિની–બન્નેની ઠેકડી થઈ રહી છે એમ મને લાગે છે.

મૂળ વાત તો એ છે કે જ્યાં મૂળમાં અર્થ જ ખોટો લેવાયો હોય ત્યાં પછી લોકો હસે એવો જ અર્થ નીકળેને?

માટે बहु अट्ठियं मंसं वा मच्छं वा નો અર્થ બહુ ઠળિયાવાળો ફળનો ગર્ભ અને કાંટાવાળી વનસ્પતિ જ ઘટી શકે છે, અને તેથી ઓછા ઠળિયાવાળી ચીજ કરતાં શેરડી–સીતાફળમાં વધારે ભાગ ફેંકી

દેવાનો હોઈ એ વધારે દોષયુક્ત છે, એ અર્થ જ બરાબર સુસંગત થઈ શકે છે. જે સહેજે સમજાય તેવી વાત છે. વળી જ્યાં ફળનો અધિકાર ચાલે છે ત્યાં વચમાં માંસાહારની વાત ઘટતી પણ નથી. જો શાસ્ત્રકારનો હેતુ માંસ માટે હતો તો તે માટે જુદું અધ્યયન હોવું જોઈતું હતું.

આ પ્રશ્ન બીજી રીતે પણ એક વિચાર માંગે છે. 'ઘણું છાંડવાનું અને થોડું ખાવાનું હોય તે ચીજ મુનિએ લેવી નહીં' એમ શા માટે કહેવામાં આવ્યું છે? એની પાછળ જૈનધર્મની એક વિશિષ્ટ આચાર-પદ્ધતિના પાલનનો પ્રશ્ન રહેલો છે. જૈનધર્મ સૂક્ષ્મ અહિંસા પાલનનો ધર્મ હોઇ ગૌચરીમાં આવેલી કોઈ પણ ચીજ ફેંકી દેવાની શાસ્ત્ર સખત મના કરે છે, કારણ કે એથી કીડી–મંકોડી જેવા અથવા તેથી પણ સૂક્ષ્મ જંતુઓ એના સ્વાદથી ખેંચાઈ આવે ને કોઈના પગ તળે દબાઈ કચડાઈ મરે તો એથી એ હિંસાનો ભાગીદાર એ ચીજ ફેંકી દેનારો મુનિ ગણાય છે, માટે શાસ્ત્રની અજ્ઞા છે કે ફેંકી દેવા જેવી ચીજ વહોરવી નહીં અને વહોર્યા પછી છાંડવી નહીં. આજે પણ જૈનમુનિઓને એ આચાર પ્રમાણે દાળ–શાકમાં ક્યારેક કોકમ, આખું મરચું કે એવી કોઈ ચીજ આવી જાય છે તો તે ખાઈ જવી પડે છે, શરીરને હાનિ-કારક યા ન ખાઈ શકાય એવી કોઈ ચીજ આવી ગઈ હોય તો તે અપવાદ તરીકે ન ખાવાની છૂટ મળે છે. ત્રિસ્તુતિકવાળા શ્રી રાજેંદ્ર-સુરિ મહારાજ તો એવી ચીજો પણ ખાઈ જવાનો આગ્રહ રાખતા. અને કોઈ નિર્બળ બનતું તો એને ઘર ભેગો જ કરી દેતા. મતલબમાં કે કોઈ ચીજ પરઠવવી ન પડે એ માટે એ બહુ જાગ્રત રહેતા.

આમ છતાં ન ખાઈ શકાય એવી ચીજો જીવજંતુ રહિત જમીન જોઈ એને વાળી–પ્રમાર્જી–તપાસી એમાં પરઠવવી પડે છે કે જેથી કોઈ પણ જીવજંતુની એથી હિંસા ન થાય. એથી જ્યાં આવી સૂક્ષ્મ અહિંસાના પાલનનો પ્રશ્ન હોય ત્યાં હિંસાના કારણભૂત માંસાહાર કદીયે કલ્પે ખરો!

આ માટે આચારાંગ—દ્વિ. શ્રૂત સ્કંધ. મૂલિકા ૧. ઉ. ૧૦ માં કહ્યું છે કે
से भिक्खू वा जाव समाणे...
......सव्वं भुंजे न छड्डए (સૂ. ૬૨૦)

અર્થ : જે મુનિ કોઈ પણ ભોજન લઈ આવ્યા બાદ તેમાંનું સારું સારું ખાઈ નરસું નરસું પરઠવી આવે તો તે દોષપાત્ર છે. માટે તેમ ન કરવું. કિન્તુ સારું—નરસું સર્વ કંઈ ખાઈ જવું—છાંડવું નહીં.

આમ કોઈ પણ ચીજ ન છાંડવા કે ન ખાવા લાયક ફેંકી દેવા પાછળ આ ધર્માજ્ઞાનું પાલન કરવાનો ઉદ્દેશ જો સમજાય તો દશવૈકાલિકનો આ પાઠ વનસ્પતિ અર્થ જ સિદ્ધ કરે છે એ સહેજે જ ધ્યાનમાં આવે.

આ પ્રશ્ન એક બીજી રીતે વિચારતાં પણ સમજાય છે કે જો આપણે बहु अट्ठियं નો અર્થ બહુ હાડકાવાળું માંસ કરીએ તો પરઠવવાનો પ્રશ્ન ઊભો થાય તેમ જ अल्प अट्ठियं ઓછા હાડકાવાળું માંસ ગણીએ તોપણ એથી પરઠવવું તો પડે જ. કારણ કે હાડકાં કે કાંટા ભલે પછી એ એકાદ—બેની સંખ્યામાં હોય તોપણ ખાઈ શકાતા નથી એટલે बहु अट्ठियं હોય કે अल्प अट्ठियं હોય—બન્ને સરખું જ છે. છતાં શાસ્ત્રકાર बहु बहु પર ભાર મૂકે છે એથી ઘણા ઠળિયાવાળો ગર્ભ જ ઘટી શકે, કારણ કે ઘણા ઠળિયાવાળો ખોરાક તો છાંડવો જ પડે. પણ ૨—૩ ઠળિયા આવી ગયા હોય તો તે ખાઈ શકાય છે—ફક્ત તે સચિત ન હોવા જોઈએ. અને એ રીતે પરઠવવાના દોષમાંથી બચી જવાય છે, જ્યારે હાડકાં કે કાંટા વધુ હોય કે ઓછા હોય પરઠવવા જ પડે છે.

આથી ન છાંડવાની કે બને ત્યાંસુધી ન પરઠવવાની શાસ્ત્રાજ્ઞા હોઈ અહીં માંસ—મચ્છી અર્થ બેસતો જ નથી. એથી એનો ઠળિયાવાળો ગર્ભ કે કાંટાવાળી યા છાલવાળી વનસ્પતિ એવો જ અર્થ ઘટી શકે છે.

**પાઠ ૨ જો**–संति तत्थे गति यस्स भिक्खुस्स..............
तेल्लं वा, महुं वा, मज्जं वा, मंसं वा........................
......................आहारं आहारेज्जा ।

(આચા. દ્વિ. શ્રૂ, ચૂ. ૧૦, ઉ. ૪, સૂ. ૫૬૫)

અર્થ : કોઈ ગામમાં મુનિના સગાવહાલાં રહેતાં હોય તેવા ગામમાં જો તે મુનિ એવો વિચાર કરે કે 'હું એક વાર બધાથી પહેલાં મારાં સગાંઓમાં ભિક્ષાર્થે જઈશ અને ત્યાં મને દૂધ, દહીં, માખણ, ઘી, મદ્ય, માંસ, બુંદી કે શીખંડ મળશે તો હું સર્વથી પહેલાં ખાઈ પાત્રો સાફ કરી પછી બીજા મુનિઓ સાથે ભિક્ષાર્થે જઈશ તો તે મુનિ દોષપાત્ર છે. માટે મુનિએ એમ ન ઇચ્છવું. પણ બીજા મુનિઓ સાથે સમયસર જુદા જુદા કુળોમાં ભિક્ષા નિમિત્તે જઈ કરી ભાગમાં મળેલો આહાર લઈ વાપરવો.

**સમીક્ષા :** આ પાઠમાં ક્યાંય માંસાહાર કરવાનું વિધાન નથી અને મુનિ બિચારો ગયો પણ નથી. પણ એમ છતાં અરંભકાળની ક્રાંતિનો યુગ હોઈ નિર્બળ મનના માનવીને એવા સ્વાર્થભર્યા વિચારો આવી ન જાય. માટે એવાઓને ઉદ્દેશીને શાસ્ત્રકાર આવી સ્વાર્થવૃત્તિ તજવાની આજ્ઞા કરે છે. શાસ્ત્રકારનો તો એટલો જ હેતુ છે કે ભિક્ષુએ ખાનપાનની બાબતમાં સ્વાદલાવસાને કારણે સ્વાર્થી ન બનવું. પણ કોઈ કોઈ પંડિતો એવો અર્થ કાઢે છે કે એણે એકલાએ મદ્ય-માંસ-સુરા જેવી ચીજો ન વાપરવી, પણ સહુની સાથે ભાગમાં મળેલો તેવો આહાર વાપરવો.

એક વ્યક્તિ નિર્બળ બને તેથી બીજાઓએ પણ નિર્બળ બનવું એ તો કોઈ વિચિત્ર કલ્પના જ કહેવાય. ઊલટું અન્ય મુનિઓ સાથે એ ભિક્ષાચરીએ જાય તો તે સ્વાર્થભર્યા આહાર દોષમાંથી બચી જાય એમ એમણે કહેવું જોઈતું હતું. શાસ્ત્રકાર પણ એટલા ખાતર જ જુદાં જુદાં કુળોમાં ભિક્ષાએ જવાની આજ્ઞા કરે છે કે જેથી સગાંવહાલાં-ઓ દ્વારા મળતી એવી ચીજોની લાલચમાંથી એ બચી જાય. પૂર્વગત

અભ્યાસને કારણે કોઈ ભિક્ષુ એવી સ્વાદલાલસામાં ન ફસાય એટલા ખાતર જ એને જાગ્રત રાખવાનો આ પાઠનો ઉદ્દેશ છે, કારણ કે એ કાળમાં સર્વત્ર મદ્ય-માંસનો પ્રચાર હોઈ ઘણા તો એવા કુટુંબોમાંથી જ આવેલા હતા અને હજુ એમણે એવી ધર્મસ્થિરતા પ્રાપ્ત કરી ન પણ હોય.

આ પાઠમાં એક એ પણ મુદ્દો છે કે ખાવાની લાલસાનો ત્યાગ કરવાનો છે. એટલે શાસ્ત્રકારે તો આવી કેટલીક વસ્તુઓ ગણાવી છે એટલું જ. પણ એથી એ બધી જ સાથે લેવાની કોઈ વાત નથી. વળી એ કાળમાં તો એક જ પાત્ર રાખવાનો આચાર હોઈ એમ કરવું જ અશક્ય હતું. મુનિશ્રી કલ્યાણવિજયજી 'श्रमण भगवान महावीर'માં જણાવે છે કે मुनि के आचारमें एक ही पात्र रखा जाता था।

**પાઠ ૩ જો :** से भिक्खू वा (२) सेज्जं पुण जाणेज्जा......
बहु अट्ठियं वा मंसं मच्छं वा बहु कंटगं......
जावणो पडिगाहेज्जा।

(આચા. દ્વિ., શ્રુ. ૧., ઉ. ૯, સૂ. ૬૨૮-૬૨૯)

**પરંપરાગત અર્થ :** મુનિએ શેલડીની ગાંઠો, શેલડીના છાલાં, શેરડીના કકડા કે બાફેલી મગફળી વગેરે જેમાં ખાવાનું થોડું અને છાંડવાનું ઘણું હોય તેવી ચીજ લેવી નહીં. તેમ જ બહુ ઠળિયાવાળો ગર્ભ યા બહુ છાલકાંટાવાળી વનસ્પતિ કે જે લેવાથી ખાવાનું થોડું અને છાંડવાનું ઘણું બને તેવી ચીજો પણ લેવી નહીં.

**પંડિતોનો અર્થ :** ઉપરના અર્થમાં બહુ ઠળિયાવાળા ગર્ભને બદલે બહુ હાડકાવાળું માંસ યા બહુ છાલકાંટાવાળી વનસ્પતિને બદલે બહુ કાંટાવાળી મચ્છી જાણવી.

**સમીક્ષા :** પ્રથમ પાઠમાં આપણે આની સવિસ્તર ચર્ચા કરી ગયા છીએ એટલે ફરી કહેવાની જરૂર નથી. પ્રથમ પાઠ પ્રમાણે જ એની સમીક્ષા સમજી લેવી.

**પાઠ ૪ થો :** से भिक्खू वा (२) जाव समाणे सियाणं परो बहु अट्ठिएण मंसेण मच्छेण.,....जाव पमज्जिय परिट्ठवज्जा ।

( આચા. દ્વિ., ચૂ-૧., ઉ. ૧૧, સૂ. ૬૩૦ )

**પંડિતોનો અર્થ :** કદાચ કોઈ મુનિને નિમંત્રણ આપે કે 'હે આયુષ્યમાન શ્રમણ ! તમને બહુ હડકાવાળું માંસ તેમ જ બહુ કાંટાવાળી માંછલી જોઈએ છીએ ?' તો આવું વાકય સાંભળીને મુનિએ તરત જ જવાબ દેવો કે 'હે, આયુષ્મન્ અથવા બહેન ! મને બહુ હાડકાવાળું માંસ જોઈતું નથી. પણ તમે મને જો દેવા જ ઇચ્છતા હો તો તેની અંદર જેટલો ગર્ભ છે તે જ આપો, પણ હાડકાં આપશો નહીં. તેમ જ મચ્છી આપો પણ કાંટા આપશો નહીં.

આમ કહેવા છતાં પણ તે ગૃહસ્થ પોતાના વાસણમાંથી તેવું હાડકાવાળું માંસ લાવીને આપવા માંડે તો મુનિએ તેના હાથમાં કે વાસણમાં રહેવા દેવું પણ ગ્રહણ કરવું નહીં અને કદાચ તે ગૃહસ્થ ઊતાવળથી મુનિના પાત્રમાં ઝટ નાખી દે તો મુનિએ તેને કંઈ ન કહેવું પરંતુ તે આહાર લઈ જઈ એકાંત સ્થળમાં જીવજંતુ રહિત બાગ કે ઉપાશ્રયની અંદર બેસીને તે માંસ ખાઈ તેના હાડકાં અને કાંટાં નિર્જીવ સ્થંડિલમાં પૂંજી-પ્રમાર્જી પરઠવી આવવાં.

**પરંપરાગત અર્થ :** બહુ હાડકાવાળા માંસને સ્થળે બહુ ઠળિયાવાળો ગર્ભ તેમ જ બહુ કાંટાવાળી મચ્છીને સ્થાને કાંટાછાલ-વાળી વનસ્પતિ સમજી લેવી.

**સમીક્ષા :** મુનિઓને આજે શ્રાવકો ઠળિયાવાળાં ફળો યા છાલવાળી વનસ્પતિ વહોરાવે છે તો એ ઠળિયા યા છાલ કાઢીને જ વહોરાવે છે. માની લઈએ કે એ કાળના કોઈ ગૃહસ્થે ઊતાવળથી ઠળિયા કે છાલ કાઢ્યા વિના વહોરાવી દીધું તો મુનિ એ ખાઈ ઠળિયા કે છાલ પરઠવી શકતો હતો. પણ માંસાહાર અર્થ પ્રમાણે તો અહીં **મુનિ કહે છે કે મચ્છી આપ પણ કાંટા ન આપ, એ**

**કેવી રીતે બને ?** કારણ કે મચ્છી ચૂસીને જ ખાવી પડે છે. કાંટા એમ કાઢી શકાતા જ નથી. અને જો એમ સહેલાઈથી કાઢી શકાતા હોત તો ભારત સરકારના પ્રધાન યા કોઈ મોટા અમલદાર કાંટો ગળામાં ભરાઈ રહેવાથી મરણ પામ્યા હતા એ ન બનત. તેમ જ જો મચ્છી વાપરનારાઓને પણ પૂછી જોયું હોત તોય ખબર પડત કે કાંટા એમ કાઢી શકાતા નથી. એટલે અહીં પણ આ કાંટાના **પ્રશ્નને** કારણે માંસને બદલે ઠળિયાવાળો ગર્ભ અને મચ્છીને બદલે છાલવાળી વનસ્પતિ એવો અર્થ સાબિત થાય છે.

**પાઠ ૫ મો :** से भिक्खू वा सें जं मंसं वा मच्छं वा......
....................नन्नत्य गिलाणणीसाए।......

અર્થ : મુનિએ માંસ કે મત્સ્ય ભૂંજાતા જોઈ તેમ જ પરોણા માટે પૂરીઓ તેલમાં તળાતી જોઈ ઉતાવળા ઉતાવળા દોડી જઈને યાચના ન કરવી. બીમાર હોય તો જુદી વાત.

ટીકાકાર લખે છે કે संस्क्रियमाण माहारं प्रेक्ष्य लोलुपतया नो नैव खध्धं આમ શાસ્ત્રકારનો મૂળ ઉદ્દેશ તો ભિક્ષુએ લોલુપતાથી કોઈ ઠેકાણે ઉતાવળા ઉતાવળા દોડી ન જવું એટલું જ સૂચવવાનો છે. ફક્ત બીમાર માટે જ અપવાદ આપ્યો છે, પણ આ પાઠમાં શું માંગવું અને શું ન માગવું એની કોઈ સ્પષ્ટતા નથી. એટલે એ માંસ માટે જ જાય એમ માની લેવું વધારે પડતું છે. માંસ તો એને ખપે નહીં. વળી નિશીય—છેદસૂત્રમાં તો જણાવ્યું છે કે 'જે જગ્યાએ માંસ રંધાતું હોય તે જગ્યાએ અગર તો તે રસ્તે સાધુ સાધ્વીએ બને ત્યાં સુધી જવું નહીં તેમ જ રહેવું પણ નહીં.' એટલે માંસ રંધાતું હોય છતાં બીજેથી પૂરી કે ગ્રાહ્ય ચીજ મળી શકવાનો સંભવ **ન** હોય તેવા ઘરમાં ખાસ કારણે પૂરી માટે જઈ શકાય છે પણ તે માટે બહુ વિવેકપૂર્વક જવાનું કહ્યું છે. ઉતાવળા ઉતાવળા દોડી **ન** જવાનું એક બીજું પણ કારણ છે કે પૂરીઓ મહેમાન માટે તળાતી

હોઈ એમના ભોજનમાં અંતરાય ન આવવો જોઈએ. બાકી માંસ લેવાની તો કોઈ વાત જ એમાંથી નીકળતી નથી, કારણ કે બીમારને દોડી જવાની જે છૂટ આપી છે એથી પૂરીનું જ સમર્થન થાય છે, કારણ કે માંસ હજુ તૈયાર થયું નથી—એ ભૂંજાય છે. વળી તે ચૂલે હોઈ ખપતું પણ નથી. એટલે દોડવાની છૂટ ફક્ત પૂરી માટે જ રહે છે; ભલે એથી પૂરી બાબતમાં મહેમાનોને અંતરાય નડતો હોય. બાકી કેટલાકને મતે અહીં મિષ્ટ પદાર્થ કરવામાં આવે છે પણ તે યોગ્ય નથી અને એમ કરવું ઘટતું પણ નથી. ઘટે પણ નહીં.

**પાઠ ૬ ઠો :** स भिक्खू वा (२) जाव पविट्ठे...मंसखलं वा
मच्छखलं वा..................
.........अभिसंधारे ज्जा गमणाए ।

( આચા. દ્વિ., ચૂ. ૧, ઉ. ૪, સૂ. ૫૬૧–૫૬૨ )

અર્થ : મુનિને ગૃહસ્થના ઘેર ભિક્ષાર્થે જતાં તેને ત્યાં એવું જણાય કે અહીં માંસ–મત્સ્ય કે મદ્યવાળું પ્રીતિભોજન, વિવાહ-ભોજન કે મૃતકભોજન છે અને ત્યાં તેને કોઈ લઈ જતું હોય તો પણ જો માર્ગમાં બીજ, વનસ્પતિ, ઠાર, પાણી કે ઝીણાં ઝીણાં જીવજંતુઓ ઘણા હોય અથવા ત્યાં ઘણા શ્રમણ–બ્રાહ્મણો, વટેમાર્ગુઓ, રંક ભિક્ષુઓ કે ભાટચારણો આવેલા કે આવવાના હોય અને તેથી ત્યાં બહુ ભીડ થવાની હોય કે જેથી ચતુર મુનિને ત્યાં જવું આવવું મુશ્કેલીભર્યું થઈ પડે અને પઠનપાઠન કે ધર્મોપદેશ અટકી પડવાનો ભય જણાય તો તેવા સ્થળે તે પૂર્વસંખડિ કે પશ્ચિમ સંખડિમાં મુનિએ જવાનો ઇરાદો ન કરવો. ( સંખડિ એટલે જમણવાર )

**પાઠ ૭ મો :** એથી ઊલટી પરિસ્થિતિ હોય તો તેવા મદ્ય–માંસ–મત્સ્યવાળા વિવાહભોજન, મૃતકભોજન યા પ્રીતિભોજન જેવી સંખડિઓમાં મુનિને ત્યાં કોઈ લઈ જતું હોય તો એ જઈ શકે છે.

**સમીક્ષા** : એ કાળની હવા પ્રમાણે સંખડિઓમાં માંસ-મચ્છી-દારૂનો વપરાશ સામાન્ય હતો. વળી ઉપર જણાવેલી પરિસ્થિતિઓનો સામનો પણ કરવાનો હોય એથી શાસ્ત્રકાર તો સંખડિઓમાં જવાનો જ ઇન્કાર કરે છે. પણ અહીં અપવાદ તરીકે કોઈ ખાસ સંયોગોમાં જ અનુમતિ આપી છે અને તે પણ ખાસ ખાસ વ્યક્તિઓને માટે જ. બધા પાઠોમાં આ એક જ એવો પાઠ છે કે જેમાં મુનિને એવા ભોજનમાં વહોરવા જવાની છૂટ મળે છે. પણ એનો શાસ્ત્રકાર પોતે જ જુદા જુદા ૯–૧૦ સૂત્રો દ્વારા જવાબ આપી દે છે.

(૧) સંખડિમાંથી ભોજન લેવા મુનિએ જવું નહીં (સૂ. ૫૪૫).

(૨) જો પૂર્વ દિશા તરફ સંખડિ હોય તો મુનિએ સંખડિ તરફ કશી જ લાલચ ન રાખતાં પશ્ચિમ દિશા ભણી જતા રહેવું. જો પશ્ચિમ બાજુ સંખડિ હોય તો પૂર્વ બાજુ તેમ જ દક્ષિણ તરફ હોય તો ઉત્તર તરફ અને ઉત્તર હોય તો દક્ષિણ તરફ વળવું (સૂ. ૫૪૬).

(૩) કેવળી ભગવાને કહ્યું છે કે સંખડિમાં જવાથી કર્મો બંધાય છે (સૂ. ૫૪૭).

(૪) જે મુનિ સંખડિમાં ભોજન લેવા જશે તો તે દુષ્ટ આહારમાં ફસી પડશે અર્થાત્ આધાકર્મી દોષમાં પડશે માટે મનુષ્યની હયાતિમાં કે હયાતિ બાદ કરાતી સંખડિઓમાં ભોજન લેવા માટે જવું નહીં (સૂ. ૫૪૮).

(૫) જે મુનિ સંખડિ ભોજન કરશે તે કેવળી ભગવાન કહે છે કે એ દોષમાં પડે છે. વળી એ સંખડિઓમાં એકઠા થયેલા લોકો મદિરાપાન કરતા હોઈ મુનિ એમાં ફસાઈ પડે ને તેથી મદિરામત્ત બની નશાના આવેશમાં બેહોશ બની જઈ સ્ત્રીઓમાં આસક્ત થાય. આવી રીતે ઘણા જ ગેરફાયદા હોઈ નિર્ગ્રંથ મુનિએ પૂર્વ સંખડિ કે પશ્ચિમ સંખડિમાં ભોજન લેવા માટે જવાનો ઇરાદો ન કરવો (સૂ. ૫૫૧).

(૬) સંખડિ ભોજન કરવાથી ગૅસ, વમન, અપચો, વિશુચિકા, આફરો વગેરે રોગો થવાનો સંભવ હોઈ એથી ધર્મકાર્ય જ અટકી પડે છે માટે કેવળી ભગવાને સંખડિના ઘણા દોષો કહ્યા છે (સૂ. ૫૪૯).

(૭) સંખડિમાં મુનિ ચાલ્યો જશે તો તે પવિત્ર આહાર ગ્રહણ કરી શકશે નહીં ને દુષિત આહાર વાપરી દોષપાત્ર થવાનો, માટે મુનિએ સંખડિમાં ન જવું પણ ભિક્ષાના સમયે જુદા જુદા કુળોમાં જઈ પવિત્ર આહાર મેળવી તે વાપરવો ( સૂ. ૫૫૨ ).

(૮) જે ગામ કે રાજધાનીમાં સંખડિ થવાની હોય ત્યાં મુનિએ જવાનો ઇરાદો ન કરવો ( સૂ. ૫૫૩ ).

(૯) ભીડને કારણે ધક્કામુક્કી થાય, શરીર તથા પાત્રો પણ એક બીજા સાથે ટકરાય જેથી અનેક મુશ્કેલીઓ ઊભી થવાનો સંભવ હોઈ મુનિએ સંખડિમાં જવું નહીં ( સૂ. ૫૫૪ ).

આવી સંખડિમાં પવિત્ર આહારને બદલે દુષિત આહાર વાપરી મુનિ દોષપાત્ર જ થવાનો. એમ કહી આ ૭મા પાઠનો પ્રત્યુત્તર ખુદ શાસ્ત્રકાર પોતે જ ખૂબ વિસ્તારથી આ ૯–૧૦ સૂત્રો દ્વારા આપી દે છે. જેનો ટૂંક સાર જ મેં ઊતાર્યો છે. કેટલાક આ પાઠમાં આવેલા મદ્ય–માંસ–મચ્છીનો અર્થ મિષ્ટવાનીઓ ઊપજાવવા મથે છે પણ એથી પૂર્વાપર વિરોધ આવે છે અને સત્યસંશોધનની દૃષ્ટિએ એ યોગ્ય પણ નથી.

**પાઠ ૮ મો** : से भिकखू वा (२) जाव समाणे...............
...............महुं वा मज्जं वा............
..................पडिगाहेज्जा (સૂ. ૬૦૭)

અર્થ : મુનિએ ગોચરીએ જતા જૂનું મધ, જૂની મદિરા, જૂનું ઘી વગેરે ન લેવાં એટલે જે ચીજમાં જીવજંતુ ઊપજેલાં હોય અને હજુ જણાતાં હોય તેવી ચીજ ન લેવી.

**સમીક્ષા** : શાસ્ત્રકારનો આશય તો જેમાં જીવજંતુ પેદા થવાનો સંભવ જણાય એવી ચીજો ન લેવી એટલું જ કહેવાનો છે. એવી ચીજો ગણાવતાં હૈયે ચડેલાં ૪–૫ નામો ઉદાહરણ અર્થે ગણાવ્યાં છે. એથી એનો એ અર્થ નથી કે મુનિને એથી મદિરા પીવાની છૂટ મળે છે. સૂત્ર ૫૫૧માં તો આપણે જોઈ ગયા છીએ કે શાસ્ત્રકાર તો દારૂની લતમાં ફસાઈ પડી સ્ત્રીઓમાં આસક્ત થાય એવી સંભાવનાએ એવી સંખડિમાં જવાની જ મના ફરમાવે છે.

મૂળ વાત એ છે કે એ કાળમાં માંસ–મચ્છી–ઈંડાંનો સાર્વત્રિક વપરાશ હોઈ પ્રસંગે પ્રસંગે એના જ દાખલા આપવામાં આવતા. ઠેઠ ૧૨ મા સૈકા સુધી મુનિએ કેટલો કોળિયો ભરવો એના પ્રશ્નમાં ગુરુ–આચાર્ય જવાબ વાળે છે કે 'ઈંડાં જેટલો' (પ્રશ્ન માળા) એટલે દાખલો એક વસ્તુ છે. ખાવાની વાત બીજી વસ્તુ છે.

આમ છતાં ગણધર રચિત આચારાંગમાં તો જ્ઞાન, તપ, કર્મબંધનો હેતુ, સૂક્ષ્મજીવોની પણ વિરાધના ન થાય એ માટેની જાગૃતિ, વિશુદ્ધ ચારિત્ર્ય તથા મુનિઓના સંયમધર્મ અને પવિત્ર આચાર વિષે એટલું બધું ઝીણવટભર્યું વર્ણન છે તથા તે અંગેનો સૂક્ષ્મ ઉપદેશ ભર્યો છે કે જગતના કોઈ પણ ધર્મમતમાં–ચારિત્ર્ય અને મુનિધર્મની રક્ષાના આટલા સૂક્ષ્મ અને કડક નિયમો જોવા નહીં મળે. દશવૈકાલિક પણ આચારાંગાદિ આગમ ગ્રંથોનું જ દોહન છે. એથી આચારાંગનો મૂળધર્મ સમજવા માટે થોડાક વાક્યો અહીં ઊતારું છું જે જોવાથી ખાતરી થશે કે આચારાંગનો ધર્મ કેટલો સૂક્ષ્મ છે.

"ધર્મના જાણપુરુષો એવું સમજે છે કે આ પૃથ્વીકાયનો, જળકાયનો, અગ્નિકાયનો વાયુકાયનો તથા વનસ્પતિકાયનો (કાય એટલે જીવસમૂહ) આરંભ (હંસા) તે ખરેખર કર્મબંધનો હેતુ છે, મોહનો હેતુ છે, મરણનો હેતુ છે અને નરકનો હેતુ છે. " તો હે શિષ્યો ! તમે મને પૂછશો કે એ જીવો દેખાતા નથી, સૂંઘતા નથી, સાંભળતા

નથી અને ચાલતા પણ નથી તો એમને મારતાં એમને શી પીડા થતી હશે? પણ હું કહું છું કે જેમ જન્મથી અંધબધિરને તેના સર્વ અંગોમાં કોઈ ભાલાની અણીઓ ઘોંચે ત્યારે એ અંધબધિરને જે વેદના થાય છે તે જ પ્રમાણે પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ તથા વનસ્પતિ આદિના એકેંદ્રિય જીવોને પણ મારતાં તેમને તેવી જ વેદના થાય છે. આ બધું જાણીને બુદ્ધિમાન પુરુષે એવા જીવોની હિંસા કરવી નહીં, બીજા પાસે કરાવવી નહીં તેમ જ તેના કરનારને રૂડું માનવું નહીં. જે એવા જીવોની હિંસાને અહિત કરનારી સમજીને ત્યાગ કરે છે એ જ સાચો મુનિ છે એમ હું કહું છું." (આચા. પ્ર. શ્રૂ., અ. ૧, ઉ. ૨ થી ૬)

"બધા જ જીવો લાંબી આવરદા તથા સુખને ચાહે છે અને જીવવા માગે છે. મરણ અને દુઃખ બધાને અપ્રિય લાગે છે, માટે કોઈને પણ સહેજેય દુઃખ ન થાય તેમ મુનિએ વર્તવું."

આ કારણે ધર્મના મૂળભૂત સિદ્ધાંતોને પોષક જ શંકાશીલ પાઠોના અર્થો ઘટાવવા જોઈએ. નહિ તો પૂર્વાપર સંબંધ વિના અર્થદોષ જ થાય. એક વાત એ પણ યાદ રાખવાની છે કે,

"જૈન મતાનુસાર તીર્થંકર તો કેવળ અર્થનો જ ઉપદેશ કરે છે, અર્થાત્ મૂળભૂત 'અર્થ' છે; નહિ કે શબ્દ" (બૃ. ભા. ગા. ૧૯૩).

વૈદિકોમાં મૂળભૂત શબ્દ છે એથી જ અર્થની મીમાંસા પાછળથી કરવી પડે છે, (બૃ. ભા. ગા. ૧૨૧).

જૈન મતમાં મૂળભૂત અર્થ હોવાને કારણે આચાર્યોએ શબ્દને મહત્ત્વ નથી આપ્યું પણ અર્થપરંપરાને જ મહત્ત્વ આપ્યું છે (બૃ. ભા. ગા. ૧૯૬–૧૯૮).

શ્વેતાંબર–દિગંબર શાસ્ત્રો જુદાં હોવા છતાં અર્થમાં પૂરી જે એકવાક્યતા રહી છે એ પણ આ જ કારણે.

## પ્રકરણ ૩ જું

# આચાર્યોની ટીકાઓ

પણ પંડિતો કહેશે કે જો શંકાશીલ પાઠોનો અર્થ વનસ્પતિપરક જ હતો તો દશવૈકાલિકના ટીકાકાર આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ તેમ જ આચારાંગના પ્રથમ ટીકાકાર શ્રી શીલાંકાચાર્યજી મહારાજે માંસપરક અર્થ શા માટે આપ્યો છે? અને એ પણ કંઈ સામાન્ય મુનિઓ નહોતા પણ સમર્થ આચાર્યો હતા.

પંડિતોની એ વાત સાચી છે કે હરિભદ્રાચાર્યે बहु अट्ठियं पोग्गलं मा पोग्गल નો અર્થ જે હરેક જૂના—નવા શબ્દકોષોને આધારે કેવળ પુદ્ગલ દ્રવ્ય જ હતો એનો માંસ અર્થ કર્યો છે. કયા બળવાન કારણે સૂરિજી એ અર્થ આપવા તરફ ઢળ્યા હશે એની ચર્ચા મેં આગળ કરી છે. પણ એમ છતાં સૂરિજી મહારાજે અન્ય પૂર્વાચાર્યો એનો વનસ્પતિપરક જ અર્થ કરે છે એવી નોંધ તો લીધી જ છે, ને એમ કરીને એમણે પોતાનું જ મંતવ્ય આખરી છે એમ ન માનતાં સંશોધનનાં દ્વાર ખુલ્લાં રાખ્યાં છે.

જો કે એ સમર્થ પુરુષો હતા પણ એમ છતાં એ છદ્મસ્થ હતા. છદ્મસ્થ હોવાને કારણે એમની સામે પણ મતભેદ તો હતો જ. એટલે એમનું મંતવ્ય આખરી છે એમ કહેતાં પહેલાં ભગવાન મહાવીરની અહિંસક વિચારધારા પર પ્રથમ ધ્યાન દેવું પડે છે.

તેવી જ રીતે શીલંકાચાર્યજી મહારાજે પણ પાંચમા પાઠમાં માંસાહારનો અર્થ સ્વીકાર્યો તો છે જ. પણ એમ છતાં એમણે શ્રી

હરિભદ્રસૂરિજી મહારાજની જેમ માંસ ખાવા માટે છે એવો અર્થ કરવાનું ન કહેતાં એમણે એટલો સુધારો કર્યો છે કે રોગાદિને કારણે દવાના રૂપમાં એ ફક્ત ચોપડવા માટે જ લેવાનું છે. આ નવો અર્થ આપવાના ઉત્સાહમાં એમણે બીજાઓના વનસ્પતિવાચક અભિપ્રાયની નોંધ નથી લીધી એ સાચું છે.

જો કે सुवैद्यनी સલાહથી देहरक्षानो प्रश्न હોય અને लूता નામની વ્યાધિ થઈ હોય તો માંસ बाह्यपरिभोगार्थ બહારના ઉપભોગ માટે અર્થાત્ ચોપડવા માટે લઈ શકાય છે પણ તે ખાવા માટે નહીં —એમ જે એમણે પ્રતિપાદન કર્યું છે એ કાળમાં આવા રોગ પર થતા ઉપચારની તેમ જ ચાલી આવતી આ પ્રકારની માન્યતાની પડેલી અસર હશે એમ સહેજે કલ્પી શકાય છે. બાકી તો

(૧) अगणिणिक्खितं अफासुयं अणे सणिज्जं लाभे……… …………संतेणो पडिगाहेज्जा (સૂ. ૫૮૫) આ સૂત્રના આધારે જે આહાર અગ્નિ ઉપર ચડી રહ્યો હોય તે મુનિએ ગ્રહણ ન કરવો. એવી શાસ્ત્રાજ્ઞા હોઈ માંસ ચૂલા પર છે જેથી એ લેવાનો પ્રશ્ન જ રહેતો નથી.

(૨) વળી તે હજુ ભૂંજાઈ રહ્યું છે—તૈયાર થયું નથી. એમ જોયા પછી ઉતાવળે દોડી જવાનો પ્રશ્ન કેવળ પૂરીઓ અંગે જ રહે છે; નહિ કે માંસ માટે.

(૩) અને જો માંસ ચોપડવા માટે જ લેવાનું હોય તો પછી ઉતાવળે દોડી જવાની કંઈ જરૂર રહેતી નથી, કારણ કે દોડવાનું કારણ લોલુપતા છે એમ ત્યાં જ કહેવામાં આવ્યું છે અને દવા માટે તો લોલુપતાનો પ્રશ્ન જ રહેતો નથી.

(૪) વળી આચારાંગ સૂત્ર ૬૮૭ પ્રમાણે सेभिक्खू वा भिक्खूणी… ………वा वसाए वा अब्भजेंति वा मक्खें तिवा । તો જે મકાનમાં ગૃહસ્થો કે દાસદાસીઓ તેલ, ઘી, માખણ કે ચરબી શરીરે ચોપડતા

હોય કે મસળતા હોય તેવા મકાનમાં મુનિએ રહેવું નહીં. એ આધારે માંસ ચોપડવાની વાત પણ ઘટતી નથી.

(૫) વળી સૂત્ર ૮૫૭માં કહ્યું છે કે 'મુનિને કોઈ પાત્ર વહોરાવવા ઇચ્છે પણ જો તે ચરબી વગેરેથી ખરડાયેલું હોય તો તે ન લે. આ દૃષ્ટિએ પણ માંસની વાત તો ઘટતી જ નથી. એટલે આ પાઠમાં કેવળ પૂરી માટે જ માર્ગ મોકળો રહે છે, કારણ કે એ તળાતી હોવા છતાં કેટલીક તળાઈને વાસણમાં એકઠી પણ થઈ હોય.

આમ છતાં સૂરિજી મહારાજ માંસ અર્થ તરફ ઢળ્યા એની પાછળ કોઈ વાતાવરણની જ અસર હશે એમ આપણે કલ્પી શકીએ છીએ. પણ ખરું કારણ તો જુદું જ હતું. જે અંગે આપણે એનો વિસ્તારથી વિચાર કરશું. શ્રી અભયદેવસૂરિજી મહારાજે કેવળ વનસ્પતિવાચક જ અર્થ આપ્યો છે પણ એમ છતાં એઓશ્રી પણ અન્ય આચાર્યોના માંસપરક અર્થની નોંધ લીધા વિના રહી શકયા નથી. પાછળના બધા આચાર્યો આ ત્રણ મહાન પૂર્વાચાર્યોને જ અનુસર્યા હોઈ એમના વિષે કંઈ નવું કહેવાનું રહેતું નથી.

એ કાળમાં આજની જેમ સંશોધનના સાધનો કે અભ્યાસ યોગ્ય ગ્રંથો સહજ પ્રાપ્ત ન હોઈ તેમ જ વૈજ્ઞાનિક કે ઐતિહાસિક ખોજો ત્યારે અંધારામાં હોઈ એમનાં મંતવ્યોમાં જે કંઈ અપૂર્ણતા રહી ગઈ છે એ અપૂર્ણતા એમની નથી પણ સંશોધનનાં સાધનોની ખામીને કારણે હતી. તેમ જ એમની સામે પણ કેટલાંક કારણો હતાં. આમ છતાં એમણે જે કંઈ ઉપયોગી મસાલો પૂરો પાડ્યો છે એ એમનો ઉપકાર જેવો તેવો નથી.

એથી આજે સંશોધનનાં જે દ્વાર ખુલ્યાં છે. સ્વતંત્ર વિચારદૃષ્ટિ પણ વિકસી છે એથી કોઈ નવપ્રકાશ પાથરે તો એથી એમનો કોઈ પણ જાતનો અવિનય થતો નથી. ઊલટું એમણે જે કંઈ લખ્યું છે એ પોતાને માટે નહીં પણ શાસનને માટે હોઈ એમનો આશીર્વાદ પ્રાપ્ત થાય.

પણ આમ છતાં એક પ્રશ્ન તો ઊભો રહે છે કે કયો અર્થ સાચો માનવો ? વળી બન્ને બાજુ મહાન પૂર્વાચાર્યો છે, કોઈને પણ કશું યે ખોટું કહેવાનું કારણ નહોતું. બધા જ શાસનના પરમ ભક્ત હતા. એથી ભલે કોઈનાં મંતવ્યો અપૂર્ણ હોય પણ તે ખોટા તો ન જ હોય, તો પછી શું બન્નેનું કહેવું સાચું માનવું ? અને એમ તો બને જ કેમ ? તો પછી એવું કયું વાવાઝોડું આવ્યું હતું કે જેને કારણે આવી બધી ગરબડો ઊભી થઈ ?

હા, એવું વાવાઝોડું આવ્યું હતું. જે કારણે ઇતિહાસ ભુલાયો, મૂળ કારણ ભુલાયું, ફક્ત પાઠો અને એમાંથી ઉદ્‌ભવેલા અર્થો રહી ગયા. પણ એનો મેળ બેસાડી ન શકાયો. એક તો શાસ્ત્રો જ ૧૦૦૦ વર્ષ સુધી કંઠે રહ્યા હતા. એમાં પણ જ્ઞાનીઓની ખોટ વરતાવા માંડી હતી. અન્ય પણ પ્રબલ કારણો હતા. આથી કેટલાક આગમ પાઠો તથા ટીકાગ્રંથો લુપ્ત થયા. ૧૨મું દૃષ્ટિવાદ પણ આ જ કાળમાં આવા કારણે લુપ્ત થયું હતું. કેટલાક અગત્યના ગૂઢ પાઠો લિપિ-બદ્ધ થયા હતા, પણ પરિવર્તન પામતી લિપિને કારણે એમાં પણ દોષો આવવા લાગ્યા હતા.

'જૈન પરંપરાનો ઇતિહાસ' : મુનિશ્રી કલ્યાણવિજયજી તથા અનેક પંડિતોએ એકરાર કર્યો છે કે જિનાગમના જ્ઞાનને ઘણો ધક્કો લાગ્યો હતો. આ ધક્કાનું—ગરબડ થવાનું મૂળ કારણ ભગવાનના નિર્વાણ બાદ ૧૫૦ વર્ષે પડેલો બાર વર્ષનો ભયંકર દુષ્કાળ હતો. એણે આપણને ભારે હાનિ પહોંચાડી છે તેમ જ એની અસરે આજ પણ આપણે આ ગહન કોયડાને કારણે મૂંઝાયેલી પરિસ્થિતિમાં રહ્યા છીએ. આમ છતાં જે કંઈ બચ્યું છે એથી એ ગૂઢ ભેદ અ જ પણ શોધી શકાય તેમ છે ને એથી જ મેં આ બાબતમાં પ્રયત્ન કર્યો છે.

પણ એમ છતાં ચાલી આવતી મૂંઝવણને કારણે વડીલો આ પ્રશ્નમાં માથું જ ન મારવાનું કહે છે. એમને ભય છે કે એથી ગૂંચ-

વાડો કદાચ વિશેષ વધારી મૂકવામાં આવશે ને તેથી જે કોઈ જાણતા નથી એમની સામે આવી વાતો મૂકવાથી લાભ પણ શો ?

આ કાળમાં કંઈ પણ હવે ગુપ્ત રહી શકે તેમ નથી અને ગુપ્ત રાખવા જેવું આપણે કંઈ પાપ કર્યું નથી. મને તો આ પ્રશ્નમાં ઊંડાં ઊતરતાં આપણા પૂર્વજોના ભવ્ય અને તેજસ્વી ઇતિહાસનું દર્શન થયું છે કે જે ઇતિહાસ આજ સુધી અંધારામાં જ દટાઈને પડેલો છે. એથી એને બહાર લાવવામાં શરમ અને ભયની દીવાલો આપણે હટાવવી જ રહી.

આથી એ કાળના આપણા પરાક્રમી અને વીર્યવાન મુનિઓના ગૌરવશાળી ઇતિહાસને આ બહાને બહાર લાવવાનો જ મારો પ્રયત્ન છે ને એના ઉત્સાહમાં જ હું એક પ્રકારનું બળ મેળવી રહ્યો છું.

# પ્રકરણ ૪ થું

# ભયંકર દુષ્કાળ

ભગવાન મહાવીરના નિર્વાણ બાદ લગભગ ૧૫૦ વર્ષ પછી ચંદ્રગુપ્ત-મૌર્યની પાછલી અવસ્થામાં પટણાથી તે પંજાબ સુધી ભયંકર દુષ્કાળનો પંજો ફરી વળ્યો હતો. એક વર્ષ નહીં, બે વર્ષ નહીં પણ લાગલાગટ ૧૨ વર્ષ સુધી અનાવૃષ્ટિ, મહામારી જેવા રોગો તથા ભયંકર યુદ્ધોને કારણે એ દુષ્કાળે અત્યંત ભીષણરૂપ ધારણ કર્યું હતું. ગરીબો અન્નના અભાવે ટપોટપ મરી રહ્યા હતા. આથી કોઈ ઝાડનાં પાંદડાં ખાવા લાગ્યા ને એમ થોડા વખતમાં તો લોકો ઝાડોના ઝાડો ખાઈ ગયા. દુકાળિયાઓ હવે ભૂખના માર્યા પશુઓ પર પણ તૂટી પડતા. દુષ્કાળ એની પરાકાષ્ટાએ પહોંચ્યો હતો. આવી સ્થિતિમાં ધર્મરક્ષા થવી મુશ્કેલ હતી એ જોઈ સેંકડો મુનિઓ ઈશાન–પૂર્વના દેશોમાં ચાલ્યા ગયા. જેઓ ત્યાં રહ્યા એ પણ ભારે મુશ્કેલીમાં જેમ તેમ કાળ નિર્ગમન કરતા હતા, પણ મોટે ભાગે ગોચરી–પાણી અપ્રાપ્ય જેવાં થઈ પડયાં હતાં. ધનિકો મુનિઓને ગોચરી–પાણી આપતા તો રસ્તામાં ભૂખ્યા લોકો મુનિઓ પર તૂટી પડી આહાર–પાણી ઉપાડી જતા. મુનિઓ આહાર–પાણી માટે ગૃહસ્થોને ત્યાં જતા તો તે વેળાએ તેમની સાથે થઈ એ ગૃહસ્થોના ઘરોમાં ઘૂસી જતા અને લૂંટફાટ ચલાવી પરેશાન કરતા. આથી ગૃહસ્થો હવે આખો દિવસ ઘર બંધ રાખવા લાગ્યા. દિગંબર ગ્રંથોમાં કહ્યું છે કે, 'એક વાર મુનિઓ આહાર-પાણી લઈ જંગલ તરફ જતા હતા ત્યારે પાછળ રહી ગયેલા એક

મુનિને ક્ષુધા પીડિત લોકોએ પકડી ચીરી નાખ્યો અને એને ત્યાં જ ખાઈ ગયા. આ પરિસ્થિતિ જોઈ ગૃહસ્થોએ મુનિઓને નગરમાં રહેવાની વિનંતી કરી. જેથી એ ત્યારથી નગરમાં રહેવા લાગ્યા. ઉજ્જૈનના કુબેર મિત્ર વગેરે શ્રેષ્ઠીઓએ ગરીબોને જમાડવા અન્નસત્રો ખોલ્યાં, પણ અન્નસત્રોની વાત સાંભળી રોજ હજારો દુકાળિયા ચારે બાજુથી ત્યાં ઊભરાવા લાગ્યા, જેથી સંખ્યા ખૂબ વધી જવાથી એ વ્યવસ્થા તૂટી પડી. પરિણામે શહેરમાં ભિખારીઓની સંખ્યા વધી પડવાથી ભારે અવ્યવસ્થા જામી ગઈ. પરિણામે મુનિઓને પણ આહાર–પાણી વહોરાવવાની મુશ્કેલી ઊભી થઈ હતી. આમ પરિસ્થિતિ અતિ વિકટ બની જવાથી આપદ્ધર્મ માની અનેક શ્રમણાચાર્યોને આહાર–પાણી માટે રાત્રે બહાર જવાની પણ આજ્ઞા આપવી પડી હતી.

'बुभुक्षितः किं न करोति पापं' એ ન્યાયે ભૂખનું દુઃખ એવું ભયંકર છે કે માણસ એથી ન્યાય, નીતિ, કરુણા, સ્નેહ, ધર્મ બધું જ ભૂલી જાય છે અને સ્વાર્થવૃત્તિ, કઠોરતા, એકલપેટાપણું તથા નિર્દયતા જેવા દુર્ગુણો પોષતો એ હૃદયશૂન્ય લાગણીનો બુઠ્ઠો પણ બની જાય છે. આથી માણસો પોતાના બાળકોને રખડતા મૂકી ચાલ્યા જતા. કોઈ કોઈ તો પોતાના જ બાળકોને મારી નાખી એનું માંસ ખાઈને ક્ષુધાતૃપ્તિ અનુભવતા.

આવી ભયંકર પરિસ્થિતિ જોઈ જેઓ ધર્મવીર હતા, જ્ઞાની હતા એમણે તો અનશન આદરીને સંસ્કૃતિની રક્ષા માટે પ્રાણત્યાગ કર્યો. આવા મુનિઓની સંખ્યા ૭૪૮ ની હતી (વાંચો, ધર્માનુબંધી વિશ્વદર્શન ભા. ૫) આમ માનવ દિલમાંથી જ્યાં સ્નેહનું અને ત્યાગનું અમૃતઝરણું જ સુકાઈ ગયું હતું ત્યાં પછી એમને જીવનમાં રસ પણ શો રહે! આમ છતાં જેઓ જીવતા રહ્યા હતા એ પણ અનશનની તૈયારી સાથે ઘણી મુશ્કેલીઓ અનુભવીને જ કપરી કસોટીમાંથી પાર ઊતરી શકયા હતા. પણ આ કઠણ કાળમાં સંઘની અવ્યવસ્થા જામી હોઈ તેમ જ મુનિઓને ગૃહસ્થો સાચવતા હોઈ

ઘણા લોકો મુનિવેશ ધારણ કરીને સંઘમાં દાખલ થઈ ગયા હતા એમની વાત જુદી હતી. જો કે એમનામાં પણ ઘણાઓમાં ઉમદા ગુણો હતા અને શક્તિ પણ હતી. આમ છતાં આ ભીષણ કાળમાં પરંપરા વિશુદ્ધ રીતે પાર ઊતરી શકી હતી એ કંઈ એમના માટે ઓછા વીરત્વની વાત નથી.

એક વિદ્વાને મને જણાવેલું કે આવી આપત્તિ ટાણે શરીર ટકાવવા અનેક પ્રકારના અપવાદો આપવા પડ્યા હતા. ગમે તેમ હો, પણ એક વાત તો છે કે દુષ્કાળ ધર્મભાવનાનો પણ દુષ્કાળ ઊભો કરે છે. જહાંગીર બાદશાહના સમયમાં ફેલાયેલા ભયંકર દુષ્કાળનું તે વખતના પોર્ટુગીઝ લોકોએ આપેલું વર્ણન જેમણે વાંચ્યું હશે એ આ ૧૨ વર્ષના ભયંકર દુષ્કાળે કેવો કેર વર્તાવ્યો હશે અને સાથે ધર્મ-ભાવનાનો પણ કેવો હ્રાસ કર્યો હશે એની કલ્પના કરી શકશે. છેલ્લા બંગાળના દુષ્કાળમાં કંઈક માતાઓ પોતાના પુત્રોને શેકીને ખાઈ ગઈ હતી એના દાખલા આપણાથી ક્યાં અજાણ છે?

આવા સંયોગોમાં મુનિવેશ હોવા છતાં માની લો કે કેટલાક પતિત થયા હોય તો તે અસંભવિત નથી લાગતું. અને એમ બન્યું હોય તો તે ક્ષમ્ય ગણાવું જોઈએ પણ રોજ હલવા–હાફુસ ખાનારને તેમ જ અથાણાં–પાપડ વિના જેમને કોળિયો ગળે ઊતરતો જ નથી એવાઓને એની કલ્પના જ નથી આવી શકતી.

આમ જ્યાં સર્વત્ર માંસાહાર જ પ્રવર્તતો હતો. ઘરે ઘરે પણ એ જ વસ્તુ વપરાતી હોય ત્યાં સાચવી સાચવીને કેટલું સાચવે? એથી ક્યારેક ગોચરીમાં પણ માંસ આવી જવાનો સંભવ રહેતો. કટ્ટર નિરા-મિષાહારી હોવા છતાં ભગવાનના સાનિધ્યમાં રહેલા ગોશાલકના પાત્રમાં પણએ ક્યાં નહોતું આવી જતું? અને આજે પણ કાઠીઓના ઘરે વહો-રવા જનાર એક મુનિના પાત્રમાં પણ એ ક્યાં નહોતું આવી ગયું! આમ છતાં મુનિઓ પૂરા જાગ્રત હતા. પણ જેઓ પેટ ખાતર જ

સંઘમાં ઘૂસ્યા હતા એ પણ જૈનમુનિથી એ ન ખવાય માની નહોતા ખાતા. પણ પછી એમાં ફસાઈ જવાથી એનો છાની રીતે ઉપયોગ કરતા થયા હતા. આથી એવાઓને દોષિત માન્યા છે. (નિ. ઉ-૪-સૂ. ૨૧) એક તો કાળ જ ભીષણ હતો. વળી એ માંસાહારી કુટુંબોમાંથી જ આવેલા હતા તેમ જ સ્વાદલાલસાને કારણે એમની એ લાલસા છૂટી પણ નહોતી જેથી એમને એનો શોષ–સંકોચ નહોતો. અને વળી એ તો પેટ અર્થે જ આવ્યા હતા એથી ગોચરી ન મળે એવી પરિસ્થિતિમાં એ ઉઘાડે છોગ વહોરી લાવતા અને ત્યારે આ વાત કોઈ જાણતું હોય તોપણ એમને ત્યારે શું કહી શકે?

સેંકડો પેઢીઓનો સંસ્કાર વારસો મેળવી આજે તો આપણે એટલા કટ્ટર નિરામિષાહારી બની ગયા છીએ કે 'માંસ'ની વાત જ આપણે સાંભળી શકતા નથી. એનું નામ લેતાં જ માથું દુર્ગંધથી ભમવા લાગે છે. આમ છતાં પશ્ચિમની હવા લાગવાને કારણે આજે આપણા જૈનોનાં જ છોકરાં ઈંડાં–માંસ ખાતા થયા છે. તેમ જ કેટલાક જૈન ઘરોમાં એ રંધાવા પણ લાગ્યું છે. આમ ૨૫૦૦ વર્ષના ગાઢ સંસ્કારો પછી પણ આજે આવી દશા ઊભી થઈ છે તો એ કાળના લોકોનો શો દોષ કાઢી શકાય? વળી એ કાળ તો આરંભની ક્રાંતિનો હતો એટલે એવી નબળાઈઓ ચાલતી હોય તો તે સ્વાભાવિક હતી.

ડૉકટરનો ઠપકો અને આગ્રહ છતાં ગાંધીજી પત્નીને ગુમાવવા તૈયાર હતા પણ એને માંસ આપી જીવાડવા નહોતા ઇચ્છતા. આવા એ કડક વનસ્પત્યાહારી હોવા છતાં અન્તેવાસીને કારણે જે લોકો મચ્છી વાપરતા એમને એ ખાવાની એમણે છૂટ આપી હતી. આમ ભયંકર પરિસ્થિતિ ધર્મને પણ વિકૃત કરી મૂકે છે. એટલે જ કહેવામાં આવ્યું છે કે સુખશાંતિના કાળમાં જ ધર્મનો વિકાસ થઈ શકે છે.

આમ ગાંધીજીએ જે છૂટ આપેલી એ એક પ્રકારનો આપદ્ધર્મ હતો. એ કેવળ વર્તમાનકાલીન આજ્ઞા હતી. સર્વકાલીન આજ્ઞા નહોતી.

એથી એવી આજ્ઞા એ મચ્છી વાપરવાનું વિધાન નથી બની શકતી. હા, એટલું ખરું કે ભવિષ્યની પ્રજા એ વર્તમાનકાલીન આજ્ઞાને વિધાન માની એ ન છોડે ને ઉપરથી એ આજ્ઞાને ધર્મમાં ખપાવે એમ પણ બને.

ભવિષ્યના પંડિતો એના પર ગમે તે ચૂંથણાં ચૂંથે પણ આપણે તો જાણીએ છીએ કે એ કથન વિધાન નહોતું. પણ આપદ્ધર્મ હતો. આપેલો અપવાદ માર્ગ હતો.

અહીં એક વસ્તુની ખાસ સ્પષ્ટતા કરવાની ખાસ જરૂર છે. પંડિતો માને છે કે એ યુગમાં ગૃહસ્થો તથા મુનિઓ માંસાહાર કરતા જ પણ મૂળ ધ્યેય અહિંસાનું હોઈ ધીરે ધીરે એ નિરામિષાહાર તરફ વળતાં આજે કટ્ટર નિરામિષાહારી બની ગયા છે; જ્યારે પરંપરાગત લોકો પોતાની આજની ભૂમિકા પરથી બંનેને ચુસ્ત વનસ્પત્યાહારી જ માને છે, કારણ કે 'જૈન' શબ્દ સાથે માંસનો સંબંધ જ એમને થથરાવી મૂકે છે.

પણ સાચી વાત તો એ છે કે બંનેનું કહેવું અર્ધસત્ય છે. એ કાળમાં જૈનો મોટે ભાગે ક્ષત્રિયો હોઈ શિકાર અને માંસાહારથી એ પૂર્ણપણે મુક્ત હતા એવું કહી શકાતું નથી. શાસ્ત્રો જ એના અનેક પુરાવા પૂરા પાડે છે. તેમ જ વૈશ્યો પણ કડકપણે નિરામિષાહારી જ હતા એવું મહાશતક કે ધન જેવાઓની કથા પરથી કલ્પી શકાતું નથી. હા, એટલું ખરું કે મુનિઓ કડકપણે નિરામિષાહારી જ હતા.

આજના યુગમાં ધંધાકીય પરિસ્થિતિ જ એવી છે કે સર્વત્ર ખાસ કરી શહેરોમાં તો શેઠ હોય કે નોકર યા કામદાર કોઈ પણ રાત્રિભોજન ત્યાગનું વ્રત પાળી શકે તેમ નથી. તેમ જ ડૂંગળી—બટાટા વગેરે કંદમૂળોથી પણ ભાગ્યે જ કોઈ ઘર સર્વથા મુક્ત હશે એવી કહેવા જેવી પરિસ્થિતિ બનતી જાય છે. છતાં એ જ ઘરમાંથી કોઈ

વ્યક્તિ મુનિ બને છે તો એને કંદમૂળ તથા રાત્રિભોજન ત્યાગ એ બન્ને મહાવ્રતોનું સંપૂર્ણપણે પાલન કરવું જ પડે છે. એમાં સહેજ પણ ક્ષતિ ચલાવી લેવામાં નથી આવતી. કાં તો એને ઘર ભેગો જ કરી દેવામાં આવે છે.

તેમ એ કાળમાં ભલે ગૃહસ્થો માંસાહારી રહ્યા હોય પણ મુનિ બનનારને માંસાહાર ત્યાગની પ્રતિજ્ઞા લીધા બાદ જ યા એની સાધનામાં સ્થિર થયા બાદ જ સંઘમાં દાખલ કરવામાં આવતો. જો કે આજે કેટલીક વ્યક્તિઓ પતિત બનીને સંઘમાંથી ભાગી છૂટી છે, તેમ એ કાળમાં પણ કોઈ કોઈ પતિત બન્યું હોય તો એ બનવા જોગ છે, ને એવી માનવ સહજ નબળાઈ તો સતયુગમાં પણ દેખા દેતી હોય છે. પણ એથી પરંપરાને કંઈ જ દોષ લાગતો નથી. દોષ દઈ શકાતો પણ નથી.

## પ્રકરણ ૫ મું

# પ્રથમ ભિક્ષુ સંગિતિ

વર્ષો સુધી સત્ય અને સાદાઈનો પાઠ ગાંધીજી પાસેથી શીખ્યા પછી રેશનયુગમાં શરૂ શરૂમાં અઘટિત કામ માટે આપણને આંચકો લાગતો, કારણ કે ત્યાં સુધી એ પાપનો સ્પર્શ કેવળ આપણા શરીરને જ સ્પર્શ્યો હતો. પણ જ્યારે એ પાપ આપણા મન અને આત્મા સુધી પહોંચી ગયું ત્યારે પછી હવે આપણને એનો સંકોચ જ મટી ગયો છે. આજે તો અનીતિ, કાળાબજાર, અપ્રમાણિકતા, જૂઠ–પ્રપંચ અને બાદશાહી ઠાઠમાઠમાં રહેવા માટે અર્થલાલસા અને સંપત્તિ-ભૂખના રોગમાં આપણે એવા ઘેરાયા છીએ કે એમાં હવે આપણને કંઈ જ અજુગતું લાગતું નથી. આપણા જેવા વ્યવહારુ માણસો માટે આવક–જાવકના બે છેડા સરખા કરવા માટે આ સિવાય બીજો કોઈ માર્ગ જ નથી એમ આપણે હવે કહેવા લાગ્યા છીએ. આમ રેશન-યુગે નીતિની બાબતમાં આપણને તારાજ કર્યા છે તેમ એ યુગમાં પણ દુષ્કાળને કારણે ખાનપાન સંબંધી આચારવિચારમાં આપણો સારો એવો ભાગ જે પેટના કારણે સંઘમાં પ્રવેશી ગયો હતો એ શરમ છોડી એમાં ખોટું શું છે એમ હવે એ માનવા લાગ્યો હતો.

### શાસ્ત્રપાઠોની રક્ષા :

આવી પરિસ્થિતિમાં દુષ્કાળ ઊતર્યા પછી જૈન ભિક્ષુઓની પાટલિપુત્રમાં હાલના પટણામાં પ્રથમ ધર્મમહાસભા મળી. શાસ્ત્રપાઠો ઘણા વિચ્છેદ ગયા હતા. ઘણાના અર્થો લુપ્ત થયા હતા, તેમ જ જે કંઈ

સ્મૃતિએ હતું એમાં પણ દોષ આવવાની સંભાવના હતી. જેથી જેમને મુખે જે જે કંઈ બચ્યું હતું એનો સંગ્રહ કરવા તથા પાઠોને વ્યવસ્થિત કરવા એ બધા ભિક્ષુઓ એકત્ર થયા હતા. સાથે દુષ્કાળને કારણે આવેલી આચારની શિથિલતા દૂર કરી નવી આચાર વિધિઓ પણ ઘડવાની હતી, કારણ કે પલટાયેલા સંયોગોને કારણે એમ કર્યા વિના છૂટકો પણ નહોતો.

યુગપ્રધાન ભદ્રબાહુસ્વામી આ વખતે નેપાળમાં હોઈ એ ધર્મ-સભામાં ભાગ લઈ શકયા નહોતા. જેથી અન્ય સ્થવિરોએ એકાદને પ્રમુખપદે સ્થાપી એ ધર્મસભાનું સુકાન સંભાળ્યું હતું. અને સંઘને સંગઠિત કરવા તથા શાસ્ત્રપાઠોને વ્યવસ્થિત કરવા ભારે જહેમત ઊઠાવી હતી.

## શુદ્ધીકરણનો પણ પ્રશ્ન :

આ મહાસભામાં દુષ્કાળને કારણે આવી પડેલી અનેક વિકૃતિઓ તો થોડા ફેરફાર સાથે સુધારી લેવામાં આવી હતી, તેમ જ બચેલા પાઠોને પણ એકત્ર કરી વ્યવસ્થિત કરવાનું કાર્ય ચાલી રહ્યું હતું, પણ આચારવિચારની બાબતમાં દુષ્કાળની ઘેરી અસર સર્વત્ર ફરી વળેલી હોઈ એક વર્ગ યુગાનુસાર કંઈક પરિવર્તન અને છૂટ માગતો હતો. બીજો વર્ગ પરાપૂર્વની નીતિને થોડા ફેરફાર સાથે વળગી રહેવા ક્રિયોદ્ધાર ઇચ્છતો હતો. એથી મતભેદને કારણે આ પ્રથમ સંગિતિનું કાર્ય ભારે વિકટ બન્યું હતું. જોકે આપણી પાસે એનો પ્રેસ–રિપોર્ટ નથી, એમ છતાં મનુષ્ય–સ્વભાવનો આપણને જે અનુભવ છે એને આધારે આપણે કલ્પી શકીએ છીએ કે ત્યારે પણ કંઈ ઓછા વાદ-વિવાદો નહીં થયા હોય કે દલીલોની ઝડીઓ નહીં વર્ષી હોય. કોઈએ એક વસ્તુનો આગ્રહ રાખ્યો હશે, કોઈએ બાંધછોડની નીતિ અપનાવી હશે તો કોઈએ સમય પ્રમાણે થોડું જતું કરીને પણ બીજાના વિચારોને સહી લીધા હશે, પણ એમાં માંસાહારનો પ્રશ્ન અતિ ઉગ્ર હતો.

જેનામાં વૈરાગ્ય ભાવના હોય છે ને જે સર્વસ્વ તજીને ભિક્ષુ સંઘમાં જોડાઈ ગયો હોય છે. એ બીજી વસ્તુ તો છોડવા જેટલો વીરમર્દ બની શકે છે, પણ સ્વાદેંદ્રિયની લાલસા એ એક એવી પ્રબળ વાસના છે કે એમાં પડેલો ઝટ એમાંથી છૂટી શકતો નથી. વળી સર્વત્ર વાતાવરણ પણ તેવું જ હતું. આ કારણે જેઓ એ રોગ સાથે જ સંઘમાં પ્રવેશ્યા હતા તેમ જ જેઓ પાછળથી શરમ છોડી એના પક્ષકાર બન્યા હતા, એમણે ભગવતીજી તથા દશવૈકાલિક જેવા પ્રાચીન શાસ્ત્રોમાં આવેલા અને આ સમયમાં શબ્દોના અર્થપરિવર્તનને કારણે માંસ–મચ્છી અર્થ પામેલા પાઠોનો આધાર લઈ પોતાના આચારવિચાર માટે સમર્થન કર્યું, તેમ જ સૂઝતા આહારનું પણ કારણ રજૂ કરી પોતાનો બચાવ કરવા માંડ્યો.[૧] શાસ્ત્રજાણ સ્થવિરો મૂળ આગમાદિ શાસ્ત્રોમાં આવેલા એ શબ્દોના અર્થો, એનો ઇતિહાસ તથા એ સૂત્રપાઠોનો ઉદ્દેશ જાણતા હતા. આથી એમણે એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો. સાથે — **આચારાંગના મહાપરિજ્ઞા અધ્યયનમાં આપેલી માંસાહાર ત્યાગની સ્પષ્ટ આજ્ઞાઓ તરફ ધ્યાન દોર્યું**, પણ એ પાઠો કોઈએ રજૂ ન કર્યા. કાં તો એ વિસ્મૃત થયા હોય, કાં તો એવા વર્ગે ગોપવ્યા હોય. પક્ષકાર મુનિઓ-માંથી કોઈને પણ એ પાઠ સ્મૃતિએ નહોતો રહ્યો. પાઠ સ્મૃતિએ નહોતો રહ્યો પણ અર્થ તો સહુ જાણતા હતા. એથી બહુમતી પક્ષે એવાઓને સંઘબહિષ્કૃત કરવાની જોરદાર માગણી કરી. આવી પરિ-સ્થિતિમાં એ પૂજ્ય સ્થવિરોએ નાવ સંભાળી લઈ ચમત્કાર સર્જ્યો હતો, જેથી સંઘની એકતા ટકી રહી હતી, તેમ જ એને પરિણામે ધર્મની વિશુદ્ધિ પણ ઝળહળતી રહી શકી હતી.

---

૧. જોકે એવા મુનિઓએ પાછળથી પોતે ખોટો અર્થ કર્યો હતો એ જાણી લઈ ગુરુઓની કૃપાથી વિશુદ્ધિ પ્રાપ્ત કરી લીધી હતી. પણ એક વાર વહેતો થયેલો એ અર્થ તો વ્યાપક બની જવાથી ચાલતો જ રહેલો. **પરિણામે એ અર્થની અસર ભગવાન મહાવીર વિષેના પાઠ સુધી પણ પહોંચી ગઈ હતી.**

## પ્રકરણ ૬ ઠું

# સર્જેલો ચમત્કાર

### ઊઠેલો વાદવિવાદ :

જોકે માંસાહાર તરફ વળેલા મુનિઓની સંખ્યા બહુ ઓછી હતી. આમ છતાં એમની સંખ્યા ઉપેક્ષા કરવા લાયક તો નહોતી જ. છતાં બહુમતી પક્ષ એવાઓને સંઘબહિષ્કૃત કરવા ઇચ્છતો હતો. જોકે એ સંગિતિનું નેતૃત્વ કરનારા કેટલાક પૂર્વાચાર્યો કઠોર નિયમના આગ્રહી હતા. પણ **બીજા પૂર્વાચાર્યો આચારને કંઈક હળવો બનાવીને પણ શાસનની પ્રભાવના કરવા ઉદ્યત હતા. (નિશીથ. ગા. ૨૧૫૪/૫૭૪૪–૫૮/બ. ગા. ૩૨૭૫/૮૯)** જેથી એ બીજા વર્ગના સ્થવિરો બહુ દયાળુ—શાંત અને દીર્ઘદૃષ્ટિવાળા સમયજ્ઞ સંતો હતા. એમને અંગે સંપ્રદાયને થોડોક ડાઘ લાગશે એ એ જાણતા હતા, પણ એમના દિલમાં કરુણા હતી. સાથે શાસનના ઉદ્ધારની અને એને ફરી તેજસ્વી અને સંગઠિત બનાવવાની એમનામાં તમન્ના પણ હતી. એક મોટો સમૂહ જુદો પડે એથી સંપ્રદાયની શુદ્ધિ જળવાશે પણ અખંડિતતા તૂટવાથી એની શાસન પર બૂરી અસર થશે એ પણ એ સમજતા હતા. વળી દોષમાં પડેલા હોવા છતાં એ અનેક ઉત્તમ ગુણો અને શક્તિઓ ધરાવતા હતા એ પણ એ જાણતા હતા. આ કારણે એનો કંઈક તોડ કાઢવા એમણે બહુમતી પક્ષના મુનિઓને તથા કઠોર નિયમોના આગ્રહી પૂર્વાચાર્યોને સમજાવી શાંત કર્યા. વિરોધી પક્ષના મુનિઓને પણ ઉચ્ચ દૃષ્ટિબિંદુ રાખી વીર બનવા સમજાવ્યા. પણ

જ્યાં ચિત્ત પર વાસનાનાં વાદળ ઘેરાયેલાં હોય ત્યાં જ્ઞાનનો સૂર્ય પછી ક્યાંથી પ્રકાશ પાથરી શકે? પણ એ સ્વસ્થચિત્ત અને ધૈર્યવાન ગુરુઓએ દિવસો સુધી આનો કંઈક તોડ કાઢી આ કઠિન સમસ્યા હલ કરવા નવા નવા પ્રયત્નો ચાલુ જ રાખ્યા. આથી એમણે એ પતિત મુનિઓને ન ધુતકાર્યા, ન ધમકાવ્યા કે ન સંઘબહિષ્કૃત કર્યા. ધારત તો એ ઘડીના છઠ્ઠા ભાગમાં એમને સંઘમાંથી હાંકી કાઢત. પણ જે હવે ઘરબાર, સ્ત્રીપુત્ર્યાદિ પરિવાર અને વૈભવ વિલાસના દુન્યવી ભોગોની લાલચ છોડી ભગવાન મહાવીરના ધર્મશરણે રહેવા માગતા હતા એવા પોતાના એ પ્રિય શિષ્યો માટે એમના દિલમાં કરુણા હતી, દયા હતી, સ્નેહ હતો, એથી એ એમનો તિરસ્કાર નહીં પણ એમનો ઉદ્ધાર ઇચ્છતા હતા.

## ગુરુઓની ભવ્ય ઉદારતા :

જેમ બાળક પ્રત્યે અમીદૃષ્ટિ હોય છે, તેમ એમની એવાઓ પ્રત્યે અમીદૃષ્ટિ હતી. એ જાણતા હતા કે એ બિચારા ક્રૂર પરિસ્થિતિનો ભોગ બનેલા છે. એથી જેમ દર્દી પર ગુસ્સો કરવાથી એનું દર્દ મટતું નથી પણ એના યોગ્ય ઇલાજથી જ એ ફરી આરોગ્ય પ્રાપ્ત કરી શકે છે, તેમ સાચા માનસશાસ્ત્રીની અદાથી એમણે એમને વળગેલો માનસિક વ્યાધિ દૂર કરવાની કારુણ્યદૃષ્ટિ રાખી ખૂબ જ ધૈર્યપૂર્વક કામ લીધું હતું.

એમણે એ પણ વિચાર્યું હતું કે "જો એવાઓને ફેંકી દેવામાં આવશે તો એથી એમનો વ્યાધિ મટવાનો નથી. ઊલટું એ વધુ વિકૃત બની ભગવાન મહાવીરને નામે એક નવો માંસાહારી સંઘ ઊભો કરશે અને જો એમ થશે તો જે પુરુષે જગદુદ્ધાર કાજે સર્વસંગ પરિત્યાગ કરી ઘોર તપશ્ચર્યા અને ઊંડા ચિંતન પછી જે પરમ સત્યનો જગતને બોધ આપ્યો હતો એ સત્યના મૂળમાં જ ઘા પડશે અને તેથી ભગવાન મહાવીરનું કર્યું કારવ્યું બધું ધૂળધાણી થઈ જશે,

કારણ કે એક તો જનતામાં માંસાહારનો રોગ ખૂબ ઊંડો વ્યાપેલો છે, વળી એને પોષણ આપનારી યજ્ઞહિંસાનાં મૂળ હજુ ઉચ્છેદ **નથી** પામ્યાં તેમ જ કેટલાક બૌદ્ધાદિ શ્રમણપંથો પણ માંસાહાર તરફ ઢળેલા છે. આ કારણે જનતાને આવા શ્રમણસંઘના આચારનો એક નવો આધાર મળશે અને મુનિઓને પણ સમાજમાં વ્યાપેલા આ રોગને કારણે વધારે મહાલવાનું મળશે. પરિણામે ભગવાન મહાવીરનો જે મૂળ જીવનસંદેશ હતો એના પાયામાં જ સુરંગ ચંપાશે. સહેજ ધક્કો આપી માનવ દિલને જાગ્રત કરી શકાય છે તેમ જ દયા અને કરુણાનો જે મંગલસ્રોત હર માનવની હૃદયગુહામાં વહી રહ્યો છે એને પણ બહાર વહેવડાવી શકાય છે. પણ જ્યારે એના દિલ પર શાસ્ત્રને નામે અંધશ્રદ્ધાનું કવચ જડાઈ જાય છે અને પછીથી જ્યારે એ આસક્તિમાં પૂરો ઘેરાઈ જાય છે ત્યારે એ કવચ ભેદી એના દિલના ઊંડાણ સુધી પહોંચવાનું અને એ રીતે એના દિલને સ્પર્શ કરી એને જાગ્રત કરવાનું પછી અશક્ય જ બની જાય છે.

વળી જેઓનામાં અનેક ગુણો છે, શાસનનો ઉદ્ધાર કરવા જેટલી દિવ્ય શક્તિઓ પડેલી છે, એમને ફક્ત આ એક જ દોષ ખાતર ફેંકી દેવા એ એમના અનેક ગુણોનો તિરસ્કાર કરવા જેવું છે. અને એમ જોઈએ તો અન્ય સંપ્રદાયના સંતો–આચાર્યો પણ ક્યાં નથી વાપરતા ? એથી ઊલટું જેમનામાં આવા ગુણો છે — શક્તિઓ છે એ એક દિવસ વહેલા કે મોડા આવેલી આંધિની અસરમાંથી મુક્ત થતાં પોતાની ક્ષતિ જોઈ શકશે અને ત્યારે એ વિશુદ્ધ બની ફરી બમણા ઉત્સાહથી અન્યોને પણ એ રોગમાંથી છોડાવવા જેટલા ઝળકી ઊઠશે. અરણિક–નંદિષેણ જેવાના દાખલા આપણી સમક્ષ ક્યાં નથી ? પણ જો એમને હડસેલી જ મૂકવામાં આવશે તો પછી એમનો હાથ કોણ પકડશે ? કોણ એમનો ઉદ્ધાર કરશે ? અને જો સાચવીને — ઘડીભર એમને અનુકૂળ થઈને કામ લઈએ તો એ પણ કેમ ન સુધરી શકે ? ”
માનવ દિલ પરની ઊંડી શ્રદ્ધાને કારણે આ વિચારથી ગુરુઓનું દિલ

હલી ગયું. સાથે પક્ષભેદ પડવાથી શાસનનો પાયો જ બોદો બની જશે એના વિચારે એમની આંખો ભીની બની ગઈ.

**When there is will, there is a way.**

જ્યાં અંતરની લાગણી હોય છે ત્યાં વિરોધમાં પણ એકબીજાને સાંધવાનો માર્ગ જડી આવે છે. એથી એવો ચમત્કાર સર્જી ગુરુઓએ એ રીતે બંને પક્ષોને સાંધી લીધા. એ ચમત્કાર હતો બંને પક્ષોને માન્ય નવી આચારવિધિઓ ઘડી નાખવાનો અને એ રીતે દ્વિઅર્થક શાસ્ત્રપાઠો નિર્માણ કરવાનો.

આવી ઉદાર અને ઉદાત્ત દૃષ્ટિથી એ પૂજ્ય પુરુષોએ બંને પક્ષોને સમજાવી સમાવી લેવા કેવા કેવા પ્રયત્નો કર્યા હશે એનો જો સવિસ્તાર અહેવાલ આપણી પાસે હોત તો એ પુરુષોની કારુણ્ય દૃષ્ટિ અને પતિતોના ઉદ્ધાર માટેની કલ્યાણ ઝંખના અને એ દ્વારા પરંપરાને અખંડ અને વિશુદ્ધ બનાવવાની તમન્ના જોઈ આપણું હૈયું ખરેખર દ્રવી જાત. એ માટે એમણે કેટકેટલી ધીરજ રાખી હશે, કેટલો સંયમ રાખ્યો હશે અને આક્ષેપો અને નિંદાના હળાહળ ઝેરને પી જવાનું પણ કેટલું સામર્થ્ય બતાવ્યું હશે એનો પરાક્રમી અને તેજસ્વી ઇતિહાસ આજે અંધારામાં હોઈ આપણે તો કેવળ એની કલ્પના જ કરવાની રહે છે.

આપણે તો આજે એવા પુરુષોએ બાંધેલા રાજમાર્ગ પર ચાલવાનું છે, મહેલાતોમાં રહી માણવાનું છે. પણ ઝાડી–ઝાંખરા અને ઘોર અટવીને વચ્ચે દુર્ગમ પહાડોને ભેદીને પણ જેમણે પગદંડી પાડી આપણા માટે રાજમાર્ગ નિર્માણ કરી આપ્યો છે, એ પુરુષોએ ત્યારે શાસનને માટે કેટલું સહ્યું હશે, કેવી કેવી વિપત્તિઓ ઊઠાવી હશે તથા કેવા કેવા ઝંઝાવતોમાંથી એમને પસાર થવું પડ્યું હશે એ વિચારીએ છીએ ત્યારે સહેજે જ આપણું મસ્તક એ પવિત્ર પુરુષોના ચરણોમાં ઢળી પડે છે. એ સમયમાં જ લખાયેલા નિશીથ — છેદસૂત્રો, કલ્પ-

સૂત્ર, આચારાંગનો દ્વિ-શ્રુત સ્કંધ, સૂર્યચંદ્ર પ્રજ્ઞપ્તિ તથા બૃહત્કલ્પસૂત્ર વગેરે ગ્રંથોમાંથી એ કાળ કેવો ભયંકર આવ્યો હશે એનો ઝાંખો ઇતિહાસ આજ પણ તારવી શકાય છે. પણ આપણે એટલી લાંબી નજરે જોઈ શકતા નથી. જે મહેલાતોમાં આપણે રહીએ છીએ એ મહેલાતની બારીએથી જ એમને માપવા આપણે મથીએ છીએ. અને એટલે જ આજે આપણે સેંકડો વર્ષોના દઢ થયેલા સંસ્કારોને કારણે એમણે આપેલા માંસાહાર અર્થ નીકળતા પાઠો કે એવા મુનિઓને ખાતર આપવા પડેલા અપવાદ માર્ગો સમજી શકતા નથી. માંસાહારની સૂગને કારણે આપણને એવા પાઠો તરફ આજે ધૃણા છૂટે છે અને તેથી એવા પાઠો એ શાસ્ત્રોમાં આવેલા ડબકા છે એમ માની એને રદ કરવાનો પણ આપણે વિચાર કરીએ છીએ પણ એ ડબકા નથી પણ આપણા પૂજ્ય પૂર્વજોની ઉદારતા, કરુણા, ધૈર્ય, દીર્ઘ દૃષ્ટિ તથા પતિતોના ઉદ્ધાર માટેની ઝંખના તેમ જ એ દ્વારા શાસનની અખંડિતતા અને એના પાવિત્ર્યની રક્ષા માટે બતાવેલું પરાક્રમ અને ખેડેલો પુરુષાર્થ કેવી પરાકાષ્ઠાનો હતો એના ગૌરવનો એ તેજસ્વી ઇતિહાસ છે. આજે તો આપણે પર્વતના શિખર ઉપરથી વિશ્વને નિહાળીએ છીએ પણ એ શિખરે પહોંચતાં પહેલાં કેવી કેવી ઝાડીઓ, ખીણો, ચટ્ટાનો અને શિલાઓ પાર કરવી પડી હતી એ ભૂલી જઈએ છીએ.

એથી એવા ભવ્ય અને રોમાંચકારી ઇતિહાસની રક્ષા અને નિર્માણ માટે સર્વસ્વીકૃત થઈ પડે એવા આચારવિધિઓના નવા પાઠો એમણે ગૂંથ્યા હતા, જેનો સંગ્રહ આજે આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધ તરીકે વિદ્યમાન અને વિખ્યાત છે.

મોટો ભાગ ભગવાનના સૂક્ષ્મ અહિંસા ધર્મને અનુરૂપ ચુસ્ત વનસ્પત્યાહારી હતો, છતાં સારી એવી સંખ્યા ધરાવતો વર્ગ સૂઝતા આહારને નામે તેમ જ જૂના શાસ્ત્રોમાં વપરાયેલા શબ્દોના – હવે ૩૯ બનવા લાગેલા નવા અર્થોને – આધારે માંસાહારનો આધાર

શોધતો હતો. ખરેખર પૂર્વ અને પશ્ચિમને સાંધવા જેવું આ કપરું કામ હતું પણ એ શાંત, ધીર, ગંભીર અને દીર્ઘદૃષ્ટા પુરુષો દિવસોની જહેમત પછી સર્વને સ્વીકૃત થઈ પડે એવા પાઠો એ ધર્મ સંગિતિમાં મંજૂર કરાવી શક્યા હતા એ જ એમનો જાદુ હતો. અને તેથી જ એ છેવટે **જેમ ઉત્તર ધ્રુવ પ્રદેશમાં પૂર્વ અને પશ્ચિમ એક બની વિલીન થઈ જાય છે તેમ બંને પક્ષોને સાંધી લઈ ઉત્તર–દક્ષિણ જેટલા અંતરોને વિલીન કરી શક્યા હતા.**

**સાધેલો સમન્વય :**

પણ એ પહેલાં એમને ઉગ્ર વાદવિવાદમાંથી પસાર થવું પડ્યું હતું. સ્થવિરોને એક પક્ષ માટે ભારે માન અને ગૌરવ હતું. બીજા માટે ઊંડી કરુણા અને એમના ઉદ્ધારની ઝંખના હતી. આ કારણે સ્થવિરોએ એ બધાને સાંધવા સમજાવ્યું કે કેવળી ભગવંતોએ જણાવ્યું છે કે,

'जावतिया उस्सग्गा, तावतिया हुंति अववाया'

શાસ્ત્રોમાં જેટલા ઉત્સર્ગ વચનો છે, તેટલા અપવાદ વચનો પણ છે. જેમ પુરુષ અને પુરુષની છાયા સાથે ચાલે છે તેમ. શાસ્ત્રકારોએ ઉત્સર્ગ સાથે નિર્બળ સાધકો માટે ધીરે ધીરે ચડવાનો અપવાદ માર્ગ પણ આપ્યો છે. પણ શાસ્ત્રકારોનો એ અપવાદ માર્ગ હંમેશને માટે મળી જતી છૂટ નથી, પણ આદર્શને પહોંચવા માટે ક્રમે ક્રમે એક એક પગલું આગળ ભરવા માટે બાંધી આપેલી તાત્કાલિક મર્યાદા છે. અથવા તો એમ કહી શકાય કે થાકેલાઓ માટે અલ્પ સમયનો વિસામો છે. બાકી માંસાહારના દોષો તો શાસ્ત્રોમાં પાને પાને ભર્યા પડેલા છે. એ માટે એ બુદ્ધિશાળી પુરુષોએ "ભેંસ મરે નહીં અને લાઠી ભાંગે નહીં"ની નીતિ અપનાવી ઉત્સર્ગ માર્ગ સ્વચ્છ રહે અને થાકેલાઓ માટે અપવાદમાર્ગની પણ મોકળાશ રહે એ માટે એમણે જૂની ભાષાના શબ્દ–પ્રયોગોનો આધાર મેળવી નવી આચારવિધિઓની રચના કરી.

જૂની ભાષા નવા રૂઢ થયેલા અર્થ પ્રમાણે માંસમત્સ્ય વાચક બની શકતી હતી. જેના કારણોની સમીક્ષા આપણે 'ભગવાન મહાવીર અને માંસાહાર'માં કરી ગયા છીએ. આમ ભક્ષ્યાભક્ષ્યનો પ્રશ્ન તીવ્ર બનવા લાગ્યો ત્યારથી એવા શબ્દો એક યા બીજા અર્થમાં રૂઢ થવા લાગ્યા હતા. ભગવાનના નિર્વાણ બાદ લગભગ ૭૫ વર્ષ પછી એ યુગમાં વપરાતો बहु अठ्ठियं मंसं જેવો શબ્દપ્રયોગ દશવૈકાલિકમાં वहु अठ्ठियं पोग्गलं રૂપ પામી ચૂક્યો હતો. 'मंसं' શબ્દ જેનો મૂળ અર્થ વનસ્પતિવાચક ગર્ભ યા તો પોચો પદાર્થ હોવા છતાં રૂઢ અર્થ પ્રમાણે પ્રાચ્છળથી એ 'પ્રાણી જ માંસ' અર્થ ધારણ કરવા લાગ્યો હતો. એ હવે આમ पोग्गलं બની વનસ્પતિ અર્થ તરફ પાછો વળી રહ્યો હતો. આ ક્રમ પ્રમાણે જો ભયંકર દુષ્કાળની આંધિ ન ચડી હોત તો આ કાળમાં એક યા બીજા અર્થમાં રૂઢ થવાની જે પ્રક્રિયા ચાલી રહી હતી એથી 'बहु अठ्ठियं पोग्गलं' શબ્દ 'बहु अठ्ठियं फलगर्भम्' જેવું રૂપ પામ્યો હોત. પણ ભયંકર પરિસ્થિતિએ સર્જેલી વિકૃતિને કારણે ફસાયેલા મુનિઓના ઉદ્ધાર માટે અને બંને પક્ષોને સાંધી લેવાનો જાદુ કરવા માટે આપણે बहु अठ्ठियं पोग्गलं માંથી ફરી बहु अठ्ठियं मंसं જેવી જૂની ભાષાના શબ્દોનો આધાર લેવો પડ્યો.

આમ ત્યારના શાસ્ત્રકારોએ જૂની ભાષાનો ઉપયોગ કરી બંને પક્ષોને સાંધી લીધા હતા. છતાં એ અપેક્ષા રાખી હતી કે માણસ જેમ જેમ બુદ્ધિ, સંસ્કાર અને સમજમાં આગળ વધશે તેમ તેમ જે અર્થ એકવાર એને યોગ્ય અને જરૂરી લાગતી હતો તે પછી એને અયોગ્ય અને બિનજરૂરી લાગશે અને બન્યું છે પણ તેમ જ.

આથી શાસ્ત્રોમાં નિશ્ચય અને વ્યવહાર તેમ જ ઉત્સર્ગ અને અપવાદ એમ બંને દૃષ્ટિએ શાસ્ત્રોના જે અર્થો થતા આવ્યા છે એનું ગૂઢ રહસ્ય આ છે કે એ ચડેલા અને ચડનારા બંનેને ધ્યાનમાં રાખીને એવા અર્થો આપવામાં આવ્યા છે અને આ કંઈ નવી વાત નથી.

શાસ્ત્રોમાં ઉત્સર્ગ અને અપવાદ આપતા અનેક પાઠો છે જેને વિભાષા કહેવામાં આવે છે. વિભાષા એટલે જેમાંથી જુદા જુદા અર્થો નીકળે તેવી વાક્યરચના. આમ વિભાષા દ્વારા પૂ. સ્થવિરોએ બંને પક્ષને સાંધી લીધા હતા.

કારણકે એ પુરુષો જાણતા હતા કે જેઓ આદર્શને નજરમાં રાખી ચાલશે એમને એમાંથી માંસાહારનો અર્થ મળશે જ નહીં તેમ જ જેઓ કેવળ નબળાઈને કારણે પોતાનું મંતવ્ય સાચું માનતા હતા એમને માંસાહારનો બાહ્ય અર્થ મળવા છતાં એ પણ જ્યારે ભીષણ દુષ્કાળને અંગે આવેલી માનસિક વિકૃતિની અસરમાંથી મુક્ત બનશે ત્યારે એ પોતે જ જોઈ શકશે કે જ્યાં પાઠે પાઠે વનસ્પત્યાદિ જીવોની તો શું પણ સાદી આંખે જોઈ ન શકાય એવા સૂક્ષ્મ જીવોની પણ હિંસા ન થાય એ માટે સતત જાગૃતિ રાખવાનો આદેશ સમાયેલો છે ત્યાં પછી એને પોતાને જ પોતાના ચારિત્રની વિસંગતતા માલૂમ પડશે ને તેથી એવા શબ્દોના અર્થો પોતે ખોટા કર્યા હતા એમ સમજી જઈ એમાંથી જલદી છૂટી જવાનું બળ એ ત્યારે મેળવી શકશે.

આ પ્રધાન દૃષ્ટિ રાખીને આચારાંગનાં વિધિવિધાનો ઘડાયાં હતાં એમાં જે આવા ૬–૭ પાઠો છે, એ પણ એ હેતુ અર્થે જ નિર્માણ થયા હતા. કેટલાક પાઠોમાં જે અસ્પષ્ટતા રહી ગઈ દેખાય છે એનું કારણ પણ આ જ હતું. તેમ જ કોઈ કોઈ પાઠોમાં એક જગ્યાએ આજ્ઞા આપી છે તો બીજી જગ્યાએ સખત નિષેધ કર્યો છે (આચા. સૂ. ૫૬૧–૫૬૨ પાઠ ૬–૭) એ બતાવે છે કે અમુક જગ્યાએ ઉત્સર્ગ અને અન્યત્ર અપવાદ એમ બન્ને ધર્મો કહેવામાં આવ્યા છે.

## ભૂલાયેલું મૂળ કારણ :

આ પાઠો લખાયા બાદ શક, હૂણ, બેક્ટ્રિયન, પાર્થિયન તથા આરબ વગેરે પ્રજાઓના થતા રહેલા અવારનવાર આક્રમણોને કારણે જ્ઞાન પરંપરા તથા પઠનપાઠન પર જે અસરો થયેલી એથી એ

**જૂના કાળનો ઇતિહાસ ભુલાવા લાગ્યો હતો** તેમ જ સંશોધનનાં સાધનોની પણ ત્યારે ખામી હતી જેથી **કયા સંજોગોમાં આ પાઠ લખાયા, મૂળભૂત અર્થ પરંપરા શી હતી, પાછળથી નવા અર્થોનો પણ કેવો અને શા માટે સ્વીકાર કરવો પડયો તથા જૂની ભાષા શા કારણે મત્સ્ય–માંસવાચક બની ગઈ હતી એ બધી વાતો કેવળ મુખ પરંપરાએ જ વહેતી રહી હોઈ ભુલાવા લાગી હતી.** આમ છતાં એક વાર વહેતા થયેલા બન્ને અર્થો ચાલ્યા આવતા હતા. પણ કયો અર્થ કયાં લાગુ પાડવાનો છે અને કયા સંયોગોમાં એ આવ્યો હતો એ બધું જ વીસરાયું હતું. આ મૂંઝવણને કારણે કેટલાક આચાર્યોએ એક અર્થ પર ભાર મૂકયો. બીજા આચાર્યોએ બીજા અર્થ પર ભાર મૂકયો. આમ છતાં બન્ને વર્ગે એકબીજાના દૃષ્ટિબિંદુનો સ્વીકાર તો કર્યો જ છે. એટલે એ મહાપુરુષોનાં મંતવ્યો એકાંગી હોઈ અપૂર્ણ રહ્યા છે પણ એથી એ ખોટા તો નથી જ.

માંસવાચક અર્થની દૃષ્ટિએ આપણે એ પાંઠો વિચારી ગયા છીએ. એમાં કયાંય પણ માંસાહાર કરવાની શાસ્ત્રાજ્ઞા નથી મળતી. તેમ જ માંસ લેવામાં દોષ નથી. એ ખાઈ શકાય છે એવી કયાંય હકારાત્મક ભાષા પણ નથી. જ્યાં મુનિને છૂટ મળે છે ત્યાં પણ નિષેધાત્મક બંધનરૂપે એને અમુક મર્યાદામાં બાંધી લેવામાં આવે છે. ફક્ત ૭ મા પાઠમાં જ હકારાત્મક ભાષા વાપરવામાં આવી છે, જે અપવાદ માર્ગ તરીકે એવી સંખડીમાં જવાની છૂટ આપે છે. જોકે એમાં પણ અનેક શરતો તો મૂકવામાં આવી જ છે. આ પાઠ હકારાત્મક ભાષા વાપરે છે એનું કારણ એ છે કે આવી સંખડી રોજ હોતી નથી. ને વળી મુનિઓનો પણ તેવી સંખડીમાં જવાનો આગ્રહ હશે.[૧]

---

૧. કોઇ મુનિને માંસ ખાવાની કે એમ કરવાની ઇચ્છા થાય અને એ એનો આગ્રહ પકડે પણ શાસ્ત્રકાર શું એથી એની ઇચ્છાને સંતોષે ખરા ? આ પ્રશ્ન વાચકોને સહેજે જ મૂંઝવણમાં નાખી દે તેવો છે પણ આપણે ગુરુઓની હૃદયભાવના નથી વિચારી માટે જ આવો પ્રશ્ન ઊઠે છે.

વળી બીજું પણ કારણ છે કે જૂના શબ્દોને કારણે 'માંસ' અને 'વનસ્પતિ' અર્થ તો સાંધી શકાયો હતો પણ 'જવા' અને 'ન જવા'નો અર્થ સાંધી શકાય તેમ નહોતું. પણ એથી ચડેલા સાધકો માટે આ પાઠ ભયંકર બનતો હતો. જેથી એવાઓના સમાધાન માટે અને શાસનની શુદ્ધતા માટે એમને ઉપરાઉપરી આવા ૯–૧૦ પાઠો આપવા પડ્યા હતા, જેમાં એવી સંખડીમાં જવાના ભારે દોષો બતાવવામાં આવ્યા છે.

**ફરમાવેલી નવી આજ્ઞા :**

આમ એ પુરુષોએ ઉદાર ભાવે પતિતોને પણ સમાવી લેવાનો એક અદ્‌ભુત ચમત્કાર સર્જ્યો હતો. સાથે એમણે અન્ય મુનિઓને

---

'શાકુંતલ'માં કવિકુલ ગુરુ કાલિદાસ દુષ્યન્તને મુખે કહેવડાવે છે કે, 'धन्यास्तदङ्गरजसा मलिनी भवन्ति' સ્વચ્છ વસ્ત્રો પરિધાન કર્યાં હોવા છતાં ધૂળમાં રમવાને કારણે મલિન થયેલા પોતાના બાળકોને તેડી લેવાથી પોતાના વસ્ત્રો અને શરીર મલિન થવા છતાં જે માતાપિતા હર્ષઘેલા બની જાય છે એમને ધન્ય છે.

ગુરુઓનું હૃદય પણ આવા માતા-પિતા કરતાંય વધુ મૃદુ હતું. એમનો ડાઘ પોતાને લાગશે એ જાણતા હતા. વળી એક માનસશાસ્ત્રીની અદાથી એમણે એ પણ વિચાર્યું હતું કે 'આગ્રહથી આગ્રહ નહીં તૂટે, કદાચ એ એવડાશે. અતૃપ્ત ઇચ્છા બમણા વેગથી ભભૂકી ઊઠશે.'

એમને તો એમના દિલ પર કબજો મેળવી અપાર સ્નેહ જળથી એમના હૃદયની મલિનતાને ધોઈ નાખીને એ રોગમાંથી એમને છોડવાની જ તાલાવેલી હતી. એથી નહોતો એમણે પાઠનો આગ્રહ રાખ્યો, નહોતો શબ્દોનો આગ્રહ રાખ્યો કે નહોતો આજ્ઞા-નિષેધનો આગ્રહ રાખ્યો. એમણે તો કેવળ માનવ દિલ પરની શ્રદ્ધાનો જ આગ્રહ રાખ્યો હતો કે એ દ્વારા જ એમને એક દિવસ વિશુદ્ધિના શિખરે પહોંચાડી શકાશે અને આપણે જોઈશું કે અલ્પ સમયમાં જ એ એમને પ્રેમથી વશ કરી વિશુદ્ધ બનાવી શક્યા હતા અને એ રીતે સંઘની એકતાને એમણે ટકાવી રાખી ધર્મને વિશેષ ઉજ્જ્વલ બનાવ્યો હતો અને એથી જ એ એનો વ્યાપક પ્રચાર કરી શક્યા હતા.

પણ એવાઓને ઉપર ઊઠાવવાના કાર્યમાં સહાયભૂત થવાની વિનંતી કરી ખાસ સૂચના આપેલી કે કોઈ પણ મુનિએ એવાઓ માટે નિંદા-વાકય ન બોલવું તેમ જ એમના પ્રત્યે અણગમો પણ ન સેવવો એ પણ આપણા જેવા જ સત્યના સાધકો તરીકે ભગવાના ધર્મ–શરણે આવેલા છે, એમ માની એમના પ્રત્યે સમભાવ કેળવવો.' આ માટે આચારાંગના ૧૦મા અધ્યયનમાં જ્યાં આહાર–પાણી માટેના (પિંડેષણા અને પાનેષણા) ઘડાયેલા આ નવા નિયમો મૂકયા છે, એમને છેડે છેલ્લા સૂત્રમાં ખાસ આજ્ઞા મૂકી છે કે,

इच्चेतांसि सत्तण्हं पिंडे सणाणं सत्तण्हं......पाणे सणाणं......

........अन्नों न समाहीए एवं च णं विहरंति (સૂ. ૬૪૩)

અર્થ : આ બધી પિંડેષણાઓ (આહાર લેવાની વિધિઓ) કે પાનેષણાઓમાંથી (પાણી વગેરે પ્રવાહી ચીજો લેવાની વિધિઓ) કોઈ પણ પ્રતિમા અંગીકાર કરનાર મુનિએ એવું કદાપિ ન બોલવું કે "બીજા ભિક્ષુઓએ ગેરવાજબી રીતે (ધર્મ વિરુદ્ધ) પ્રતિજ્ઞાઓ ધારણ કરી છે. માત્ર અમે જ રૂડી રીતે ધારણ કરી છે. પણ જે બીજા મુનિઓ પણ એ પ્રતિજ્ઞા ધરીને ફરે છે તેમ જ અમો પણ એ પ્રતિજ્ઞા ધરીને ફરીએ છીએ તે. સર્વ જિનેશ્વર ભગવાનના ફરમાનને તાબે રહી પરસ્પર શાંતિથી વર્તનારા સહુ સરખા જ શ્રેયાર્થીઓ–સાધકો છીએ" એમ માનવું.

આમ એ કાળમાં આવેલી આંધિને કારણે એ સમયજ્ઞ સંતોએ ઊલટાસૂલટી માન્યતા ધરાવનારાઓનો સમન્વય સાધી અનેકાંતવાદ ધર્મની યથાર્થતા સિદ્ધ કરી બતાવી હતી. એટલું જ નહીં, એવા-ઓને પાછળથી વિશુદ્ધ બનાવી શાસનની પવિત્રતા અને એની અખં-ડિતતાને ગૌરવાન્વિત બનાવી મૂકી હતી. **આ દૃષ્ટિએ એ કાળના પુરુષોએ જે રીતે કામ લીધું છે એ એ યુગને અનુરૂપ જ હતું.**

બાકી જો એમણે શાસનની ધગશ રાખી એવું કૌશલ્ય જ ન

બતાવ્યું હોત તો નવો માંસાહારી સંઘ ઊભો થતાં બૌદ્ધોની જેમ જૈન સંઘની પણ એ જ દશા થઈ હોત અને ત્યારે જે ઉચ્ચ શિખરો. સર કરી ઉન્નત મસ્તકે આજે જૈન સંઘ ગર્વ ધારણ કરી રહ્યો છે એ ગૌરવથી એ વંચિત જ રહ્યો હોત. એથી આ ૨૫૦૦ વર્ષના ઇતિહાસમાં જૈન ધર્મે જે ગૌરવ પ્રાપ્ત કર્યું છે અને જનતાની સેવા કરી છે એ ગૌરવ એમની જ ભવ્યતાને પ્રતાપે છે, એમની જ સેવા-ઉદારતા અને કૃપાને કારણે છે એ ન ભૂલીએ.

ચડવું કઠણ હોય છે. બાકી પડવું તો સહેલું હોય છે. ઢાળ ઉપરથી ગબડનારને અન્ય ગબડનાર જો ટેકો આપવા જાય છે તો પરિણામે બન્ને જોરથી ઊથલી પડે છે. પણ જે સ્થિર બન્યો હોય છે તે જ ગબડનારને ટેકો આપી એને ગબડતો અટકાવી શકે છે ને ફરી ચડવાની તાકાત પણ આપી શકે છે. આમ મૂળ પરંપરા વિશુદ્ધ અને સ્થિર હતી માટે જ એ એવાઓને ગબડતા બચાવી પરિણામે ચડાવી શકી હતી.

પણ અહીં એ વસ્તુ નોંધવાની ખાસ જરૂર છે કે જે પૂર્વાચાર્યો કઠોર નિયમોના આગ્રહી હતા તેઓ દ્વિ–શ્રુતસ્કંધરૂપે નવી આચાર–વિધિઓ લખાઈ તેમ જ પાછળથી વીર નિર્વાણ ૧૬૨ પછી વિશાખાચાર્યે નિશીથની રચના કરવી શરૂ કરી ત્યાં સુધી સાથે રહ્યા હતા, પણ મતભેદ તીવ્ર બનતાં તેઓ પાછળથી છૂટા પડવા લાગ્યા હતા જેઓ આજે દિગંબરી કહેવાય છે. બંનેની પટ્ટાવલિઓ જોતાં જણાય છે કે આચાર્ય ભદ્રબાહુસ્વામી પછી થોડા જ વખતમાં એ અલગ પડ્યા હશે. એકે કડક જિનકલ્પી આચાર અપનાવ્યો હતો; જ્યારે બીજાએ યુગાનુરૂપ પરિવર્તન સ્વીકારી લીધું હતું. જેથી એ બીજા વર્ગના સ્થવિર કલ્પી કહેવાઈ શ્વેતાંબર મનાયા છે. એમની દૃષ્ટિ ત્યારે શાસનના રક્ષણ–વિકાસ પર કેંદ્રિત થયેલી હોઈ અને ત્યારે એની ખાસ જરૂર પણ હતી જેથી એમણે ઘડેલા નિયમ પ્રમાણે **સંઘની ઉચિત વ્યવસ્થા કર્યા વિના જે કોઈ જિનકલ્પી આચાર**

**સ્વીકારતું તો એને પ્રાયશ્ચિત્ત કરવું પડતું. ( નિ. ગા. ૪૯૨૬ બૃ. ગા. ૧૦૬૩ )** આ બતાવે છે કે સંઘ ત્યારે કેવી આપત્તિઓ-માંથી પસાર થઈ રહ્યો હશે? અને એટલે જ એમણે શાસનની પ્રભાવનાની દૃષ્ટિ રાખીને પોતાને ઠીક લાગ્યા તે માર્ગો વ્યાપક અને ઉદાર દૃષ્ટિબિંદુ રાખી સ્વીકાર્યા હતા. બીજું ય એક દૃષ્ટિબિંદુ છે કે **રાજકીય યા સામાજિક અવ્યવસ્થામાં ધર્મપાલન થઈ શકતું નથી ( નિ. ગા. ૨૩૫૭ )** આ કારણે પણ એ સમયની સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સંઘની એકતા ટકી રહે એ માટે કેટલાક કઠોર નિયમોને હળવા કરવા પડ્યા હોય એ પણ સમજી શકાય તેવી વાત છે.

## શિષ્યોનું કરેલું સમાધાન :

આમ એ કાળના પૂજ્ય પુરુષોએ બંને વર્ગોને સાંધી લેવા નવી આચારવિધિઓ ઘડી કાઢી નાંખી હતી. જે એ ચૂલિકારૂપે આચારાંગમાં જોડી દીધી હતી. પણ પવિત્ર અને વિશુદ્ધ જીવન જીવનારા શિષ્યોએ ગુરુઓને વિનંતી કરી કે " હે પ્રભો ! અમે તો આ પાઠોનું રહસ્ય અને એનો હેતુ જાણીએ છીએ, પણ એમાં મદ્ય-માંસવાળી સંખડીમાં જવાની અનુજ્ઞા આપનાર આવા સ્પષ્ટ પાઠથી ભવિષ્યમાં સંદેહ થવાનો તેમ જ કોઈ એને પ્રમાણ પણ બનાવે એવો અમને ભય રહે છે."

શિષ્યોના પ્રશ્નમાં તથ્ય હોઈ ગુરુઓએ ઘડેલી આચારવિધિઓની વિશેષ સ્પષ્ટતા માટે એમણે તરત જ ચાર નવી ચૂલિકાઓની રચના કરી. એમાંની ૨ ચૂલિકાઓ દશવૈકાલિક પાછળ અને બે ચૂલિકાઓ ઘડાયેલી નવી આચારવિધિઓ અર્થાત્ આચારાંગના દ્વિતીય શ્રુતસ્કંધ પાછળ જોડી દેવામાં આવી છે. એમાં પૂર્ણ સ્પષ્ટતાથી એમણે ચોખવટ કરી છે કે " अमज्ज मंसासि अमच्छरीआ જૈન મુનિ મદ્ય-માંસનો ત્યાગી જ હોય."

આગમાદિ શાસ્ત્રોમાં તો મદ્ય—માંસના ત્યાગની ઢગલાબંધ આજ્ઞાઓ છે જ પણ નવી આચારવિધિઓને કારણે ભવિષ્યમાં કોઈને સંદેહ —શંકા ન રહે એ માટે જ અહીં એની ફરી સ્પષ્ટતા આપી દેવામાં આવી છે, કે જેથી પડેલા સાધકોને ઉપર ચડાવવા કોઈ ખાસ સંયોગોમાં આપેલા અપવાદ માર્ગને કોઈ ઉત્સર્ગ માર્ગ ન બનાવે. આમ આચારની વિશેષ સ્પષ્ટતા માટે જ ચૂલિકાઓ નિર્માણ થઈ હોઈ પરંપરા વિશુદ્ધ હતી તેમ જ આવા અપવાદ પાઠો કેવળ પતિતો માટે જ હતા એ પણ આથી સિદ્ધ થાય છે.

સાથે એક બીજી વાત પણ વિચારવા જેવી છે કે માણસ પૂર્વાપર સંબંધો વિચારીને જ સાચો અર્થ મેળવી શકે છે. પણ જ્યારે એ કોઈ પાપવૃત્તિમાં ઘેરાય છે ત્યારે પોતાની પાપવૃત્તિને અનુરૂપ જ અર્થ શોધવા કે પ્રમાણ મેળવવા ઇચ્છે છે. આથી એ ભળતા જ વાક્યો કે પ્રમાણો અધવચ્ચેથી ઉપાડી લે છે. અને પછી જ્યારે એવાઓની સંખ્યા વધી જાય છે ત્યારે એમણે કરેલો અર્થ પણ એક સ્થાન મેળવી લે છે. જોકે એવો અર્થ શોધનારા પાછળથી પોતાનું મંતવ્ય બદલી મૂળ પરંપરામાં જોડાઈ જાય છે છતાં એક વાર વહેતા થયેલા અર્થો પછી પાછા વાળી શકાતા નથી. એક જુદા મંતવ્ય તરીકે એ વહેતા જ રહે છે. આમ એ કાળમાં દોષિત વેશધારીઓએ વહેતા કરેલા એ વહેણને કારણે જ આચાર્યોની ટીકાઓમાં પણ એનો રંગ ઊતર્યા વિના રહી શક્યો નથી. તેમ જ ભગવાન મહાવીર વિષેના પાઠ સુધી પણ એની અસરો પહોંચી ગઈ છે.

આમ છતાં આચારની વિશુદ્ધિને એની કશી જ અસર પહોંચી નથી. ઊલટી એ તો અંધકારમાં પણ ઝળહળતી જ રહી છે.

## પ્રકરણ ૭ મું

# માંસાહારનું પ્રમાણ (૧)

પણ પંડિતો કહેશે કે તમારા મુનિઓ પણ માંસાહાર કરતા હતા એ વાત તો ત્યારે સાચી જ ને ?

'સાચી યે ખરી અને ખોટી યે ખરી ' કારણ કે વસ્તુનાં અનેક પાસાંઓ હોઈ એનાં અન્ય પાસાંઓને વિચાર્યા વિના જે નિર્ણય બંધાય છે એ નિર્ણય નિર્ણય જ નથી હોતો. આ કારણે તે વખતની બધી જ પરિસ્થિતિઓનો આપણે વિચાર કરવો પડશે અને તો જ સાચો નિર્ણય કરી શકાશે.

**પ્રવેશેલા નવા સાધકો :**

આ ઘોર દુષ્કાળને કારણે સંઘમાં જામેલી અવ્યવસ્થાને અંગે ગૃહસ્થો મુનિઓને સાચવતા હોઈ નીચેના ૪ પ્રકારના સાધકો શ્રમણ સંઘમાં દાખલ થઈ ગયા હતા :

૧. ભક્ષ્યાભક્ષ્યનો જેમને વિવેક નહોતો — ધર્મની રુચિ પણ નહોતી એવા કેટલાક પેટ ભરવા ખાતર જ સંઘમાં પ્રવેશ્યા હતા.

૨. કેટલાક તો કેવળ અનાર્ય હેતુઓ માટે જ યા કોઈ અન્ય સ્વાર્થો સાધવા ખાતર જ પ્રવેશ્યા હતા.

૩. અનેક ગુણો અને શક્તિઓ પડેલી હોવા છતાં ભૂખના દુ:ખે જેઓ નિસ્તેજ બની ગયેલા એવા કેવળ પેટ અર્થે

જ દાખલ થયા હતા, છતાં પાછળથી વૈરાગ્ય વાસિત બની ભગવાનના ધર્મને વળગી રહ્યા હતા.

૪. જ્યારે કેટલાક જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી જ આવ્યા હતા.

ત્રીજા વર્ગની સામે તો કેવળ પેટનો જ પ્રશ્ન હોઈ એ ભૂખ સંતોષાયા બાદ એ સ્થિર બની ગુરુઓ પાસે અધ્યયન કરતા હતા ને એમાં એમની પ્રગતિ પણ થઈ રહી હતી; જ્યારે પહેલા અને બીજા વર્ગની વ્યક્તિઓનું તો ધર્મના અભ્યાસમાં ચિત્ત જ ચોંટતું નહોતું પણ જ્યારે દુષ્કાળ એની પરકાષ્ઠાએ પહોંચ્યો ત્યારે ગુરુઓએ એક સ્થળે બધાનું પોષણ થઈ શકે તેમ ન હોઈ બબ્બે બબ્બેને જુદા જુદા વહેંચી દીધા. આથી જેઓ ગુપ્તપણે માંસાહાર કરતા તેમને હવે ગુરુઓનું આધિપત્ય છૂટી જવાથી મોકળાશ મળી ને તેથી શરમ પણ છૂટી ગઈ અને પછી તો જ્યારે માણસ કોઈ પાપવૃત્તિમાં ઘેરાઈ જાય છે ત્યારે એ પોતાની વૃત્તિને અનુરૂપ શાસ્ત્રમાંથી આધાર પણ શોધી કાઢે છે. વળી એમનો શરૂઆતમાં થોડો ઘણો અભ્યાસ પણ થયો હતો. જેથી એમણે ભગવતીજી તથા દશવૈકાલિકમાં વપરાયેલી જૂની ભાષાને કારણે—નવા અર્થ પ્રમાણે એનો માંસ—મચ્છી અર્થ થતો હોઈ એનો આધાર મેળવી લીધો હતો. તેમ જ સૂઝતા આહારનું કારણ પણ ટેકામાં શોધી કાઢ્યું હતું.

આ કારણે દુષ્કાળ પછી શુદ્ધીકરણનો પ્રશ્ન આવ્યો ત્યારે પહેલા—બીજા વર્ગના તો ઘર ભેગા જ થઈ ગયા હતા, **જેની દશવૈકાલિકની પહેલી ચૂલિકામાં આકરી ટીકા કરવામાં આવી છે.** ચોથા વર્ગના તો ધર્મમાં સ્થિર જ હતા. પણ ત્રીજા વર્ગનાય સ્થિર બન્યા હતા. એમનામાં અનેક ગુણો હતા, શક્તિઓ હતી, પ્રજ્ઞા પણ હતી, જેથી દુષ્કાળની ભયંકરતા જોઈ એ વૈરાગ્યવાસિત બની ગયા હતા. એથી ઘરે ન ભાગતાં ભગવાનના ધર્મ શરણે જ એ રહેવા માંગતા હતા. ફક્ત સ્વાદની લોલુપતા એમની છૂટી નહોતી, જેથી શાસ્ત્રપાઠો

રજૂ કરી એ પોતાનાં આચારનું સમર્થન કરતા હતા, જે આપણે વિચારી ગયા છીએ. જોકે એ પણ પાછળથી વિશુદ્ધ બની ગયા હતા અને પરંપરા તો મૂળથી જ વિશુદ્ધ હતી અને છે. આ કારણે તો એ જગતમાં અજોડ ત્યાગી સંસ્થા ગણાય છે.

પણ અહીં એક વસ્તુ ખાસ યાદ રાખવાની છે કે અહિંસા–બ્રહ્મચર્યાદિ મહાવ્રતોનું સૂક્ષ્મપણે પાલન જેમનો આચાર છે **એવા જૈન-મુનિઓ સાથે માંસાહાર સ્વપ્ને પણ સંભવે નહીં.** કારણ કે ક્યાં એમનો સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવરાશિને બચાવવાનો અહિંસા ધર્મ અને ક્યાં ઘોર હિંસાના કારણભૂત માંસાહાર! એ બેનો મેળ જ ન મળે.

આ કારણે જેઓ ઉત્તમ ગુણો અને શક્તિઓ ધરાવતા હતા એમને પાંખમાં ટકાવી રાખવા છતાં અને એવાઓએ મુનિવેશ ધારણ કરેલો હોવા છતાં–માંસાહારના દોષને કારણે એમને મુનિઓ નહીં પણ મુનિપદના ઉમેદવારો યા સાધકો માનવામાં આવ્યા છે. જોકે વ્યવહાર દૃષ્ટિએ એલોપથીનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને ઘણા ડૉકટર કહીને બોલાવે છે તેમ એમને મુનિ કહેવામાં આવતા પણ સાચા અર્થમાં તો એ સાધકો જ હતા. આ કારણે એમના આવા આચાર સાથે સંઘ કે ધર્મને કશી જ નિસ્બત નથી.

નિર્ગ્રંથ મુનિઓને શાસ્ત્રોમાં હંમેશા 'યતિ' શબ્દથી સંબોધવામાં આવ્યા છે; જ્યારે આજના ગોરજીઓ દાગીના પહેરે છે, પૈસા રાખે છે, આમંત્રણથી ઘરે જમવા પધારે છે, પાનપટ્ટી ઊડાવે છે, વેચાણ–ખરીદ પણ કરે છે અને છૂટથી વાહનોનો પણ ઉપયોગ કરે છે. મતલબમાં કે એ અપરિણીત ગૃહસ્થ જેવું જ જીવન જીવે છે. આમ છતાં કેવળ મુનિવેશને કારણે એમને પણ 'યતિ' જ કહેવામાં આવે છે. આમ બન્નેને સમાનપણે યતિ શબ્દનું સંબોધન લગાડવામાં આવે છે, છતાં બન્નેના આચારવિચારમાં આસમાન જમીન જેટલું અંતર છે. તેમ એ કાળના વેશધારીઓના અને શાસ્ત્રસંમત મુનિઓના

આચારવિચારમાં પણ તેટલું જ અંતર છે, છતાં કહેવાય છે બન્ને મુનિ.

જોકે મુનિ–પરંપરાનો મોટો ભાગ જ્યારે શિથિલાચારી બની ગયેલો ત્યારે પાછળથી શ્રી સત્યવિજયજી પંન્યાસે ક્રાંતિ જગાવી જે ક્રિયોદ્ધાર કરેલો એથી એ શિથિલાચારીઓનો અર્થાત્ કહેવાતા યતિઓનો મોટો ભાગ વિશુદ્ધ બની પરંપરાગત મુનિ–સંઘમાં જોડાઈ ગયો હતો. તેમ એ કાળના પતિત વેશધારીઓ પણ પાછળથી વિશુદ્ધ બની મુનિ–પદને પ્રાપ્ત થયા હતા. પણ એથી મૂળપરંપરા માંસાહારી હતી એમ કદી સ્વપ્નમાં પણ ન કહી શકાય.

શ્વેતાંબર દૃષ્ટિએ જ્ઞાનગુણ અને કાર્યશક્તિને કારણે સાધક, મુનિ, પ્રવર્તક, ઉપાધ્યાય અને આચાર્ય એવી ઉત્તરોત્તર મુનિપદની ભૂમિકાઓ હોય છે. તેમ જ ચારિત્રની ઉત્તરોત્તર વિશુદ્ધ આરાધનાની દૃષ્ટિએ સામયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ સૂક્ષ્મ સંપરાય તથા યથાખ્યાત ચારિત્ર એવી એની પાંચ ભૂમિકાઓ માનવામાં આવે છે. દિગંબરોમાં બ્રહ્મચારી, ક્ષુલ્લક, એલક, મુનિ તથા આચાર્ય એવી પદવીઓ ગોઠવવામાં આવી છે; જ્યારે ચારિત્રની દૃષ્ટિએ બન્નેમાં સમાન ભૂમિકાઓ છે.

આમ દિગંબરોમાં ત્રણ ભૂમિકાઓ પસાર કર્યા બાદ જ મુનિપદ પ્રાપ્ત થાય છે અને શ્વેતાંબરોમાં મુનિપદની સાધનામાં અપેક્ષિત સ્થિરતા પ્રાપ્ત થયા બાદ જ મુનિપદ પ્રાપ્ત થાય છે.

આમ છતાં મુનિપદને પામેલો કોઈ ગબડી પડે છે તો એને એની કક્ષા–મર્યાદા પ્રમાણે અપવાદ માર્ગે અપવાદિક પ્રાયશ્ચિત્ત દ્વારા ધીમે ધીમે ફરી ચડાવવામાં આવે છે. આ પ્રયત્ન સમયમાં એ મુનિ નહીં પણ મુનિપદનો ઉમેદવાર યા સાધક જ ગણાય છે. જૈન શાસ્ત્રોની આવી ઉત્તમ વ્યવસ્થાને કારણે મુનિ અને મુનિપદના ઉમેદવાર વચ્ચેનો ભેદ ખાસ સમજી લેવાની જરૂર છે. આ ભેદ જો સમજાયો હોત તો

પંડિતો એમ ન કહી શકત કે જૈન મુનિઓ પણ માંસાહાર કરતા હતા. હા, એટલું એમ કહી શકત કે કેટલાક મુનિવેશધારી સાધકો ક્યારેક માંસાહાર કરતા હતા. પણ આથી એવાઓને કારણે સમગ્ર મુનિ પરંપરાને દોષિત ન ઠેરવી શકાય.

જૈન સંપ્રદાયના છેલ્લા ૨૫ વર્ષમાં કંઈક વેશધારીઓ તફડંચી મારીને યા કોઈકને ભગાડીને ભાગી ગયા છે. પણ એથી એવી દુષ્ટ વ્યક્તિઓને કારણે એમ ન કહી શકાય કે જૈન મુનિઓ પણ એવા જ હોય છે.

વ્યવહારમાં પણ બે–ચાર–પાંચ વ્યાપારીઓ દેવાળાં કાઢે તેથી કરીને સમગ્ર વ્યાપારી મંડળ દેવાળિયું છે એમ તો કોઈ મૂર્ખ પણ ન કહે. એ ન્યાયે ધારો કે આજના કપરા સંયોગોમાં ધનિક ગૃહસ્થો તરફથી મુનિઓની સાર–સંભાળ થતી જોઈ કેટલાક બદમાશો સંઘમાં પૂરો વેશ ભજવી પ્રવેશી જાય છતાં પોતાના અધમ ધંધા છોડે નહીં તો – જોકે એની જાણ પછી એમને તગડી મૂકવામાં આવે છતાં–એવાઓને કારણે મુનિઓ બદમાશ હોય છે, એમ કદી કહી શકાય ખરું? મૂરખ પણ કદી એવું ન જ માને.

એક વાત એ પણ જણાવી દેવી જરૂરની લાગે છે કે ૨૫૦૦ વર્ષના ઇતિહાસમાં કંઈક એવી દુષ્ટ વ્યક્તિઓએ આનો લાભ લીધો છે ને એને કારણે પરંપરા વગોવાઈ છે. એથી ભવિષ્યમાં આવા કારણે પરંપરા ન વગોવાય એ માટે શાસ્ત્રકારોએ પહેલેથી જ એવી ગોઠવણ કરી રાખી છે કે સંયમ ધર્મમાં સ્થિર થયા બાદ જ એવાઓને મુનિ તરીકે સ્વીકારવા–**એ વ્યવસ્થાને કારણે આજ પણ દીક્ષા લેનારો મુનિ–મુનિ ગણાતો નથી. પણ સંયમમાં સ્થિર થયા બાદ અર્થાત્ વડી દીક્ષા બાદ જ એ મુનિ ગણાય છે.** ત્યાં સુધી એની સાથેનો વર્તાવ જુદા પ્રકારનો રાખવામાં આવે છે, જેનો હેતુ એને સાધુ જીવનના આચારવિચારમાં પરિપકવ બનાવવાનો હોય છે. કલ્પ-

સૂત્રની ટીકામાં પણ કહેલું છે કે વડી દીક્ષા બાદ જ દીક્ષાપર્યાય ગણાય છે. મતલબમાં કે વડી દીક્ષા પહેલાં એ મુનિ ગણાતો નથી.

**બદલાતા રહેલા ધર્મવ્યૂહ :**

જેમ કુશળ સેનાપતિ વિજયની પ્રાપ્તિ અર્થે વ્યૂહ બદલ્યા કરે છે તેમ પૂજ્ય ગીતાર્થ સ્થવિરોએ પણ અહિંસાનું ધ્યેય નજર સમક્ષ રાખી શાસનની શુદ્ધિ માટે શાસનને વફાદાર રહીને શાસ્ત્રને અનુસારે વ્યૂહો બદલ્યા જ કર્યા છે. પ્રાચીન કાળમાં દીક્ષા સાથે જ વડી દીક્ષા —જીવોની યોગ્યતા જોઈ— આપવામાં આવતી યા તો ૧૩ દિવસ બાદ આપવામાં આવતી. પાછળથી જેમ જેમ નબળાઈઓ આવતી ગઈ તેમ તેમ એ ગાળો લંબાવીને ૬ માસ યા એથી પણ લાંબા સમય સુધી વધારવામાં આવ્યો છે કે જેથી સંયમ ધર્મમાં સ્થિર થયા બાદ જ વડી દીક્ષા આપવામાં આવે. અંચલગચ્છની પટ્ટાવલિમાં દીક્ષા બાદ ત્રણ ત્રણ વર્ષ પછી વડી દીક્ષા થયાના દાખલા નોંધાયેલા છે. આમ દીક્ષા લેનારો મુનિ સામાયિક મુનિ યા સાધક કહેવાય છે અને છેદોપસ્થાપનીય ચારિત્રને યોગ્ય દશા પ્રાપ્ત થયા બાદ એને વડી દીક્ષા આપવામાં આવે છે અને ત્યાર પછી જ એ મુનિ ગણાય છે. આમ છેદોપસ્થાપનીય ચારિત્ર દશા પ્રગટયા વિના વાસ્તવિક દૃષ્ટિએ મુનિ એ મુનિ ગણાતો જ નથી. પણ દુષ્કાળના સમયમાં આ વ્યવસ્થા તૂટી પડી હતી અને એ વળી સ્થિર થયા પણ નહોતા. છતાં પંડિતોએ એવાઓને મુનિ માન્યા છે. પરંપરાએ સાધકો માન્યા છે. આ સમજણના અભાવે પંડિતોની દૃષ્ટિએ મુનિઓ માંસાહારી હતા. જ્યારે પરંપરાની દૃષ્ટિએ તો મુનિઓ વિશુદ્ધ જ હતા. બાકી મુનિવેશ પહેરવા માત્રથી કંઈ મુનિ બનાતું નથી. એથી એવાઓને સારૂવી યા સિદ્ધપુત્ર જેવા કહી શકાય, કારણ કે એ ગૃહસ્થો જેવા હોવા છતાં મુનિવેશ રાખતા અને અહીં પણ પેટ માટે જ એવાઓએ વેશ ધારણ કર્યો હતો ને! વળી 'શ્રમણ વર્ગમાં 'પાસત્થા' નામે ઓળખાતો એક નિર્બળ વર્ગ પણ હતો. આ બધાની **શાસ્ત્રકારોએ જ નોંધ લીધી**

**છે કે એવાઓમાં ચારિત્ર નહોતું; ફક્ત મુનિવેશ જ હતો.' ( નિ. ગા. ૪૬૦૨ ચૂ. )** આવા કારણે પણ એવાઓ મુનિ ગણાતા જ નથી.

આમ છતાં વિનયરત્નની જેમ કોઈએ વડી દીક્ષા પ્રાપ્ત કરી હોય તેમ જ બાહ્ય રીતે ઉત્તમ ચારિત્ર પણ એ પાળતો હોય, પણ કોઈ બૂરા હેતુ અર્થે જ એ એમ કરતો હોય યા નિર્બળતાને પોષ્યા કરતો હોય તો એથી એ કંઈ મુનિ બનતો નથી. ઉદાયિ રાજાનું ખૂન કરવાના બદહેતુ અર્થે જ સંઘમાં દાખલ થઈ, ગુપ્તપણે છરો પાસે રાખવા છતાં ૧૨ વર્ષ સુધી ઉત્તમ ચારિત્ર પાળવાનો ડોળ કરી અને ગુરુ પાસેથી 'વિનયરત્ન'નું બિરુદ પ્રાપ્ત કરી પ્રસંગ મળતાં એણે પૌષધશાળામાં રાજાનું ખૂન કર્યું હતું.

આથી સમગ્રપણે આ બધા પ્રશ્નોનું ઊંડાણ તપાસ્યા વિના ક્યા પાઠો ક્યારે, કયા સંયોગોમાં અને કોને અપેક્ષીને લખાયા એનો બધો ભેદ તથા એનો ઇતિહાસ જાણ્યા વિના કોઈ એકાદ બે પાઠને આધારે પૂર્વાપર સંબંધ વિચાર્યા વિના મુનિઓને માંસાહારી ન કહી શકાય. જોકે એવા ઘણા પાઠો કોને અંગે લખાયેલા એનો ઇતિહાસ નથી જળવાયો. ગુજરાતના મહારાજા અજયપાળે સળગાવી દીધેલા અનેક જ્ઞાન ભંડારોને કારણે પણ એ ઇતિહાસ લગભગ નષ્ટ થયો છે. આમ છતાં જે કંઈ બચ્યું છે એના આધારે પણ ઘણું સંશોધન થઈ શકે તેમ છે.

પણ શ્રી. ધર્માનંદ કૌશાંબીજી એમ કહેશે કે "મેં જૈન શાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી. માંસાહાર વિષે ચર્ચા ચાલી ત્યારે પ્રસિદ્ધ જૈન પંડિતોએ જ તે મને (પાઠો) બતાવ્યા તેમ જ એક જૈન મુનિએ પણ તેમ જ કહ્યું." ('ભગવાન બુદ્ધ' પા. ૨૫૧)

કૌશાંબીજીને પૂછી શકાય કે 'એમનો તમારી પાસે કોઈ લિખિત પુરાવો છે? અને તમે એવો પુરાવો માંગેલો પણ ખરો? માંગ્યો

હોત તો એ આપત પણ ખરા! આથી કહેવું પડે છે કે આજના આ બુદ્ધિતર્કપ્રધાન યુગમાં ફલાણાએ આમ કહ્યું હતું એવી નિરાધાર વસ્તુના આધારે સત્ય સંશોધન ન થઈ શકે. અને લિખિત પુરાવાઓ વિના બીજાઓએ આમ કહ્યું હતું એવો એમના પર આક્ષેપ મૂકવો એ પણ શું ઉચિત છે? અને એમની શિષ્ય પરંપરા પણ એવા આક્ષેપને કેમ સહી શકશે?

બાકી નિર્બળ વ્યક્તિઓ તો હર સમાજ–યુગમાં પાકતી જ રહે છે, એમની વાત જુદી છે. પણ એવાઓને કારણે બધાને ડાઘ ન લગાડી શકાય. શાસ્ત્રકારોએ તો મુનિ નહીં પણ આચાર્યપદને પામેલી શ્રેષ્ઠ વ્યક્તિઓને પણ એમનામાં દોષ આવતાં નીચે ઊતારી મૂકી છે. તેમ જ એમની એવી વાત ગોપવી પણ નથી, કારણ કે શાસ્ત્રકાર તો શુદ્ધિને મહત્ત્વ આપે છે; વ્યક્તિના પદને નહીં.

## ભદ્રબાહુ સ્વામીનો આધાર :

જે પતિત મુનિઓને સંઘમાં સંઘરી એમને વિશુદ્ધ મુનિઓ સાથે રાખ્યા હતા, એથી ગુરુઓએ કચવાટ ન થાય એ માટે એક આજ્ઞા ફરમાવી હતી, પણ વિશુદ્ધ મુનિઓનું સમાધાન નહોતું થયું, જેથી ભદ્રબાહુ સ્વામી નેપાળમાંથી આવ્યા ત્યારે આ પ્રશ્ન ફરી એમની સમક્ષ મૂકવામાં આવ્યો હતો. એમણે ત્યારે ફેંસલો આપેલો કે "સંયમના પાલન અર્થે મરણ થાય તેમ હોય તો અપવાદ સેવીને પણ જીવન બચાવવું એ કર્તવ્ય થઈ પડે છે, કારણ કે જીવન હશે તો ફરી વિશુદ્ધ બની સંયમની સાધનામાં પ્રગતિ સાધી શકાશે." પાછળથી લખાયેલા ઓઘ નિર્યુક્તિ (આચાર્ય ભદ્રબાહુકૃત)માં પણ એ જ વિચારો સ્પષ્ટ કરવામાં આવ્યા છે. આ કારણે એવા મુનિઓને ક્ષમ્ય માન્યા છે પણ એમને પ્રાયશ્ચિત્ત તો કરવું જ પડ્યું હતું ને ત્યાર બાદ જ એ મુનિપદને પ્રાપ્ત થયા હતા. આમ જૈન ધર્મનું આ એક વિશિષ્ઠ દૃષ્ટિબિંદુ રહ્યું છે, જે જાણવાની ખાસ જરૂર છે.

પણ આમ છતાં પંડિતોને પૂછવાનું મન થાય છે કે આજે હવે શું છે? ૨૩૦૦ વર્ષ પહેલાંની ભૂતકાળની વાત કરવાનો અર્થ પણ શો છે? ભૂતકાળની વાત કરીએ તો આપણા બધાયના પૂર્વજો નાગા રહેતા અને જંગલોમાં ભટકયા કરતા. તો ફરી આપણે શું એવા બનવું છે? અને જો નથી બનવું તો એ યુગની આવી વાતનો અર્થ શો? ભૂતકાળની સ્મૃતિ તો પવિત્ર અને વિશુદ્ધ જીવન તરફ વળવાની પ્રેરણા લેવા માટે હોય તો એ ઇષ્ટ છે. પણ આપણા પાપ ઢાંકવા કે પાપનો પરવાનો મેળવવા માટે કોઈનો આધાર શોધી કાઢવો એ કોઈને ય માટે શોભાસ્પદ વસ્તુ નથી. જૈન મુનિ પરંપરા તો વિશુદ્ધ જ હતી અને છે. પણ ભીષણ કાળને અંગે નિર્બળ મનના કોઈએ એવો લાભ લીધો હોય તો એમ કહેવામાં શરમ શાની? શરમ તો એ લોકોને હોવી જોઇએ કે જેઓ આજે પણ એમાં ડૂબેલા તો છે જ. ઉપરથી અન્યોને પણ પોતાના પાપના ભાગીદાર ઠરાવવા મથે છે ને એ રીતે પોતે જ પોતાના વારસાને લજવી રહ્યા છે.

**ઉત્થાનની જ મહત્તા :**

કોઈ પણ વ્યક્તિની મહત્તા એણે ભૂતકાળમાં કેવી ભૂલો કરી હતી એ પર નથી અવલંબતી પણ **એણે કેવી રીતે ભવ્ય પુરુષાર્થ દ્વારા પરાક્રમ દાખવી આત્મશુદ્ધિ કરીને જીવનની ઉચ્ચતા પ્રાપ્ત કરી હતી, એ પર અવલંબે છે.** એથી જૈન પરંપરાને પોતાના જીવનની ઉચ્ચતા માટે અત્યંત ગર્વ અને ગૌરવભર્યું અભિમાન છે કે **પોતાની પરંપરા વિશુદ્ધ તો હતી જ સાથે એણે અનેક પતિતોનો ઉદ્ધાર કરી એમને પણ વિશુદ્ધ કર્યા હતા.**

પતિતોને—ફસાયેલાઓને પરંપરાએ શરણું આપ્યું, સાચવ્યા અને નભાવ્યા તથા ધીમે ધીમે એમને વિશુદ્ધ કર્યા એ શું પરંપરાનો ગુનો છે? તો એવા ગુના માટે ગુનેગારોના — ગુનો શોધનારાઓના

અભિપ્રાયની એને મન કોઈ જ કિંમત નથી. એ તો એવા ગુના માટે વિજયાનંદનો ગર્વ અનુભવે છે કે જો કોઈનો ઉદ્ધાર કરવો એ ગુનો ગણાતો હોય તો આમ્રપાલી વેશ્યાને ત્યાં આવ-જા કરતા બુદ્ધદેવને માથે પણ એવો જ આક્ષેપ આવે.

## વિવેકની ખામી :

આથી કહેવું પડે છે કે માંસાહારનું આવું બેહુદું દૃષ્ટાંત મૂકી 'ભગવાન બુદ્ધ' ગ્રંથને બેહુદો ગ્રંથ બનાવી દેવામાં આવ્યો છે. આજના વિશ્વને જ્યારે અહિંસા અને સમભાવના સિદ્ધાંતોની જરૂર છે ત્યારે બુદ્ધનું દયા અને કરુણાથી છલબલતું જીવન ઊગતી પેઢીઓને બહુ ઉપયોગી થઈ પડે તેમ હતું. એથી એના લેખકે બુદ્ધે બે વાર માંસાહાર કર્યો હતો એ પ્રસંગો એ પુસ્તકમાંથી ટાળ્યા હોત તો બુદ્ધના જીવનમાં કંઈ ઝાંખપ આવવાની હતી ?

આશ્ચર્યની વાત તો એ છે કે એ જ કૌશાંબીજી 'બુદ્ધલીલા-સારસંગ્રહ'માં જ્યાં 'સુકરમદ્દવ' શબ્દને કારણે પાછળથી 'ભ. બુદ્ધ' ગ્રંથમાં ડુક્કરનું માંસ જણાવવામાં આવ્યું છે ત્યાં પોતે જણાવે છે કે "આ પદાર્થ કઈ વસ્તુનો બનાવેલો હતો એ સંબંધમાં ટીકાકારોનો મતભેદ છે. આથી આ વાદગ્રસ્ત પ્રશ્નમાં અહીં પડવાની આવશ્યકતા નહીં લાગવાથી મૂળ શબ્દ જેમનો તેમ રાખ્યો છે."

આમ 'બુદ્ધલીલાસારસંગ્રહ'માં કૌશાંબીજી 'સુકરમદ્દવ'નો અર્થ 'સુકરમદ્દવ' જ રાખી આ પ્રશ્ન પર મૌન પકડે છે ને તે તેમણે ઉચિત જ કર્યું છે. તો પછી પ્રશ્ન એ ઊઠે છે કે 'ભગવાન બુદ્ધ' ગ્રંથમાં માંસની વાત લાવવામાં કયા નવા ટીકાકારનો પુરાવો મળ્યો ? નથી લગતું કે આ નવા ગ્રંથમાં મહાવીર અને તેની ભિક્ષુ પરંપરા પણ માંસાહાર કરતી હતી એવો લુલો પાંગળો આધાર મેળવ્યા પછી જ એમણે માંસની વાત ઉમેરી છે ? આથી સહેજે જ ફલિત થાય છે કે બુદ્ધના જીવનની એ ઝાંખપ એમને ખટકી હશે જેથી એ

પ્રથમ પુસ્તકમાં મૌન રહ્યા હશે અને પછી મહાવીરનો સાથ મેળવી એમણે હિંમત કેળવી હશે. આથી કહેવું પડે છે કે એમણે એ બંને મહા-પુરુષોની એ દ્વારા વગોવણી જ કરી છે. એ બંને અહિંસા મૂર્તિ પુરુષોનો આવો અણછાજતો ફજેતો કર્યો જ ન હોત તો શું બગડી જાત ?

આથી જો એમણે એટલું જ કહ્યું હોત તો સારું હતું કે "એક વાર કેટલાક જૈન ભિક્ષુઓ પણ ભયંકર દુષ્કાળને કારણે જીવન ટકાવવા અર્થે માંસાહાર છોડી શક્યા નહોતા પણ પછી તરત જ એમણે વિશુદ્ધિ પ્રાપ્ત કરી જગતમાં અજોડ એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે તો એનો દાખલો લઈ ભારતીઓએ—ખાસ કરી બૌદ્ધ જગતે માંસાહારનો ત્યાગ કરવો જોઈએ અને એ રીતે બુદ્ધના જીવનની દયા—કરુણાને ચરિતાર્થ કરવી જોઈએ."

બાકી રોગિષ્ટ મુનિઓનો ઉદ્ધાર કરવા આપેલા એવા પાઠો એ વિધાનના નથી પણ દયા અને કરુણાથી પ્લાવિત બની આપેલા હોઈ એ પાઠો 'ઉદ્ધાર પાઠો' બને છે કારણ કે એ સર્વકાલિક આજ્ઞાઓ નહોતી પણ ફસાયેલાઓ માટે આપેલી તત્કાલ પૂરતી અપવાદિક છૂટ હતી. બાકી જો એ પાઠો વિધાનના હોત તો—સર્વકાલિક આજ્ઞાઓના હોત તો—જૈન પરંપરા આજે પણ માંસાહારી જ રહી હોત તેમ જ બ્રાહ્મણાદિ વર્ગોમાંથી આવેલા એવા સેંકડો મુનિ આચાર્યોની પણ શ્રદ્ધા સ્થિર રહી શકી ન હોત.

છતાં આશ્ચર્યની વાત છે કે **ફસાયેલાઓને પાવન કરવા માટે ઊલટી જૈન ભિક્ષુ પરંપરાની જ વગોવણી કરવામાં આવે છે.** પણ જામેલા અંધકાર વાદળ હટી ગયા પછી સત્યનો ભાનુ ઉદય પામશે ત્યારે જગત જોઈ શકશે કે જૈન પરંપરાની કલ્યાણ ભાવના—ઉદ્ધાર ભાવના કેવી ઉત્કૃષ્ટ કોટિની હતી ?

બાકી અમુક પતિત વ્યક્તિઓને કારણે આખો સંઘ કે પરંપરા

ભ્રષ્ટ ગણાતી નથી. બાકી જો એવું જ હોત હોત તો તાંત્રિક પ્રયોગોને નામે વિલાસના અધમ ભ્રષ્ટાચારમાં ઊતરી ગયેલા બૌદ્ધ ભિક્ષુઓને કારણે બુદ્ધથી વહેતી આવેલી સમગ્ર ભિક્ષુ પરંપરા પણ તેવી જ હતી એમ કહી શકાય. પણ એમ કહેવું યોગ્ય છે? આથી કહેવું પડે છે કે કૌશાંબીજી આ પ્રશ્નમાં વિવેક જાળવી શક્યા નથી.

## પ્રકરણ ૮ મું
## વિધાન પાઠો કે ઉદ્ધાર પાઠો?

વિનોબાજીએ હમણાં જ એક વ્યાખ્યાનમાં કહ્યું કે "મારા એક વિદ્યાર્થીને બીડી પીવાની ટેવ પડેલી. મેં એ જાણ્યું ત્યારે એને બોલાવીને કહ્યું કે એક તો તું જૂઠું બોલે છે. વળી ગુપ્તતાને કારણે ચોરી ને છેતરપિંડી પણ કરે છે. તો બીડી પીવી હોય તો તું ખુશીથી પી પણ તે મારી પાસે આવીને પી, પણ જૂઠ–ચોરીનું પાપ ન કરીશ. એમ કહીને મેં એની પાસે જ બીડી બાકસ મંગાવ્યા. એને મારા પર વિશ્વાસ આવ્યો. એથી મેં એને પ્રેમથી કહ્યું કે 'ભલે તું બીડી પી પણ થોડે થોડે ઓછી કરતો રહે.' પરિણામે પછી એની બીડી પીવાની ટેવ છૂટી ગઈ."

શું આપણે એમ કહી શકશું ખરા કે વિનોબાજીએ એ વિદ્યાર્થીને બીડી પીવાનું વિધાન કર્યું હતું! એમનો આશય તો એને એમાંથી છોડાવવાનો જ હતો. એથી 'ભલે તું બીડી પી પણ ઓછી કરતો રહેજે' એ વાક્ય વિધાન નથી પણ તેના ઉદ્ધારનું હતું. એટલે સંતો કોઈને એના ઉદ્ધાર માટે કહે કે 'ભલે તને ઠીક લાગે તેમ વર્ત, પણ આટલી મર્યાદા રાખજે અને એમાંથી પણ છૂટી જવાનો પ્રયત્ન કરજે.' તો એ વાક્ય વિધાન વાક્ય નથી બનતું પણ ઉદ્ધાર વાક્ય બને છે. બાકી જો એવા શંકાશીલ પાઠો વિધાનના હોત તો જૈન પરંપરા પણ બૌદ્ધોની જેમ માંસાહાર તરફ જ ઘસડાઈ ગઈ હોત.

વળી પંડિતોએ એ પણ વિચારવું જોઈએ કે સિદ્ધાંત એક વસ્તુ છે અને આચાર બીજી વસ્તુ છે. સિદ્ધાંતને જીવનમાં ઊતારવા માટે સમય અને શક્તિ મુજબ યુગે યુગે જે નવા પ્રયત્નો થતા રહે છે એથી એ જૂના આચારવિચારની આજ્ઞાઓ આજ્ઞાઓ ન રહેતાં ઇતિહાસ બની જાય છે અને એ સિદ્ધાંતોને પહોંચવા માટે ઘડાતા નવા આચાર-વિચારો એ સામયિક સત્યો બની રહે છે, કારણ કે પરિસ્થિતિ–સંયોગો તથા જનતાની શ્રદ્ધા રુચિ મુજબ એ સમયે સમયે બદલાતાં રહે છે. આથી જ્યારે નવા આચારો અમલમાં આવે છે ત્યારે એ સામયિક સત્યો બની રહે છે અને જૂના આચાર-વિચારો કેવળ ઇતિહાસ બની શાસ્ત્રોમાં સંગ્રહિત થઈ જાય છે. આ કારણે શાસ્ત્રોમાં નોંધાયેલા આવા પાઠો એ સનાતન સત્યો નથી પણ એ યુગની ઘટેલી ઘટના—ઇતિહાસ માત્ર જ છે. પણ એ ઇતિહાસ માટે જૈન પરંપરાને શરમનું કોઈ જ કારણ નથી પણ ગર્વ છે. જોકે આંધિમાંથી પસાર થવાને કારણે એને થોડી રજ ચોંટી હતી. એક અંધારી વાદળી એના પર ઊતરી આવી હતી, પણ ઘડીના છઠ્ઠા ભાગમાં જ એણે અંધારા ઉલેચી નાખી ફરી પ્રકાશનો એવો તેજપુંજ પાથર્યો હતો કે જેના પ્રકાશે સમગ્ર ભારતમાં જૈન પરંપરા એક નવી હવા—નવું વાતાવરણ સર્જી શકી હતી.

## પ્રકરણ ૯ મું

# દોષ એ પણ એક સદ્‌ગુણ છે

વિનોબાજીના શબ્દોમાં કહીએ તો દોષ એ પણ એક મહાન ગુણ છે. દોષ ન હોત તો ગુણની કિંમત સમજાત પણ ક્યાંથી? પરાક્રમી પુરુષો પણ ક્યારેક દોષમાં ઘેરાય તો છે જ પણ એ દોષમાંથી જ ઉપર ચડવાનું એ અદ્‌ભુત સામર્થ્ય પેદા કરી લે છે. જેમ ગૌતમે અભિમાનને કારણે સમ્યક્ત્વ અને મોહને કારણે કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તેમ. શરત એટલી જ કે એ દોષ સમજાવો જોઈએ અને સમજાયા પછી ખટકવો જોઈએ અને ખટક્યા પછી દૂર કરવાના પ્રયત્ન માટે દૃઢ સંકલ્પ પણ પેદા થવો જોઈએ.

સિંહ ફાળ ભરે છે પણ એ પહેલાં એને બે કદમ પાછા હટવું પડે છે. બે કદમ પાછા હટ્યા વિના એ ફાળ ભરી શકતો જ નથી. વીર્યવાન પરાક્રમી પુરુષો પણ આ જ રીતે જીવનનાં મહાન કાર્યો કરી તો જાય છે પણ એ પહેલાં એમને પણ વિકૃતિ–વ્યથા કે વિરોધના ઝંઝાવાતોમાંથી પસાર થવું જ પડે છે અને તો જ એમની શક્તિઓ –જાગૃતિ હોય છે તો—પૂર્ણપણે ખીલી ઊઠે છે.

### કાદવ–કાંપમાં જ ફળદ્રુપતા રહેલી છે

પહાડમાંથી ફૂટેલું નાનું ઝરણું સ્વચ્છ જળયુક્ત હોય છે. પણ પછી જેમ જેમ વિશાળ કાય નદી રૂપે એનું સ્વરૂપ વિસ્તરવા લાગે છે તેમ તેમ પોતાની સાથે એ માટી–મટોડી, કાદવ–કાંપ પણ ઘસડી લાવે છે. પણ એ કાદવ–કાંપમાંથી જ જમીન ફળદ્રુપ બને છે. તેમ

અપાપાપુરીમાંથી વહેતું થયેલું મંગલ ઝરણું વિશાળ સંઘરૂપે વિસ્તરવા લાગ્યું ત્યારે એમાં માનવ સહજ દોષો–નિર્બળતાઓ પણ પ્રવેશવા પામે જ. પણ નદીના કાંપની જેમ એ દોષમાંથી જ તેજસ્વી ઇતિહાસ નિર્માણ થાય છે. આથી જૈન સંપ્રદાયે મેળવેલો મહાવિજય એ એના દોષને જ આભારી છે એમ કહી શકાય. એટલું ખરું કે એ દોષના ત્યાગ માટે દૃઢ સંકલ્પ અને સતત જાગૃતિની પ્રથમ આવશ્યકતા રહે છે.

## પ્રકરણ ૧૦ મું

# પ્રાપ્ત કરેલો રાષ્ટ્રવ્યાપી મહાવિજય

### થયેલો પશ્ચાત્તાપ:

જોકે દુષ્કાળની આંધિમાં મુનિઓનો એક નાનો વર્ગ સ્વાદ-લાલસાનો લાભ ઊઠાવી રહ્યો હતો અને જૈન પરંપરાએ પણ એવા-ઓને કારણે ઠીક ઠીક મૂંઝવણ અનુભવી હતી, પણ જ્યારે ગુરુઓની સ્નેહ–કૃપાને કારણે એમને આવેલા દોષનું ભાન થયું ત્યારે એ માટે એમને શરમ ઉદ્‌ભવી, સાથે શૂન્યતાભરી તેજહીનતાનો અનુભવ થયો. વળી પોતાની પ્રતિષ્ઠા પર પણ ઝાંખપ ફરી વળેલી જોઈ. આથી એ જાગ્યા અને ઘોર પશ્ચાત્તાપના તાપે તપી વિશુદ્ધ થયા. વિશુદ્ધ તો થયા પણ માથે લાગેલું કલંક ખટકતું હતું. **એથી એ કલંક ધોઈ નાખવા ગુરુઓની પ્રેરણાથી અનેક ગણા ઉત્સાહથી વીર્યવાન બની જે રોગમાં એ સપડાયા હતા એ રોગમાં ડૂબેલાઓનો ઉધ્ધાર કરવાની એ અદમ્ય ઝંખના સેવતા થયા. એમને મન એ જ સાચું પ્રાયશ્ચિત્ત હતું.**

### પ્રાયશ્ચિત્તની સાધના:

આથી કેવળ નિષ્કામ ભાવે જનતાનું નૈતિક ધોરણ ઊંચે

લાવવાના ભગીરથ પ્રયત્ન માટે એ કટિબદ્ધ થયા. પશ્ચાત્તાપનો અગ્નિ એમને ગરમી, શક્તિ અને હૂંફ આપી રહ્યો હતો. આ કારણે એમનામાં અપ્રતિમ વીર્યતેજ ઊભરાવા લાગ્યું. સમગ્ર ભારતનો ખૂણે ખૂણો ખૂંદી વળવાની મહેચ્છા સાથે એમના પગમાં કોઈ અનેરું બળ થનગનવા લાગ્યું. સાથે અજ્ઞાનતામાં અટવાયેલી જનતાને નવપ્રકાશ આપવાનો અદમ્ય ઉત્સાહ પણ ઊછળી રહ્યો હતો. આથી એમણે જાતે જ પોતાની વ્યવસ્થા ગોઠવી લીધી અને જુદા જુદા સમૂહરૂપે દેશના ભિન્ન ભિન્ન વિભાગોમાં પોતાને સમજાયેલા સત્યનો અમર સંદેશ પ્રચારવા નીકળી પડ્યા. અત્યાર સુધી પૂર્વમાં મગધ, દક્ષિણમાં કૌશાંબી, પશ્ચિમમાં થુણાવિસય અને ઉત્તરમાં કોસલ–કુણાલાવિસય સુધી જ આર્ય દેશની સીમા ગણાતી હોઈ (નિ. ગા. ૫૭૩૩) અમુક પ્રદેશ પૂરતો જ એમનો વિહાર હતો. નવા નવા દેશોનો અનુભવ નહોતો. મોટે ભાગે અજ્જડ, અજ્ઞાન અને અસંસ્કારી પ્રજા વચ્ચે માર્ગ કરવાનો હતો. મુનિધર્મના આચારવિચારના પાલનનો પ્રશ્ન પણ મૂંઝવે તેવો હતો. ઉપરાંત માર્ગમાં ઉત્તુંગ પહાડો, વિશાળ કાય નદીઓ અને અંધારી ગીચ અટવીઓ માર્ગ રોકી પડી હતી, પણ એ વીર મુનિઓનો સંકલ્પ દૃઢ હતો, મન મજબૂત હતું અને પગમાં સમગ્ર ધરતી ખૂંદી વળવાની તાકાત ઊભરાઈ રહી હતી. એથી જુદા જુદા કાફલા રૂપે કોઈ પૂર્વમાં, કોઈ પશ્ચિમમાં તો કોઈ દક્ષિણ અને ઉત્તરમાં એમ સહુ કોઈ નવી જાગેલી તેજ પ્રતિભા સાથે નીકળી પડ્યા. એમણે જ્યારે વિજયપ્રસ્થાન આરંભ્યું ત્યારે સર્વત્ર હિંસાનું પ્રાબલ્ય હતું. માંસાહાર ઘરઘર વ્યાપી રોગ હતો. અસંસ્કારિતાના જાળાં જામ્યાં હતાં. વળી સર્વત્ર ઊંડા મૂળ નાખીને પડેલી બ્રાહ્મણ સંસ્કૃતિ સામે ટક્કર લેવાની હતી તેમ જ બૌદ્ધોની સામે પણ હરીફાઈમાં ઊતરવાનું હતું. આમ છતાં એ પરાક્રમી મુનિઓ ન ગભરાયા, ન નિરાશ થયા કે ન ઢીલા પડ્યા. અદમ્ય ઉત્સાહ, અપાર આશા, અખૂટ ધૈર્ય અને અખંડ વિશ્વાસના બળે વિજયપ્રસ્થાન આરંભી બિહાર–અંગ–બંગ

વગેરે પ્રદેશો વટાવી એ અહિંસક મુનિઓની એક સેના કલિંગમાં ઊતરી આવી. સામે મુશ્કેલીઓના પહાડ અફળાતા હતા, છતાં થોડા જ સમયમાં વિજયો પર વિજયો પ્રાપ્ત કરી એમણે સમ્રાટોને પણ પોતાના ધર્મધ્વજ નીચે ખડા કરી દીધા. પરિણામે ત્યાં જૈન ધર્મ એ પ્રજાધર્મ થઈ પડ્યો. 'આથી જગન્નાથપુરીના મહાતીર્થની એ શ્રમણોએ સ્થાપના કરી. ભોજન ટાણે ઊંચનીચના ભેદભાવોને આજે પણ ત્યાં ત્યાજ્ય ગણવામાં આવે છે. માનવસમાનતાના સિદ્ધાંતને વ્યવહારુ રૂપ આપવાનો યશ એ શ્રમણોને જ ફાળે જાય છે." (વાંચો વિવેકાનંદ ભા. ૧ પા. ૨૯૩).

પાછળથી એ સંસ્કાર વારસો પામેલા મહામેઘવાહન મહારાજા ખારવેલનો પ્રકાશમાં આવેલો જ્વલંત ઇતિહાસ એ જૈન ધર્મનો જ અતિ ગૌરવવંતો ઇતિહાસ બન્યો છે. એણે ઉદયગિરિની ટેકરીઓમાં આવેલી હાથી ગુફામાં કોતરાવેલો લાંબો લેખ એ સમયના જૈન ધર્મના ઇતિહાસ પર મોટો પ્રકાશ પાથરે છે. જૈન ધર્મે ત્યારે ત્યાં ઊંડાં મૂળ નાખવાં માંડ્યાં હતાં. પરિણામે પટણા પછી ત્યાં બીજું મુનિ સંમેલન ભરવામાં આવ્યું હતું. જેમાં ભગવતીજીનો ઉદ્ધાર કરવામાં આવ્યો હતો. એ સંમેલનમાં સેંકડો સાધુ–સાધ્વીઓ એકત્ર થયાં હતાં.

## પ્રાપ્ત કરેલો દિગ્વિજય :

બીજી બાજુ અનાર્ય દેશ હોવાને કારણે શાસ્ત્રકથિત સાડી પચીસ આર્ય દેશોમાં જેનું નામ નહોતું એ આનર્ત અને લાટ દેશમાં (ગુજરાતમાં) બીજો કાફલો ઊતરી આવ્યો. અહીં ત્યારે કોળી, ભીલ, શક, હૂણ વગેરે અનાર્ય પ્રજાઓ જ વસતી હતી. આર્યોનો વસવાટ ત્યાં સુધી ખાસ થયો નહોતો. આવી અજ્જડ અને અસંસ્કારી પ્રજા વચ્ચે ઊતરી આવી–ન ઊતરવાનું ઠેકાણું, ન ગોચરી પાણીની અનુકૂળતા, વિરોધનો કોઈ પાર નહીં છતાં–એ બધી આપત્તિઓ સામે ઝઝૂમીને એમણે માર્ગ કર્યો. પ્રજા બિલકુલ અનાર્ય હોવાને કારણે

પ્રચંડમાં પ્રચંડ વિરોધ અહીં થયો હતો. પણ જેટલા પ્રમાણમાં વિરોધ ઉગ્ર હોય છે તેટલા જ પ્રમાણમાં વિકાસસાધના પણ તીવ્ર બને છે. એથી જેમ જેમ વિરોધ ઉગ્ર બનતો ગયો તેમ તેમ મુનિઓનો સંકલ્પ પણ બળવાન બનતો ગયો. શૌર્ય એમનું ભભૂકી રહ્યું હતું. પરિણામે કરેંગે યા મરેંગેનો નિશ્ચય કરી મુનિઓ પણ તેટલી જ પ્રચંડ તાકાતથી ઝઝૂમ્યા અને દિનભર દિન એ જ તાકાતથી આગળ વધતા રહ્યા. સફળતા નિષ્ફળતા મળવા છતાં એમણે સિંચેલા એ જ શૌર્યભર્યા સંસ્કારોથી એમની શિષ્ય પરંપરાએ પણ એ જ મિશન ચાલુ રાખ્યું. પરિણામે અહિંસા, માંસત્યાગ, સંસ્કારિતા અને પ્રાણીદયાનો પ્રચંડ મંત્ર ગૂંજતો કરી એ મુનિઓએ જે ઊંડાં મૂળ નાખેલા એથી આજ સુધી ગુજરાત જૈન ધર્મનો અતૂટ કિલ્લો બની ટકી રહ્યું છે. અહિંસા–પ્રાણીદયા, માંસત્યાગ અને સંસ્કારચારિત્ર માટે એની જે આજ સુધી જગમશહૂર પ્રતિષ્ઠા પ્રશંસાતી આવી છે એના મૂળમાં એ વીરવંશી મુનિઓની જ તપશ્ચર્યાઓ અને આત્મબલિદાનો ધરબાયાં છે. પાછળથી ઉદ્ભવેલા અહીંના ધર્મોએ પણ આ જ ભૂમિના સંસ્કારોનું પાન કરીને અહિંસાને જ પ્રાધાન્ય આપ્યું છે. વિશેષ ગૌરવની વાત તો એ છે કે જે ભૂમિમાં એ મુનિઓએ ઊંડા પાયા નાખ્યા હતા એ ગુજરાતમાં નથી જાહેર સ્થળો પર માંસ–મચ્છી વેચવાની દુકાનો કે નથી વેશ્યાગૃહો; જ્યારે ભારતના અન્ય પ્રાંતોમાં તો એ સામાન્ય વસ્તુ છે. આ બતાવે છે કે એ વીર મુનિ વંશજોએ પ્રજામાં કેવું ઊંડું ઘડતર કર્યું હશે? એ ઘડતરને કારણે ગુજરાત આજ પણ જગતનો એક પવિત્ર ખૂણો મનાતો રહ્યો છે.

શ્રી વિનોબાજી જણાવે છે કે "ગાંધીજી ગુજરાતમાં પાકચા એ કોઈ અકસ્માત નથી. પણ જે ભૂમિમાં અહિંસાનું ખેડાણ થયું છે એ ભૂમિમાંથી જ ગાંધીજી જેવો ફાલ ઉપજી આવ્યો છે." અને એ ખેડાણ જૈન મુનિઓને જ આભારી છે એ તો ઇતિહાસ વિદિત વાત છે.

એ અહિંસક મુનિ સેનાએ પેદા કરેલા અનુકૂળ વાતાવરણને કારણે પાછળથી શ્રીમાળ, ભિન્નપાલ વગેરે શહેરોમાંથી હજારો વણિક કુટુંબો અહીં ખેંચાઈ આવેલા જેઓ આજ પણ ગુજરાતમાં સર્વત્ર સારી સ્થિતિમાં પથરાયેલા છે. શરૂઆતમાં એ મુનિઓએ—જો એક બારોટને ચોપડે લખાયેલી નોંધ સાચી હોય તો માંડલ અને વડનગરને પોતાના કેંદ્રો બનાવ્યાં હશે, અને આનર્તમાં વિજય મેળવ્યા બાદ નર્મદા અને તાપી ઓળંગી સમગ્ર લાટ પ્રદેશમાં પથરાઈ ગયા હશે, જ્યાં એમણે ખંભાત અને ભરૂચમાં નવાં કેન્દ્રો સ્થપ્યાં હશે એમ એ શહેરોની પ્રાચીનતા તથા ઐતિહાસિક નોંધો ઉપરાંત શાસ્ત્રોમાં થયેલા એના ઉલ્લેખો પરથી કલ્પી શકાય છે.

## પ્રગટેલા વિવેકાનંદો :

પ્રસિદ્ધ બંગાળી સંતોની જેમ દેશ—કુળાચારને કારણે કહેવાય છે કે સ્વામી વિવેકાનંદ માંસ—મચ્છી વાપરતા. આ એક જ દોષ ખાતર જો વૈદિક સમાજે એમને ફેંકી દીધા હોત તો જે પુરુષે ભારતના યુવાનોમાં રાષ્ટ્રભક્તિનો જુસ્સો પેદા કર્યો હતો, દેશ-પરદેશમાં આર્ય—વૈદિક સંસ્કૃતિનો પ્રચાર કર્યો હતો તેમ જ આજે ૬૫ વર્ષ પછી પણ જેમના લેખો લાખો યુવાનોને પ્રેરણા આપ્યા કરે છે એવી સમર્થ શક્તિનો લાભ જ ભારત ખોઈ બેસત. કેટલીક બાબતોમાં એમનાથી પણ વિશિષ્ટ ગુણ ધરાવતા વીરચંદ ગાંધી કે એવા કોઈ જૈન વિવેકાનંદમાં આવો દોષ હોત તો શું જૈન સમાજ એમને ફેંકી દેત? સવાલ એ ઊઠે છે કે જૈન સમાજમાં આવો એકે વિવેકાનંદ પાકયો છે?

હા, એક નહીં, બે નહીં પણ એકી સાથે સેંકડો વિવેકાનંદો પાકયા છે. એક બંગાળી વિવેકાનંદે ભારતીય પ્રજામાં નવચેતના પૂરી છે પણ નજરે દેખાય એવા ચારિત્ર ઘડતરની દૃષ્ટિએ કેટલી સફળતા મેળવી છે એ એક પ્રશ્ન છે. પણ સેંકડો જૈન વિવેકાનંદોએ યા ગાંધી-

એઓએ તો જીવનની વિશુદ્ધિ પ્રાપ્ત કરી ચારિત્ર્ય ક્ષેત્રે ભારતીય પ્રજાના ઉત્થાનનું હિમાલયને પણ અદ્ધર ઊઠાવવા જેવું જે મહાભારત કામ કર્યું છે એમને પ્રતાપે જ આપણા પુનિત ભારત દેશમાંથી માંસાહાર એકવાર નામશેષ થયો હતો છતાં બીજી બાજુ એમના પૂર્વજીવનના દોષને કારણે શરમ અનુભવવામાં આવે છે એ કેવી વિચિત્ર વાત છે! ને તેથી એમનો તેજસ્વી ઇતિહાસ અંધારામાં રાખી એમની કેવી અવગણના કરવામાં આવી રહી છે?

"કોઈ કાળે બાપ ગરીબ હોય, કાઠા વાજિયા કરી દીકરાને એ ભણાવે ને દીકરો પછી એ વિદ્યાના બળે ધન મેળવી મોટરમાં મહાલે. એથી એ દીકરો ગરીબ બાપનો તિરસ્કાર કરે ખરો? ગરીબ બાપ માટે શરમાય ખરો? અને જો એ એમ કરે તો આપણે એને કેવો દીકરો કહીશું? તો જે પિતાતુલ્ય પૂર્વજોએ ચારિત્રની આપણને અઢળક સંપત્તિ આપી છે એ પૂર્વજો એક વાર ચારિત્ર્ય ક્ષેત્રે ગરીબ હતા એમ કહેવામાં આપણને શા માટે શરમ નડવી જોઈએ? શા માટે આપણે એવફા દીકરા બનવું જોઈએ?"

આમ એક વારના જે પતિત મુનિઓ હતા એમના જ શૌર્ય અને પરાક્રમથી આજે ગુજરાત જગતનો એક પવિત્ર ખૂણો રહી શક્યો છે. શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવના જણાવ્યા પ્રમાણે અશોકના પૌત્ર સંપ્રતિના સમયમાં જ અહીં જૈન ધર્મનો પ્રથમ પ્રવેશ થયો હતો (બિહાર–ઓરિસ્સા રિચર્સ જર્નલ ગ્રંથ, ભા–૧, પૃ–૩૦) જે બતાવે છે કે એ કાળના ફસાયેલા મુનિઓએ જ પ્રાયશ્ચિત રૂપે અહીં ગુજરાતમાં ધર્મધ્વજ લહેરાતો શરૂ કરી દીધો હતો.

ત્રીજો કાફલો વિંધ્ય અને સાતપુડાના પર્વતો પાર કરી નર્મદા અને ગોદાવરી જેવી નદીઓ ઓળંગી ઠેઠ દક્ષિણમાં સેતુબંધ રામેશ્વર સુધી અને ત્યાંથી પણ આગળ સાગરો પાર કરી ઠેઠ લંકા સુધી ધર્મ-ધ્વજ લહેરાવતો ફરી વળ્યો હતો. 'મહાવંશ કાવ્ય' નામના બૌદ્ધ

શાસ્ત્રમાં ઉલ્લેખ છે કે સિંહલદ્વીપના રાજા પનુગાનયે આ જ સમયમાં નિર્ગ્રંથ મુનિઓ માટે ગિરિ નામનો વિહાર બંધાવી આપ્યો હતો.

સમગ્ર દક્ષિણ હિંદના જુદા જુદા ભાગોમાં જૈન ધર્મે આ જ સમયમાં ઊંડા પાયા રોપવા માંડ્યા હતા. પરિણામે એક વખત સમગ્ર દક્ષિણ હિંદમાં જૈન ધર્મનું જ પ્રાબલ્ય જામ્યું હતું. જેના પ્રાબલ્યનો એકરાર ચીની યાત્રી ફાહિયાને પણ નોંધ્યો છે. આ પ્રસારને પરિણામે પાછળથી ચેરા, ચોલ, પાંડ્ય, મહારાષ્ટ્ર–મહેસુર વગેરે દેશોમાં જૈન નૃપતિઓની અખંડ પરંપરા સેંકડો વર્ષો સુધી ચાલતી રહી હતી. મહૈસુરમાં તો એ પરંપરા એકધારા ૧૦૦૦–૧૨૦૦ વર્ષ સુધી ટકી રહી છે.

દક્ષિણની તામિલ, તેલુગુ, કાનડી આદિ ભાષાઓના આદિ સાહિત્યમાં પણ જૈન મુનિઓ તથા ગૃહસ્થ કવિઓનો જ મોટો ફાળો છે. જેથી એના સમગ્ર પ્રાચીન સાહિત્ય પર જૈનત્વની ઊંડી છાપ પડેલી આજ પણ જોઈ શકાય છે. "વિદ્યાર્થીઓને શિક્ષણના આરંભકાળે 'ૐ નમઃ સિદ્ધમ્' નામનો જૈન મંત્ર જે હજુ આજ સુધી પણ આપવામાં આવે છે" (વિનોબાજી) એ બતાવે છે કે એ પરાક્રમી વીર મુનિઓએ ધર્મના કેવા ઊંડા પાયા નાખ્યા હશે?

### હિંદ બહાર પહોંચેલી અસરો :

દક્ષિણની જેમ ઉત્તરમાં પણ કાશ્મીર અને કારાકોરમના અભેદ્ય પહાડો ઓળંગી એ તેજસ્વી–પ્રતિભાશાળી મુનિઓ ઠેઠ અરબસ્તાન અને ઈજિપ્ત સુધી પોતાનો ધર્મ સંદેશ પ્રચારી શક્યા હતા. જેમ સિકંદર સાથે કાલાનસ નામના એક જૈન મુનિ ઠેઠ પારસ (ઈરાન) સુધી ગયા હતા તેમ એ મુનિઓ પણ ત્યાં સુધી પહોંચ્યા હશે, કારણ કે અરબસ્તાનના એક તત્ત્વજ્ઞાનીએ પાણી ગળીને વાપરવાનો તેમ જ નાનાં નાનાં જંતુઓની પણ હિંસા નહીં કરવાનો જે બોધ આપેલો એ જૈન મુનિઓના જ સંસર્ગનું પરિણામ હશે એમ સહેજે કલ્પી શકાય છે.

આ જ સમયમાં આજથી ૨૩૦૦ વર્ષ પહેલાં માહાત્મા માનીના હાથે બેબિલોનિયામાં અહિંસાવાદી ધર્મની સ્થાપના થઈ. એ ધર્મ ફૂલ, વનસ્પતિ અને ધાતુમાં પણ જીવ માને છે ને તેથી કોઈ પણ જીવને મારવામાં પાપ માને છે. ઉપવાસનું પણ એ ધર્મમાં મહત્ત્વ છે. આ ઉપરથી જોઈ શકાય છે કે મહાત્મા માની પર પણ જૈન ધર્મની જ અસર પહોંચી હશે. તેમ જ ઈજિપ્ત સુધી પણ એની અસરો પહોંચી હશે એવા પુરાવાઓય પ્રાપ્ત થતા જાય છે. ભારતના પ્રવાસે આવેલા ઈશુખ્રિસ્ત પર પણ એમનો ઊંડો પ્રભાવ પડ્યો હતો. પંડિતો તો એટલે સુધી કહે છે કે એ સિંધમાંથી ઓચિંતો જગન્નાથ-પુરી તરફ ચાલ્યો ગયો નહોત તો એ ત્યાં જ જૈન દીક્ષા પામી ચૂકયો હોત.

" ઇતિહાસવેત્તા પંડિત સુંદરલાલજીએ હિંદી ભાષામાં ' હજરત ઈસા અને ઈસાઈ ધર્મ ' નામનું પુસ્તક લખેલું છે તેના ૧૬૨ મા પાને લખેલું છે કે ઈશુ જૈન સાધુઓ પાસેથી ધાર્મિક શિક્ષા પામ્યો હતો.

હિંદી વિશ્વ કોષ પૃષ્ઠ ૧૨૮—લખેલું છે કે ઈશુ જૈન–બૌદ્ધ સાધુઓ-ના પરિચયમાં રહેતો હતો.

મેજર જનરલ જે. સી. આર. ફર્લાંગે Science of comparative Religions નામનું પુસ્તક લખ્યું છે તેના ૪૬મા પાને કહ્યું છે કે, ' યુનાની વિદ્વાન એરિસ્ટોટલે ઈ. સ. પૂર્વે ૩૩૦ પર કહેલું કે યહુદીઓ પ્રગટ સાધુ હતા. જે ખરી રીતે જૈન–બૌદ્ધ હતા. પાછળથી તેઓ જુડિયામાં રહેવાથી યહુદી સંજ્ઞા પામ્યા હતા ! ' એ જ પુસ્તકના પાના ૧૪ માં જણાવેલું છે કે **જૈન યતિઓ સમસ્ત પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા હતા.** જેઓ સંસારનો ત્યાગ કરી ઘણું ખરું જંગલમાં કે પર્વતની ગુફા જેવી એકાંત જગ્યામાં રહેતા. જેમની પાસેથી ઉચ્ચ અધ્યાત્મના ભાવો બીજાને મળ્યા હતા.

ફર્ગ્યુસન નામના શિલ્પશાસ્ત્રીએ ' વિશ્વકી દૃષ્ટિ ' નામનું પુસ્તક

લખ્યું છે તેના ૨૬મા પાને નોંધ્યું છે કે મક્કામાં પણ જૈન મંદિરો હતાં."

આ બધાં પ્રમાણો બતાવે છે કે એ કાળના સાધુઓ સમસ્ત ભૂમંડળ પર ફરી વળ્યા હતા. ('જૈન સિદ્ધાંત'માંથી)

'આર્યકાલક' નામે લેખમાં મુનિ શ્રી કલ્યાણવિજયજી પણ જણાવે છે કે

'हिंदुस्थान बाहर भी जैन साधुओंका विहार होता था'

આસામ વિષે કંઈ પણ માહિતી ઉપલબ્ધ થઈ શકી નથી. એમ છતાં ત્યાંના ઘણાં ગામ નગરોનાં નામ તીર્થંકરોનાં નામ ઉપરથી પડેલા હશે એ આજ પણ જોઈ શકાય છે. એથી આસામનો ઇતિહાસ સંશોધન માંગે છે. પણ ૧૨ વર્ષના ભયંકર દુષ્કાળમાં ઘણા મુનિઓ ઈશાન—પૂર્વ તરફ ચાલ્યા ગયેલા એવી શાસ્ત્રનોંધને આધારે કલ્પી શકાય છે કે આસામ જેવા પ્રદેશમાં પણ એક કાળે જૈન ધર્મ ફાલ્યો ફૂલ્યો હશે.

## જનતા પર જામેલો પ્રભાવ :

આમ આ કાળમાં કોઈની પણ સહાય કે ઓથ વિના અને તે પણ નામ કે યશની ઇચ્છા વિના કેવળ જનતાનું નૈતિક ધોરણ ઊંચું ચડાવવા એ મુનિઓ દેશના ચારે ખૂણે ફરી વળ્યા હતા તેમ જ હિંદ બહાર પણ પહોંચી જઈ વિજયો પર વિજયો પ્રાપ્ત કરી એમણે એક પછી એક કિલ્લા સર કરવા માંડ્યા હતા અને એ રીતે અહિંસા ધર્મના પ્રચાર દ્વારા જનતાની કાયાપલટ કરી નાખી હતી. અને પછી તો એમના જોરદાર અને જોશભર્યા પ્રચારને કારણે એવી હવા જામી હતી કે ત્યારથી હિંસક યજ્ઞો જ બંધ પડી ગયા હતા અને સર્વત્ર ફેલાયેલા માંસાહારનું પ્રમાણ પણ ખૂબ ઘટી ગયું હતું. કેટલાક પ્રદેશોએ તો એનો ત્યાગ જ કર્યો હતો. જોકે કેટલાક ભાગોમાં ગાઢ સંસ્કારોને કારણે જનતા પૂર્ણપણે માંસાહાર છોડી શકી નથી. એમ છતાં એમાં દોષ તો છે જ એમ હવે તે માનવા લાગી હતી. આમ ભારતવ્યાપી

જોશભર્યા પ્રચારને કારણે વેદધર્મ પર ન ભુંસાય એવી યજ્ઞહિંસાના ત્યાગની ઊંડી છાપ પડી છે. જેનો લોકમાન્ય બાલગંગાધર તિલકે પણ સ્વીકાર કર્યો છે. બૌદ્ધ દર્શનને પણ જૈન ધર્મે જગાવેલી આ નવી હવાથી પ્રભાવિત બની માંસાહારને પાપ માનવું પડ્યું તેમ જ એ સમયમાં લખાયેલા 'લંકાવતાર' નામના ગ્રંથમાં ભગવાન બુદ્ધને મુખે કહેવડાવવું પડ્યું કે "હે ભિક્ષુઓ ! હું સર્વ જીવ પ્રત્યે દયા-કરુણા ભાવથી જોનારો માંસાહાર કરી શકું ખરો ? માંસ લોલુપ ભિક્ષુઓએ જ મને માંસ ખાનારો ઠરાવી–વિનયપિટકમાં પણ એવા વિકૃત પાઠો ઘુસાડી દીધા છે. બાકી હું સર્વ જીવો પ્રત્યે દયા–કરૂણાભાવ દર્શાવનારો માંસાહારને પ્રમાણી જ કેવી રીતે શકું ? "આમ લંકાવતાર પર પડેલો પ્રભાવ એ જૈન પરંપરાની વિશુદ્ધિનું અને ભારતવ્યાપી મેળવેલા મહાવિજયનું પ્રબળ પ્રમાણ છે.

**સંપ્રતિનું આગમન :**

સંપ્રદાયના પ્રસારની અપેક્ષા જનતાના નૈતિક ધોરણને ઊંચું ચડાવવાની જ જેમની કામના હતી એવા એ મુનિવંશની નિષ્કામ સેવાથી આકર્ષાઈને જ બૌદ્ધ જગતમાં ધર્મ સમ્રાટનું પદ પ્રાપ્ત કરનાર મહારાજા અશોકના પૌત્ર અને ઉત્તરાધિકારી સમ્રાટ સંપ્રતિએ જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો અથવા તો એમ કહી શકાય કે એ વીર મુનિઓના સંકલ્પનો જ એ પરિપાક હતો. એથી એના આગમન બાદ પણ જૈન ધર્મના પ્રચાર–પ્રસારને ઠીક ઠીક વેગ મળ્યો હતો.

સેંકડો–હજારો મંદિર મૂર્તિઓ ભરાવાને કારણે સંપ્રતિ જૈન ધર્મના ઇતિહાસમાં અમર બન્યો છે, પણ દુઃખની વાત છે કે જે મુનિઓએ સહેજ પણ યશની કામના વિના દેશ–પરદેશમાં ઘૂમી અપાર યાતનાઓ–કષ્ટો–વિરોધો અને ઝંઝાવાતો વચ્ચે પણ અદ્ભુત પરાક્રમ દાખવી જે ભવ્ય–ગૌરવશાળી અને તેજસ્વી ઇતિહાસ નિર્માણ કર્યો છે એમની એવી નોંધ સરખી પણ કોણે લીધે છે ?

કેવળ નિષ્કામ ભાવનાથી કરેલા કામ માટે એમને તો યશની કોઈ કામના નહોતી પણ આપણે આપણો ધર્મ ભૂલ્યા છીએ, કારણ કે નથી ધર્મશાસ્ત્રોએ એમની નોંધ જાળવી કે નથી ઇતિહાસે એમની નોંધ રાખી. ભારતના ઇતિહાસે સંપ્રતિની પણ આ જ કારણે બહુ કમ નોંધ લીધી છે. આમ છતાં ભારતમાં અહિંસા, દયા, ત્યાગ, તપ, જીવન-શુદ્ધિ અને વૈચારિક ઉદારતા ઉપરાંત માંસાહાર ત્યાગનું જે મહત્ત્વ છે એ મોટે ભાગે એ કાળના જૈન મુનિઓએ સિંચેલા સંસ્કારોનું જ ફળ છે

**પ્રગતિનું કારણ:**

આથી કહેવું પડે છે કે જેમ જમીનની ફળદ્રુપતા એના કાદવ કાંપને જ આભારી છે તેમ જૈન ધર્મનો ભવ્ય અને ગૌરવશાળી ઇતિહાસ પણ એનામાં લાગેલા આ દોષને જ આભારી છે. એથી **જો એનામાં અલ્પાંશે પણ માંસાહારનો દોષ ન ચોંટયો હોત તો જે પ્રચંડ શક્તિ, સામર્થ્ય અને સંકલ્પ એમનામાં ભભૂકી ઊઠયો હતો એ પ્રગટી જ ન શકત.** અને તેથી વિજયો પર વિજયો મેળવી અહિંસા ધર્મના પ્રસારને સમગ્ર ભારત વ્યાપી જે વેગ મળ્યો એનો પ્રસાર–પ્રચાર પણ કદાચ ન થયો હોત. આ કારણે માંસાહારનો ક્ષણિક દોષ નભાવવા ખાતર શરમનું કોઈ જ કારણ નથી. ઊલટું ગર્વનું કારણ છે કે એને કારણે જ જૈન પરંપરામાં પ્રગતિનો એક પ્રચંડ જોશ ઊઠ્યો હતો, અને એને પરિણામે કેટલાક પ્રદેશોમાં તો માંસાહાર લગભગ નામશેષ થઈ ગયો હતો.

નંદિષેણ મુનિ ભગવાનના જ શિષ્ય હતા, યોગી હતા છતાં એ પણ પતન પામી વિલાસની અધમ ભૂમિકાએ ઊતરી ગયા હતા. અરણિક મુનિ પણ તેવી જ રીતે વેશ્યાના બાહુપાશમાં લપટાઈ ગયા હતા. પણ જ્યારે એમને દોષનું ભાન થયું ત્યારે ધગધગતી શિલા પર બેસી જઈ જે ઘોર તપશ્ચર્યા એમણે સાધી હતી એથી જ એ આજે વંદ્ય બની પૂજાય છે. પણ એ પણ એક વાર પતિત થયા હતા એમ કહેવામાં શરમ—સંકોચ નથી ઉદ્ભવતો. તેવી જ રીતે ચૈત્ય-

યુગમાં તેમ જ પાછળના યતિયુગમાં તો લગભગ આખી સાધુ સંસ્થા જ ગૃહસ્થ જેવી બની ગઈ હતી. જોકે અંદરનું ઝળહળતું વિશુદ્ધિનું મૂળ બીજ એટલું પ્રબળ હતું કે એના પ્રકાશે જ અંધારા ઉલેચાઈ ગયા હતા. પણ એ સત્ય વસ્તુ પ્રગટ કરવામાં જૈન પરંપરાને સહેજ પણ થડકારો થતો નથી તો એ કાળના અલ્પસંખ્ય મુનિઓ કે જે બિચારા કદી પડ્યા જ નથી, એમને તો માત્ર ચડવાનું જ કાર્ય કરવાનું હતું છતાં એમને માટે કેમ આજે આપણને શરમ ઉદ્ભવે છે? અને એને કારણે ઉદ્ભવેલો આવો જ્વલંત અને ગૌરવપ્રદ ઇતિહાસ શા માટે સંતાડી રાખવો પડે છે?

## છતાં બનાવેલો ઉપેક્ષા ભાવ:

મૂળ વાત એ છે કે બ્રહ્મચર્યનાં શિખરો સર કર્યાં ન હોઈ અરણિક–નંદિષેણ જેવાઓનું ઉડ્ડયન આપણને ભવ્ય લાગે છે ત્યારે માંસાહારની બાબતમાં આપણે સો એ સો ટકા ઉચ્ચ શિખરો સર કર્યાં હોઈ એવા મુનિઓનું ઉડ્ડયન આપણને આકર્ષી શકતું નથી. ઊલટું એમના પ્રથમના દોષ પર જ આપણી દૃષ્ટિ ચોંટેલી રહે છે. માનવ સ્વભાવ જ એવો છે કે પોતાનાથી આગળ વધેલાઓનું એ ગૌરવ ગીત ગાય છે. પણ પાછળનાઓનો ગમે તેટલો ભવ્ય પુરુષાર્થ અને પરાક્રમ હોય છતાં એ એની કિંમત આંકી શકતો નથી. આશ્ચર્યની વાત છે કે બ્રહ્મચર્યને તો ભગવાને એકાંતિક ધર્મ કહ્યો છે છતાં એક વારના વિલાસીઓ પાછળથી પૂજાતા રહ્યા છે; જ્યારે અન્ય વ્રતોમાં તો અપવાદને સ્થાન આપવામાં આવ્યું હોવા છતાં એક વારના પતિતોએ **એવો તે કયો ભારે ગુનો કરી નાખ્યો હતો કે એમની વાત જ આપણે ગુપ્ત રાખવા માંગીએ છીએ ને તેથી એમણે સર્જેલો ઇતિહાસ પણ અંધારામાં જ રહે એમ ઇચ્છીએ છીએ?**

## લીધેલી નોંધ:

જોકે પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી એ 'જૈન ધર્મનો પ્રાણ'

પુસ્તકના પાના ૧૧૯–૧૨૦ પર મુનિઓએ સર્જેલા આ ઇતિહાસ વિષે સારી એવી નોંધ લીધી છે. એઓશ્રી લખે છે કે :

"અશોકના પૌત્ર સંપ્રતિએ કેવળ પોતાને આધીન રાજ્ય પ્રદેશોમાં જ નહીં, બલકે પોતાના રાજ્યની સીમાની બહાર પણ **જ્યાં અહિંસક જીવન વ્યવહારનું નામનિશાન પણ નહોતું ત્યાં અહિંસાની ભાવનાનો પ્રચાર કર્યો. અહિંસા ભાવનાના એ ઝરણાને વ્યાપકરૂપ આપવાનું કાર્ય નિર્ગ્રંથ અણગારોએ જ કર્યું.** તેઓ ભારતના પૂર્વ–પશ્ચિમ, ઉત્તમ–દક્ષિણ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં જેમ શંકરાચાર્યે ભારતના ચારે ખૂણાઓમાં મઠોની સ્થાપના કરીને બ્રહ્માદ્વૈતનો વિજય સ્થંભ રોપ્યો હતો તેમ **એમણે અહિંસા દ્વૈતની ભાવનાના વિજય સ્થંભો રોપ્યા હતા.**

અહિંસા પ્રચારક એ મુનિ સંઘોએ પોતાના કાર્યમાં એટલી પ્રગતિ સાધી હતી કે જેની અસર મહાન સમ્રાટો સુધી પણ પહોંચી હતી ને તેથી જ એમણે એ કાર્યને વેગ આપવામાં મદદ કરી હતી તેમ જ સામાન્ય પ્રજા પણ રુચિભાવ ધરાવી એ અહિંસા તત્ત્વને સ્વીકારવા લાગી હતી અને તેથી જનતા અહિંસાની આવી ઘોષણા કરનારા રાજાઓને માન આપતી થઈ હતી. આમ એ કાળમાં જૈન ધર્મના પ્રચારને જે ભારે વેગ મળ્યો એમાં એ વીર મુનિઓની તપશ્ચર્યા અને પ્રચાર સંકલ્પનું જ અતૂટ બળ પુરાયું હતું.

વાચકો જોઈ શકશે કે ભગવાનના નિર્વાણ બાદ લગભગ ૨૦૦ વર્ષ સુધી જે જૈન ધર્મ મોટે ભાગે બિહાર અને બિહારની આજુ-બાજુના પ્રદેશ પૂરતો જ સીમિત બની રહ્યો હતો **એ પ્રબળ હુંકાર કરી ઊઠ્યો,** જાગ્યો **અને ભારતના એક ખૂણાથી બીજા ખૂણા સુધી પ્રસરી** જઈ **સમગ્ર દેશને એણે ખળભળાવી મૂકયો એની પાછળનું બળ માંસાહારના આવેલા અલ્પદોષને કારણે પ્રગટેલી** જાગૃતિનું જ હતું.

આ નિબંધનાં પાનાં વાંચી એક વિદ્વાન મુનિશ્રીએ મને જણાવેલું કે સંપ્રતિએ જ એવા બનાવટી સાધુઓને ગૃહસ્થોમાંથી તૈયાર કરી ધર્મપ્રચાર માટે ભારતના ભિન્ન ભિન્ન ભાગોમાં મોકલ્યા હતા એવું વર્ણન શાસ્ત્રમાં આવે છે. જો આ કથન બરાબર હોય તો બનાવેલા વેશધારી મુનિઓને બદલે વિશુદ્ધ થયેલા એક વારના એ વેશધારી મુનિઓ હતા એમ કહેવું એ જ યથાર્થ લાગે છે, કારણ કે અંદરથી રંગાયા વિના બીજાને રંગી શકાતા નથી, પોતે જાગ્યા વિના બીજાને જગાડી શકાતા નથી. છતાં આનંદની વાત છે કે આમ જાગેલા જૈન મુનિઓએ જ કરેલા ધર્મપ્રચારની વાત બીજી રીતે પણ શાસ્ત્રોમાં ઊતરી છે એ ઊલટું આ પ્રકારના મંતવ્યને વધુ પુષ્ટ કરે છે. અનાર્ય દેશોમાં જૈન મુનિના આચાર કેવી રીતે પાળી શકાય એવી પાછળથી બંધાયેલી નિર્બળ મનોદશાને કારણે આ વાત બીજી રીતે મૂકવામાં આવી હોય એ વિશેષ સંભવિત લાગે છે, પણ જાગેલા વીર્યવાન મુનિઓ માટે એવો ભય રાખવાની કશી જ જરૂર હોતી નથી. જૈનશાસ્ત્રોનાં પ્રખર અભ્યાસી અને સંશોધક મુનિશ્રી કલ્યાણવિજયજીએ પણ અનાર્ય દેશોમાં અને તે પણ ભારત બહાર જૈનમુનિઓના વિહારને પ્રમાણભૂત ક્યાં નથી માન્યો ?

## પ્રકરણ ૧૧ મું

# શ્રી ભદ્રબાહુસ્વામીનો આધાર

આપણે જોઈ ગયા કે શંકાશીલ પાઠોના અર્થો પંડિતોએ માંસ-પરક કર્યા છે, જ્યારે પરંપરાગત લોકોએ વનસ્પતિપરક કર્યા છે. મોટે ભાગે તો એ બધા પાઠો દ્વિ અર્થક હોઈ પરંપરાની દૃષ્ટિએ વનસ્પતિ અર્થ સૂચવનારા છે, જ્યારે નિર્બળ સાધકો માટે અપવાદરૂપ હોઈ ઉદ્ધાર પાઠો છે. આથી મેં મૂકેલા વિચારો એ કોરી કલ્પના નથી પણ યુગપ્રભાવક શ્રી ભદ્રબહુસ્વામીનો પણ એને ટેકો છે એમ સહેજે કલ્પી શકાય છે.

જ્યારે મહાસંગિતિ મળી ત્યારે શ્રી ભદ્રબાહુસ્વામી નેપાળમાં હતા. ૫–૭ વર્ષ પછી એ પટણા આવ્યા ત્યારે શ્રી સ્થુલિભદ્રજી એમની સાથે હોઈ એમની યક્ષા વગેરે બહેનો ભાઈને વાંદવા આવી ત્યારે યક્ષાએ જણાવ્યું કે, "તમારા ગયા પછી મેં મોટાભાઈ શ્રીયકને ઉપવાસ કરાવ્યો. પ્રકૃતિ ખૂબ નાજુક હોઈ ભાઈનું એથી મરણ થયું. મને એથી પારાવાર દુઃખ થયું. જેથી સંઘે અઠ્ઠમ તપ કરી શાસન-દેવીનું આવાહન કર્યું. તે મને મહાવિદેહ ક્ષેત્રે પ્રભુ પાસે લઈ ગઈ. પ્રભુએ મને નિર્દોષ જણાવી ૪ અધ્યયનો આપ્યા. જેમાંથી ૨ દશ વૈકાલિક પાછળ અને ૨ આચારાંગના દ્વિ. શ્રુતસ્કંધ પાછળ જોડી દીધા છે."

આ કથા ઉપરથી જણાય છે કે મુનિઓના આચારવિચાર માટે જે નવો શ્રુતસ્કંધ લખાયો તથા અધ્યયનો મળ્યાં એની ત્યાં સુધી શ્રી

ભદ્રબાહુસ્વામી કે શ્રી સ્થૂલિભદ્રજીને ખબર જ નહોતી.

શ્રી ભદ્રબાહુસ્વામીએ જ્યારે આ બધી બીના જાણી તેમ જ મુનિઓના આચાર માટે નવી આજ્ઞાઓ નિર્માણ થયાની વાત સાંભળી ત્યારે એમણે એ આજ્ઞાઓ, ઊભા કરેલા નવા અર્થો તથા પતિત મુનિઓને ક્રમે ક્રમે ચડાવવા આપેલા અપવાદના પાઠો વગેરેને સંમતિ આપી હશે એમ સહેજે કલ્પી શકાય છે, કારણ કે એમણે પણ એ જ વિચારો વ્યક્ત કર્યા છે—એટલું જ નહીં, એમણે પોતે પાછળથી રચેલા કલ્પસૂત્રમાં પણ એ જ વિચારોનું ભાષ્ય કર્યું છે. એમાં એમણે પૂર્ણ સ્પષ્ટતાથી જણાવ્યું છે કે —

## પાઠ ૯ મો

वासावासं दावे भंत्ते पाडिगाहे हि भंत्ते एवं कप्पइ दावित्त ए वि पडिगारित्त ए वि हट्टाणं आरुग्गाणं बलिय सरीराणं इमाओ नवरस विगइओ अभिकखणं अभिकखणं आहारित्तए तंजहा १ खीरं २ दहिं ३ नवणीअं ४ सप्पिं ५ तिलुं ६ गुडं ७ महुं ८ मज्जं ९ मंसं — वासावासं पज्जोसवियाणं अत्थे गईयाणं एव वुत्त पुव्वं भवति अट्ठो भंत्ते । गिलाणस्स ? से अवएज्जा ।

મુનિએ જો તે હૃષ્ટપુષ્ટ હોય, શરીરે બળવાન હોય, તો તેણે આ નવ વિગઈઓ જેવી કે દૂધ, દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, **મધ–મદિરા અને માંસ**–ઘડીએ ઘડીએ ન વાપરવી. ચોમાસામાં તો ન જ વાપરવી ' તરુણ હોવા છતાં રોગને કારણે કે નિર્બલતાને કારણે જરૂર હોય તો જ અપવાદ દશામાં એણે એ વસ્તુઓ વાપરવી. બાકી નહીં.

આમ એ વસ્તુઓ ઘડીએ ઘડીએ ન વાપરવાનું કહેવા પાછળ હેતુ તો એ જ હતો કે એવા મુનિઓએ શરીર બળવાન અને તંદુરસ્ત હોવાને કારણે વિગઈઓ લેવાની જરૂર ન હોય છતાં જો સ્વાદલાલસા વળગેલી હોય તો ધીરે ધીરે એમાંથી છૂટી જવું જોઈએ.

શ્રી ભદ્રબાહુસ્વામીનું આ કથન આપણા નિબંધના ભાવને પૂર્ણ-પણે વ્યક્ત કરે છે. એટલે જ એમણે સ્વાદલાલસામાં ફસાયેલાઓ માટે ધીરે ધીરે છૂટી જવા અર્થે જ આવો અપવાદ માર્ગ ખુલ્લો રાખ્યો છે. છતાં ચોમાસામાં એનો પ્રતિબંધ મૂકયો છે; જ્યારે રોગી કે નિર્બળ માટે તો ચોમાસામાં પણ અપવાદિક છૂટ આપી છે. તેવી જ રીતે (नि. गा. ३१७० चू.) પણ જણાવે છે કે રોગ શમન ન થાય તેમ હોય તેવા રોગમાં જ એ લઈ શકાય–બાકી નહીં.

આમ છતાં મહાવિગઈઓ અપવાદને કારણે લઈ શકાય એમ ન કહેતાં મોઘમપણે નૂવરસ વિગઈઓ વારે ઘડીએ ન વાપરવાનું કહ્યું છે, એનું કારણ એ છે કે એમ કહેવા જતાં એક બૂરો આદર્શ પેદા થઈ જાય.

ઘણાને આ પ્રશ્ન મૂંઝવે છે કે દૂધ–ઘી તો ઠીક પણ શું મદ્ય–માંસ લેવાથી રોગ કે નિર્બળતા હટતી હશે? કે પછી લાલચુ મુનિઓએ એવું બહાનું આગળ ધર્યું હશે? સંભવ છે કે કેટલાકે એવું બહાનું ધર્યું પણ હોય. પણ એકંદર રીતે જોતાં એમાં તથ્યાંશ હોવાનો સંભવ છે.

ઉત્તરોત્તર વિકાસની દૃષ્ટિએ વિચારીએ તો ભવિષ્યનું જગત જો અહિંસાને માર્ગે આગળ ધપશે તો એ એક દિવસ દૂધનો પણ ત્યાગ કરશે, કારણે કે એ વનસ્પતિ તો નથી જ. પ્રાચીન કાળમાં ભગવાન બુદ્ધનો શિષ્ય દેવદત્ત કડક વનસ્પત્યાહારી હતો. એણે તથા એના સંઘે દૂધ અને દૂધની બનાવટનો પણ ત્યાગ કર્યો હતો. આજે પશ્ચિમના દેશોમાં શાકાહારીઓનું પ્રમાણ વધતું જાય છે. પણ એમાં ઇંગ્લેન્ડના શાકાહારીઓ તો દૂધને પણ એનિમલ પ્રોડકટ (animal product) કહી માંસાહારની કોટિનું ગણે છે. આથી ઝાડમાંથી એવા ગુણવાળું દૂધ મળે તેવા વૃક્ષોની તેમણે શોધ કરી છે. અને 'મોટો' નામના નિસર્ગોપચારી ડૉકટરે તો આવા વૃક્ષો વાવવાની પણ શરૂઆત કરી દીધી છે. પણ આપણે આજે જ જો દૂધનો ત્યાગ કરીએ તો

આપણા આરોગ્ય પર અસર થયા વિના રહે જ નહિ. ગાંધીજીએ દૂધનો ત્યાગ કર્યો હતો પણ દૂધ વિના આરોગ્ય પ્રાપ્ત થાય તેવી કોઈ સંભાવના જ નહોતી ત્યારે એમણે બકરીના દૂધનો અપવાદ સ્વીકારવો પડ્યો હતો. તેમ એ કાળમાં પણ સેંકડો પેઢીઓના સંસ્કારો હોઈ એવાં કુટુંબોમાંથી ભિક્ષુ સંઘમાં જોડાવા ઇચ્છનારાઓને એ અંગે ભારે પુરુષાર્થ કરવો પડતો અને તેમાં સ્થિર થયા બાદ જ એ સંઘમાં જોડાતા. પણ દુષ્કાળના સમયમાં એ વ્યવસ્થા તૂટી પડી હોઈ એવી સાધના સાધ્યા વિના જ ઘણા સંઘમાં ઘૂસી ગયા હતા, જેથી પૂર્વ-સંસ્કારોને કારણે શુદ્ધીકરણની કડકાઈ આવી ત્યારે ઘણાની તબિયત પર અસર થવા લાગી હશે અને એટલે જ પાઠોમાં કે આચારોમાં ગુરુઓએ ઉદાર દૃષ્ટિ રાખી હશે, કારણ કે એ દ્વારા એમને તો એમના દિલમાં પ્રવેશ કરી એમને વિશુદ્ધ કરવા હતા. અને એ રીતે પોતાના પ્રિય શિષ્યોને સાધકપદેથી મુનિપદે પહોંચાડવા હતા. બાકી ગુસ્સો કરવાથી કે ધક્કો મારવાથી રોગ કંઈ હટતો નથી એ એ બરાબર જાણતા હતા. પણ ૨૫૦૦ વર્ષોના સંસ્કારોને કારણે માંસની વાત સાંભળતાં જ આપણે અકળાઈ જઈએ છીએ ને તેથી કોઈ એવો શાસ્ત્રાધાર રજૂ કરે છે તો એના પર જ રોષ ઊતારીએ છીએ. પણ જો એ ગુરુઓ આપણી જેમ અસહિષ્ણુ બની ગયા હોત તો એમણે પાછળથી સમગ્ર ભારતના ખૂણે ખૂણે વિહરી માંસાહારી કોમોની કોમોને જૈનદીક્ષા આપી ધીરે ધીરે એમને ચડાવી હતી, એ ઉત્થાનનું મહાકાર્ય એ કરી શકત જ નહીં.

આજે વંદિતા સૂત્રની ૨૦ મી ગાથા मज्जंमिअ मंसंमिअ જે મદ્ય–માંસના લાગેલા અતિચાર અંગે રોજ પ્રતિક્રમણમાં બોલવામાં આવે છે એ શું બતાવે છે? એ એ જ બતાવે છે કે માંસની સ્વાદલાલસા-માં ફસાયેલાઓને બહાર લાવવા ગુરુઓએ કેવી સહિષ્ણુવૃત્તિ અને ધીરજથી કામ લીધું હશે? આજે તો મદ્ય–માંસનો કોઈ પ્રશ્ન જ નથી. એનું નામ જ આપણે સાંભળી શકતા નથી. પણ **એ ગુરુઓએ**

**એ યુગમાં બતાવેલી ભવ્ય ઉદારતાનું જ એ ગાથા દ્વારા રોજ સ્મરણ કરવામાં આવે છે.**

એક બીજી દૃષ્ટિએ વિચારીએ તો જે પુરુષોએ આપણા માટે વ્યવહાર સુલભ ધોરી માર્ગ બનાવી આપ્યો છે; એમણે એ અભેદ્ય જંગલો સાફ કરવા, ઝાડી ઝાંખરાં દૂર કરવા, કાંટા–કાંકરા કાઢી નાખવા કેટલો પુરુષાર્થ ખેડ્યો હશે ? ને એમ કરવા જતાં એમના પગમાં શૂળો નહીં ભોંકાઈ હોય ? કાંટા–કાંકરા નહીં ખૂંચ્યા હોય ? ઝાડી–ઝાંખરા-ઓથી શરીર નહીં ઉઝરડાઈ ગયું હોય ? છતાં એમ માનવું કે એ પણ આપણી જેમ જ ઝડપથી સરલ રીતે એ માર્ગ પર દોડતા હતા તો એ આપણી સમજની ખામી બતાવે છે. ખરી રીતે તો ગાઢ ધુમ્મસ વચ્ચે ઘેરાયેલા સૂર્યની મહત્તા તો એ બધા અંધાર વાદળ હટાવી નવ-પ્રકાશ પાથરવામાં છે. તેમ એ મુનિઓની મહત્તા પણ આવા જ કારણે છે.

ગાંધીજી ચુસ્ત વનસ્પત્યાહારી હતા. એમના આશ્રમમાં માંસા-હારી લોકોને પણ ચુસ્ત વનસ્પત્યાહારી બનીને જ રહેવું પડતું. આમ છતાં અબ્દુલગફાર ખાનની પુત્રીને માંસ વિના ચાલતું જ નહીં. તરત જ એની તબિયત પર અસર થતી. આથી માનવ અહિંસાને પ્રાધાન્ય આપનારા ગાંધીજી એને એક મુસ્લિમ મિત્રને ત્યાં માંસ ભોજન માટે મોકલી આપતા. તેમ ગુરુઓએ પણ ખૂબ જ ઉદારતાપૂર્વક કામ લીધું હતું.

આથી હરકોઈ પ્રશ્ન આજની દૃષ્ટિએ નહીં પણ તે તે સમયની દૃષ્ટિએ જ વિચારવો જોઈએ. સાથે એ પણ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે એ કાળની કેટલીક વાતો આજે ન ચાલે.

**બદલાતું પ્રામાણ્ય :**

उत्तरोत्तर ऋषीणाम् प्रामाण्यम्

આપણી આર્ય પરંપરામાં એ સ્વીકારવામાં આવ્યું છે કે સના-તન સિદ્ધાંતો બદલી ન શકાય. પણ આચારવિચારો–વિધિવિધાનો તો

સમય–સંયોગાનુસાર બદલવા જ પડે. આ કારણે પૂર્વના યુગપ્રધાનોની અપેક્ષા પાછળના યુગપ્રધાનોનું જ વચન પ્રમાણભૂત મનાય. જેમ આજે કેટલીક બાબતોમાં આપણે કાલકાચાર્યની અને કેટલીક બાબતોમાં આર્યરક્ષિત સૂરિની આજ્ઞા નીચી છીએ તેમ. હરેક યુગપ્રધાનને પોતાના યુગનો પણ વિચાર કરવો પડે છે. આ કારણે શ્રી ભદ્રબાહુસ્વામીની સામે અમુક પરિસ્થિતિ હતી. એથી એમણે નવ વિગઈઓ માટે મર્યાદિત છૂટ મૂકી. પરિસ્થિતિ બદલાઈ ગઈ ત્યારે પછીના યુગપ્રધાનોએ **ચાર મહા વિગઈઓ માટે અપ્રશસ્ત વિગઈઓ કહીને ( નિ. ચૂ. ગા. ૩૧૬૭–૬૮ ) સંપૂર્ણ પ્રતિબંધ મૂકયો.** આજે આપણે પાછળના યુગપ્રધાનોની આજ્ઞા નીચે હોઈ કોઈને હવે એવો અપવાદ ન મળી શકે. વળી એ જ મહર્ષિઓએ એ પણ આજ્ઞા આપણને આપી રાખી છે કે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ જોઈ પરિવર્તન કરવાની જરૂર લાગે તો ભિક્ષુ સંઘ એકત્ર થઈ પટ્ટકો દ્વારા વિધિવિધાનોમાં પરિવર્તન કરી શકે છે. પણ કોઈ પ્રશ્નમાં પોતાની વાત સાચી હોવા છતાં ચાલી આવતી આજ્ઞાનો ભંગ કરવાનો કોઈને પણ અધિકાર નથી. જો આ પ્રશ્ન બરાબર સમજાય તો શ્રી ભદ્રબાહુસ્વામીનું કથન એ સમય માટે કેવું યોગ્ય હતું અને જરૂરી પણ હતું એ સહેજે ધ્યાનમાં આવે. પણ આપણે હરેક પ્રશ્નને બદ્ધ પૂર્વગ્રહથી જ જોઈએ છીએ અને એટલે જ આપણે સત્ય રહસ્ય સમજી શકતા નથી.

## પ્રકરણ ૧૨ મું

# શાસ્ત્રો વિષે બાંધેલી કલ્પના

ઘણા પૂછે છે કે 'પતિતોનો ઉદ્ધાર કર્યો એ તો ગૌરવની વાત છે. પણ આવા પાઠો મૂળ આગમ ગ્રંથમાં જ હોય ત્યાં કયા મોઢે આપણે માંસત્યાગની વાત બીજાને ગળે ઊતરાવી શકીએ ?'

આપણે પાછળ કહી ગયા છીએ કે 'જૂની આચારવિધિઓ ઇતિહાસ બની શાસ્ત્રમાં સંગૃહિત થઈ જાય છે અને નવી વિધિઓ નિર્માણ કરવી પડે છે. ૨૫૦૦ વર્ષના ઇતિહાસમાં તો આવું હમેશાં બનતું જ આવ્યું છે.

તો પ્રશ્ન એ ઊઠે છે કે 'જો ૧૬૦ વર્ષ બાદ નવી વિધિઓ લખવી પડી છે તો આજ સુધીમાં તો એની કેટલીયે આવૃત્તિઓ કાઢવી પડત. પણ એમ બન્યું છે ખરું ?'

'નથી બન્યું એ હકીકત છે, કારણ કે નવું આચારાંગ લખવા જેવા સમર્થ જ્ઞાનીઓ—પૂર્વધરોનો પાછલા સમયમાં એકીસાથે યોગ ન સાંપડ્યો હોઈ મૂળ આચારાંગને જ આધાર બનાવી જરૂર પડી ત્યારે પટ્ટકો દ્વારા આપણે સુધારાવધારા તો કરતા જ રહ્યા છીએ.

બાકી આચારાંગનો દ્વિ. શ્રુતસ્કંધ એ કોઈ ધાર્મિક તત્ત્વજ્ઞાનનો —દ્રવ્યાનુયોગનો ગ્રંથ નથી. પૂર્વાચાર્યોએ પણ એને ચરણકરણાનુ-યોગમાં જ મૂકયો છે.

આમ છતાં આવા પાઠો ન ગમતા હોય તો જેમ નિશીથ એક કાળે આચારાંગની ૫ મી ચૂલિકા ગણાતી હતી છતાં એને અલગ

કરવામાં આવી છે તેમ દ્વિ. શ્રુતસ્કંધ જેનું નામ જ અગ્રશ્રુત સ્કંધ છે એ પાછળથી ઉમેરાયેલી ચૂલિકાઓ હોઈ એને પણ સ્વતંત્ર ગ્રંથ-રૂપે અલગ કરી શકાય.

સાથે એ પણ કહેવું જરૂરી લાગે છે કે પ્રથમ શ્રુતસ્કંધ જેનું મૂળ નામ આચાર શ્રુતસ્કંધ હતું એમાં પાછળથી ૨ ચૂલિકારૂપ અગ્ર-શ્રુત વિશેષ સ્પષ્ટતા માટે ઉમેરવામાં આવેલો છે એમ આચારાંગની ટીકામાં જ જણાવેલું છે વળી પાછળથી લખાયેલી ૪ ચૂલિકાઓમાંની ૨ ચૂલિકા આચારાંગ પાછળ અને ૨ ચૂલિકા દશવૈકાલિક પાછળ જોડી દેવામાં આવેલી હોઈ આજ કાળમાં સ્થવિરોએ એની રચના કરી હતી એ પણ આથી સિદ્ધ થાય છે.

મૂળ વાત એ છે કે પ્રાચીન આચારવિધિઓની અપેક્ષાએ આજે ઘણી બાબતોમાં ઠીક ઠીક પરિવર્તન—પૂર્વાચાર્યોની આજ્ઞાથી—થતું રહ્યું છે. જેથી જૂની આચારવિધિઓ જેમ ઇતિહાસરૂપે શાસ્ત્રો-માં સંગ્રહાઈ રહી છે તેમ આવા પાઠો એ પણ જૂનો ઇતિહાસ જ છે, કે જે દ્વારા આપણે ભવ્ય પ્રગતિ સાધી શકયા હતા. બાકી આજે એ વિધિવિધાનોથી કોઈ જ મતલબ નથી.

## પ્રકરણ ૧૩ મું

# વહેમી માન્યતાઓ અને ધર્મઘેલછાઓ

જગતના લગભગ બધા જ ધર્મોનાં મૂળભૂત તત્ત્વો સમય જતાં એની અવાંતર શાખાઓમાં પરિવર્તન પામી ગયા છે; જ્યારે એક માત્ર જૈન ધર્મ જ એવો એક ધર્મ છે કે ભગવાન મહાવીરે તત્ત્વનું જે સ્વરૂપ પ્રરૂપેલું એમાં કિંચિત્‌માત્ર પણ ફેરફાર થયો નથી.

શ્વેતાંબર–દિગંબર શાખાઓ એકબીજાનાં શાસ્ત્રોને પ્રમાણભૂત માનતી નથી છતાં મૂળભૂત તત્ત્વ માન્યતામાં બધી જ શાખાઓ એકરૂપ જ છે, જે જૈન ધર્મ માટે એક વિશેષ ગૌરવની વાત છે. જૈન ધર્મ આજે અનેક મત–પંથ–ગચ્છ કે ફિરકાઓ વચ્ચે વહેંચાઈ જવા છતાં એમના વચ્ચે જે કંઈ ભેદ છે તે વિધિવિધાનો કે માન્યતાઓ અંગે જ છે, છતાં એને અંગે પણ કહેવું જરૂરી લાગે છે કે જે જે કંઈ અન્ય વાતો શાસ્ત્રોમાં સંગ્રહાઈ ગઈ હોય એ બધીને વગર વિચારે જિનભાષિત ધર્મ માનવાની જો આપણે શ્રદ્ધા પોષતા હોઈએ તો તે એક પ્રકારની ધર્મઘેલછા જ છે. એથી જ્યારે આપણે આ પ્રશ્ન વિચારવા બેઠા છીએ ત્યારે આ દશમા પાઠ વિષે પણ કેટલીક સ્પષ્ટતા કરવાની જરૂર લાગે છે.

### પાઠ ૧૦ મો

એ પાઠ સૂર્યચંદ્ર પ્રજ્ઞપ્તિના ૧૦ મા પ્રાભૃતના ૧૭ મા પ્રતિપ્રાભૃતમાં આવેલો છે જે આ પ્રમાણે છે.

ता कहते भोयण आहिते ति वदेज्जा। ता एते सिणं अठ्ठावी, साए न कखताणं कतियाहिं.................

दहिणा भोच्चा कज्जं साहेति..........

......भरणीं हिं तिल तन्दुलयं भोच्चा कज्जं साहेति इति।

શ્રી ગૌતમસ્વામી ભગવાન મહાવીરને પ્રશ્ન પૂછે છે કે, "હે ભગવન્! કાર્યસિદ્ધિ માટે પ્રયાણ કરવામાં કેવી માન્યતાઓ છે?"

ભગવાન જવાબ આપે છે કે, "હે ગૌતમ! રોહિણી નક્ષત્રમાં વૃષભનું, ઉત્તરાફાલ્ગુનીમાં પશુનું, મૃગશીર્ષ નક્ષત્રમાં મૃગનું, અશ્લેષામાં ચિત્રક મૃગનું, પૂર્વાફાલ્ગુનીમાં મેંઢાનું, ઉત્તરાભદ્રપદમાં સૂવરનું, રેવતીમાં જલચર મચ્છનું અને અશ્વિનીમાં બતકનું માંસ ખાઈ યાત્રા કરવાથી કાર્યસિદ્ધિ થાય છે."

જે ભગવાન મહાવીરે દેવ, દેવી, ઈંદ્ર કે ઈશ્વર સુધ્ધાંની કૃપા–યાચનાનો ઇન્કાર કરી કેવળ પુરુષાર્થ પર જ ભાર મૂકયો છે અને સુખદુઃખના કારણરૂપ કર્મનો મહાસિધ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે. એ પુરુષ કાર્યસિધ્ધિનું ફળ સુખદુઃખના કારણરૂપ કર્મ–ભાગ્ય સાથે નહીં જોડતાં જુદા જુદા માંસભોજન સાથે જોડે એવા એ એક સામાન્ય વહેમી માણસ હતા કે એ આવું કહે?

મૂળ વાત એ છે કે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નનો ભગવાને વાળેલો આ જવાબ તો કેવળ લોકોમાં કેવી કેવી માન્યતાઓ ચાલે છે એ બતાવવાનો જ ઉદ્દેશ છે. ઉપરાંત પ્રજા–માનસમાં વણાઈ ગયેલા એ પ્રકારના વહેમો–અંધશ્રદ્ધાઓ તથા ખોટી માન્યતાઓનું ભાન કરાવી એમાંથી પ્રજાસમૂહોને છોડાવવા માટે ગૌતમને જાગ્રત કરવાનો પણ આશય રહેલો છે. બાકી ભગવાનની પોતાની માન્યતાનો તો આ પ્રશ્ન જ નથી, કારણ કે ભગવાનની અહિંસક વિચારધારા અને કર્મના મહાસિદ્ધાંત સાથે એનો સહેજ પણ મેળ બેસી શકે તેમ નથી એ તો અજૈન કુટુંબમાં જન્મેલો એક સામાન્ય માનવી પણ સમજી શકે છે.

અને જો કાર્યસિદ્ધિનું ફળ આવા સહેલા માર્ગથી પ્રાપ્ત થતું હોત તો જપ–તપના કઠિન માર્ગની જરૂર જ શી રહેત? એટલે ભગવાને તો કેવળ લોકોમાં કેવી માન્યતા પ્રવર્તે છે એનું જ કથન કર્યું છે.

જોકે ભયંકર દુષ્કાળ, પાછળનો આક્રમણકારી યુગ તેમ જ વિરોધીઓએ ગ્રંથભંડારો સળગાવી દઈ કરેલો વિનાશ—એ બધાને કારણે આ પાઠ અંગેની ટીકાઓ—ટીપ્પણીઓ તથા પૂર્વાપર સંબંધ બતાવતી પ્રસંગ કથાઓ ઘણી ખરી નષ્ટ થઈ ગઈ છે પણ એનો હેતુ —અર્થ વગેરે મુખપરંપરાએ જળવાઈ રહ્યાં હોઈ એ કાળના લોકોની કેવી કેવી માન્યતાઓ હતી એ આપણે ગુરુગમ દ્વારા જાણી શકીએ છીએ.

શાસ્ત્રોમાં તો શબ્દો હોય છે પણ એનો વાસ્તવિક અર્થ તો પૂર્વાપર સંબંધ યા ટીકાગ્રંથોથી જ જાણી શકાય છે અને એના અભાવે કાં તો ઉઘડેલી પ્રજ્ઞા કાં તો ગુરુગમથી એ સમજી શકાય છે.

**ગુરુગમનું મહત્ત્વ :**

શ્રી સ્થૂલિભદ્રજી શ્રૂતકેવળી ગણાય છે. છેલ્લા ૪ પૂર્વના શબ્દો તો એમની સામે જ હતા, છતાં ગુરુગમ વિના એ અર્થ નહોતા બેસાડી શક્યા જેથી ૪ પૂર્વો વિચ્છેદ ગયા. તો આપણું જ્ઞાન તો નહીં બરોબર છે. એથી ગુરુગમ વિના શાસ્ત્રરહસ્ય સમજી શકાતું નથી. આગમો સામાન્ય ગૃહસ્થો કે મુનિઓને ન વાંચવાનું ફરમાન પણ એટલા જ માટે છે; નહિ તો એ ઊંધું જ બાફી મારી ધર્મશ્રદ્ધા જ ગુમાવી બેસે.

પણ સદ્‌ભાગ્યે સચવાઈ રહેલી અર્થપરંપરાને કારણે આપણે આ પાઠનું રહસ્ય જાણી શકીએ છીએ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીએ પણ આ પાઠનો હેતુ લોકમાન્યતા શી હતી એ બતાવવાનો જ છે એમ કહ્યું છે (શાસ્ત્રોં કી અસંગત બાતેં, પાનું ૧૮૯) તેમ જ એક પ્રસિદ્ધ આચાર્ય મહારાજે પણ આનો અર્થ સમજાવતાં મને કહેલું કે જેની પાછળ હિંસા છે એનો ભગવાન ન ઉપદેશ આપે, ન એનું સમર્થન કરે કે ન એને રૂડું માને. એ તો ફક્ત પૂછેલા પ્રશ્નનો ઉત્તર જ આપે. આથી જેમ કોઈ બ્રાહ્મણ પંડિત જૈન મુનિઓને

ભણાવતાં ઈશ્વરકર્તૃત્વના ખંડનનો પાઠ સમજાવે એથી એ ઈશ્વરવાદી બ્રાહ્મણ મટી જતો નથી. તેમ ભગવાન પણ એ કાળમાં પ્રવર્તતી લોકમાન્યતાઓનું જ વર્ણન કરે છે; ભલે પછી એ વ્યવહારમાં પ્રવર્તતી માન્યતા હોય, જ્યોતિષ સંબંધી માન્યતા હોય કે વૈજ્ઞાનિક નિયમો વિષે બંધાયેલી માન્યતા હોય. એથી એનો અર્થ એ નથી કે ભગવાન એનું સમર્થન કરે છે યા એને મંજૂર રાખે છે.

**ધર્મઘેલછાના પ્રકારો :**

અકબરના દરબારમાં બદાઉની (?) કરીને એક મુસ્લિમ પંડિત હતો. સંસ્કૃતનો પણ એ પ્રખર વિદ્વાન હતો. બાદશાહના હુકમથી એ રામાયણ મહાભારતનો ફારસીમાં અનુવાદ કરતો અને રાત્રે પોકેપોક મૂકી રડતો કે કાફરોના શાસ્ત્રો વાંચવાથી કોણ જાણે ખુદા મને કેવીયે ભયંકર શિક્ષા કરશે? આ જેમ એક પ્રકારની ધર્મઘેલછા હતી તેમ જો કોઈ શાસ્ત્રોના શબ્દે શબ્દને (મૂળ વિચારધારાથી વિસંગત હોવા છતાં) વળગી રહેવા જેટલી શ્રદ્ધા ધરાવતો હોય તો એ બીજા પ્રકારની ધર્મઘેલછા છે જે કારણે દ્વિધાવૃત્તિમાં પડેલા આવા લોકો ધર્મનું રહસ્ય જ પામી શકતા નથી.

**શીખવેલી કસોટી :**

આવી પરિસ્થિતિમાં ગુરુગમના અભાવે શાસ્ત્રકારોએ તો આપણને એક જ હળવી કસોટી બતાવી છે કે **જેનો શબ્દાર્થ ભગવાનની મૂળ વિચારધારા સાથે સુસંગત નથી એ અર્થ — અર્થ જ નથી. એ અર્થ જ ખોટો છે એમ માનવું ભલે પછી કદાચ કોઈ આચાર્યોએ એવી વ્યાખ્યા આપી હોય.** (નિ. ગા. ૫૪૭૨)

આથી જો વચ્છરાજ સિંધીએ પોતે લખેલા 'શાસ્ત્રોં કી અસંગત બાતેં' પુસ્તકમાં આ પાઠનો મૂળ હેતુ–ઉદ્દેશ ધ્યાનમાં રાખ્યો હોત તો કાર્યસિદ્ધિનું ફળ માંસાહાર સાથે જોડતા ઉપરનાં વચનોને અનુલક્ષીને શાસ્ત્રો પર પ્રહાર કરવાની એ ઊતાવળ ન કરત ને એ રીતે સમાજને એક બૂરો દાખલો આપવામાંથી એ બચી જાત.

## પ્રકરણ ૧૪ મું
# નિબંધનો ટૂંક સાર

૧. જૈનધર્મ એ સૂક્ષ્મ અહિંસા પાલનનો ધર્મ છે. એટલી હદે કોઈ પણ ધર્મ હજુ પહોંચ્યો નથી.

૨. આમ છતાં એક કાળ એવો આવ્યો કે જેથી કેટલાક નિર્બળ સાધકોને માંસાહારનું એક બહાનું મળી ગયું હતું, કારણ કે તેઓ એ રોગ સાથે જ આવ્યા હતા.

૩. પાછળથી એ એના પક્ષકાર બની ગયા ને શાસ્ત્ર પાઠો રજૂ કરી પોતે કરેલા અર્થ પ્રમાણે એનો બચાવ કરવા લાગ્યા.

૪. એવાઓમાં અનેક શક્તિઓ પડેલી હોઈ એમને સંઘ બહાર ન કરતાં એમને સુધારવા માટે બહુ લાંબી દૃષ્ટિનો વિચાર કરી ગુરુઓએ દ્વિભાષામાં નવા પાઠો નિર્માણ કર્યા જે પરંપરાની વિશુદ્ધિનું સમર્થન કરતા હતા તેમ જ એવાઓને એમાંથી અપવાદ પણ મળતો હતો, પણ એમનો એ અપવાદ કેવળ માંસના આગ્રહ માટે નહોતો. ફક્ત અન્ય વિગઈઓ જેટલો જ પ્રસંગવશ એ લેવાનો—આગ્રહ હતો.

૫. સમય જતાં એ બધા પાઠો શા માટે, કોને માટે, કયા સંયોગોમાં લખાયા હતા એનો ઇતિહાસ ભુલાવા લાગ્યો હતો. પણ પતિતો પાછળથી વિશુદ્ધ બની ગયા હોવા છતાં એક વાર વેહેતા થયેલા બન્ને પ્રકારના અર્થો તો ચાલતા જ રહ્યા.

૬. એ પતિતો વિશુદ્ધ ન બન્યા ત્યાં સુધી એ સાધકો યા મુનિપદના ઉમેદવારો જ ગણાતા હતા છતાં વ્યવહાર દષ્ટિએ એ મુનિઓ કહેવાતા હતા.

૭. આમ થયેલી ગરબડ છતાં ન પાછળથી કોઈએ એવા પાઠોનું સંશોધન કર્યું, ન પરિમાર્જન કર્યું.

૮. એવા શંકાશીલ પાઠો ઉધ્ધાર પાઠો હોઈ એવા મુનિઓ તરત જ વિશુદ્ધ બન્યા હતા.

૯. પરિણામે પશ્ચાત્તાપના પરિબળથી વીર્યવાન બની એમણે સમગ્ર ભારતમાં — માંસાહારના ત્યાગની નવી હવા પેદા કરી ચારિત્ર્ય ક્ષેત્રે ભારતનું બહુ અંશે ઘડતર કર્યું.

૧૦. એમણે સર્જેલા વાતાવરણને કારણે ગુજરાત અહિંસા ભૂમિ બની જે કારણે આ ભૂમિમાં થયેલી ઊંડી સાધનાને કારણે ગાંધીજી જેવો ફાલ જગતને મળ્યો. પરિણામે અહિંસાના મંગલઘોષ પ્રથમ અહીંથી જ ઊઠતા રહ્યા. બાકી કહેવામાં આવે છે તેમ એ સંપ્રતિના નકલી સાધુ હોત તો ન ધર્મ પ્રકાશમાન થઈ શકત, ન એનાં મૂળ ઊંડા જઈ શકત. બહુરૂપી કે ભાંડ ભવાયાઓથી ધર્મ કદી પ્રગટી શકતો જ નથી.

૧૧. આમ ભગવાન મહવીરનો સૂક્ષ્મ અહિંસા ધર્મ આ નિબંધમાં વ્યક્ત થાય છે. પરંપરાની વિશુદ્ધિ ઝળહળતી રહે છે. ભવ્ય અને ગૌરવપ્રદ ઇતિહાસનું આમાંથી નિર્માણ થાય છે અને એમ છતાં એવા શંકાશીલ પાઠો અને આચાર્યોની ટીકાઓ પણ માન્ય રહે છે.

## પ્રકરણ ૧૫ મું

# સમસ્યા જટિલ બનવાનાં કારણો

૧. પ્રાચીન ભાષા વનસ્પતિપરક અર્થ સૂચવનારી હોવા છતાં આજની દૃષ્ટિએ મત્સ્ય — માંસ વાચક મનાવા લાગી ગઈ હતી. કારણ કે એમાં સમયે સમયે અર્થપરિવર્તનો થતાં રહ્યાં હતાં.

૨. એમાં વળી ભયંકર દુષ્કાળને કારણે પઠનપાઠન લગભગ બંધ થઈ ગયું હોઈ ઘણા પ્રાચીન ટીકાગ્રંથોનો નાશ થયો. પરિણામે એ ટીકાગ્રંથોના અભાવે.

૩. જૈન શાસ્ત્ર મુજબ અર્થપરંપરા પર ધ્યાન નહીં આપતાં પંડિતોએ કેવળ શબ્દો પર જ ભાર મૂકયો.

૪. તર્કવાદનો પ્રવેશ બહુ મોડેથી થયો હોઈ એ યુગના ધર્મશ્રદ્ધાળુ ભલા-ભોળા ગુરુઓએ જે કંઈ શાસ્ત્રપાઠો બચ્યા હતા એને શ્રદ્ધાથી જ જાળવી રાખ્યા પણ એમ છતાં ઇતિહાસ ન જાળવી શકાયો.

૫. એથી ભવિષ્યની પ્રજા તર્કના બળે પાણીમાંથી પોરા વીણી કાઢશે એવો એમને વિચાર જ ન હોઈન એમણે એવા પાઠોનું સંશોધન કર્યું, ન એમાં યોગ્ય પરિવર્તન કર્યું કે ન તર્કશુદ્ધ સ્પષ્ટતા કરી.

૬. અધૂરામાં પૂરું પતિત મુનિઓને કારણે સંઘને કંઈક ડાઘ લાગ્યો.

૭. વળી એવાઓએ પણ પોતાના આચારના સમર્થન માટે કેટલાક જૂના શાસ્ત્રપાઠોનો અર્થ જ મરડી નાખ્યો.

૮. પરિણામે પછીના આચાર્યોની ટીકાઓમાં એનો રંગ ઊતર્યા વિના રહ્યો નહીં.

૯. આમ છતાં બીજી બાજુ વિશુદ્ધ ધર્મ પણ વહેતો રહ્યો હતો.

૧૦. એ ધર્મવિશુદ્ધિને કારણે જૈનમુનિ સાથે માંસાહાર કદી સંભવે જ નહીં એવો દૃઢ વિશ્વાસ હોઈ આપણે એક અર્થને જ ચીપકી રહ્યા.

૧૧. બીજી બાજુ આચાર્યોની એવા અર્થની ટીકાઓ હોઈ એ ગૂંચવાડો ઊકેલી શકાય તેવો જ નથી એમ માની એવા પાઠોને ગુપ્ત રાખવાનો જ આપણે આગ્રહ રાખ્યો.

૧૨. આમ મૂળ રહસ્ય અંધારામાં રહ્યું હોઈ એ ભૂલ ન સુધરે ત્યાં સુધી એ પ્રશ્ન હલ કરવાના જે જે પ્રયત્નો થયા એથી એ ગૂંચવાડો ઊલટો વધતો જ રહ્યો, કારણ કે અહિંસાના–માંસત્યાગના સમર્થન સામે આચાર્યોની ટીકાઓ રજૂ કરવામાં આવતી.

૧૩. અને જો કોઈ આચાર્યોની ટીકાઓને પ્રમાણભૂત માની સૂઝતા આહારને નામે માંસાહારનું સમર્થન કરતા તો અહિંસક સંસ્કૃતિ તૂટી પડવાનો ભય ઊભો થતો.

૧૪. આથી જ્યાં સુધી આ પ્રશ્ન હલ થતો નહોતો ત્યાં સુધી એક ભૂલ અનેક ભૂલોને જન્મ આપતી. તૂટેલી એક કડી બીજી કડીઓને સાંધી શકતી નહીં. એથી કોઈએ 'માંસ' શબ્દના અર્થો જ બદલી નાખ્યા. કોઈએ શાસ્ત્ર પાઠોમાંથી નવા અર્થો ખેંચવા માંડ્યા. તો કોઈએ રજૂઆત જ અવળી કરી. કોઈએ કંઈ ગોપવી રાખ્યું, તો કોઈએ અમુક પાઠને જ અણસ્પર્શ્યા રાખ્યા. પણ એથી એક સાંધે ને તેર તૂટે એમ બન્યા કરતું. પરિણામે પંડિતોને આપણું કહેવું ગળે ઊતરતું જ નહીં.

૧૫. એક તો શાસ્ત્રો જ ૧૦૦૦ વર્ષ સુધી કંઠે રહ્યા હતા. પણ કોઈએ એને લિપિબદ્ધ ન કર્યા.

૧૬. પરિણામે જ્ઞાન અને સ્મૃતિ–શક્તિ ઉત્તરોત્તર ઘટતી જતી હોઈ ઘણા પાઠો–ટીકાઓ લુપ્ત થયાં હતાં. આ કારણે આઠમા સૈકા પહેલાં આચારાંગ અને ૧૨ મા સૈકા પહેલાં અન્ય આગમ ગ્રંથો વિષે એક પણ ટીકાગ્રંથ મળતો નથી.

૧૭. પાછળથી ભગવાનના નિર્વાણ બાદ ૧૦૦૦ વર્ષ પછી આગમો લિપિબદ્ધ થયા હતા, પરંતુ વિક્રમના દશમા સૈકા પહેલાની એક પણ પ્રત મળતી નથી. જો અન્યત્ર ૨૦૦૦ વર્ષ પહેલાના હસ્તલિખિત ગ્રંથો આજે પણ જોઈ શકાય છે–મોજૂદ છે, તો પછી ફક્ત ૫૦૦ વર્ષમાં જ એ બધી પોથીઓ–પુસ્તકોનો શું નાશ ગઈ ગયો હશે ? આ પ્રશ્ન વિચારણા માંગે છે, કારણ કે આજે આપણી પાસે ૧૦–૧૧મા સૈકાની હસ્તપ્રતો છે તેમ જ અન્ય પણ ૨૦–૨૫ લાખ જેટલી સંખ્યામાં એવી હસ્તપ્રતો ભંડારોમાં સચવાઈ રહી છે.

૧૮. આથી મારું અનુમાન છે કે મૂલ આધાર ન બચે એટલા માટે ઘાલમેલ કરનારાઓએ પહેલાની પ્રતોનો નાશ કર્યો હશે અને નવી પ્રતિઓ લખાવી જ્ઞાન–ભક્તિને કારણે એવી શંકાને જન્મવા જ નહીં દીધી હોય. સંભવ છે કે મારું અનુમાન ખોટું પણ હોય એમ છતાં આ પ્રશ્ન વિચારણા તો માંગે છે જ.

૧૯. એક બીજી પણ વાત છે કે લિપિ હંમેશા બદલાતી રહે છે. એથી અમુક સૈકાની લિપિ અમુક રીતે વંચાતી બીજા સૈકામાં બીજી રીતે જેથી કંઈક ને બદલે કંઈક વંચાતું અને અર્થ પણ ક્યાંકનો ક્યાંક ચાલ્યો જતો. મુનિ શ્રી પુણ્યવિજયજીએ લિપિ પરિવર્તનના દાખલા આપી મને સમજાવેલું કે લિપિજ્ઞાન વિના પ્રાચીન શાસ્ત્ર પોથીઓ વાંચનાર કંઈકનું કંઈક વેતરી નાખે

આમ લિપિ અજ્ઞાનતા ઉપરાંત લેખન દોષને કારણે લહિયાઓને હાથે પણ આવી ગરબડો ઊભી થઈ હોય તો તે અસંભવિત નથી લાગતી.

૨૦. આમ છતાં જે કંઈ બચ્યું છે, પરંપરાએ જળવાયું છે તેમ જ આવી બધી ગરબડો ઊભી થવાનાં કારણો, મૂળ આધારો તેમ જ એને અનુરૂપ પુરાવાઓ જ્યાં ત્યાં છૂટક છૂટક વેરાયેલા પડ્યા હોઈ એ બધાને આધારે મૂળરહસ્ય આજ પણ શોધી શકાય છે.

૨૧. એથી આશા રાખું છું કે મેં કરેલા બાલિશ પ્રયત્નની ભૂમિકા પર જ જે કોઈ શાસ્ત્રોમાં ઊંડી ડૂબકીઓ મારશે એને ઉમદા રત્નોની પ્રાપ્તિ સાથે આ પ્રશ્નને હલ કરવાની યા વિશેષ સ્પષ્ટતા કરવાની ભરપુર સામગ્રી મળી રહેશે. આથી મારો પ્રયત્ન તો કેવળ દિશા સૂચન કરવા પૂરતો જ છે.

૨૨. આમ હોવા છતાં હું ફરી ભારપૂર્વક જણાવું છું કે **આ ગૂઢ ભેદનો મૂળ ઇતિહાસ ભુલાઈ જવાથી સૂક્ષ્મ અહિંસા ધર્મની સાથોસાથ પતિત મુનિઓના ઉદ્ધારની વાત જોડાઈ જવાથી મૂલ આચાર** ધર્મ વિષે શંકા–કુશંકાઓની ગરબડ ઊભી થઈ ગઈ છે, અને એને કારણે આપણે વર્ષો સુધી ભારે કુસ્તી જંગ ખેલ્યો છે. પણ છેવટ તો મૅચ ડ્રૉમાં જ પરિણામી છે. કારણ કે બંને પોતપોતાનો જ વિજય શંખ ફૂકયાં કરતાં હતા જેથી કોઈ કોઈને પરાસ્ત કરી શક્યું નથી. એકની પાસે અર્થ પરંપરાનું શસ્ત્ર હતું; જ્યારે બીજા પાસે શબ્દોનો આધાર હતો. પણ જો બંનેએ એક બીજાનાં દૃષ્ટિ-બિંદુને સમજવા પ્રયત્ન કર્યો હોત તો આ સમસ્યા આટલી બધી ગૂંચવાઈ જઈ ગહન કોયડો ન બની જાત.

## પ્રકરણ ૧૬

# પંડિતોને નમ્ર વિનંતી

ભગવાન બુદ્ધના લેખક શ્રી ધર્માનંદ કૌશાંબીજી તથા 'મહાવીર કથા'ના લેખક શ્રી ગોંપાળદાસ પટેલ જેમણે ભગવાન મહાવીર પર માંસાહાર કર્યાનો આરોપ મૂક્યો છે તેમ જ જૈન ભિક્ષુ પરંપરાને પણ માંસાહારી ઠેરવી છે—એવા સત્યસંશોધનનો દાવો કરનારા તથા એવું જ મંતવ્ય ધરાવનારા પંડિતો પાસે ચર્ચા કે વાદવિવાદ જગાડવા નહીં પણ સત્યસંશોધનમાં ઉપયોગી થઈ પડે તેવા કેટલાક પ્રશ્નો મૂકું છું. આશા છે કે પંડિતો એ પર દુર્લક્ષ તો નહીં જ કરે, અને વળી એમાં કંઈક સત્યાંશ લાગે તો એનો સ્વીકાર કરી પોતાના મંતવ્યને ફેરવવામાં પણ એ અચકાશે નહીં એમ માનું છું. શ્રી ગોપાળદાસ પટેલે તો સોમિલ બ્રાહ્મણ સાથેની પ્રશ્નાવલિમાં એક જગ્યાએ ભગવાનના મુખે જ કહેવડાવ્યું છે કે, "હે, સોમિલ! માસનો અર્થ માંસ થતો હોય તો તે મારે અભક્ષ્ય છે." છતાં તેઓ શ્રી 'મહાવીર કથા' માં ભગવાનને માંસ ખવડાવવા બાબત કેમ ગૂંચવાઈ ગયા હશે એ જ સમજાતું નથી. છતાં આનંદની વાત છે કે એમને રૂબરૂ મળતાં એમણે જણાવેલું કે, 'નવી આવૃત્તિમાંથી એ ભાગ કાઢી નાખવાનો મારી કમિટીએ ઠરાવ કરી નાખ્યો છે.' આમ આ પ્રશ્ન પર એમણે પડદો પાડી જૈન સમાજની લાગણીને માન આપ્યું છે. શ્રી ધર્માનંદ કૌશાંબીજી આજે હયાત નથી. જો એ આજે હયાત હોત તો તેઓ પણ જરૂર આવી ઉદારતા બતાવત. એમ છતાં એમના જેવા વિચાર

ધરાવનારાઓને કંઈક વિચારવાનું મળી રહે એ માટે કેટલાક પ્રશ્નો રજૂ કરું છું.

(૧) કૌશાંબીજી 'ભ. બુદ્ધ', પાના ૪ થામાં લખે છે કે 'દાસ' શબ્દનો મૂળ અર્થ દાતા—ઉદાર (Noble) એવો હતો. જે પાછળથી 'ગુલામ—તાબેદાર' એવો થઈ ગયો છે. આવા બીજા પણ દાખલા તેમણે પૂરા પાડ્યા છે. શબ્દોના અર્થો સમયના વહેણ સાથે આમ બદલાતા જાય છે એવું મંતવ્ય એમણે જાહેર કરવા છતાં—ભગવાન મહાવીર માટે વપરાયેલા શબ્દોના એ કાળના અર્થો પર ધ્યાન નહીં આપતાં–આજના રૂઢ થયેલા અર્થો પર જ ભાર મૂકી ભગવાન મહાવીરને માંસાહારી ઠેરવવા એમણે કેમ પ્રયત્ન કર્યો હશે, એ એક પ્રશ્ન છે.

(૨) વળી એમણે જ લખેલા 'બુદ્ધ ધર્મ અને સંઘ' પાના ૮૧ માં અશોકે લંકામાં ધર્મપ્રચારાર્થે મોકલેલા પાંચ સ્થવિરોના સંબંધમાં જે ૭–૮ ગાથાઓ ઊતારી છે તેમાં જણાવ્યું છે કે,

लंका दीपे मनुञ्जांपि मनुञ्जां **जिन शासनम्**
प्रतिरुपेथ तुह्मेति पंच थेरे अयेसपि ॥

'તમે સુંદર લંકા બેટમાં મનોરમ **જૈન શાસનની** સ્થાપના કરો.'

આમ અશોક જૈન હોવાનો અને જૈન ધર્મના પ્રચાર માટે જ ભિક્ષુઓને લંકામાં મોકલ્યાનો સ્પષ્ટ લિખિત પુરાવો હોવા છતાં આપણે જાણીએ છીએ કે એ ભિક્ષુઓએ એ બધા દેશોમાં બૌદ્ધ ધર્મનો જ પ્રચાર કર્યો હતો ને આજે પણ એ દેશો બૌદ્ધધર્મી છે. આમ લખાણના સ્પષ્ટ શબ્દો હોવા છતાં પ્રત્યક્ષ પુરાવો જ પ્રબળ પ્રમાણ બને છે. તેમ મહાવીર માટે પણ ગમે તે શબ્દો વપરાયા હોય છતાં એમનો સૂક્ષ્મ અહિંસાધર્મ—નિર્મલ આચારવિચાર એટલો પ્રબળ અને તેજસ્વી હતો કે જેના પ્રતાપે વહેતું થયેલું એ મંગલ ઝરણું અનેક ઝાડીઝાંખરા–વનકટીઓ તથા અભેદ્ય જંગલો વચ્ચેથી પસાર થઈ એક સ્વચ્છ નિર્મલ નદીરૂપે આજ પણ સપાટ પ્રદેશ પર

વહેતું રહ્યું છે, એ જ એનું પ્રત્યક્ષ પ્રબળ પ્રમાણ છે એથી જ્યારે જ્યારે આંધિઓ આવી — મલિનતાઓ છવાઈ ગઈ ત્યારે ત્યારે અંદરના ઝળહળતા વિશુદ્ધ બીજને કારણે જ એ બધાં વાદળો હટાવી એણે સર્વત્ર અજવાળાં જ પાથર્યાં હતાં. બાકી મૂળમાં જ જો દોષ હોત તો એમાંથી દોષનો જ પસારો થયા વિના રહેત નહીં. આમ છતાં લખાણનાં શબ્દોને જ વળગી રહેવું એ જૈન ધર્મમાં શબ્દનું નહીં પણ અર્થનું મહત્ત્વ હોવાને કારણે — અર્થહીન વાત બની જાય છે.

(૩) બાકી નિર્બળ કે વિરોધી વ્યક્તિઓ તો હરેક યુગ–સમાજ કે સંતોની સંતતિમાં પાકતી જ રહે છે. હરિલાલ ગાંધી અબ્દુલ્લા બન્યા. શિષ્ય હોવા છતાં ગોશાલક અને જમાલિએ મહાવીર સામે જ વિપ્લવ જગાવ્યો, દેવદત્તે પણ બુદ્ધના આચાર–વિચારનો જ વિરોધ પોકાર્યો. ઈશુના શિષ્યે જ ઈશુને પકડાવી દીધા. આમ છતાં એ દુષિત સંતસંતતિને કારણે સંતોના પાવિત્ર્ય અને ચારિત્ર્યને દોષ ન આપી શકાય. એથી કેટલાક વેશધારી જૈનભિક્ષુઓને કારણે સમગ્ર ભિક્ષુ પરંપરાને માંસાહારી ન કહી શકાય. તેમ જ “બુદ્ધના શિષ્યો એટલા બધા ઝઘડતા રહ્યા કે પોતાનું ન માનવાથી ભગવાન બુદ્ધ એમનાથી કંટાળીને પ્રાચીન વંસદાવ વનમાં ચાલ્યા ગયા, પણ એ ઝઘડો મટાડી ન શકયા” (ભ. બુદ્ધ, પાનું ૧૪૯) આથી આપણે એમ કહી શકીશું ખરા કે બૌદ્ધ ભિક્ષુઓ બધા ઝઘડાખોર જ હતા ?

(૪) ‘ભ. બુદ્ધ’, પાના ૪૫ માં કૌશાંબીજી લખે છે કે, “તપસ્વી ઋષિમુનિઓ જંગલનાં કંદ–ફળો વગેરે પર નભતા. પ્રસંગોપાત્ત ‘लोण-अम्बिल सेवनत्थ’ ખારા–ખાટા પદાર્થો ખાવાની ઇચ્છાએ લોકવસ્તીમાં આવતા.” આવા દીર્ઘ તપસ્વી ઋષિમુનિઓને પણ લાંબા ગાળે સ્વાદ કરવાની ઇચ્છા જાગે છે તો એવા વાતાવરણમાંથી જ આવેલા આરંભ-કાળના કેટલાક નિર્બળ સાધકોને લાંબા ગાળે માંસાહારની લાલચ

થાય એ એ યુગમાં સહજ હતું, પણ એથી પાડાના વાંકે પખાલીને ડામ ન દેવાય.

(૫) કૌશાંબીજી 'ભ. બુદ્ધ', પાના ૧૪૩માં કહે છે કે કોઈ ભિક્ષુ ગુનો કરે તો એને સંઘ બહાર કરવામાં આવતો. જૈનસંઘમાં પણ સુધરવાની આશા ન રહે ત્યારે તેવી જ વ્યવસ્થા છે, એમ છતાં ઉદાર વલણ રાખી ગુરુઓએ એવાઓને સુધાર્યા તો બીચારા ગુરુઓ જ નિંદાયા. ગોળ–ખોળને એક કરી નાખ્યો.

(૬) મહાત્મા ગાંધીજી કહેતા કે એક સંપ્રદાયની ગમે તેવી વિદ્વાન વ્યક્તિ પણ અન્ય સંપ્રદાયના રહસ્યને ઝટ પામી શકતી નથી. એ માટે તો એણે એ સંપ્રદાયના ધર્માચાર્યો પાસે બેસીને જ એનું રહસ્ય જાણવું જોઈએ. નહિ તો એ ઊંધું જ વેતરી નાખે. અહીં પણ તેવું જ થયું છે.

(૭) ભગવાન મહાવીરને છ માસથી લોહીના ઝાડા હતા. શરીર છેક જ નંખાઈ ગયું હતું. એવી સ્થિતિમાં માંસ પચે ખરું ? અને તે પણ વાસી ? જૈનઆચાર પ્રમાણે વાસી વસ્તુ ખપે જ નહિ. સંભવ છે કે પંડિતોએ ત્યારે રેફ્રિજરેટરની વ્યવસ્થા માની લીધી હશે. એથી એ માટે તો બીજોરું જ ઉત્તમ ઔષધ છે. એ સામાન્ય માનવી પણ સમજી શકે છે. એથી પંડિતોએ જો દર્દનો વિચાર કર્યો હોત તો એ માંસ અર્થ કરવાની ઉતાવળ ન કરત.

(૮) ધર્માનંદ કૌશાંબીજી 'બુદ્ધલીલાસારસંગ્રહ,' પાના ૩૮૦માં લખે છે કે, "બિલ્વગ્રામના છેલ્લા ચાતુર્માસમાં ભ. બુદ્ધને ભયંકર વેદના થવાથી એમણે નિશ્ચય કર્યો કે મારા આયુષ્યમાં મારે બીજા કેટલાક દિવસો વધારવા જોઈએ, કારણ કે ભિક્ષુસંઘને જોયા વિના મારું પરિનિર્વાણ થાય એ ઠીક નથી."

આમ ભગવાન બુદ્ધમાં ભિક્ષુસંઘ પ્રત્યે કંઈક રાગદૃષ્ટિ હતી, અને તેથી જીવનનો મોહ પણ હતો એ સહેજે કલ્પી શકાય છે.

જ્યારે મહાવીર વીતરાગ હતા. નહોતો એમને સંઘ પ્રત્યે મોહ કે નહોતો જીવન પ્રત્યે મોહ—એ નીચેના પ્રસંગો ઉપરથી જાડી બુદ્ધિનો માણસ પણ સમજી શકે છે.

(अ) અંતકાળે ઇન્દ્રે ભગવાનને પ્રાર્થના કરી કે "હે ભગવન્! આપ થોડી ક્ષણોનું આયુષ્ય વધારો તો આપના નક્ષત્રને સ્પર્શતા ભસ્મગ્રહને કારણે આપના સંતાનિયા સુખી થશે." પણ જેમણે મોહનો જ નાશ કર્યો હતો એવા ભગવાને એનો ઇનકાર કર્યો એટલું જ નહીં—

स्वाम्यथो चेन कोप्यायुः शक्रः सन्धातुमीश्वरः
विदन्नपि वदस्येवं किं तीर्थप्रेमः मोहितः (ત્રિ. શ. પર્વ ૧૦, સ૰૧૩, શ્લો. ૨૩૨)

ઇન્દ્રના સંપ્રદાય–મોહની પણ ઉપરથી ટીકા કરી.

(ब) તેમ જ એક વાર ભગવાન મહાવીર ૧૫૦૦ શિષ્યો સાથે સિંધુ-દેશમાં જતા હતા ત્યારે વચમાં ભયંકર રણ આવ્યું. વાટ લાંબી હતી. જેથી મુનિઓ ક્ષુધાપીડિત બન્યા હતા. અચાનક ત્યારે વચમાં તલના ગાડાઓ પસાર થઈ રહ્યા હોઈ માલિકોએ તલ વહોરાવવાની ઇચ્છા બતાવી. વળી તલ પણ નિર્જીવ હતા. પણ ભગવાને વિચાર્યું કે જો આજે રજા આપીશ તો પછી ભવિષ્યમાં સજીવ–નિર્જીવનો વિવેક જ નહિ રહે. જેથી પરમ કારુણિક હોવા છતાં કડક કઠોર થઈ એમણે એ લેવાનો જ ઇન્કાર કર્યો, કારણ કે સિદ્ધાંતની રક્ષા અર્થે બાંધછોડમાં કે અપવાદિક છૂટમાં એ માનતા જ નહોતા.

ક્ષુધા તો સહન થઈ શકે પણ મુનિઓ હવે તરસે મરતા હતા, જેથી એ ચાલવા પણ અશકત બન્યા હતા. ત્યાં અચાનક એક અચિત (નર્જીવ) પાણીનું સરોવર આવ્યું. બધાએ એ પાણી પીવાની અનુમતિ માંગી પણ ભગવાને કહ્યું કે, "ભિક્ષામાં મળેલાં જ અન્નપાણી આપણાથી લઈ શકાય." આમ જો એક વાર પાણીની રજા મળશે તો

પરિણામે જાતે જ ભિક્ષા લેવાનું એક નવું પ્રકરણ ઊઘડતાં પરિગ્રહ –લાલસા ઊભી થશે ને તેથી અપરિગ્રહી જીવનનો આદર્શ જ તૂટી પડશે. આથી એમણે મુનિઓને વીર બનવા કહ્યું.' (ભગવતી શતક ૧૩, ઉદ્દેશ. ૬)

કેટલાકોને મતે તરસથી મૃત્યુ નજીક આવ્યું જાણી ઘણા મુનિઓએ અનશન આદર્યું ને એ સ્વર્ગગમન કરી ગયા. કહેવામાં આવે છે કે ફક્ત ત્રીજા ભાગની સંખ્યા સાથે જ મહાવીર એ રણમાંથી બહાર આવ્યા હતા. આમ જેમને સંઘ કે જીવન પ્રત્યે મોહ નહોતો. એવા પુરુષની હૃદયભાવનાને અને ગગનચુંબી ઊંચાઈને સમજવા આપણે ખૂબ જ વામણા પુરવાર થયા છીએ. નહીં તો શિષ્ય મોહ અને જીવનની લાલસાને કારણે આયુષ્ય વધારવાની ઇચ્છા ધરાવનાર બુદ્ધને ખ્યાલમાં રાખીને તેમ જ આનાપાઈનો હિસાબ ગણી કેવળ પોતાની જ સલામતીનો વિચાર કરનારી વ્યવહારુ બુદ્ધિને પ્રાધાન્ય આપીને પંડિતોએ જે રીતે બંનેને એક કાટલે તોલી ગોળ–ખોળ એક કરી નાખ્યો છે, એવું બનવા જ ન પામત.

બાકી જો એમના બન્નેના માનસનો આ ભેદ એ સમજી શક્યા હોત તો પોતાનો જીવ બચાવવા ખાતર માહવીર માંસાહાર કરે એ વાત જ એમને વિસંગત લાગી હોત.

પણ એથી મહાવીરને તો કશી જ હાનિ નથી પહોંચી. એ તો નિર્વાણ-પદને પામી ચૂક્યા છે. પણ એમના વિષે આવું લખીને પંડિતો પોતે ક્યાં ઊભા છે એનું માપ એમણે પોતે જ ડાહ્યા અને સમજુ જગત સમક્ષ રજૂ કરી દીધું છે.

(૯) "વૈશાલીનો સિંહ સેનાપતિ નિર્ગ્રંથોનો ઉપાસક હતો. પાછળથી એ બુદ્ધનો ઉપાસક બન્યો હતો. તેણે ભગવાન બુદ્ધને અને ભિક્ષુ સંઘને ભોજન માટે આમંત્રણ આપ્યું. નિર્ગ્રંથોને આ વાત ગમી નહીં. તેમણે વાત ફેલાવી કે સિંહે મોટું પશુ મારીને બુદ્ધને મિજબાની

આપી. સિંહે આ જાણ્યું ત્યારે કહ્યું કે બુદ્ધની નાલેશી કરવામાં નિગ્રંથોને આનંદ આવે છે. હું મિજબાની માટે જાણી જોઈને પ્રાણીની હિંસા કરું એ અસંભવનીય છે" (ભ. બુદ્ધ, પાનું ૨૫૪) ભગવાન પાસે આવો પ્રશ્ન આવતાં એમણે પણ કહ્યું કે, "આ આરોપ તદ્દન ખોટો છે. આપણે પોતાને માટે મારેલું પ્રાણી આપણે જોઈએ, સાંભળીએ કે તેવી શંકા આવે તો તે અન્ન નિષિદ્ધ છે." (ભ. બુદ્ધ, પાનું ૨૫૪)

પણ બીજી બાજુ ઉગ્ગ ગૃહપતિ ભગવાન બુદ્ધને આમંત્રણ આપે છે ત્યારે એ કહે છે કે "હે ભદન્ત! ઉત્તમ ડુક્કરનું સારી રીતે સીઝવીને તૈયાર કરેલું આ માંસ છે, તે મારી ઉપર કૃપા કરીને ભગવાને લેવું. ભગવાને કૃપા કરીને તે માંસ ખાધું." (ભ. બુદ્ધ, પાનું ૨૪૮)

આમ જ્યારે ઉગ્ગ ગૃહપતિ ભગવાનને આટલો બધો આગ્રહ કરે છે અને એ માંસના વખાણ કરી ખવડાવે છે એથી નથી લાગતું કે નિગ્રંથોની વાતમાં તથ્ય હશે? આટલાં બધાં વખાણ અને આગ્રહ જ બતાવે છે કે માંસ ભગવાનને માટે જ તૈયાર કરવામાં આવ્યું હશે. જોકે એનો નિર્ણય તો તટસ્થ વાચકો જ આપી શકે.

(૧૦) નિગ્રંથો અને એમના ઉપાસકોની નિંદા જેમાં આવે છે એ મિગારમાતા-વિશાખાની વાત બૌદ્ધ ગ્રંથોમાં જાણીતી છે. એ લાંબી વાર્તા અહીં ન મૂકતાં ફક્ત એનો એક ફકરો જ અહીં ઊતારું છું.

"મિગાર શ્રેષ્ઠીએ નિગ્રંથ શ્રમણો (જૈન મુનિઓ)ને પોતાને ઘેર પુત્રના લગ્ન સમારંભ નિમિત્તે ભોજનાર્થે આમંત્રણ આપ્યું. (મિગાર શ્રેષ્ઠી નિગ્રંથોનો ઉપાસક હતો અને તેની પુત્રવધૂ વિશાખા બુદ્ધની ઉપાસિકા હતી) તેમને માટે તેણે પાણી નાખ્યા વિના ચોખ્ખા દૂધની ખીર કરાવી હતી. નિગ્રંથો આવી પોતપોતાને આસને બેઠા. પછી 'મિગાર માતા' અર્થાત્ વિશાખાના સસરા મિગાર શ્રેષ્ઠીએ પોતે આદરા-

તિથ્ય કરી તેમને સંતોષપૂર્વક જમાડયા." (બુદ્ધલીલાસારસંગ્રહ, પાનું ૨૦૬-૭)

ભગવાન બુદ્ધના પોતાના એકરારથી માંડી ધર્માનંદ કૌશાંબીજી સુધીનાઓએ એકરાર કર્યો છે અને જગત પણ જાણે છે કે, **જૈન ભિક્ષુઓ સદા ભિક્ષાવૃત્તિ પર જ નભે છે. કદી પણ કોઈનું આમંત્રણ સ્વીકારી ગૃહસ્થને ત્યાં જમવા જતા નથી.**

પણ નિર્ગ્રંથોની નિંદા કરવાની હોંશમાં એવી વાતોના ઘડવૈયાઓને એટલું પણ ભાન નથી રહ્યું કે એથી પોતાની જ નિંદા થશે. પણ બૌદ્ધ ભિક્ષુઓના આચાર પરથી જૈન મુનિઓની પણ તેવી જ વાતો બનાવી કાઢી.

આપણે આવી વાતોના તથ્યાતથ્યમાં કે ચર્ચામાં ઊતરવા નથી માગતા પણ આપણું તો એટલું જ કહેવાનું છે કે સાંપ્રદાયિક રાગદૃષ્ટિથી લખાયેલી આવી વાતો ભલે પછી એ જૈનોની હોય, બૌદ્ધોની હોય કે વૈદિકોની હોય—એને સત્યસંશોધનનો આધાર ન બનાવી શકાય.

(૧૧) અને ચંદ લુહારને ત્યાં બુદ્ધે જે 'સુકરમદ્દવ' વાપર્યું એનો અર્થ ડુક્કરનું માંસ કરવા ઉપરાંત બુદ્ધઘોષાચાર્ય 'એક જાતનું પકવાન' પણ આપે છે. એની નોંધ કૌશાંબીજીએ લીધી છે. (ભ. બુદ્ધ, પાનું ૨૪૮) જ્યારે પૂર્વાપર સંબંધ વિચાર્યા વિના અને 'ભગવતીજી'ના એક માત્ર ટીકાકાર શ્રી અભયદેવસૂરિજીએ કરેલો અર્થ આપ્યા વિના મહાવીર માટે કેવળ માંસના એકપક્ષી અર્થનો જ આગ્રહ કૌશાંબીજીએ શા માટે રાખ્યો હશે? આ ન્યાયોચિત પગલું કહેવાય? આનું નામ સત્યનું સંશોધન? એ વાચકો જ વિચારી લે. અભયદેવસૂરિજીએ આપેલા શબ્દો આ પ્રમાણે છે: ભગવાન મહાવીર પોતાના શિષ્યને કહે છે કે,

तत्र रेवत्याभिधानया गृहपति पत्न्या मदर्थं द्वे कृष्माण्डफल शरीरे उपस्कृते न च ताभ्यां प्रयोजनं तथाऽन्यदस्ति तद्गृहे परिवासितं मार्जाराभिधानस्य वायोर्निवृत्तिकारकं कुक्कुट मांसकं बीजपूरक कटाह मित्यर्थः ।

અર્થાત્ "તું નગરમાં જા અને રેવતી નામની ગૃહસ્થ પત્નીએ મારે માટે બે કોળાનાં ફળો સંસ્કાર કરીને તૈયાર કર્યાં છે એનું મારે પ્રયોજન નથી. પરંતુ તેના ઘરમાં માર્જાર નામના વાયુની નિવૃત્તિ કરવાવાળો વનસ્પતિ વિશેષથી ભાવિત એવો બીજોરાના ફળનો પાક છે તે તું લઈ આવ."

જે બુદ્ધે શ્રમણ નિર્ગ્રંથ પરંપરામાં દાખલ થઈ મદ્ય–માંસ–સુરાનો ત્યાગ કર્યો હતો એ બુદ્ધને–એ દયા–કરુણાના અવતારને–પાછળથી ડુક્કરના માંસનો શું સ્વાદ લાગ્યો હતો કે જેથી એમણે ઉગ્ગ ગૃહપતિને ત્યાં તેમ જ અન્ય પ્રસંગે પણ એ જ વાપર્યું હતું ? અને એમને તથા ભિક્ષુ સંઘને આમંત્રણ આપ્યું હોઈ એમના નિમિત્તે જ એવું ભોજન નહીં રંધાયું હોય ? આ કોઈ અણધાર્યા ઘરે આવી પહોંચીને ભિક્ષા લેવાની વાત નથી, એટલે જે કંઈ ભોજન કે માંસ બનતું હતું એ એમના અને ભિક્ષુ સંઘના માટે જ બનતું હતું એ સામાન્ય માનવ પણ સમજી શકે તેવી વાત છે. બુદ્ધ પણ શું એ નહીં જાણતા હોય ! અને ખાનારને માટે જ હિંસા થતી હોઈ જેમણે એક ઘેટાને ખાતર જીવનને હોડમાં મૂકવાનો નિર્ધાર કરેલો એમને મન ડુક્કરની કંઈ જ કિંમત નહોતી ? આવા આવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવી શકે છે, જે બુદ્ધના જીવનને હીણપત લગાડનારા છે. એથી આવા પ્રસંગો ટાળ્યા જ હોત તો એથી સત્યનું કયું ખૂન થઈ જવાનું હતું ?

ધર્મો માત્રની સાધના સત્યની પ્રાપ્તિ અર્થે હોઈ સત્ય એ વિશ્વ-કલ્યાણકારી તત્ત્વ બને છે. આથી જ્યારે આજનું ભારત માંસાહાર અને પ્રાણી હિંસા તરફ વળવા લાગ્યું છે ત્યારે બુદ્ધના જીવનનો માંસા-હાર એવા લોકોને માટે એક પ્રબળ આધાર બની જશે અને જો ભવિષ્યમાં આથી આ માન્યતાને વેગ મળશે તો એ બુદ્ધને નામે કંઈક નિર્દોષ પશુપક્ષીઓનો ઘાણ નીકળી જશે. આ છે બુદ્ધનો કરુણાનો સંદેશ ! બહેતર છે કે એવા સત્ય સંશોધનની અપેક્ષા એ બાબતનું અજ્ઞાન જ રહ્યું હોત તો જનતાનું વિશેષ કલ્યાણ થાત. અને જ્યાં

કલ્યાણ છે ત્યાં જ સત્ય છે. અને જે બીજાને પીડાકારી છે તે અસત્ય છે.

यत्प्राणि पीडाकरं तद सत्यं, यल्लोक हित मत्यन्त तत् सत्यमिति मे मतिः

આમ જો તથ્ય શું અને સત્ય શું એનો વિવેક કરવામાં આવ્યો હોત તો સત્ય સંશોધનને નામે સત્યનું જ બલિદાન દેવાઈ રહ્યું છે એ ધ્યાનમાં આવત.

વાસ્તવિક ઘટના તથ્ય કહેવાય. અને જે પ્રિય હોય, પથ્ય હોય, બીજાને કલ્યાણકારી હોય તે સત્ય કહેવાય. કાણાને કાણો કહેવો એ તથ્ય કહેવાય, પણ એથી કલહ–દ્વેષની હોળી સળગે તો એથી એ અસત્ય બની જાય છે. તેમ કોઈ સંત–ઋષિના જીવનમાં ઘણી ખામીઓ હોય પણ તેના જીવનને પૂર્ણ બનાવી એની પૂજા ભક્તિથી ઘણાનું કલ્યાણ થતું હોય તો એ અતથ્ય હોવા છતાં પણ સત્ય બની જાય છે. આમ સત્ય સંશોધનને નામે તથ્ય શું, અતથ્ય શું, સત્ય શું અને અસત્ય શું એનો વિવેક નહીં કરવાને કારણે ભલભલા પંડિતો પણ બૂરો આદર્શ શીખવી જગતનું ભારે અહિત કરી જાય છે.

(૧૨) તર્કવાદ એક વસ્તુ છે, અનુભવ બીજી વસ્તુ છે. તર્કવાદથી ધર્મ અને સત્યનું મંડન થઈ શકે છે તેમ ખંડન પણ થઈ શકે છે. પણ માનવ દિલમાં સૂઝ પ્રગટે છે તેમ જ એને અનુભવ થાય છે ત્યારે એ તર્કવાદને પડતો મૂકી હૃદયને જ અનુસરે છે. ભગવાન બુદ્ધ રાત્રિભોજન કરતા. મહાવીરના રાત્રિભોજન ત્યાગનો એમણે હિંસા–અહિંસાની દૃષ્ટિએ વિરોધ પણ કર્યો હશે, પણ જ્યારે એમને પોતાને અનુભવ થયો ત્યારે એમણે પોતે જ રાત્રિભોજનનો ત્યાગ કર્યો હતો. ભગવાન કહે છે કે, "હે ભિક્ષુઓ! મેં રાત્રિ ભોજન છોડી દીધું છે અને તેથી મારા શરીરમાં વ્યાધિ ઓછો થયો છે, મારું જાડ્ય ઘટ્યું છે, મારી શક્તિ વધી છે અને મારા ચિત્તને સ્વાસ્થ્ય મળ્યું છે. માટે હે ભિક્ષુઓ! તમે પણ તેમ જ વર્તજો. (ભ. બુદ્ધ, પાનું ૨૬૭)

(૧૩) ધર્માનંદ કૌશાંબીજી પણ બુદ્ધની જેમ જૈન તપશ્ચર્યાનો

ભારે વિરોધ કરતા. એના પર પ્રહારો કરવામાં એ પ્રસિદ્ધ હતા, પણ જ્યારે એમને આ જીવનનો કંટાળો આવ્યો ત્યારે જૈન ધર્મમાં સૂચવેલી મૃત્યુ પર્યંતના અનશનની જ તપશ્ચર્યા શરૂ કરી. ઉપવાસાદિક તપશ્ચર્યાથી દેહાધ્યાસ મોળો પડે છે એમ પોતાના જાત અનુભવથી તપનું મહત્ત્વ વધારનારા મહાત્મા ગાંધીજીએ એક વાર એમને એમાંથી પાછા વાળ્યા હતા, પણ એમાં જ એમને શાંતિનો અનુભવ થયો હોઈ છેવટે બીજી વાર ગાંધીજીનો આશીર્વાદ મેળવીને એ દ્વારા જ એમણે પોતાનો જીવનદીપ બુઝાવી નાખ્યો હતો.

આમ સૂઝ અને અનુભવ પછી ભ. બુદ્ધે અને કૌશાંબીજીએ જેમ જૈન આચરો અપનાવી લીધા હતા તેમ જો શાંત ચિત્તે એમને માંસાહાર પ્રકરણ પર ફરી વિચાર કરવાની અનુકૂળતા પ્રાપ્ત થઈ હોત તો એ માંસાહાર વિષે પણ પોતાના વિચારો કદાચ બદલી નાખત. પણ ચર્ચા–પ્રતિચર્ચાના હુમલાઓમાં એ એવા અટવાઈ ગયા હતા કે એમને ન એવી અનુકૂળતા પ્રાપ્ત થઈ, ન કોઈએ એમને એ વાત ગળે ઊતરાવી, કારણ કે છેવટે તો તેમને જૈન ધર્મ પ્રત્યે અત્યંત પ્રેમ અને માન હતું તેમ તેમણે જ એ પુસ્તકના પાના ૨૫૨ માં જણાવેલું છે, એટલું જ નહીં, એ એમ પણ માનતા કે ભગવાન પાર્શ્વનાથમાંથી જ મહાવીર અને બુદ્ધની બે ધારાઓ વહેતી થઈ છે. એ અંગે એમણે 'ભ. પાર્શ્વનાથનો ચાતુર્યામ ધર્મ' લખી પોતાના વિચારો સ્પષ્ટ કર્યા છે. અને એ રીતે બૌદ્ધ ધર્મ પર જૈન ધર્મની ઉપકારકતા બતાવી એ દ્વારા જૈન ધર્મનું જ ગૌરવ ગાયું છે. (ભ. બુદ્ધ, પ્રસ્તાવના, પાનું ૨૪)

આ કારણે કલ્પી શકાય છે કે એમને કાં તો મિસલીડ (Mislead) કરવામાં આવ્યા હોય, કાં તો અર્થો જ ખોટા આપવામાં આવ્યા હોય. નહિ તો ભગવાન બુદ્ધના પોતાના એકરાર પછી જૈન ભિક્ષુઓને માંસાહારી ઠેરવવાની ઉતાવળ ન જ કરત. આશા છે કે એમના અનુયાયી પંડિતો આ પ્રશ્ન પર ફરી વિચારણા કરશે.

## ઉપસંહાર

આજે તો આપણે વૈજ્ઞાનિક સંશોધનોને કારણે પૂર્ણ વૈભવ અને એશઆરામની સુખભરી સગવડોથી મહેલાતોમાં માણી રહ્યા છીએ અને અમનચમન ઉડાવીએ છીએ. નથી આપણને ખાનપાનની કોઈ તકલીફ કે નથી પથારી પાગરણની કોઈ મુસ્કેલી કે નથી પ્રવાસયાત્રાની કોઈ હાડમારી. ઉપરથી સેવકો હાજરાહજૂર બની ઊભા પગે સેવા કરવા તૈયાર રહે છે અને જે ઇચ્છીએ છીએ તે હાજર કરે છે. પાણી માગતા દૂધ આવે છે ને રોટલા માગતા મેવામીઠાઈ હાજર થાય છે. તકલીફ અને દુઃખ શું એ શબ્દ જ આજે ભુલાયો છે એમ કહીએ તોય ખોટું નથી. અને એટલે જ આજે ગામેગામ હજારો લાખોના ખર્ચે અઠ્ઠાઈમહોત્સવો, ઊજમણાં, ઉપધાન પ્રતિષ્ઠાઓ અને પૂજા સામૈયાઓના ભવ્ય મહોત્સવો ઊજવાઈ રહ્યાં છે. દેશમાં આજે પૂર્ણ શાંતિ છે. વિહાર માર્ગો સલામત છે. દેશમાં બળવા કે સંગ્રામનું નામ નથી. ઘેર બેઠાં દુનિયા સાથે સંપર્ક રાખી શકાય છે અને ઇચ્છીએ તેવી રીતે મહાલી શકાય છે. ઉપરથી જ્યાં જ્યાં જઈએ છીએ ત્યાં ત્યાં ઘરના હોય કે પરાયા સહુ કોઈ આપણને માન–સન્માન અને આદર ભાવથી વધાવી લઈ આપણને ઘેરી વળે છે.

### આપત્તિઓની ચડતી ભરતી :

પણ એ યુગ તો અંધકારનો હતો. મહાનિશીથ સૂત્ર જેનો શબ્દાર્થ પણ એ ઘોર અંધકાર જ થાય છે, એમાં એ યુગનું હૂબહૂ ચિત્ર જોવા મળે છે ત્યારે શક–હૂણ બેક્ટ્રિયન, પાર્થિયન તથા ગ્રીક

વગેરે આક્રમણકારોથી દેશ પર આફતો પર આફત ઊતરતી હતી. ઉપરથી સિકંદર સેલ્યુકસ તથા મગધના આંતરવિગ્રહોથી પ્રજા હેરાન પરેશાન બની ગઈ હતી. આથી **"લોકો પોતપોતાની ચીજો લઈને વાહનોમાં કે પગે ચાલીને આમતેમ ભાગવા માંડતા. આવી પરિસ્થિતિમાં ભિક્ષુઓને ભિક્ષા પણ મળતી નહીં" (ભ. બુદ્ધ, પાનું ૩૧૧)** જોકે પરદેશી ધાડાંઓને હાંકી કાઢવા ઠીક ઠીક પ્રયત્નો થતા રહેતા હતા. પણ એકને તગડે ત્યાં દશ–દશ ટોળીઓ ઊતરી આવતી. એવો એ આક્રમણકારી કાળ હતો. રસ્તાઓ સહિસલામત નહોતા. ખેડૂતો ભયભીત હતા. થોડુંઘણું એ વાવતા તો ઊભો પાક એ આક્રમણખોર લૂટારાઓ લણી જતા. ઉપરથી અનાવૃષ્ટિ, મારફાડ અને લૂંટફાટને કારણે દેશ બરબાદ થઈ રહ્યો હતો. ભીષણ દુષ્કાળો ઊતર્યા કરતા હતા. પરિણામે માનવ માનવ મટી દાનવ બની જતો. લૂંટ, ચોરી કે મારફાડ કરીને પણ પેટ ભરવા એ ઝાવાં મારતો. ઝાડ, વનસ્પતિ, પશુ–પંખી કે માણસ સુદ્ધાંને પણ એ છોડતો નહીં. આમ જ્યાં જીવન ટકાવવું જ કઠણ થઈ પડ્યું હતું ત્યાં ધર્મ કે આચારવિધિઓની તો વાત જ શી કરવાની હોય? એની પિંજણ કરનારા ત્યારે હૈયાસૂના વેદિયા જ ગણાતા હશે, કારણ કે ભૂખ્યું પેટ ધર્મને પણ સ્વાહા કરી જાય છે.

આવી કઠિન પરિસ્થિતિમાં ધર્મ અને શાસ્ત્રોને બચાવી લેવા શિરને સલામત રાખવાની પહેલી જરૂર હતી. આ કારણે એ કાળના એવા મુનિઓના આચાર અંગે કંઈક ક્ષતિઓ ચાલતી હોય તો એમનો શો દોષ કાઢી શકાય? **એથી એમની ટીકા નહીં પણ એમને માટે તો આંસુ જ વહાવવાના હોય.** એથી જેઓ આજની દૃષ્ટિએ એમને માપી એમનામાં દોષ જોવાનો પ્રયત્ન કરે છે એવા જડસુ લોકો માટે શું કહેવું? પથારીમાંથી ઊઠતાં વેંત જ જેમની પાસે ચાહ–દૂધ અને પાંઉ બિસ્કિટ હાજર થાય છે, એ એમની વેદના કે એ કાળની પરિસ્થિતિ ક્યાંથી સમજી શકે? કારણ કે ભરેલું

પેટ ભૂખ્યાની વેદના સમજી શકતું જ નથી.

અને એ વેદનાય અધૂરી હોય તેમ પછીના કાળમાં પણ સંઘે એક યા બીજા પ્રકારની એવી વેદનાઓ કંઈ ઓછી નથી ભોગવી. ક્યારેક દેશનિકાલ થવું પડતું, તો ક્યારેક અન્ય સમાજોના જુલ્મનો ભોગ બનવું પડતું. એથી ક્યારેક ટકવા માટે અન્ય સમાજોની જનોઈ, હવનહોમ તથા રાગભોગના ઠઠારા જેવી વિધિઓ પણ અપનાવવી પડી છે તો ક્યારેક જૈન મંદિરોની રક્ષા કાજે શૈવવિધિઓ પણ મંદિરમાં દાખલ કરવી પડી છે. અનેક વાર સેંકડો હજારોની સંખ્યામાં મુનિઓ–ગૃહસ્થોની કતલ પણ ચાલી છે, જેની કરુણ બલિદાનની કહાનીઓ આજ પણ ચિત્રોરૂપે ભીંતો પર આલેખાયેલી નજરે પડે છે. કેટલીક વાર તો શ્રાવકોને જીવતા પણ સળગાવી દેવામાં આવ્યા છે અને મંદિરો તોડ્યાનો તો કોઈ પાર જ નથી રહ્યો.

**જુલ્મની પરાકાષ્ટા :**

આય અધૂરું હોય તેમ આંતરકલહમાં સંઘ છિન્નભિન્ન થઈ રહ્યો હતો ત્યારે ધર્મચુસ્ત ગણાતા કેટલાક જૈન ધનિકો અને વ્યાપારીઓ ગુંડાઓનું કામ કરી ભિક્ષુ સંઘને મિટાવવાનું કામ કરી રહ્યા હતા. અત્યંત ભક્તિભાવ બતાવી દરિયાકાંઠે આવેલા નગરોમાં પધારવાનું આમંત્રણ આપી અને પછી પોતાના વહાણોમાં પગલાં કરવાનો આગ્રહ કરી એ કેવળ સાધુઓને જ નહીં સાધવીઓને પણ ત્યાં તેડી જતા અને પછી વહાણમાં દાખલ થયે તરત જ એ હાંકી મૂકી અરબસ્તાન વગેરે દેશોમાં એમને વેચી દેતા. જૂની ઓળખાણ પરથી એક ગુજરાતી વેપારીએ એવા ગુલામ બનેલા એક સાધુને છોડાવી દેશમાં પાછો મોકલ્યો હતો, જેણે ફરી મુનિવેશ ધારણ કર્યા બાદ એ ગુંડાઓને ઉઘાડા પાડ્યા હતા. પણ તે પહેલાં એમણે કેટલા સાધુ–સાધ્વીઓને વેચી માર્યા હશે એ કોણ જાણે છે? ('પ્રાચીન કથા સંગ્રહ'માંથી) માંસાહારી દેશોમાં જીવનભર ગુલામ બનેલા એ સાધુઓ અને **જંગલીઓની પત્નીઓ બનેલી એ સાધ્વીઓએ જે દુઃખો ત્રાસ અને**

**જુલ્મો સહન કર્યા હશે એની કલ્પના જ હૈયાને રડાવી મૂકે છે, ત્યારે** ઉપર ફરતા ઇલેક્ટ્રિક પંખા નીચે સોફા સેટમાં પડેલા આપણે સાધુઓ 'આમ ન કરે, ને તેમ ન કરે'ની ફિલસુફીભરી સમાલોચના કરીએ છીએ ત્યારે એમ જ કહેવું પડે છે કે મિથ્યાભિમાની કઠોર હૈયું જ એવું ડહાપણ ડોળવાની હિંમત કરી શકે.

---

૧. **ટીપ્પણ :** આ નિબંધ છપાતો હતો ત્યારે 'જૈન આગમ સાહિત્યમાં ભારતીય સમાજ' નામનો નિબંધ લખી પી. એચ. ડી. થયેલા શ્રી જગદીશચંદ્ર જૈનનો ૬૦૦ પાનાનો એ ગ્રંથસ્થ થયેલો નિબંધ શ્રી કસ્તુરમલ્લ બાંઠિયાજી સાહેબે મારા આ નિબંધમાં કંઈક ઉપયોગી થઈ શકશે એ હેતુથી વાંચવા મોકલી આપ્યો. એમાં એ સમયમાં લખાયેલા છંદસૂત્રાદિ ગ્રંથો, એની ટીકાઓ, ભાષ્યો તથા ચૂર્ણિઓના ગહન અધ્યયન પછી શ્રી જૈને એ સમયના જૈન-મુનિઓની હાડમારીઓ તથા વેઠવા પડેલા ત્રાસો અંગે આધારો આપી અનેક પાનાં રોકયાં છે; જે વાંચીને આજ પણ રૂંવાડાં ઊભાં થઈ જાય છે. એઓશ્રી લખે છે કે,

વિહારમાં ઘોર અટવીઓ આવતી. રસ્તો જડે નહીં. માણસ કોઈ મળે નહીં. જેથી વાઘ વરૂ ઘણીવાર એમને ફાડી ખાતા. હાથીઓ પણ ક્યારેક રસ્તો રોકી ઊભા રહેતા. આથી કોઇવાર સાર્થવાહોની સાથે વિહાર કરવાની સંઘ ગોઠવણ કરી દેતો પણ ત્યારે સાર્થવાહોની ઇચ્છા પ્રમાણે જ ચાલવું પડતું. અનાજની તંગીમાં કંદમૂળ વહોરાવે તો મુનિઓ લેતા નહીં. જેથી એમને દોરડે બાંધી ઝાડે લટકાવતા. આથી લાચાર બની એ બધું ખાવું પડતું. જન્મ, રાજ્યાભિષેક કે એવા ઉત્સવ પ્રસંગે બ્રાહ્મણોની જેમ શ્રમણોને પણ આશીર્વાદ દેવા રાજદરબારમાં જવું પડતું. ન જાય તો રાજા ક્રુદ્ધ બની એમને ફટકારતો, જેલમાં નાખતો તો ક્યારેક દેશનિકાલનો હુકમ પણ ફરમાવતો. એ જમાનામાં નાના નાના રાજ્યો હોઈ ઘણીવાર એમને જાસુસ માની વાત કઢાવવા ભારે કનડવામાં આવતા. ક્યારેક પીટીને બંદીખાને

પણ નાખતા. રાત્રિ જલસામાં બીજાઓની સાથે મુનિઓને પણ રાજદરબારે જવું પડતું ને ત્યારે રાત્રિભોજન પણ કરવું પડતું. ન કરે તો અપમાન થયું માની રાજા ક્રૂર સજા કરતો. આ કારણે ભોજન ન ખાતાં સંતાડી દેવાની આચાર્યોએ સૂચના આપી હતી તે છતાં ખાવું પડે તો પછી વમન કરી નાખવાની આજ્ઞા ફરમાવી હતી. આમ છતાં જે પ્રદેશમાં લોકો રાત્રિભોજન જ કરતા અને દિવસે ભોજન મળતું નહીં તેવા પ્રદેશમાં રાત્રિએ પણ ગોચરીએ જવાની અપવાદરૂપે છૂટ આપવી પડેલી. જૈન સંઘ જ્યાં નિર્બળ હોય ત્યાં મુનિનું દર્શન અમંગળ ગણાતું ને તેથી લોકો એમને ટીપી નાખતા. નદી ઊતરતા નાવમાંથી ફેંકી દેતા. તો ત્યારે કોઈ તરીને પાર ઊતરતા, કોઈ જલચર પ્રાણીનો ભોગ બનતા. કોઈ જમણવારમાં બ્રાહ્મણો પહેલાં મુનિઓને કોઈ વહોરાવી દેતું તો બ્રાહ્મણો ઝઘડો કરતા, ક્યારેક મુનિઓને મારી મારીને અધમુઆ કરી નાખતા. વિહારમાં વળી ચોર–લૂંટારા ખૂબ પજવતા. વસ્ત્રો–કંબળ પણ ઉપાડી જતા. જેથી અતિશય ઠંડીમાં શરીર બચાવવા તાપણું કરી તાપવાની, કંટક ભરપુર અટવીઓમાં જોડા પહેરવાની તેમ જ કેટલીક જગ્યાએ વરસાદ ખૂબ પડતો હોઈ છત્રી ઓઢવાની પણ આચાર્યો તરફથી છૂટ આપવામાં આવતી. આ પણ અધૂરું હોય તેમ ઉપાશ્રયમાં રાત્રે વેશ્યાઓ ઘૂસી જતી અને એમને પજવતી. મુનિઓ આથી ભાગી જંગલમાં ચાલ્યા જતા. પણ ત્યાં હિમ, વરસાદ તથા સર્પ, વિંછી જેવા પ્રાણીઓનો ત્રાસ હોઈ પાછા આવતા. વેશ્યાઓ ત્યાં જ પડી રહી હોઈ એમને ચાલ્યા જવાની વિનંતી કરતા. પણ એ માનતી નહીં. જેથી આચાર્યની રજા મેળવી મલ્લ જેવા સાધુ એમને પકડીને બાંધતાં અને પછી ઉપાડીને રાજદરબારે લઈ જઈ રાજા સમક્ષ હાજર કરતા. જંગલોમાં હિંસક પ્રાણીઓના ભયે રાત્રે કાંટાની વાડ બનાવી લેવી પડતી. તો ક્યારેક લૂંટારાઓ સામે પૂર્વના ધનુર્ધારી–મુનિને ધનુષ્ય બાણ મેળવી લડવાની પણ સંમત્તિ આપવી પડતી. કેટલીક

વાર ઉપદેશ આપવાના બહાને મુનિઓને રાત્રે રાણીવાસમાં લઈ જવામાં આવતાં ને પછી વૃદ્ધ મુનિઓને રજા આપી યુવાન મુનિઓને રાણીઓ સાથે ભોગ ભોગવવાનું દબાણ કરવામાં આવતું. જે ઇન્કાર કરતા તેમનું તો આવી જ બનતું. આથી જીવન બચાવવા જે એમાં પડતા એમને નિર્દોષ માની અલ્પ પ્રાયશ્ચિત્ત આપવામાં આવતું. તો કોઈ વાર સહેજ દોષ જણાતાં મુનિઓના હાથ-પગ કાપી નાખવામાં આવતા. આ વાંચીને તો હૈયું જ કમકમી ઊઠે છે. આવી ભયંકર પરિસ્થિતિઓમાં મંત્ર, તંત્ર, જાદુ, જ્યોતિષ, મૂઠ, મારણ, દેવદેવીઓની આરાધના વગેરેને પાપશ્રૂત કહેવામાં આવેલ હોવા છતાં—એનો આશ્રય લેવો પડતો ને એ રીતે શ્રમણ-શ્રમણીઓનું તથા સંઘનું રક્ષણ કરવું પડતું.

અને સાધ્વીઓને તો જે ત્રાસ આપવામાં આવતો એ વાંચીને તો આજ પણ હૈયું રડી પડે છે. ગુંડાઓ-લૂંટારાઓ રસ્તામાં એમની હાંસી ઊડાવતા ને ખૂબ પજવતા. ક્યારેક એમને નગ્ન કરી વસ્ત્રો પણ ઉપાડી જતા. આવી પરિસ્થિતિમાં હાથ, ચામડું તથા પાંદડાઓથી ગુહ્યાંગ ઢાંકવાની એમને સલાહ આપવામાં આવતી. કેટલીક વાર ગુંડાઓ ઉપાશ્રયોમાં પણ ધૂસી જતા અને કેટલીક વાર સુંદર સાધ્વીઓને ઉપાડી પણ જતા. જેથી ઉપાશ્રય એમને આખો દિવસ બંધ જ રાખવો પડતો. આવા કારણે મુનિઓ તેમની સાથે રહેતા અને તક આવે ગુંડાઓને સારી રીતે ફટકારતા. એક વાર એક સુંદર રાજકુમારીને ગુંડાઓ હેરાન કરતા હોઈ તેના મુનિ બનેલા બે મહારથી ભાઈઓએ તેમના ઉપાશ્રયમાં રહી ગુંડાઓને એવા ટીપી નાખેલા કે જેથી પછી એ એની તરફ લમણો વાળવાનું જ ભૂલી ગયેલા. કોઈ કોઈ વાર સાધ્વીઓને પણ સ્વરક્ષણ અર્થે મારામારીમાં ઊતરવું પડતું. એક સાધ્વીએ રસ્તા વચ્ચે દંડાથી ગુંડાઓને સીધા કરેલા. પણ પછી એ ગુંડાઓના આગેવાનને ત્યાં જ એ સાધ્વી ગોચરી અર્થે જઈ ચડી. તો એ ગુંડાએ એનું ખૂબ સ્વાગત કર્યું. પોતાના બાળકોને

એના ચરણે નમાવ્યા ને આમ ખૂબ ભક્તિભાવ બતાવી આકર્ષણ જમાવ્યું. પરિણામે ખોટો ભક્તિ–સંબંધ વધારી ગુંડાએ સાધ્વીને ફસાવી ને પછી એ એની પત્ની બનીને જ રહી ગઈ." અને સાધ્વીઓને દૂર દૂર અનાર્ય દેશોમાં વેચી દેવાની તો આપણે વાત કરી ગયા છીએ.

આવા કારણોએ જ શાસ્ત્રકારોને આજ્ઞા દેવી પડી હતી કે આત્મ-રક્ષણની, રાત્રિભોજનની, કંદમૂળ વાપરવાની, રાજાની ખુશામત કરવાની, રાત્રિએ બહાર જવાની, અગ્નિએ તાપવાની, જોડા પહેરવાની કે એવા પ્રકારની પરિસ્થિતિમાં મૂકાવું પડ્યું હોય તો પ્રથમ એવી પરિસ્થિતિને અનુકૂળ બનીને પણ શરીર બચાવવું. એ હશે તો પ્રાયશ્ચિત્ત લઈ વિશુદ્ધ બની શકાશે ને ફરી સંયમધર્મનું પાલન થઈ શકશે. બાકી સમભાવપૂર્વક ઘોર કષ્ટ આવે મૃત્યુને ભેટવા જેટલા જે વીર હોય એ ઉત્સર્ગ માર્ગને જ વળગી રહે.

આવી પરિસ્થિતિમાં સ્થિર બનેલા મુનિઓ જીવનના ભોગે પાર ઉતરી શક્યા હતા પણ જેઓ પેટ અર્થે જ ઘુસ્યા હતા એ માંસ ન ખવાય એમ માની નહોતા ખાતા પણ પછી પરિસ્થિતિએ એમને લાચાર બનાવ્યા અને એનો સ્વાદ લાગતાં એ એના પાછળથી પક્ષકાર બની ગયા હતા; જેમ ગુંડાઓને પીટનાર પેલી સાધ્વી રોજના ભક્તિ સહવાસથી એમાં ફસાઈ ગઈ હતી તેમ. ત્યાં એવાઓનો શો દોષ કાઢી શકાય?

આજે ભયંકર મોંઘવારી છે ને તેને અંગે કેટલાક દૂષણો ઊભાં થયાં છે પણ એને બાદ કરતાં આજે સભ્યતા, સમજ, સલામતિ, સહકાર ભાવના, સંગઠન, સુખ સગવડના સાધનો, વિહાર–પ્રવાસની સુગમતા અને સ્વતંત્ર વિચારણા ઉપરાંત આજે હિંસાનું પ્રમાણ વધ્યું હશે એ માની લઈએ તો પણ કરુણા–દયા અને માનવતાનો જે વિકાસ થયો છે એ દૃષ્ટિએ આજનો યુગ ઘણો ચડિયાતો છે, ને એથી જ વિહારમાં એકલવાયી હોવા છતાં કોઈ પણ સાધ્વી સામે

કોઈએ ઊંચી આંખે જોયું હોય એવો ભાગ્યે જ કોઈ દાખલો શોધી શકાશે. જ્યારે એ યુગ માની લઈએ કે જ્ઞાન–ચરિત્ર્યની દૃષ્ટિએ કેટલાક ઉચ્ચ શિખરે પહોંચ્યા હશે. બાકી અન્ય રીતે તો એ કાળ ભયંકર હતો. ક્રૂર હતો. અનાર્યતા અને જંગલીપણાનો બહુ અંશે અસભ્ય યુગ હતો. વિરોધો–અગવડોનો કોઈ પાર નહોતો.

આમ છતાં એ યુગમાં અપાર કષ્ટો, ભયંકર ત્રાસો સહન કરીને પણ જેમણે અનાર્યોને આર્ય–સભ્ય બનાવ્યા, દેશમાંથી માંસાહારનો બહુ અંશે ઉચ્છેદ કર્યો. યજ્ઞહિંસાને નિર્મૂલ કરી તથા બૌદ્ધો પર પણ પ્રભાવ પાડ્યો એ કાળના મહાપુરુષોએ જે રીતે કામ લઈ આપણને આજે ગૌરવં શિખરે પહોંચાડ્યા છે એમાં જ એમની પરમ મહત્તા છે. બાકી ત્યારે એમણે આમ કેમ કર્યું ને આમ કેમ ન કર્યું એવો પ્રશ્ન ઉઠાવવો એ એ યુગને ન પિછાણનારી જડતાની–હેવાનિયતતાની નિશાની છે, યા તો સભ્ય ભાષામાં એમની ક્રૂરતાભરી ઠેકડી છે એમ હું માનું છું.

## જલતો રહેલો દીવડો :

આમ છતાં એક પછી એક ઊતરી રહેલી આવી આપત્તિઓમાં ઘોર અંધકાર વચ્ચે પણ જેમણે દિલનો દીવડો જલતો રાખી પ્રકાશ પાથર્યો છે અને ભયંકર વમળો વચ્ચે પણ નાવને સહિસલામત કાંઠે લાવી બધાને હેમખેમ પાર ઊતાર્યા છે એમને પ્રતાપે જ ઉજળાં મોઢે અને ઉન્નત શિરે સમૃદ્ધિના શિખરે બેસી આપણે આજે મહાલી રહ્યા છીએ. એથી ખરેખર એ પુરુષોએ ભગવાન મહાવીરના અમર વારસાને જીવંત રાખવા અને વિશુદ્ધ બનાવવા કેટકેટલી ધીરજ, ખંત અને સમતા રાખી હશે તેમ જ એ માટે પરાક્રમપૂર્વક કેટકેટલા આત્મબલિદાનો આપી કામ લીધું હશે એનો વિચાર કરીએ છીએ ત્યારે આપણી મતિ સ્થંભી જાય છે અને એમના વિષે ઊઠેલા તર્ક–વિતર્કભર્યા બધા જ પ્રશ્નો બેસી જાય છે, કારણ કે એથી એમણે

શું કર્યું અને શું ન કર્યું એ વાત મહત્ત્વની નથી પણ સમય સંયોગો વિચારી ઠીક લાગ્યા તે ઉપાયો અજમાવીને અને ઠીક લાગ્યા તે આચાર–વિચારો ઊભા કરીને પણ ચારે બાજુ ફેલાયેલા દાવાનળ વચ્ચે પણ જેમણે પરંપરાને સુરક્ષિત રાખી ઊજળી બનાવી છે એટલું જ નહિ, સમગ્ર દેશને ઊંચે ચડાવવામાં–હિમાલયને અદ્ધર ઊઠાવવા જેટલી જે પ્રચંડ તાકાત બતાવી છે તેમ જ પાછળથી સૈકાઓ સુધી પશ્ચિમ–દક્ષિણ ભારતમાં પોતાની પરંપરા દ્વારા સુવર્ણ યુગ પણ સ્થાપી બતાવ્યો છે, એ જ મહત્ત્વની વાત છે.

**આપણી ઊણપો :**

એથી આશા રાખું છું કે વાચકો આજની નહિ પણ તત્કાલીન પરિસ્થિતિ પ્રમાણે જ એમને જોવા પ્રયત્ન કરશે ત્યારે જ એમની મહત્તા–ભવ્યતા અને વીરતાનું દર્શન થઈ શકશે. પણ જૈનસમાજનો ઘણો મોટો ભાગ એટલો સ્થિતિચુસ્ત છે કે પોતે બાંધેલા વર્તુલ બહાર એ જોવાની દૃષ્ટિ જ ગુમાવી બેઠો છે. વળી ઘણાના મનની એક ગૂંચ પણ છે કે ચોળીને ચીકણું શા માટે કરવું ? જે કોઈ નથી જાણતા એમની આગળ આવી વાતો પ્રગટ કરવાથી લાભ પણ શો ? એથી તો ઊલટો આપણો જ ફજેતો થશે ને લોકો પણ એમાંથી બૂરો જ આદર્શ જ પકડી લેશે.

**બંધાયેલો ભય સંસ્કાર :**

પણ આપણો એ ખોટો ભય સંસ્કાર છે. એથી ચીકણું થવાનો ભય સેવવાની કશી જ જરૂર નથી, કારણ કે એથી તો સંશોધનનો માર્ગ જ બંધ થઈ જાય. બાકી આપણા પક્ષે જો કંઈ દોષ થયો હોય તો એને સંતાડી રાખવાથી પણ શો લાભ ? છાનું છાનું રાખી ગૂમડું પંપાળ્યા કરવાથી તો એ મોટું થાય. મટે નહિ ને એથી તો ઊલટો આપણો જ દોષ સિદ્ધ થવાનો અને તેથી વળી એ બોજ સદા આપણી છાતી પર લદાયેલો જ રહેવાનો, કારણ કે Secrecy

is sin ગુપ્તતા એ તો મહાપાપ છે. બાકી જો ગુપ્ત રાખવા જેવું આપણે પાપ કર્યું હોય તો એવા પાઠો પર હરતાલ મારી એને રદ કરવા જોઈએ. કાં તો સત્ય વસ્તુનો સ્વીકાર કરવો જોઈએ. પણ નથી આપણે એ પાઠો છોડી શકતા, નથી સ્પષ્ટ ભેદ રજૂ કરી શકતા. આ મૂંઝવણને કારણે નથી આપણા પ્રતિકારમાં સામર્થ્ય પ્રગટતું, નથી એનો બીજા પર પ્રભાવ પડતો. પણ હું પૂછું છું કે આપણે કોઈ અપકૃત્ય કર્યું છે! અને જો નથી કર્યું તો પછી સત્યનો સ્વીકાર કરી ખરું રહસ્ય પ્રગટ કરવામાં ડર શાનો? ભય કેવો?

હા, આપણે એક પાપ કર્યું છે, જો એને પાપ કહેવાતું હોય તો! અને તે એ કે કેટલાક પતિત સાધકોને સંઘબહિષ્કૃત ન કરતાં પાંખમાં ટકાવી રાખીને ન એમને કેવળ વિશુદ્ધ જ કર્યા છે પણ ભારતવ્યાપી સમગ્ર પ્રજાનું ઉત્થાન કરવા જેટલું સામર્થ્ય પ્રગટાવવા એમનું ઘડતર પણ કર્યું છે. શું આ એક દોષ ખાતર ચીકણું થવાનો આપણે ભય સેવીએ છીએ અને તેથી આ વાત ગુપ્ત રાખવા ઇચ્છીએ છીએ? પણ એ દોષ આપણો દોષ નથી પણું આપણું ગૌરવ છે. આ કારણે સત્ય રહસ્ય પ્રગટ કરતાં આપણે કોઈ પણ જાતની કોઈથી પણ ભીતિ રાખવાની કશીયે જરૂર નથી.

પણ આપણે આજે સત્યની સાધના જ મોળી પાડી દીધી છે ને તેથી જ આપણામાં નિર્બળતાએ ઘર ઘાલ્યું છે. બાકી તે કાળના મુનિઓમાં રહેલા દોષને કારણે કોઈ બૂરો આદર્શ પકડી લેશે એવો ભય રાખવા જેટલી આ દુનિયા હવે મૂર્ખ નથી રહી. આમ છતાં જેઓ પાપમાં પડેલા છે તેમ જ જેમને પોતાના પાપ ઢાંકવા બીજાઓનું પ્રમાણ જોઈએ છીએ. એ તો ગમે તેવા સંતના પૂર્વકાલીન જીવનમાંથી એવું શોધ્યા જ કરશે અને એવી વાતો તો સતયુગના સંતોમાંથી પણ શોધી શકાય. વાલ્મિકી, દઢપ્રહારી, સુરદાસ, રોહિણેય અંગુલિમાલ, સ્થૂલિભદ્ર તથા વિદ્યાર્થી ગાંધીજીના દાખલાઓ આપણી સમક્ષ કયાં નથી! પણ એથી એવાઓને કારણે ગુરુઓની હૃદય-

ભાવના અને પ્રજાકીય ઉત્થાનનો ગૌરવભર્યો ઇતિહાસ શા માટે આપણે દબાવી રાખવો જોઈએ?

જો કે આજ સુધી આ ગૂઢ ભેદ અંધારામાં રહ્યો હોઈ હજુ અલ્પ સમય જેમની એક માત્ર ભાવના જનતાના ઉદ્ધારની જ હતી એ પૂજ્ય પુરુષો કદાચ દોષિત મનાયા કરે. આથી જેમ વ્યભિચારના દોષમાંથી છોડાવવા વેશ્યાઓને પ્રતિબોધ આપવા માટે વેશ્યાવાડે ફરતા કોઈ સંતજનને વ્યભિચારી ઠેરવવામાં આવે તેમ જગદુદ્ધારણનું કાર્ય કરનારાઓની પણ પેટ ભરીને નિંદા કરનારા હરેક યુગ–સમાજ-માં કંઈ ઓછા નથી પાકતા. જો કે એથી ક્યારેક મૂંઝવણ થાય છે પણ છેવટે તો કાળદેવતાના સામ્રાજ્યમાં સત્યનો ભાનુ વહેલો મોડો પોતાનો ઝળહળતો પ્રકાશ પાથર્યા વિના રહેતો નથી, કારણ કે સત્ય પોતે જ એક સમર્થ શક્તિ હોઈ એ પોતે જ રૂકાવટની દીવાલોને તોડી પાડીને સ્વયં પ્રકાશિત બની રહે છે. કદાચ એમાં સમય લાગે એ એક જુદી વાત છે. આ કારણે આજ સુધી આ પ્રશ્ન પર પ્રકાશ પડ્યો નહોતો પણ હવે છેલ્લાં ૨૦–૨૫ વર્ષથી આ અંગે કંઈક સંશોધન થવા લાગ્યું છે એમાં મેં પણ મારો સુર પૂરાવવાનું દુઃસાહસ કર્યું છે. અભ્યાસમાં હું નોન–મેટ્રિક, જીવન ગામડાનું અને ગુજરાતી વિના બીજી ભાષાનું ખાસ જ્ઞાન નહીં જેથી હું પોતે તો કંઈ જ નથી. છતાં જે આવો બાલિશ પ્રયત્ન મારે હાથે થઈ રહ્યો છે એથી હું માનું છું કે કોઈ જુદાં જ પરિબળો મને ધક્કાવી રહ્યા હશે. સંભવ છે કે કુદરતે જ મને આ કાર્ય અંગે પોતાનું વાહન બનાવવા પસંદ કર્યો હોય યા એનો કોઈ બીજો જ હેતુ હોય. જે હોય તે, પણ છેલ્લાં ૮–૧૦ વર્ષથી એના જ વિચારોમાં ડૂબેલો રહ્યો છું. અને તેમાં પણ બે વર્ષથી તો હું આ પ્રશ્ન પાછળ પાગલ જ બની ગયો છું, એમ કહું તોય ખોટું નથી. કારણ કે જ્યારે જ્યારે કોઈ પ્રતિકાર કરે છે ત્યારે મારામાં કોઈ અજબ જુસ્સો ઊભરાઈ ઊઠે છે અને એ વિચારોની તીવ્રતાએ એટલું બધું માનસિક દબાણ વધી જાય છે કે એથી રાતોની

રાતો અનિદ્રામાં જ વીતાવવી પડે છે. ચોવીસે કલાક એ જ વિચારો —એનું જ વાચન અને એનું જ પારાયણ થતું રહેતું હોઈ આજના આ રેશન અને યુદ્ધના વાતાવરણમાં મારી કસમયની વાતો ઘણીવાર હાંસી, અણગમો, તિરસ્કાર અને અપમાનો તથા નિરાશાઓને જ નોતરી બેસે છે. પણ ધૂન છૂટતી નથી. સંકલ્પ તૂટતો નથી. વિશ્વાસ ડગતો નથી. મને સમજવા આ મારી મનઃસ્થિતિનું ચિત્રણ આપી જણાવું છું કે આપણી વિશુદ્ધ પરંપરાએ પતિતોનો ઉદ્ધાર કરી એમના દ્વારા ભારતના ઇતિહાસમાં જે ભાગ ભજવ્યો છે એ કેવળ આપણી જ નહિ પણ ભારતના ઇતિહાસની એક ગૌરવપ્રદ મંગલ ગાથા છે.*

---

* **ટીપ્પણ:** દયા—કરુણા, બ્રહ્મચર્ય, માનવસમાનતા તથા જીવન-શુદ્ધિ સાથે સાધનશુદ્ધિનો આગ્રહ વગેરે બાબતોમાં મહાવીરને બુદ્ધનો અને બુદ્ધને મહવીરનો સાથ હતો. પણ માંસાહાર મર્યાદિત સ્વરૂપે અપનાવી લઈ બુદ્ધની કરુણા કંઈક ઝંખવાઈ છે. તેમ જ સ્ત્રી જાતિને ભિક્ષુણી બનાવવામાં હિચકિચાટ અનુભવી માનવસમાનતાના પ્રશ્નને પણ એટલા પૂરતી મોળપ સાંપડી છે. જો કે ઊંચનીચના ભેદભાવોને મિટાવવા બુધ્ધે બીજાઓથી ખૂબ જ ઊંચાઈ પ્રાપ્ત કરી છે.

પણ અહિંસા, ત્યાગ, તપશ્ચર્યા, નર—નારી સમાનતા, નિરામિષા-હારિતા, રાત્રિભોજન ત્યાગ ઉપરાંત બીજાઓના વિચારોને પણ સમજવાની અનેકાંતવાદી ઉદારતા જેવા તત્ત્વોની બાબતમાં જૈન ધર્મે જે ઊંચાઈ પ્રાપ્ત કરી છે એટલી ઊંચાઈએ જગતનો કોઈપણ ધર્મ હજુ સુધી પહોંચી શકયો નથી.

પણ એ તત્ત્વોનો સમગ્ર ભારતવ્યાપી પ્રચાર કરવાનું અને લોકમાનસમાં એને સ્થિર રૂપ આપવાનું કાર્ય તો એ કાળના શ્રમણ નિગ્રંથોએ જ કર્યું હોઈ એ આપણો જ નહીં પણ ભારતના ઇતિ-હાસનો પણ એક ગૌરવગાથાનો વિષય છે. આજે પણ ભારતમાં ત્યાગ તપનો જે આદર દેખાય છે, માંસાહાર પ્રત્યે પાપવૃત્તિ સમજાય છે

આ કારણે વીર પિતાના વીર પુત્રો તરીકે સત્યનો સ્વીકાર કરવા જેટલું આપણે વીર્ય પ્રગટાવશું ત્યારે જ આપણું વીરત્વ અને સત્યની ઉપાસના સાર્થક બનશે.

## વિશુદ્ધિની લોખંડી દીવાલ :

ભલે પછી આપણી કોઈ પેટ ભરીને નિંદા–વગોવણી કર્યા કરે. સૂર્ય સામે ધૂળ ઉડાડનારની જ આંખો ધૂળથી ભરાઈ જાય છે. પથ્થરની દીવાલ સાથે માથું અફાળનારનું જ માથું તૂટી જાય છે. દીવાલ નથી તૂટતી તેમ આપણી ધર્મવિશુદ્ધિની લોખંડી દીવાલ એટલી મજબૂત છે કે એની સામે જે ઇચ્છે એ પ્રહારો કર્યા કરે પણ એ દીવાલમાંથી એક પણ કાંકરી કોઈ ખેરવી શકવાનું નથી.

એથી આશા રાખું છું કે પંડિતો તટસ્થભાવે આ પ્રશ્ન ફરી વિચારી યોગ્ય દૃષ્ટિબિંદુ સ્વીકારશે તેમ જ સાહિત્ય અકાદમી જેવી સંસ્થા પણ વગોવણીનો આ માર્ગ મૂકી જેમાંથી અન્યોને ચડવાની પ્રેરણા મળે એ રીતે દિશા બદલવાનું વીર્ય તેજ બતાવશે અને તો જ સત્યના સંશોધક તરીકે એનું એ પગલું ન્યાયી ગણાશે તેમ જ સંસ્કૃતિની સેવા કરવાનો એનો અધિકાર પણ ત્યારે જ વ્યાજબી ઠરી શકશે.

છેલ્લે જણાવું કે આ પ્રશ્ન અંગે કોઈ સાથે ચર્ચા કે વાદવિવાદ કરવાની મારી પોતીકી ગુંજાશ નથી, કારણ કે હું પોતે તો કશું જ નથી. ફક્ત દિલમાંથી ઊઠેલા આ વિચારો છે, સમાજ સામે મૂકેલો એક પ્રશ્ન છે એટલો જ એનો અર્થ કરવાનો છે. જેનો હેતુ કેવળ આપણા આત્મસંતોષ ખાતર જ છે, સ્થિરતા મેળવવા માટે જ છે. નવી ચર્ચા જગાડી કુસ્તીમાં ઊતરવા માટે નથી.

---

તેમ જ દયા–કરુણાના સંસ્કારોનું જે દર્શન થાય છે ઉપરાંત એક-બીજાના વિચારોને સમજવાની જે ઉદારતા પણ ફેલાતી જાય છે એ એ મુનિઓએ સિંચેલા સંસ્કારોનું જ ફળ છે.

આમ છતાં ફરી કહેવું પડે છે કે પરંપરાગત લોકોને કેટલુંક ન ગમે એમ બને. કારણ કે એ પોતાની આજની ભૂમિકા પરથી વસ્તુને માપે તેમ જ બુદ્ધિવાદીઓને પણ કેટલુંક ન રૂચે, કારણ કે એમને વળી કેવળ તર્કવાદ જ લડાવ્યો હોય એમ લાગે પણ મૂળ વાત એ છે કે વિચારોની તીવ્રતા વધે છે ત્યારે એકાગ્ર બનતાં સાચો ઉકેલ Comes from within અંતરમાંથી જ મળી રહે છે. જેના પુરાવામાં મને પાછળથી ઠીક ઠીક શાસ્ત્ર વચનોનો આધાર મળી આવ્યો છે. આ કારણે કેટલાક ઉકેલો અંતરમાંથી મળતા રહ્યા હોઈ સ્વતંત્ર દૃષ્ટિએ એ તપાસવામાં આવશે તો એને શાસ્ત્રોનો પણ આધાર મળી રહેશે તેમ જ બુદ્ધિવાદીઓને પણ એ તર્કસંગત લાગશે.

# પરિશિષ્ટ

આ નિબંધ અંગે કેટલાક વિદ્વાન મુનિ–આચાર્યો તથા પંડિતો સાથે વિચારોની આપ–લે કરતાં જે જે પ્રશ્નો ઊભા કરવામાં આવેલા એનો પ્રત્યુત્તર વાળવાનો મેં નમ્ર પ્રયત્ન કર્યો છે, જે બીજાઓને પણ ઉપયોગી બને તેમ હોઈ અત્રે રજૂ કરવામાં આવે છે.

**પ્ર. ૧** શાસ્ત્રોમાં 'માંસ' શબ્દ હોવા છતાં વનસ્પતિ **અર્થ** ખેંચતાણ કરીને કાઢવો યોગ્ય છે ?

**ઉ. ૧** 'માંસ' શબ્દનો મૂળ અર્થ ઢીલો પોચો પદાર્થ હતો. એને ગર્ભ પણ કહેતા વાગ્ભટે બીજોરાના ગર્ભ માટે 'માંસ' શબ્દ જ વાપર્યો છે. તરબુચને પણ આ જ કારણે માંસફળ કહ્યું છે. પણ ભક્ષ્યાભક્ષ્યનો પ્રશ્ન આવ્યા બાદ એક યા બીજા વર્ગમાં શબ્દોને સ્થિર કરવાની જે પ્રક્રિયા ચાલી એથી વનૃસ્પતિ માટે ગર્ભ અને પ્રાણીજ દ્રવ્ય માટે 'માંસ' શબ્દો સ્થિર થયા છે એટલે પ્રાચીન ભાષામાં માંસ શબ્દ હોઈ એને આજની દૃષ્ટિએ રૂઢ થયેલો કેવળ પ્રાણીજ માંસ–આમિષનો જ અર્થ લગાડવો યોગ્ય ન ગણાય. એટલું ખરું કે માંસ શબ્દ ભક્ષ્ય કે અભક્ષ્ય બંનેમાં સરખી રીતે જ ત્યારે વપરાતો હતો.

**પ્ર. ૨** જો શાસ્ત્રપાઠોનો મૂળ અર્થ વનસ્પતિ હતો તો પાછળથી એનો માંસપરક અર્થ કેમ થવા લાગ્યો ?

**ઉ. ૨** ઉપરોક્ત પ્રક્રિયાનું જ પરિણામ છે. દા. ત., 'શંખાવલિ'નો અર્થ શંખ નામના જીવડાઓનો સમૂહ હતો. એ હવે એક

જાતની વનસ્પતિરૂપે સ્થિર થયો છે. અને ફળ પકવાન્ન માટે વપરાતો 'આમિષ' શબ્દ પ્રાણીજ માંસના અર્થમાં સ્થિર થયો છે. પણ શબ્દોના અર્થો આમ પાછળથી બદલાવાને કારણે નવા અર્થો એ જૂના શબ્દોને લગાડવાથી આ ગોટાળો થયો છે.

**પ્ર. ૩** શાસ્ત્રકારોએ એવા શંકાશીલ શબ્દો વાપર્યા જ શા માટે હશે?

**ઉ. ૩** હસ્તોદ્યોગની વસ્તુ વાપરનારા વ્રતધારી ગાંધી ભક્તો — યંત્રોદ્યોગની વસ્તુ વાપરનારા આપણી જેમ જ 'આટો' ને 'તેલ' શબ્દ જ વાપરે છે. ભોજન અંગે એ ચોખવટ માંગી લે છે કે 'આટો' હાથ ઘંટીનો છે કે યંત્ર ઘંટીનો? તેમ જ 'તેલ' પણ હાથ ઘાણીનું છે કે યંત્ર ઘાણીનું? પણ એમ છતાં એવા શબ્દો માટે એ વાંધો લેતા નથી અને આપણે પણ આજે 'ઈંડું', 'સમોસા' અને 'સુપ' જેવા શબ્દો બંને અર્થમાં ક્યાં નથી વપરાતા? છતાં હજુ એ શબ્દો બદલવાનો આપણે વિચાર નથી કર્યો તેમ શાસ્ત્રકારોને પણ ત્યારે વાંધો લેવા જેવું નહિ લાગ્યું હોય. એમ છતાં અર્થપરિવર્તનની પ્રક્રિયા શરૂ થયા બાદ ગાંધીભક્તોની જેમ એની સ્પષ્ટતા તો કરી લેવાનું કહ્યું જ છે, જેમ ભ. મહાવીરે સોમિલ બ્રાહ્મણ સાથેની ચર્ચામાં સ્પષ્ટતા માંગી હતી તેમ.

**પ્ર. ૪** શાસ્ત્રપાઠો નિર્માણ થયા ત્યારે શાસ્ત્રકારોની દૃષ્ટિમાં તો એક જ સ્પષ્ટ અર્થ હોય ને તે માંસપરક કારણ કે શરૂના સંક્રાંતિકાળમાં અપવાદ માર્ગ રહે એ સહજ છે તેમ જ એ કાળમાં માંસાહાર સામાન્ય વસ્તુ હતી. મૂળ ધ્યેય અહિંસાનું હોઈ નવી પેઢીઓ નિરામિષાહારના સંસ્કારો પામી હશે, જેથી આપણે નિરામિષાહારી છીએ, પણ મૂળમાં તો માંસાહાર હતો જ ને તેથી શાસ્ત્રપાઠોનો મૂળ અર્થ પણ માંસપરક જ ઘટે.

**ઉ. ૪** વિનોબાજીના શબ્દોમાં કહીએ તો "માંસાહારની બાબતમાં દેવદત્તની માગણી છતાં બુદ્ધે કડક વિધિનિષેધ દાખલ નહોતો કર્યો.

એ પોતાના સંપ્રદાયને સર્વજન સુલભ બનાવવા ઇચ્છતા હતા. જ્યારે મહાવીર આત્યંતિક સત્યને વળગી રહેનારા હોઈ એ બાંધછોડ કરવામાં નહોતા માનતા.”

આ કારણે મહાવીરની પરંપરામાં અપવાદને સ્થાન જ નહોતું. વળી એમણે તો પોતાની પૂર્વ પરંપરામાં પણ સંસ્કરણ અને શુદ્ધિનો જ આગ્રહ રાખ્યો હોઈ પ્રતિક્રમણ અને બ્રહ્મચર્ય વ્રતને પણ આગવું સ્થાન આપ્યું હતું. આ કારણે નથી એમણે મગધરાજ શ્રેણિકના પુત્ર મેઘકુમાર માટે સંથારાની બાબતમાં પણ અપવાદ આપ્યો કે નથી મુનિઓને તરસે મરવા છતાં સરોવરનું અચિત પાણી પીવાનો પણ અપવાદ આપ્યો. બુદ્ધનું ધ્યાન સંપ્રદાયને વ્યાપક બનાવવા તરફ હતું કે જેથી ઘણા એનો લાભ લઈ શકે, જ્યારે મહાવીરનું ધ્યાન સંપ્રદાયને વિશેષ વિશુદ્ધ બનાવવા તરફ હતું કે જેથી ભલે થોડા પણ એ આ સંસારની જાળમાંથી મુક્ત બની શકે.

આ પ્રકારના માનસને કારણે ખાનપાનની બાબતમાં મહાવીરને અપવાદ આપવાની કંઈ જ જરૂર નહોતી. જેમને એમના માર્ગ પર ચાલવા જેટલું સામર્થ્ય હતું એવા જ લોકો પ્રતિજ્ઞાબદ્ધ થઈને ભગવાનના શરણે આવતા. આ કારણે તો એમનો માર્ગ તરવારની ધાર પર ચાલવા જેવો ખૂબ જ કડક ગણાયો છે; જ્યારે બુદ્ધનો સુખશીલિયો. હા, એટલું ખરું કે આરંભનો સંક્રાંતિકાળ હોઈ સાધકો કદાચ નિર્બળ બન્યા હોય પણ **એથી એ પુરુષ પોતે પોતાના માર્ગને એક તમાસો બનાવવા નહોતા ઇચ્છતા.**

આથી કોઈ પણ વિભૂતિ જ્યારે પોતાનું અવતાર કાર્ય હાથ પર લે છે ત્યારે એ પોતાના સિદ્ધાંત પર અત્યંત આગ્રહી હોય છે અને તો જ એ ઊંડા મૂળ નાખી શકે છે. બાકી પોલો સિદ્ધાંત નથી કદી પણ ઊંડા મૂળ નાખી શકતો કે નથી એ વ્યાપકરૂપ ધારણ કરી શકતો. ભલે પછી બાહ્યદૃષ્ટિએ જનસંખ્યા એની વધી ગઈ હોય.

**મૂળ ધ્યેય અહિંસાનું હોવા છતાં બૌદ્ધોની નવી પેઢીઓ નિરામિષાહારના સંસ્કારો નથી પામી.** કારણ કે મૂળમાં જ નબળાઈ હતી. જ્યારે મહાવીરના માર્ગમાં મૂળથી જ તીવ્ર આગ્રહ હતો. એથી જ જગતના ધર્મોમાં એ જ એક માત્ર માંસાહારનો પ્રબળ વિરોધ પોકારતો રહ્યો છે.

બાકી જ્યારે જનસંખ્યા વધે છે, સંપ્રદાય પાછળથી ફાલેફૂલે છે તેમ જ કોઈ આપત્તિ વિશેષના પ્રસંગો આવે છે ત્યારે નિર્બળતાને કારણે મૂંઝાયેલાઓને સહાય કરવા યા પડેલાઓનો ઉદ્ધાર કરવા કેટલાક અપવાદો આપવા પડે છે—કેટલાક સહેવા પડે છે, જે કેવળ આરામના વિસામારૂપ હોય છે. અને આપણે જોઈએ છીએ કે દુષ્કાળની આંધિમાં ઘેરાયેલાઓને બહાર કાઢવા માટે જ એ કાળના સ્થવિરોને અલ્પકાલિક અપવાદો આપવા પડ્યા હતા. પણ મૂળમાં તો અપવાદને સ્થાન હોય જ નહીં.

**પ્ર. ૫** ૨૦૦૦ વર્ષથી મૂંઝવતી આ સમસ્યા હલ કરવાનો તમારો પ્રયત્ન પ્રશસ્ય છે તમારી ધગશ માટે પણ તમે અભિનંદનને પાત્ર છો. પણ મુનિઓના માંસાહારની વાત કોઈને પણ ગળે કેમ ઊતરે? એટલે મને લાગે છે કે આ સમસ્યા હલ કરવાની શુભ ભાવના છતાં તમે તમારી સામે જ આંધિ ચડાવશો.

**ઉ. ૫** જો કે એ મુનિઓ—મુનિઓ હતા જ નહીં, કેવળ વેશધારી મુનિઓ હતા. છતાં સેંકડો વર્ષોના સંસ્કારને કારણે આવી વાત ઘૃણા ઉપજાવતી હોઈ મારી સામે જ આંધિ ચડે એમ બને. પણ હરેક પ્રશ્નને તે યુગની દૃષ્ટિએ જ વિચારવો જોઈએ ને બીજાને સમજવા જેટલા સહિષ્ણુ થવું જોઈએ.

(૧) ભગવાન નેમનાથ અને તેમની જાનને માંસભોજન પીરસવા કેવી તૈયારીઓ થઈ રહી હતી? ભ. મહાવીરના પરમશ્રેષ્ઠ શ્રાવક મહાશતકને ત્યાં પણ રોજ માંસ ક્યાં નહોતું રંધાતું? માસખમણના

પારણે મુનિઓને વહોરવાની બુદ્ધિએ પેલી રાજકન્યાએ જુદા જુદા માંસ ભોજન માટે કેટલી બધી વાનીઓ બનાવી રાખી હતી? આમ સર્વત્ર માંસહાર હોઈ એવા કુટુંબોમાંથી આવેલા પૂર્વસંસ્કારોને કારણે આપત્તિ–વિપત્તિના પ્રસંગોએ પરવશ બન્યા હોય એ સ્વાભાવિક છે. કારણ કે એમને આપણી જેમ સૂગ નહોતી. વળી એ ધર્મમાં સ્થિર પણ બન્યા નહોતા. બાકી વેશ પહેરવા માત્રથી કંઈ મુનિપણું પ્રગટતું નથી.

(૨) **ચરમશરીરી ધન જેવો ચુસ્ત શ્રાવક :** પોતાની દીકરીને ઉપાડી જનાર ગુંડાઓ પાછળ પુત્રો સાથે જ પડે છે ત્યારે એ દુષ્ટો એમને પાછળ પડેલા જોઈ પુત્રીને મારી નાખીને ચાલ્યા જાય છે. આ વખતે જંગલમાં કોઈ સાધન ન હોઈ એ બધા એ દીકરીનું જ માંસ ખાઈ ક્ષુધાતૃપ્તિ કરે છે એથી એ કાળના લોકોનું માનસ સમજવા માટે 'જ્ઞાતાધર્મકથા'માં આપેલી આ વાર્તા ઘણી ઉપયોગી છે. એથી માંસ પ્રત્યે ઘૃણા ન હોઈ એવા પ્રસંગોએ એ એ છોડી ન શક્યા હોય તો એમાં કંઈ આશ્ચર્ય પામવાપણું નથી.

(૩) વૈદિકોમાં મહર્ષિ વિશ્વામિત્ર મુનિ પણ ભૂખના માર્યા ચંડાળના ઘરમાં કૂતરાનું માંસ ચોરવા પેઠા હતા એ પણ એ જ વાત સિદ્ધ કરે છે.

(૪) શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ઘઉં–ચણાનો લોટ અમુક દિવસ પછી ખપે નહીં. ચોમાસામાં વગર ધોયેલી ખાંડ પણ ખપે નહીં. એમ છતાં રેશનયુગમાં ઘરે ઘરે અમેરિકન આટો વપરાતો હોઈ તેમ જ ખાંડનું પણ અલ્પરેશન હોઈ એ આપત્તિકાળમાં ઘણા મુનિઓને અપવાદ દશામાંથી ગુજરવું પડ્યું હતું. જો કે ઉજ્જયિનીના કુબેરદત્તની જેમ ધનિકોએ મુનિઓને સાચવ્યા હશે પણ મોટે ભાગે તો એવા પ્રસંગે આપણી એ પ્રતિજ્ઞા છૂટી ગઈ હતી. તેમ એ કાળમાં પણ ક્યાંક ક્યાંક એમ જ બન્યું હોય તો તેમાં નવાઈ જેવું શું છે?

(૫) આપણો ગમે તેટલો સ્વચ્છતાનો આગ્રહ હોય છતાં બાળક જ્યાં ને ત્યાં વિષ્ટા કરે છે. શરીર પણ ક્યારેક ખરડાઈ જાય છે.

છતાં આપણે એને ફેંકી દઈએ છીએ ? તો તો કુળનો જ નાશ થાય. એમ એ કાળના ગુરુઓએ શિષ્યોને બાળક તુલ્ય માની એમને સુધારવા ખાતર અલ્પ સમય ગંદકી નભાવી લીધી હતી, જેમ પિતાને સુધારવા આર્ય સુહસ્તિ સ્વામીએ અલ્પ સમય માટે છત્ર, ચામરાદિ ઉપરાંત બ્રાહ્મણ વેશને નભવા દીધો હતો તેમ. એ આશાથી કે બાળક મોટું થતાં–સમજણું થતાં સ્વચ્છ રહેતાં શીખી જાય છે, તેમ એ શિષ્યો પણ વાતાવરણની ઘેરી અસરમાંથી મુક્ત થતાં ફરી વિશુદ્ધ બની જશે. અને આપણે જોઈએ છીએ કે એમણે જ ભારતવ્યાપી વિશુદ્ધિનું આંદોલન*ચલાવ્યું હતું. બાકી ગંદા હોવાને કારણે જો એમને ફેંકી દીધા હોત (સંઘ બહાર કર્યા હોત) તો પરંપરાનો તો કદાચ નાશ ન થાત તો પણ એ નિષ્પ્રાણ–નિસ્તેજ બનીને જ જીવત. યા તો દ્વિધાવૃત્તિ પેદા થતાં જે મહાન સિદ્ધિઓ આપણે હાંસલ કરી શકયા છીએ એ ન થઈ શકત. અને શક્તિ અંદરોઅંદર ટકરાવામાં જ ખતમ થઈ જાત. પરિણામ એથી શું આવત એ જ કલ્પી શકાતું નથી. **આથી ત્રિશલાનંદન મહાવીરના કુળને જીવંત રાખવા અલ્પસમય ગંદકી નભાવવી પડી હતી** પણ એથી ઊલટું એ પવિત્ર મુનિઓ અને ગુરુઓને જ દોષિત માની લેવામાં આવ્યા; જેમ સ્વચ્છતાના આગ્રહી મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી સફાઈકામ કરવા નીકળી પડેલા ભાવનાશીલ સ્વયંસેવકોને કેટલાક મૂર્ખ લોકો ભંગી માની લેતા તેમ.

**ગંદકી કરવી એક વાત છે. ગંદકી સાફ કરવી બીજી વાત છે.** એકમાં પડવાનું છે બીજામાં ચડવાનું હોય છે. આપણા સહુનો અનુભવ છે કે ઘર વાળનારને થોડી રજ તો ચોંટે જ. એથી પરંપરાને શિરે જે દોષ આવ્યો છે **એ ગંદકી કરવાને કારણે નહિ પણ ગંદકી દૂર કરવાને કારણે એ ખાસ ધ્યાનમાં રાખવાની વાત છે.**

**પ્ર. ૬** શાસ્ત્રોમાં આવેલા આવા પાઠો એ નિર્બળ મનના–પડેલા મુનિઓના ઉદ્ધાર માટે જ નિર્માણ થયા હતા કે એ કેવળ તમારી કલ્પના છે. એને શાસ્ત્રવચનોનો કોઈ આધાર છે?

**ઉ. ૬** (૧) દુષ્કાળના સમય સુધી આચારવિચારમાં ભેદ પડ્યા નહોતા. સર્વની આચારવિધિઓ–પ્રતિજ્ઞાઓ સરખી જ હતી. પણ આ કાળમાં જે ગરબડો ઊભી થઈ એને પરિણામે જ આચારાંગના ૧૦મા અધ્યયનને અંતે જે આવી આજ્ઞા મૂકી છે, એ જ મારી કલ્પનાને સબળ ટેકો આપે છે કે આચારની બાબતમાં બે પક્ષો પડ્યા હતા.

(૨) આ સિવાય નિશીથ ગાથા ૪૩૬–૪૩૯માં કહ્યું છે કે, કોઈ ખાસ કારણસર માંસ લેવાની જરૂર હોય તો પણ જે લોકો એમ જાણે છે કે જૈન મુનિ માંસભોજી નથી એવાઓને ત્યાંથી એ ન વહોરવું, કારણ કે એથી નિંદા થાય છે. આમ લોકનિંદાનો ડર જ બતાવે છે કે એને આચારનો ટેકો નહોતો. આથી સિદ્ધ થાય છે કે પરંપરા વિશુદ્ધ જ હતી. અને એટલે જ પતિત મુનિઓને કારણે લોકનિંદાનો ડર રહેતો. બાકી જો સમગ્ર મુનિ સમાજ ચુસ્ત વનસ્પત્યાહારી રહ્યો હોત કાં તો બધા જ માંસાહાર તરફ વળ્યા હોત તો 'ડર'નો પ્રશ્ન જ ન ઉદ્‌ભવત.

(૩) આમ શાસ્ત્રમાં માંસાહાર માટે જે કંઈ બે–પાંચ પાઠ છે એ પરિસ્થિતિવશ ફસાયેલા મુનિ–સાધકોની દુર્બળતાનો ઇતિહાસ માત્ર છે. એટલું જ નહિ, એમને એમાંથી છોડાવી ઉપર ઊઠાવવાના પ્રયત્નોનો પણ ઇતિહાસ છે. અને એટલે જ બહુ સાચવી સાચવીને અને તે પણ આચાર્ય–ઉપાધ્યાયની અનુજ્ઞા મેળવીને તેમ જ લોકનિંદાનો ખ્યાલ રાખીને કોઈ ખાસ પ્રસંગે જ–અન્ય ઉપાય ન જણાય ત્યાં જ–એ લેવાની છૂટ મૂકવામાં આવી છે. મુનિશ્રી પુણ્યવિજયજી સંપાદિત કલ્પસૂત્ર, સૂત્ર ૨૭૬માં ભદ્રબાહુ સ્વામી કહે છે કે નવમાંથી કોઈ પણ વિગઈ ગુરુ–આચાર્યની રજા વિના ન વાપરવી. આમ આચાર્ય ઉપાધ્યાયની અનુજ્ઞા મેળવવાનો હેતુ પણ એ જ હતો કે મુનિ આથી

મુક્ત છૂટ નથી મેળવતો પણ એમની દેખભાળ તળે ધીમે ધીમે એમાંથી મુક્ત થઈ શકે. આ કારણે આજ પણ મુનિ જે કંઈ વહોરી લાવે છે તે ગુરુ પાસે હાજર કરે છે. ગુરુ એ તપાસી લે છે ને પછી રજા આપ્યા બાદ જ એ વાપરી શકે છે. ચાલી આવતી આ પ્રથા એ કાળના ફસાયેલા મુનિઓ ગુરુઓની દેખભાળ નીચે એ રોગમાંથી મુક્ત થાય એ જાતના થયેલા પ્રયત્નોના ઇતિહાસની ઝાંખી કરાવે છે. **બાકી તે પહેલાં આવો કોઈ નિયમ નહોતો જે પ્રાચીન આચારાંગ તથા દશવૈકાલિક જોવાથી ખાતરી થાય છે.** યક્ષાને નિમિત્તે લખાયેલી, આચારાંગ સાથે જોડી દીધેલી ૧લી ચૂલિકામાં ત્રીજા મહાવ્રતની બીજી ભાવનામાં જ આ અંગેનું સ્પષ્ટ સૂચન પ્રથમ વાર નજરે પડે છે કે ગુરુની રજા મેળવીને આહાર–પાણી વાપરવાં, રજા મેળવ્યા વિના ન વાપરવાં.

(૪) સાથે એક બીજી વાત પણ સમજી લેવાની જરૂર છે કે સ્વાદ કરવાં એને આપણે પાપ માન્યું છે. પણ એમ છતાં સમૂહમાં મિષ્ટાન્ન ભોજન લેવામાં ધર્મ પણ માન્યો છે, કારણ કે પૂર્ણ સંયમની સાધનામાં સફળ થયા વિના એ ભૂખ જ્યારે ઉપડે છે ત્યારે માણસ વિહ્વલ બની જાય છે. આ કારણે અપવાદ સેવીને પણ માનવને વધારે વિકૃત થતો અટકાવવા મિષ્ટાન્ન ભોજનને પણ પ્રસંગે આવકારવું પડ્યું છે. આંદામાન ટાપુમાં દેશનિકાલની સજા પામેલા કેદીઓને કદી મિષ્ટભોજન મળતું ન હોઈ ૨–૪ મહિને એની ભૂખ ઉપડે છે ત્યારે સાકરના એક ગાંગડા માટે—જેની પાસે એ હોવાની શંકા જાય છે એનું ખૂન કરીને પણ એ ગાંગડો પડાવી લઈ ખાઈ જાય છે ત્યારે જ એની જીભને કંઇક તૃપ્તિ મળે છે, કારણ કે બધી ઇંદ્રિયોમાં સ્વાદેંદ્રિય જીતવી ભારે મુશ્કેલ છે. જીવનની આદિથી તે અંત સુધી એનું પ્રાબલ્ય એવું ને એવું જ ટકી રહેતું હોય છે. આથી પૂર્વાભ્યાસને કારણે આ પ્રકારની લાંબે ગાળે ઊઠતી સ્વાદવૃત્તિને સંતોષવા સૂઝતા આહારના નામે સંખડિમાં જવામાં તેમ જ બંધાયેલા વહેમને કારણે રોગ કે

નિર્બળતામાં માંસાહાર કરવામાં કયો દોષ છે એમ માની જેમણે માંસાહારનો મર્યાદિત આગ્રહ રાખેલો એવા મુનિઓ દોષપાત્ર હોવા છતાં અન્યોની અપેક્ષાએ તો એમનો દોષ નહિવત્ જેવો જ હતો. બાકી જેમને માંસ વિના ચાલતું જ નહીં એ તો ઘર ભેગા જ થઈ ગયા હતા. પણ આમ અલ્પદોષી મુનિઓને કારણે આવી પડેલી આ પ્રકારની લાચાર પરિસ્થિતિમાં પરંપરામાં કોઈને શંકા–કુશંકા પેદા ન થાય એ માટે દશવૈકાલિકની બીજી ચૂલિકામાં अमज्जमंसासि अमच्छरीआ શબ્દો દ્વારા **મુનિ મદ્ય–માંસનો ત્યાગી જ હોય** એવી એની ભીષ્મ પ્રતિજ્ઞાની અહીં ફરી ઉદ્‌ઘોષણા કરવામાં આવી છે. આમ જે આ સમયમાં આવી ઉદ્‌ઘોષણા કરવામાં આવી છે એ જ બતાવે છે કે પરંપરા તો વિશુદ્ધ જ હતી પણ નિર્બળ મુનિ–સાધકોને કારણે પરંપરાને ડાઘ ન લાગી જાય માટે જ અહીં એની પ્રતિજ્ઞાનું ફરી સમર્થન કરવામાં આવ્યું છે. જે ચૂલિકા આ જ સમયમાં યક્ષને નિમિત્તે આચારની વિશેષ સ્પષ્ટતા માટે નિર્માણ થઈ હતી. બાકી તે પહેલાં તો સૂત્રકૃતાંગ, ઠાણાંગ, ભગવતીજી જેવાં આગમોમાં તો માંસત્યાગની અનેક સ્પષ્ટ આજ્ઞાઓ પડેલી હતી જ, જે વિષે આપણે આગળ કહી ગયા છીએ.

(૫) આના પુરાવામાં એક બીજું પણ વધારાનું પ્રબળ પ્રમાણ શ્રી અભયદેવસૂરિજીના શિષ્ય શ્રી હરિચન્દ્ર ગણિવરે પૂરું પાડ્યું છે. એઓશ્રી 'પ્રશ્નમાળા'માં લખે છે કે 'मज्जं वा मंसं वा भोच्चा वा पिज्ञावा' નો શો અર્થ?

ત્યારે ગુરુદેવ શ્રી અભયદેવસૂરિજી મહારાજ જણાવે છે કે "છેદ-સૂત્રના અભિપ્રાયથી આ સૂત્રને જાણવું. કર્મના વશથી વિચિત્ર ગતિવાળા કેટલાક મુનિઓ હોય છે. એમાં કંઈ આશ્ચર્ય નથી, પણ એ પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ થાય છે. પરંતુ આ કહેવા લાયક નથી."

('કલ્યાણ' વર્ષ ૧લું—અંક ૧–૨ પાનું ૧૬)

આજથી ૮૦૦ વર્ષ પૂર્વે લખાયેલી આ પ્રશ્નોત્તરી સ્પષ્ટપણે જણાવે છે કે પરંપરા વિશુદ્ધ જ હતી. છતાં જે કંઈ કહેવા લાયક નથી એમ કહ્યું છે એ કેટલાક વિચિત્ર ગતિવાળા મુનિઓ માટે છે એ આથી સ્પષ્ટ થાય છે. ઉપરાંત એમણે એ પણ કહ્યું છે કે એમ પતિત થવા છતાં પણ એ છેવટે પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ બની શકે છે અને આપણે જોઈ ગયા છીએ કે જે રોગમાં એ ફસાયા હતા એ રોગમાંથી જનતાનો ઉદ્ધાર કરવાની તપશ્ચર્યારૂપ મહાસાધના દ્વારા એ છેવટે વિશુદ્ધ પણ બન્યા હતા.

આ કારણે માંસાહારના પાઠો એ શાસ્ત્રાજ્ઞાઓ નથી બનતી પણ એમના કરેલા ઉદ્ધારની વિજય પ્રશસ્તિઓ બને છે અને એમાં જ જૈન ધર્મની ઝળહળતી ઉદારતા અને ગુરુઓની માનવહૃદય પરની શ્રદ્ધાના દિવ્ય દર્શન થાય છે.

(૬) જો કે ભીષણ કાળને અંગે અલ્પ વ્યક્તિઓનું શિથિલ થવું સ્વાભાવિક હતું. કલ્પના ભાસણા ગાથા ૪૯૫૫–૮ આધારે પ્રો. હીરાલાલ ર. કાપડિયા જણાવે છે કે દુષ્કાળમાં ભિક્ષા નહીં મળવાથી કેટલાક મુનિઓને બ્રહ્મચર્યનો એકાંતિક ધર્મ તજી પરસ્ત્રીના પતિ બનવું પડતું. તો એ અપેક્ષાએ એવા કુટુંબોમાંથી આવેલા ને જે એની સુગ નહીં ધરાવનારા કેટલાક દેહ ટકાવવા માંસાહાર તરફ વળ્યા હોય તો એમનો શો દોષ કાઢી શકાય? પણ એ શિથિલતા પતનોન્મુખી નહોતી પણ મળેલા ભવ્ય સંસ્કાર વારસાને કારણે ઉર્ધ્વમુખી બની હતી. એથી શરમનું કોઈ જ કારણ રહેતું નથી. શરમનું કારણ હોય તો તે ફક્ત આપણા એકાંગી અર્થના આગ્રહ માટે છે. કારણ કે પંડિતો માટે માંસાહારનો અર્થ છોડવો મુસ્કેલ છે તેમ જ પરંપરાગત લોકો માટે એક માત્ર વનસ્પતિના અર્થનો આગ્રહ છોડવો પણ મુસ્કેલ છે. ખરું કહું તો આ જ કારણે આ પ્રશ્ન વિશેષ ગૂંચવાયો છે ને એમ થવાનું પણ કારણ હતું કે બન્ને પોતપોતાની મર્યાદામાં સાચા હતા. આ દૃષ્ટિએ પરંપરાનો અર્થ પણ સાચો છે તેમ જ આચાર્યોની

ટીકાઓ પણ સાચી છે. પણ એમ છતાં એ અલ્પદોષને કારણે જે ભવ્ય અને ગૌરવપદ ઇતિહાસ સર્જાયો છે એ જ મહત્ત્વની વાત છે —એ જ આપણા માટે ગર્વની વાત છે. હું તો માનું છું કે **ભારતના ઇતિહાસમાં ચારિત્ર્ય ક્ષેત્રે સમગ્ર દેશને ઊંચે ઊઠાવવાના કાર્યમાં આપણને નિમિત્ત બનાવવા માટે જ કુદરતે કોઈ અગમ્ય યોગ નિર્માણ કર્યો હશે.** જેમ સિંહને ફાળ ભરવા માટે બે કદમ પાછા હઠવું પડે છે તેમ સમગ્ર દેશને અદ્ધર ઉપાડવા માટે જ આવો યોગ પ્રાપ્ત થયો હતો એટલું કહીને વાચકોને પોતાનો સ્વતંત્ર અભિપ્રાય બાંધવામાં કંઈક સહારો મળે એ માટે એ ભયંકર કાળમાં કેવી કેવી આજ્ઞાઓ છોડવી પડી હતી એ રજૂ કરું છું.

(૧) 'માંસાહાર જેવા અપવાદોથી શરમ અને અન્ય સમાજોમાં થવા યોગ્ય અવહેલનાનો ડર એથી **અપવાદ માર્ગનું આલંબન બહુ જ ગુપ્ત રાખવામાં આવતું.**

**(નિ. ચૂ. ગા. ૩૪૫-૩૪૭)**

(૨) **'માંસ વહોરવાની બાબતમાં સાધુવેશમાં એ લેવું કે વેશ છોડીને એની ચર્ચા કરવામાં આવી છે.**

**(નિ. ગા. ૪૩૬-૪૩૯-૪૪૩-૪૪૭)**

આ પ્રશ્ન જ બતાવે છે કે પરંપરા વિશુદ્ધ હતી પણ એવાઓને કારણે પરંપરાને ડાઘ લાગવાનો સંભવ હોઈ કહેવામાં આવ્યું હશે કે, 'ભાઈઓ! લાંબે ગાળે ક્યારેક તમને એવી સ્વાદલાલસા ઊપડતી હોય તો ભલે તમને ઠીક લાગે તેમ કરો. પણ એ મુનિવેશ છોડીને કરો. મુનિવેશમાં એ ન લો, કારણ કે એથી પરંપરા વગોવાય છે.

આમ આ ચર્ચા બતાવે છે કે એવાઓને સુધારવા માટે—એમના દિલમાં પ્રવેશ મેળવવા ખૂબ જ ઉદારતાપૂર્વક કામ લેવામાં આવ્યું હોવા છતાં **પરંપરાને પોતાની વિશુદ્ધિ**

**માટે કેવડી મોટી ચિંતા રહેતી હતી?** બીજી બાજુ શાસનને સમૃદ્ધ, વ્યાપક અને ગૌરવશાળી બનાવવામાં એમનો ઉપયોગ કરવા માટે કેટલી ઉદારતા, ધીરજ અને સંયમથી કામ લીધું હશે?

(૩) 'બાલ–વૃદ્ધ–રોગી—રોગમાં વિગઈઓ વાપરી શકે પણ તે રસ-લોલુપતાથી નહીં પણ કેવળ રોગશમન માટે જ.'

(નિ. ગા. ૩૧૭૦)

(૪) 'લક્ષ્યે જલદી પહોંચવા કલાન્ત દિશામાં વિશ્રામ લેવો પડે છે. એ વિશ્રામ અપવાદ છે. ચાલ ઉત્સર્ગ છે. બન્નેનો હેતુ પહોંચવાનો છે. આ દૃષ્ટિએ વિશ્રામ ગતિને વેગ આપનારી ક્રિયા છે. એથી સાધક તાજો બની બમણા વેગથી દોડી શકે છે ને એ રીતે વિલંબનું સાટું વાળી નાખે છે. વ્યવહારની ભાષામાં એ અગતિ છે, પણ નિશ્ચયની ભાષામાં ગતિ છે. (આચાર્ય સંઘદાસગણિ)

(૫) 'જે સાધક સ્વસ્થ અને સમર્થ છે એના માટે ઉત્સર્ગ સ્વસ્થાન છે અને અપવાદ પરસ્થાન છે. પણ **જે અવસ્થ અને અસમર્થ છે એના માટે અપવાદ સ્વસ્થાન છે અને ઉત્સર્ગ પરસ્થાન છે.** અપવાદના મૂળમાં સંયમ ભાવના છે. જ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત કરવાની ઇચ્છા છે.' (બૃહત્કલ્પ ભાષ્ય પીડિકા ગા. ૩૨૩)

(૬) 'સંયમના પાલન અર્થે મરણ થાય તેમ હોય તો અપવાદ સેવીને પણ જીવન બચાવવું. જીવન હશે તો ફરી વિશુદ્ધ બની સંયમની સાધનામાં પ્રગતિ સાધી શકાશે.' (આચાર્ય ભદ્રબાહુ—ઓઘનિર્યુક્તિ)

જૈન ધર્મ સૂક્ષ્મ અહિંસા પાલનનો આગ્રહી ધર્મ હોવા છતાં પાછળથી માંસાહાર અને એને કારણે ચાલેલી ચર્ચાઓ—પ્રતિચર્ચાઓ, એનાં મૂળ કારણો તથા આપવા પડેલા અપવાદો ઉપરાંત એની સજીવતા—નિર્જીવતા, આધાકર્મ દુષિતતા—રહિતતા અંગેની વિચારણા તેમ જ એ અંગે લોકનિંદાનો ડર તથા મુનિવેશ છોડી દેવાનો પ્રશ્ન એ બધા અંગે

જે જે ગ્રંથો દ્વારા એ કાળનું ચિત્ર રજૂ થાય છે એ બધા આ જ સમયમાં લખાયા હોઈ એ કાળ કેવો ભયંકર આવ્યો હશે એની સહેજે કલ્પના થઈ શકે છે. અને એને કારણે જ શંકા-કુશંકાભરી આવી બધી ગરબડો ઊભી થઈ છે.

છેલ્લાં ૨૫–૩૦ વર્ષમાં સાધુ સંસ્થામાં પ્રવિષ્ટ થઈ ગયેલી કેટલીક અધમ વ્યક્તિઓ બૂરાં કામો કરી ભાગી છૂટી છે એથી પરંપરા કંઈ ઓછી નથી વગોવાઈ. પણ એથી પરંપરાની વિશુદ્ધિને આપણે દોષિત નહીં ઠરાવી શકીએ ને એવી વ્યક્તિઓ તો સત્યુગમાં પણ પાકતી જ રહી છે.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી પ્રસિદ્ધ થયેલો શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈકૃત 'જૈન સાહિત્યનો ઇતિહાસ' પણ આ જ વાતનું સમર્થન કરે છે.

"૧લું છેદસૂત્ર નિશીથ છે. આચારાંગાદિ સૂત્રોમાં મુનિઓના આચારનું નિરુપણ છે. તે આચારથી **પતિત** થનારા માટે આલોચના લઈ પ્રાયશ્ચિત્ત કરી વિશુદ્ધ થવાનું બતાવ્યું છે." (પાનું ૭૬)

"મહા નિશીથમાં પણ આલોચના અને પ્રાયશ્ચિત્ત છે. સારા–**નઠારા** સાધુઓના આચાર સંબંધે એમાં કહેલું છે. (પાનું ૭૯)

આમ **પતિત** અને **નઠારા** સાધુઓ માટે જે પ્રાયશ્ચિત્તની વિધિઓ કહી છે. એ જ એ વાત સિદ્ધ કરે છે કે પરંપરા વિશુદ્ધ જ હતી. છતાં બીજી બાજુ કેવી આંધિઓ ઊડી હશે? અને એ આંધિ-ઓમાંથી પસાર થવા છતાં એણે અણદાગલ રહેવા માટે કેવું ભવ્ય સત્ત્વ પ્રગટાવ્યું હશે?

શ્રી પ્રભુદાસ બેચરદાસ પંડિત પણ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રની પ્રસ્તાવનામાં એ જ વાત જણાવે છે કે :—

અસાધારણ પ્રસંગોમાં અનિવાર્ય સંયોગોમાં ચારિત્ર્યના પાલનની અપેક્ષા રાખીને છેલ્લી હદના પ્રાયશ્ચિત્તની લાયકાત સુધી વ્યક્તિને અપવાદ આપવામાં હરકત લેવામાં આવતી નથી. (પાનું ૧૨૦)

**પ્ર. ૭** મત્સ્ય–માંસવાચક જૂની ભાષાનું કારણ આપી મત્સ્ય –માંસપરક અર્થ ઉપરાંત તમે વનસ્પતિપરક અર્થનું ઉમેરણ કરી આ વિવાદાત્મક કોયડો ઊકેલવાનો સારો પ્રયત્ન કર્યો છે. પણ જૂનાં શાસ્ત્રોમાં એવી ભાષા વપરાઈ જ શા માટે હશે?

ઉ. ૭ આ પ્રશ્ન સમજવા માટે આપણે પ્રાગૈતિહાસિક કાળ સુધી દૃષ્ટિ લંબાવવી પડશે. આ અંગે આજ સુધીમાં જે કંઈ વૈજ્ઞાનિક સંશોધનો થયાં છે એ આધારે આપણે કહી શકીએ છીએ કે આદિ માનવ જંગલી હતો. ગુફામાં એ પડી રહેતો, અને કાચા માંસ–મચ્છી પર નભતો. પાછળથી એક કુટુંબ બાંધી રહેવા લાગ્યો. અગ્નિની શોધ આ પછીના સમયમાં થઈ હોઈ પછી એ રાંધતાં–પકવતાં શીખ્યો. જુદી જુદી વાનીઓ બનાવતાં પણ શીખ્યો. આથી એની પાસે શબ્દભંડોળ વધવા લાગ્યો હતો. પણ એક જગ્યાએ સ્થિર થવાથી રોજ રોજ પૂરો શિકાર મળતો નહીં તેમ જ દૂર જવું હવે એને પાલવતું પણ નહીં. એથી હવે એણે વનસ્પતિનું ખોરાકમાં ઉમેરણ કરવા માંડ્યું. પણ એ અંગેના શબ્દો તો એની પાસે ત્યારે હતા જ નહીં. જેથી રૂપ–રંગ–આકાર તથા સ્વાદના સામ્યને કારણે મેળ ખાતી વનસ્પતિ માટે એણે પોતાના મત્સ્ય–માંસવાચક શબ્દનો જ ઉપયોગ કર્યો અને ત્યારે એનો હેતુ કેવળ ખોરાક સૂચવવા પૂરતો જ હતો.

પરંતુ માનવ દિલની ભાવનાના વિકાસ સાથે એનામાં એક દિવસ કરુણાનો ઉદય થયો અને તેથી ભક્ષ્યાભક્ષ્યનો નવો પ્રશ્ન ઉપસ્થિત થતાં એ હવે વનસ્પતિ તરફ ઝૂક્યો. પણ શબ્દો તો જૂનાં જ અર્થાત્ મત્સ્ય–માંસવાચક જ રહી ગયા. પણ પાછળથી જ્યારે એમાં તીવ્રતા આવી ત્યારે ગોટાળો થતો હોઈ એણે વનસ્પતિ માટે નવા શબ્દો ઊભા કરવા માંડ્યા. પણ શબ્દો એમ એક રાતમાં ઊભા કરી શકાતા નથી કે બદલી શકાતા પણ નથી. જેથી આ પ્રક્રિયા લાંબા સમય સુધી ચાલી, પણ ત્યાં સુધી તો જૂનાં શબ્દોથી જ કામ લેવાનું હતું. આ કારણે શરૂઆતમાં સ્પષ્ટતા કરી લેવી પડતી; જેમ ભગવાન

મહાવીરે સોમિલ બ્રાહ્મણ સાથેની ચર્ચામાં સ્પષ્ટતા માંગી હતી તેમ. પ્રાચીન શસ્ત્રોમાં મત્સ્ય–માંસવાચક શબ્દો શા માટે છે એનું મૂળ કારણ આ હતું.

કેટલીક વાર એમ પણ બનતું કે વનસ્પતિ માટે શોધાયેલા સ્વતંત્ર શબ્દો પણ ક્યારેક અર્થપરિવર્તન પામી માંસવાચક બની જતા તેમ જ ચોખ્ખા માંસવાચક શબ્દો પણ ક્યારેક વનસ્પતિવાચક બની એવું રૂપ ધારણ કરતા કે એનું મૂળ શોધવું પણ મુશ્કેલ થઈ પડે. દા. ત. શંખાવલિ—કૂકડવેલ વગેરે. યુગે યુગે શબ્દોના અર્થો આમ બદલાતા રહેવાથી ભગવાન મહાવીરે પહેલેથી જ શબ્દો પર નહીં પણ અર્થ પર જ ભાર મૂક્યો હતો. આ કારણે જૈન શસ્ત્રોમાં પહેલેથી જ અર્થ પરંપરા પર ભાર દેવાતો રહ્યો છે. પણ સમય જતાં અર્થપરિવર્તનનો આ ઇતિહાસ તથા એનું મૂળ કારણ ભુલાઈ જવાને કારણે આ પ્રશ્ન ગહન કોયડો બની લાંબા વખતથી ઘોળાતો રહ્યો છે. આનું બીજું પણ કારણ હતું કે સહુએ શબ્દ પર જ ભાર મૂક્યો. પણ શબ્દશાસ્ત્રના ઇતિહાસ તરફ કોઈએ ધ્યાન જ ન આપ્યું.

**પ્ર. ૮** શાસ્ત્રોમાં આવેલા શંકાસ્પદ પાઠોનું જે રહસ્ય તમે ઊકેલી શક્યા છો, એથી એ પ્રકારના જ અર્થો હોવાનો પૂરો સંભવ છે. બીજી રીતે એ પ્રશ્ન ઊકેલી શકાય તેમ લાગતું પણ નથી. આમ છતાં આવા પાઠો કેવળ રોગાક્રાન્ત મુનિઓ માટે જ છે એવો ક્યાંય ઉલ્લેખ ન હોઈ ઊલટું તમારું એ પ્રકારનું લખાણ આખી પરંપરાને માટે માંસાહારનાં એક મજબૂત પુરાવારૂપ બની રહેશે એવો મને ભય છે.

**ઉ. ૮** ૬ઠ્ઠા પ્રશ્નના ઉત્તરમાં મેં એનો વિસ્તારથી જવાબ આપ્યો છે. પણ એની વિશેષ ચર્ચા કરીએ. રોગાક્રાન્તનો અર્થ જરા વધારે વ્યાપક કરવો પડશે. માણસ સશક્ત હોય, હૃદયપુષ્ટ હોય પણ જો એ દારૂ કે અફીણના વ્યસનમાં ફસાયેલો હોય તો એ વસ્તુ ન મળતાં એની જે દશા થાય છે એથી એને રોગાક્રાન્ત જ કહેવો પડશે; કારણ

કે શરીર એનું શિથિલ બની જાય છે, નાડો તૂટવા લાગે છે અને મન વ્યગ્ર બની જાય છે. અને એ કદાચ વ્યગ્ર ન બને તો પણ જેમ દૂધ વિના આરોગ્ય જળવાતું નથી તેમ કોઈના શરીર પર એવી અસર થાય એ પણ રોગાક્રાન્ત જ છે. આવા રોગાક્રાન્તને માટે જ અપવાદ પાઠો છે. એના પુરાવા શ્રી ભદ્રબાહુસ્વામી તથા નિશીથકારે તો આપ્યા જ છે જે આપણે જોઈ ગયા છીએ.

આમ છતાં એક વાત એ પણ છે કે જેમ માતા બાળકને તેડી લેવા નીચી નમે છે ત્યાર પછી જ બન્ને સમાન ઊંચાઈએ પહોંચે છે. પણ એમ નમવા માટે નથી માતાને ખેદ થતો, નથી એને શરમ લાગતી કે નથી કોઈ સ્વમાનનો ઘા એને સ્પર્શતો. એ તો પ્રેમના અદ્વૈતાનુભવમાં એકરૂપતા જ અનુભવે છે. નથી એને જગતના અભિપ્રાયોની પડી કે નથી એને કોઈના માન–અપમાન કે નિંદા–સ્તુતિની પડી. અંદરથી ફૂટેલા સ્વયંભૂ પ્રેમની મસ્તીમાં જ એ મસ્ત હોઈ એને કોઈ પણ પ્રકારના અસમાધાનનો સ્વપ્ને પણ ખ્યાલ નથી આવતો.

માતાની જેમ એ કાળના ગુરુઓને પણ પોતાના પ્રિય બાળક તુલ્ય શિષ્યોને ઊંચે ઊઠાવવા નીચે નમવું પડ્યું હોય એથી મૂર્ખ માણસો આખી પરંપરાને દોષિત બનાવવા પોતાની તર્કકુશળ બુદ્ધિનો ગમે તે ઉપયોગ કરે પણ એ ગુરુઓ તો અંદરથી ફૂટેલા સ્વયંભૂ પ્રેમને કારણે સ્નેહ–કારુણ્ય ભાવનામાં એટલા તરબોળ હતા કે **જગતના અભિપ્રાયોની એમને કશી જ પરવા નહોતી.** એનો એમને વિચાર પણ નહોતો આવતો. એ તો માતાની જેમ પડેલાઓને ઊંચે ઊઠાવવાના વિચારો અને પ્રયત્નોમાં જ મસ્ત હતા અને એ માટે એમણે સૂઝ્યા તે માર્ગો લીધા હતા. **સ્નેહ–કારુણ્યભાવ એ જ એક માત્ર ત્યારે એમનું આચારશાસ્ત્ર બન્યું હતું.**

**બાકી પંડિતગણ ગમે તે અભિપ્રાય બાંધે. શબ્દોના ગમે તે ચૂંથણાં ચૂંથે પણ સ્નેહ–કારુણ્યભાવ જગતના અભિપ્રાય પર નથી અવલંબતો. પણ સ્વયંભૂપણે અંદરથી જ**

**પ્રગટવાને કારણે એ પોતે જ શાસ્ત્રપુરાવો બની રહે છે,** જેનો સ્વીકાર કદાચ આજનું જગત નહીં તો ભવિષ્યનું જગત તો કરવાનું જ છે. ગુરુઓનો એ મંગલ કરુણા–સ્રોત જ્યારે જગતને સમજાશે ત્યારે એ પોતે જ જગતના બદલાયેલા અભિપ્રાયનું કારણ બની શાસ્ત્રપુરાવો બની રહેશે.

અશુભ સંસ્કારોની પકડમાંથી ઝટ છૂટી શકાતું નથી. એમાં વળી જો એને જેવો તેવો શાસ્ત્રપુરાવો મળી રહે છે તો પછી એને બ્રહ્મા પણ સમજાવી શકતો નથી. છતાં શાસ્ત્રાધાર શોધી પોતાના મંતવ્યને વાજબી ઠેરવતા એ કાળના એવા મુનિઓ પર વિજય મેળવી એમને ફરી સન્માર્ગે ચડાવવા એ હિમાલયને અદ્ધર તોળવા જેવું ભારે કપરું અને કઠણ કામ હતું. છતાં અલ્પ સમયમાં જ એમણે એવાઓના હૃદયને જાગ્રત કરી મહાવિજય પ્રાપ્ત કર્યો હતો. એથી શાસનશુદ્ધિના ધ્યેયને પાર પાડનાર એ કાળના સ્થવિરો કેટલા ઉદાર, ભવ્ય, તેજસ્વી, સ્નેહસિંધુ, ધૈર્યવાન અને આત્મશ્રદ્ધાળુ હશે? **ખરેખર એવા વીર્યવાન ગુરુઓનાં પરાક્રમોને માપવાનું આપણી પાસે જો કોઈ સાધન હોત તો જ આપણે એમની મહત્તા જાણી શકત.** બાકી આક્ષેપો, નિંદાઓ અને ટીકાઓના હળાહળ ઝેરને પી જઈને પણ વ્યાકુળ હૃદયમાં પ્રવેશ પામવા માટે એ કેટલા નમ્ર–સહિષ્ણુ છતાં દૃઢ સંકલ્પી અને અનુકૂળ થવાની આવડતવાળા બન્યા હશે એ વિચારીએ છીએ ત્યારે **ખરેખર ગાંડા જગતને મૌન સિવાય બીજો શો ઉત્તર આપવાનો હોય?** કારણ કે જે જે માંસાહારી કોમોને એમણે પાછળથી જૈનતત્ત્વની દીક્ષા આપેલી એવી કોમો આજે સેંકડો વર્ષોથી જૈન ધર્મવિહીન બની ગઈ હોવા છતાં પણ ચારે બાજુ પ્રવર્તતા માંસાહારી વાતાવરણ વચ્ચે પણ એ આજે નિરામિષાહારી રહી શકે છે. દા. ત. સરાક જાતિ તથા ઓરિસ્સાના કાલિયા બાબાના પૂજક ૪૦ હજાર જેટલા લોકો. એ બતાવે છે કે એ પવિત્ર પુરુષોએ પોતાની પરંપરા દ્વારા એમનામાં કેવું ઊંડું સંસ્કાર ઘડતર કર્યું હશે? અને એમાં જ એમની મહત્તા અને ભવ્યતાનાં દર્શન થાય છે.

પણ દુઃખની વાત છે કે ‘માંસાહાર’ શબ્દથી આપણે એટલા બંધા ભડકેલા છીએ કે પૂર્વાચાર્યો પવિત્ર કરુણાળુ સંતો હતા. પરંપરા પણ વિશુદ્ધ હતી એ જાણવા છતાં જેમણે પેટ ભરવા માટે ઘૂસી ગયેલાઓને પણ મૂંડી નાખ્યા એટલું જ નહીં, ભારતીય સંસ્કૃતિના ઉત્થાન માટે એમની દ્વારા જ કામ લેવા એમનું એવું વિશિષ્ટ ઘડતર પણ કર્યું કે જેના પ્રતાપે જ આજે આપણે ઉજળા છીએ અને વિશિષ્ટ ગૌરવથી વિભૂષિત બન્યા છીએ છતાં **નથી આપણને એ ગુરુઓની ભવ્યતા દેખાતી કે નથી એમની ઉદારતા કે કરુણા સમજાતી.** પણ કેવળ એક ‘માંસાહાર’ શબ્દને કારણે જેમ શરીરને ચટપટિયું ચોંટતા કૂદાકૂદ કરી મૂકીએ છીએ તેમ આપણે ‘ભયંકર’ ‘ભયંકર’ કહી બૂમો પાડી ઊઠીએ છીએ એનાથી આપણી કઈ બીજી કરુણ લાચારી હશે? એથી ભયંકર કાળમાં કોઈએ અપવાદ સેવ્યો હોય તોય શું? કારણ કે ધ્યેય આપણું મોક્ષ છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર સાધના છે. આચારનું પાલન ચારિત્ર કહેવાય છે. જો એ ચારિત્રના ફળરૂપે જ્ઞાન–દર્શનની હાનિ થતી હોય તો તે ચારિત્ર ચારિત્ર નથી રહેતું જેથી આચાર બદલવો પડે, તેમ જ મોક્ષનું સાધન દેહ છે અને દેહનું સાધન આહાર છે. યોગ્ય આહારના અભાવે પૂર્વ-સંસ્કારોને કારણે શરીર સ્વાસ્થ્ય ન જળવાય અને તેથી જ્ઞાન–દર્શનની હાનિ થતી હોય તો આહારમાં અપવાદ સેવીને પણ દેહ ટકાવવો એવો પ્રશ્ન નિશીથમાં જ પૂછવામાં આવ્યો છે.

**પ્ર. ૯** તમે આચારાંગના બે ભાગ પાડી પહેલો ભાગ ગણધર સુધર્માસ્વામીની રચના છે ને બીજો ભાગ સ્થવિરોની રચના છે એમ કહ્યું છે, જે તમારી કેવળ કલ્પના જ છે. અને તેથી તમે તારવેલા અર્થો પણ તમારી કલ્પનાના જ છે. બાકી આચારાંગ તો એક સળંગ ગ્રંથ છે.

**ઉ. ૯** (૧) પંડિતોના કહેવા મુજબ પ્રથમ સ્કંધની ભાષા પ્રાચીન છે, જ્યારે બીજાની અર્વાચીન છે. વળી પ્રથમ ભાગ છૂટક

વિચારોનો સંગ્રહ છે, જ્યારે બીજો વ્યવસ્થિત મુદ્દાઓનો છે. એટલે બંનેની ભાષા અને રચના પદ્ધતિ જુદી પડે છે.

(૨) ૧ લા સ્કંધમાં ૮ મા અધ્યયનમાં જે આચારોનું નિરુપણ છે એનું જ ભાષ્ય ૨ જા સ્કંધના ૧૦ થી ૨૨ સુધી અધ્યયનોમાં થયું છે. જેથી બીજો ભાગ પાછળની રચના છે એ સિદ્ધ થાય છે.

(૩) પ્રથમ સ્કંધનું ૭ મું મહાપરિજ્ઞા અધ્યયન વિચ્છેદ ગયું છે. છતાં તેમાંથી સપ્તૈકક તરીકે પ્રખ્યાત ૭ અધ્યયન તેના વધારા રૂપે ખેંચીને બીજા સ્કંધમાં બીજી ચૂલિકારૂપે લખાયાં છે એમ જે એની ટીકામાં જ કહ્યું છે એ જ એનો પુરાવો છે કે બીજી ચૂલિકાઓ એ પાછળનું ઉમેરણ છે.

(૪) અનાથી પણ સ્પષ્ટ પુરાવો શ્રી ભદ્રબાહુસ્વામી પોતે રચેલી આચારાંગ નિર્યુક્તિમાં ગાથા ૧૧ દ્વારા ખુલાસો આપે છે કે 'મૂલ આચારાંગ' કેવળ પ્રથમ સ્કંધના ૯ અધ્યયન સુધી જ હતું. જ્યારે બીજું શ્રૂતસ્કંધ એ સ્થવિર મુનિઓની રચના છે, જે આચારાંગના વધારારૂપ છે. એટલે હવે આમાં બીજી કોઈ શંકાને સ્થાન જ રહેતું નથી.

**પ્ર. ૧૦** તમને આ પ્રશ્ન હલ કરવાની એક ધૂન લાગી છે. પણ તમારું પુસ્તક ઊલટું માંસાહારના પ્રચારનું જ એક સાધન બની જશે. અને સરકારને પણ એના પ્રચારમાં ટેકો મળશે. પણ આજે તમે એક તાનમાં છો એટલે મારી વાત આજે નહીં સમજાય.

**ઉ. ૧૦** પૂર્વકાળના ઋષિ, મહર્ષિઓ, ઇશ્વરના અવતાર ગણાતા પુરુષો, આજના કેટલાક વિશ્વપ્રસિદ્ધ સંતો તેમ જ અહિંસા–કરુણાના અવતાર ભગવાન બુદ્ધ જેવા મહામાનવો માંસાહાર કરતા. આવા સ્પષ્ટ અને જોરદાર દાખલા છતાં નથી માંસાહારીઓએ કે નથી સરકારે એમનો આધાર શોધ્યો. તો પછી ભારતની $\frac{૧}{૩૦૦}$ જેટલી અતિઅલ્પ વસ્તી ધરાવતા અને કેટલાક ભાગોમાં તો જૈનો

વિષે લોકોને માહિતી પણ નથી એવા જૈનોના સાધક મુનિઓએ આજથી ૨૩૦૦ વર્ષ પહેલા માંસ ખાધું હતું એટલા માત્રથી માંસાહારને વેગ મળશે અને સરકારને પણ કોઈ અદ્ભુત પુરાવો મળી જશે એમ માનવું એ એક પ્રકારનું ગાંડપણ જ છે. ખરી રીતે તો આજ સુધી પોતાનો માનેલો અર્થ છોડવો પડે તેમ છે એ જ કારણે આવો અણગમો ને ઊકળાટ પેદા થયો હોય તેમ લાગે છે.

વળી હરેક વિદ્યાર્થી પોતાના પાઠ્યપુસ્તકોમાં ભણે છે કે, 'યુધિષ્ઠિર–નળ જેવા પુણ્યશ્લોક પુરુષો જુગાર રમતા અને હારતા તો સ્ત્રીઓને પણ હોડમાં મૂકતા. દ્રૌપદીને પાંચ પતિ હતા છતાં એ મહાસતી ગણાઈ. સંતાન પ્રાપ્તિ માટે દશરથે યજ્ઞ કરી ૩૦૦ પશુઓને અગ્નિમાં હોમ્યા. સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર પુત્ર રોહિતનો યજ્ઞમાં ભોગ આપવા તત્પર થયો. યાદવો તથા ક્ષત્રિય રાજાઓ દારૂ પણ છૂટથી પીતા.' આવા દૃષ્ટાંતો છતાં નથી એકે બાળકે કે બાલિકાએ એવો આદર્શ સ્વીકાર્યો. એ સમજે છે કે આવી વાતો કેવળ એ યુગની ઘટેલી ઘટનાઓ છે. માનવ સભ્યતાના ક્રમિક વિકાસનો એ ઇતિહાસ છે. એ આદર્શ નથી કે અપનાવવા જેવો આચાર પણ નથી. તો પછી 'માંસાહાર પરિહાર' વાંચવાથી શું લોકો માંસાહાર કરવા લાગી જશે? એટલે જે ભય બાળકોને નથી એ મોટેરાઓને છે એથી કહેવું પડે છે કે એનું કારણ કોઈ જુદું જ હોવું સંભવે છે.

**પ્ર. ૧૧** કોઈના હાથ, કોઈના પગ, કોઈનું ધડ તો કોઈનું માથું મેળવી જેમ એક માનવ શરીર ઊભું કરવામાં આવે તેમ તમે ભિન્ન ભિન્ન શાસ્ત્ર ગ્રંથોમાં વેરાયેલા પાઠો–શબ્દો તથા વાક્યો ઉપાડી લઈ આખું માળખું બાંધવામાં એવી ખૂબીથી ઉપયોગ કર્યો છે કે જેથી હરકોઈને તમારી વાત ગળે ઊતરી જાય. પણ તમે તર્ક અને કલ્પનાથી જ ગોળા ગબડાવ્યા લાગે છે. નથી એને કોઈ દ્વિ–અર્થક પદ્ધતિનો આધાર કે નથી પતિત મુનિઓ માટે જ આ પાઠ લખાયા હતા એનું કોઈ ઐતિહાસિક પ્રમાણ એટલે આવા શેખચલ્લીના

તુક્કા ન ચાલે. બાકી ગુરુઓ તો આ કે તે પણ સ્પષ્ટ અર્થ જ આપે એ દૂધ–દહીંની નીતિ ન અપનાવે.

ઉ ૧૧ ભલા માણસ! જો આવા સ્પષ્ટ પુરાવા અને ઐતિહાસિક આધારો હોત તો તો આ પ્રશ્ન જ ક્યાંથી ઉદ્‌ભવત? અને એને કારણે સેંકડો વર્ષોથી આપણે મૂંઝાતા રહ્યા છીએ અને નિંદા–આક્ષેપો સહન કરતા રહ્યા છીએ એવી પીડા પણ શા માટે ભોગવતા રહેત!

આમ છતાં જેમ ગુફામાં દોરાયેલા ચિત્રો–ખોદકામમાંથી મળેલા હથિયારો, વાસણો, સ્થાપત્યના ભગ્નાવશેષો, જમીનના થરો તથા ઊંડેથી મળેલી અન્ય ચીજો ઉપરથી જેમ ઇતિહાસકારો આદિ માનવ યુગથી ઇતિહાસનું સર્જન કરી શક્યા છે તેમ આ ઇતિહાસ પણ એવા વેરાયેલા આધારો પર રચાયેલો છે. પણ એથી એ શેખચલ્લીના તુક્કા તો નથી જ. એને પણ આધારો તો છે જ. ફક્ત એને યથાયોગ્ય રૂપે ગોઠવી એમાંથી રહસ્ય શોધવાની ખૂબીનો જ આ સવાલ છે. જેમ કારણો ઉપરથી કાર્યનું અનુમાન કલ્પી શકાય છે તેમ કાર્ય ઉપરથી કારણો પણ શોધી શકાય છે.

બાકી ગુરુઓની વાત કરીએ તો—જો આપણને સાચી માતા બનવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હોત તો જ એમની હૃદયભાવના સમજી શકત કે એમણે આમ કેમ કર્યું ને આમ કેમ ન કર્યું? કારણ કે એમને તો ગમે તે રીતે માનસશાસ્ત્રીય પ્રયોગો દ્વારા એવાઓના હૃદયને જીતી એમને મૂળ માર્ગ પર લાવવા હતા. આ કારણો એમની હૃદય–ભાવના સમજવી એ તર્કનો નહીં પણ હૈયાની સૂઝનો સવાલ બને છે. અને દ્વિ–અર્થક પદ્ધતિના આધારનો સવાલ પૂછવો એ તો જૈન ધર્મ વિષેની એ બાબતની અજ્ઞાનતા જ સૂચવે છે. જૈન ધર્મે કહ્યું છે કે જેમાંથી એક અર્થ નીકળે તે ભાષા, એકથી વધુ અર્થ નીકળે તે વિભાષા અને યથાતથ્ય અર્થ નીકળે તે વાર્તિક કહેવાય છે. બ્રહ્માજીએ જુદા જુદા—સંસ્કારોવાળા દેવો, મનુષ્યો અને રાક્ષસોને એક

માત્ર द નો જ ઉપદેશ આપ્યો હતો. પણ અર્થ જુદા હતા ગીતાએ પણ ચોક્કસ શબ્દો દ્વારા ભિન્ન ભિન્ન વર્ણ-સંસ્કારવાળાને જુદા જુદા અર્થો આપ્યા છે. જૈન કથાનકમાં પણ ત્રણ જુદી જુદી માગણી કરનારી વ્યક્તિઓને 'सरोनत्थि' દ્વારા કંઠ નથી, બાણ નથી તેમ જ સરોવરં પણ નથી એવો અનેક અર્થાત્મક જવાબ દેવામાં આવ્યો છે. એટલે આ પદ્ધતિ એ કંઈ કોરી કલ્પના નથી. **નિશીથ ગાથા ૫૨૩૪ તો સ્પષ્ટપણે જણાવે છે કે કયા સૂત્રને ઉત્સર્ગ, કયાને અપવાદ અને કયાને તદુભય માનવા એ માટે વિવિધ સૂત્રોની વિચારણા કરીને જ અર્થ કરવો.** કેટલીક વાર એમ પણ બને છે કે એક મહાન પુરુષના વાકયમાંથી ઊલટાસૂલટી અર્થો તારવીને પણ લોકો દ્વિઅર્થક પદ્ધતિને જન્મ આપે છે. બાકી ગુરુઓનો હેતુ દૂધ-દહીંની નીતિ રાખી બંને બાજુ ઢોલકી બજાવવાનો નહોતો પણ સાધકોની યોગ્યતા પ્રમાણે અર્થ આપી એમને વિકાસ માર્ગે ચડાવવાનો હતો. અને છેલ્લે કહું તો બંને બાજુના અર્થો કરનારા આચાર્યો કંઈ સામાન્ય પુરુષો નહોતા. પણ સમર્થ પૂર્વાચાર્યો હતા. પણ આચારાંગના દ્વિઅર્થક પાઠો શા માટે, કયારે અને કયા સંજોગોમાં આવ્યા હતા એનો ભેદ ભૂલાવાથી એક અચાર્યે એક અર્થ આપ્યો, બીજાએ બીજો. છતાં બંનેએ એક બીજાના દૃષ્ટિબિંદુનો સ્વીકાર તો કર્યો જ છે. એ જ એની પ્રબળ સાબિતી છે કે આ પાઠો દ્વિઅર્થક હતા. બાકી તો કોઈનો પણ આશય ખોટું કહેવાનો કે નિરાધાર અર્થ આપવાનો નહોતો. તેમ જ આવા પાઠો રચવાનો હેતુ પણ અલ્પ સમય અનુકૂળ બનીને ફસાયેલાઓને સુધારવાનો જ હતો.

**પ્ર. ૧૨** તમે હીરાલાલ દુગડનું 'ભગવાન મહાવીર અને માંસાહાર પરિહાર' તથા મુનિશ્રી કલ્યાણવિજયજીનું 'માનવ ભોજ્ય મીમાંસા' વાંચી જાઓ. એમાં હરેક શંકાસ્પદ પાઠોના અર્થો વનસ્પતિ જ છે એવું સિદ્ધ કરવામાં આવ્યું છે. જ્યારે તમે દીક્ષિતો સાથે માંસાહારની વાત ઊભી કરી તમારા પુસ્તકને ભયંકરમાં ભયંકર બનાવી દીધું છે.

એથી જૈન સમાજ તમારી વાતથી ધ્રૂજી ઊઠશે.

**ઉ. ૧૨** ડૉકટર પેટી ખોલી નસ્તર બહાર કાઢે એ જોઈને પ્રથમ તો ધ્રુજારી છૂટે જ. પણ લાંબા વખતનું પાકી ગયેલું ગૂમડું કાપી રગદળ બહાર કાઢી નાખવામાં આવે છે ત્યારે દરદી કેવી હાશ નાખી નિરાંત અનુભવે છે? ને પછી તો એ જૂની પીડાને જ ભૂલી જાય છે. તેમ ૨૦૦૦ વર્ષથી મૂંઝવતી રહેલી વિચાર પકડની ગાંઠને છેદતાં થરથરાટી અનુભવાય એ સ્વાભાવિક છે પણ આંચકાનો પહેલો જુવાળ ઊતરી ગયા બાદ નિર્માણ થયેલા ભવ્ય ઇતિહાસને કારણે જ્યારે સમાજમાં ગૌરવભરી અસ્મિતા પ્રગટ થશે ત્યારે એ ધ્રુજારીને બદલે પછી ગૌરવ જ અનુભવશે.

બાકી વનસ્પતિ અર્થને ચીપકી રહી ગૂમડાને પંપાળવાથી દર્દ મટવાનું નથી ભલે પછી ૧૦૦૦ દુગડ સાહેબ કે ૧૦૦૦ મુનિશ્રી એને પંપાળ્યા કરે. માંસ વહોરવાની બાબતમાં મુનિવેશ ઊતારવાની વાત, તેમ જ એ બાબતમાં અપવાદ માર્ગનું આલંબન ગુપ્ત રાખવાની વાત, હરિશ્ચંદ્ર ગણિનો પ્રશ્ન અને ગુરુનો ઉત્તર નવ વિગઈઓ ઘડીએ ઘડીએ ન વાપરવાની ભદ્રબાહુસ્વામીની આજ્ઞા, તેમ જ આચારાંગની ટીકામાં मांसादि दोष परिहरण समर्थः વગેરે પાઠોનો વનસ્પતિ અર્થ કેવી રીતે યોજી શકાય? સિવાય કે આપણી હાંસી ન કરાવવી હોય તો. એટલે મારું પુસ્તક ભયંકર નથી પણ વિચાર પકડને કારણે પોષાયેલી ગાંઠ અને એને કારણે ઘવાતું 'અહં' જ ભયંકર છે.

**પ્ર. ૧૩** આપણા હાલના સમર્થ આચાર્યો પણ દેશના કે મેકસમૂલર, હર્મન જેકોબી તથા ડૉ. શુબ્રિંગ જેવા પરદેશના પંડિતોને ય વનસ્પતિ અર્થ ગળે ઊતરાવી શક્યા નથી, ત્યાં તમારું શું ગજું? એથી કદાચ તમે જે છે એથી યે વધુ ગૂંચવાડો ઊભો કરશો.

**ઉ. ૧૩** ગૂંચવાડો થવાનો કોઈ નવો ભય તો નથી જ, કારણ કે એ તો ચાલ્યો જ આવે છે. એટલે જે કોઈનો પ્રયત્ન ઠીક હશે

તો એ ગૂંચવાડો મટાડવામાં જ ઉપયોગી થશે. બાકી જે વાત મોટા પુરુષોને પણ નથી સૂઝતી એ કયારેક નાના માણસને પણ સૂઝી આવે છે એમ નથી બનતું ? એથી પંડિતોને ગળે ઊતરાવવામાં હાલના આચાર્યો નિષ્ફળ ગયા હોય એથી સંશોધનના દ્વાર કંઈ બંધ ન થઈ શકે. અલબત્ત એ આચાર્યો સમર્થ હતા પણ કાળ પાકતો નથી ત્યાં સુધી સમર્થ પુરુષો પણ નિષ્ફળ જાય છે અને કાળ પાકે છે ત્યારે એક બાળકથી પણ સમસ્યા હલ થઈ જાય છે.

**પ્ર. ૧૪** તમે જે રહસ્ય પ્રગટ કર્યું છે એ બરાબર છે, પણ વસ્તુ સત્ય હોવા છતાંય કેટલીક વાર પ્રજાના હિતને નજર સમક્ષ રાખીને સત્યને પણ ગુપ્ત રાખવું પડે છે. પાકિસ્તાન આજે આપણી સામે યુદ્ધે ચડ્યું છે ત્યારે સરકારને પણ કેટલીયે વાતો ગુપ્ત જ રાખવી પડે છે.

ઉ. ૧૪ કોઈ પણ પ્રશ્ન એરણ ઉપર હોય છે ત્યારે કદાચ એમ કરવું પડે. દા. ત., આપણા પક્ષે મોટી જાનહાનિ થઈ હોય, આપણે પાછા હઠ્યા હોઈએ ત્યારે પ્રજાની નૈતિક હિંમત ટકાવી રાખવા એમ કરવું જ પડે. તેમ જ આપણા વ્યૂહ જાણી દુશ્મન જોર ન પકડે એ પણ વિચારવાનું હોય છે. પણ એ પ્રશ્ન જ્યારે ભૂતકાળનો વિષય બને છે ત્યારે આપણી હિંમત ટકાવી રાખી જુસ્સો પેદા કરવા માટે સત્યરહસ્ય ત્યારે ગુપ્ત રાખનારા એ જ નેતાઓ માટે આપણને માન અને ગૌરવ પેદા થાય છે. તે જ પ્રમાણે એ કાળમાં માંસાહારનો પ્રશ્ન પણ ખૂબ જ ગુપ્ત રાખવામાં આવતો. પણ આજે હવે એ ગુપ્ત રાખવાની કશી જ જરૂર નથી. આજે તો એમનો એ ધર્મવ્યૂહ પ્રગટ કરવાથી એ પૂજ્ય પુરુષોએ કેવી કુનેહ બુદ્ધિથી કામ લીધેલું એ જાણીએ છીએ ત્યારે તો ઊલટો એમના પ્રત્યેનો આપણો આદર ભાવ હજાર ગણો વધી જાય છે, કારણ કે કોઠાયુદ્ધમાં ફસાયેલા આપણે એમની જ કૃપાથી એ બધા કોઠાઓ ભેદીને સહિસલામત રીતે અને ઉન્નત મસ્તકે બહાર આવી શકયા છીએ.

**પ્ર. ૧૫** તમારો હેતુ શુભ હશે પણ કેટલીક વાતો દા. ત., ગૌતમે ભગવાનને પૂછેલો કાર્યસિદ્ધિના કાર્યકારણનો પ્રશ્ન જનતા સામે મૂકી જ ન શકાય. એથી શાસનની પ્રતિષ્ઠાને ખાતર કહું છું કે તમે માગો તે રકમ તમને આપી દઉં પણ આ નિબંધ ન છપાવતાં એને પાણીમાં જ પધરાવી દો. તમારામાં શક્તિઓ છે તો એવું પ્રમાણભૂત ધર્મસાહિત્ય પેદા કરો કે જે સર્વત્ર આવકાર પામે.

**ઉ. ૧૫** શ્રીમાન ! આપના મારા પ્રત્યેના સદ્‌ભાવની કદર કરું છું, પણ એથી ધનને ખાતર ધર્મ વેચવા નથી ઇચ્છતો. જેટલી આપના-માં શાસન પ્રતિષ્ઠાની ચિંતા છે એથી અનેકગણી મને મારા મહાવીરના શાસનનું ગૌરવ વધે એની ચિંતા–કાળજી છે. અને તેથી જ હું ૬૫ વર્ષની ઉંમરે અર્ધબિમાર હોવા છતાં દોઢ–બે વર્ષથી ગામેગામ ભટકી રહ્યો છું. આમ છતાં મારે નમ્રતાપૂર્વક કહેવું પડે છે કે આપને તથા આપના જેવી માન્યતા ધરાવનારાઓને આવી સીધી સાદી વાત કેમ ગળે ઊતરતી નથી કે જ્યારે મેં તો શાસ્ત્ર પર પ્રહાર કરનારાઓને ઘટતો જવાબ વાળી શાસનના ગૌરવનું રક્ષણ કર્યું છે ત્યારે તમે જ મારો વિરોધ કરો છો ? યાદ રાખજો કે આજે તો જૈનોનાં છોકરાં ઇંડાં–મચ્છી તરફ વળવા લાગ્યાં છે, છતાં એ ગુપ્તતા સેવે છે. પણ જ્યારે સમય બદલાશે–સંખ્યા એમની વધવા લાગશે અને છેદસૂત્રો–આગમ પાઠો સર્વજન સુલભ બનવા લાગ્યા હોઈ એવા પાઠો એમના હાથમાં આવી પડશે અને ત્યારે શરમ છોડી પોતાના આચારના સમર્થન માટે એ જ પાઠોનો આધાર આપણી સામે રજૂ કરશે ત્યારે બાઘાની જેમ ઊભા રહ્યા સિવાય આપણી પાસે બીજો કોઈ ઉપાય હશે ખરો ? એથી જ્યારે પાંચ વર્ષે કે દશ વર્ષે માંસાહારનો પ્રશ્ન તો ફરી ઊઠવાનો જ છે. આજે જે રીતે મહાત્મા ગાંધીજીની અહિંસક ગણાતી સરકાર ગાય–ભેંસાદિ પશુઓની ક્રૂર કતલ માટે જંગી કતલખાના ઊભા કરી રહી છે. મત્સ્યોદ્યોગને નામે લાખો કરોડો માંછલાઓનો વેપાર કરી રહી છે અને હૂંડિયામણ

રળવાને બહાને રિબાવી રિબાવીને મારવા માટે વાંદરા, દેડકાં–મરઘાંની નિકાસ કરી રહી છે એટલું જ નહીં, ભારતની જનતાને માંસાહાર તરફ વાળવાનો પણ પ્રચાર કરી રહી છે ત્યારે ઈશ્વરનો કાનૂન જો સાચો હશે. તો એ નિર્દોષ મૂક પ્રાણીઓની હાય એક દિવસ આપણને જ ભરખી જશે. પણ ત્યાં સુધી તો દિનભર દિન એ હિંસાનું તાંડવ વધતું જ રહેવાનું છે અને એને પરિણામે ખાનપાનની ચીજો દ્વારા ભ્રષ્ટ કરવાના અને નવી પેઢીઓને લલચાવવાના પ્રયત્નો વેગ પકડશે જ ત્યારે મારો જવાબ આપણને સ્થિર રાખી શકશે. એટલું જ નહીં, ભવિષ્યના વિદ્યાર્થીઓને જ્યાં જવું હશે ત્યાં જશે, પણ એ શાસ્ત્રપાઠોનો આધાર તો મેળવી શકશે જ નહીં, કારણ કે આ દૃષ્ટિએ જ શાસ્ત્રપાઠોનું ખરું રહસ્ય પ્રગટ કરી બૂરા આદર્શો માટેનો કોઈ આધાર જ મેં રહેવા દીધો નથી. બાકી **ખોટા ભયે કંઈ ગુપ્ત રાખશું તો એ ગુપ્તતા જ એક દિવસ ભયંકર હથિયાર બની આપણી સામે જ વપરાશે, આપણને જ ખાઈ જશે.**

**પ્ર. ૧૬** જે પ્રશ્નને હરિભદ્ર કે હેમચંદ્રાચાર્ય જેવા સમર્થ પુરુષો પણ સ્પર્શ્યા નથી. કેવળ સીધા સાદા અર્થો આપીને જ એ આગળ ચાલ્યા છે, અને પછીના પૂર્વાચાર્યો પણ ચૂપ રહ્યા છે. ત્યાં તમે કોણ કે આ મહાસાગર પાર કરવા નીકળ્યા છો? તમે શું એમનાથી પણ મોટા છો? જ્ઞાની છો?

**ઉ. ૧૬** આપણે તો એમની પાસે કશું જ માત્ર નથી. પણ આપણે એમની કાંધ પર બેઠેલા હોઈ આપણી દૃષ્ટિ થોડી વધુ લાંબી પહોંચી શકે છે, કારણ કે એમના દ્વારા જ આપણને એમનો ૨૦૦૦ વર્ષનો અનુભવ પ્રાપ્ત થયો છે. આ કારણે આપણી સૂઝમાં એ મહાપુરુષોનો જ વારસો હોઈ એમની કૃપાથી જ આપણે કંઈક વિચારી શકીએ છીએ, બાકી આપણે તો કંઈ જ નથી. એટલું ખરું કે આજની વૈજ્ઞાનિક શોધોએ આપણને એમાં પૂરો સાથ આપી સહાય કરી છે, એ વધારામાં.

**પ્ર. ૧૭** નથી તમારો પ્રશ્ન સુધારકોને ગમતો કે નથી જૂનવાણી-ઓને ગમતો. ઉપરથી તમે આટ આટલા અપમાનો, તિરસ્કારો અને વિરોધો સહન કરીને પણ સાધુઓની ખુશામતમાં પડ્યા છો ને તેમની પાસે ભીખ માંગતા ફર્યા કરો છો એ તમારા જેવા સુધારક-ક્રાંતિકારને શોભતું નથી. **નથી પશુમાં કે પંખીમાં એવી તમારી કાનકડિયા જેવી દશા** જોઈ સહૃદયતાની લાગણીથી જણાવું છું કે એના કરતાં તો આ લપ જ છોડો તો શું ખોટું છે?

ઉ. ૧૭ મારી પરિસ્થિતિનું આપે દોરેલું ચિત્રણ યથાતથ્ય જ છે. છતાં સ્નેહપૂર્વક આપેલી શિખામણ પાળવા હું લાચાર છું, કારણ કે મારા મહાવીર અને એના શાસન પ્રત્યેની ગૌરવ અસ્મિતા જ મને એમ કરવા માટે ધક્કાવી રહી છે ત્યાં હું શું કરી શકું? છતાં વિચારોમાં તો હું સુધારક કે ક્રાંતિકાર મટ્યો નથી. ને એને કારણે તો આ પુસ્તક અંગે પ્રશંસા વચનો સાંભળવા છતાંય વિચાર-ભેદને કારણે સહાય ન કરવાની સાફ સાફ વાતો મોઢામોઢ સાંભળવી પડી છે. કેટલાકે ભયંકર અપમાનો કરી વરાળ પણ ખૂબ ઠલવી છે. દોઢ-બે વર્ષની રખડપટ્ટી પછી પણ પૂરતી સહાય મેળવવામાં હું નિષ્ફળ ગયો છું અને ઉપરથી પ્રવાસખર્ચના બોજામાં ઊતરી ગયો છું એનું કારણ પણ આ જ છે. પણ મને એનો હરખ શોક નથી, કારણ કે નવો ચીલો પાડનાર હરેક કાર્યકરને ભીંસાવાનું જ હોય છે. એમાં કંઈ નવું નથી. જગતમાં સદા એમ જ બનતું આવ્યું છે. આમ છતાં મહાવીર પ્રત્યેની ગાઢ ભક્તિમાં એ બધા અપમાનો-તિરસ્કારો કે વિરોધો ઓગાળી નાખવાની અજબ શક્તિ ભરેલી છે ને તેથી જ હું કંઈક રહી શક્યો છું.

આમ છતાં મારે કહેવું જોઈએ કે આજના મુનિ-આચાર્યો પ્રત્યે આપણે જે અભિપ્રાયો બાંધી લીધા છે એને વળગી રહેવા જેવી પરિસ્થિતિ હવે ઠીક ઠીક અંશે બદલાવા લાગી છે. જો કે એમની સામે એક પરિસ્થિતિ છે. મને થયેલા નવા અનુભવ પ્રમાણે હું જોઈ

શકયો છું કે મુનિ–આચાર્યોની અપેક્ષાએ શ્રાવકોનો જ એક વર્ગ વિશેષ રૂઢિચુસ્ત બની રહ્યો છે. એ કારણે નથી એ એમાંથી જલદી છૂટી શકે તેમ કે નથી એમાં પરિવર્તન લાવી શકે તેમ. આમ છતાં યુગને એ હવે સમજવા લાગ્યો છે. પરિવર્તન પણ ઇચ્છે છે. જો કે હજુ ઠીક ઠીક ભાગ જૂના ખ્યાલો ધરાવે છે. એમ છતાં જે ભાગ ઊંચે ચડવા ઇચ્છે છે એમનાથી જો આપણે ભાગશું તો શું થશે? સુધારકો એંજિન બની આગળ દોડતા રહે ને જૂનવાણી કહેવાતાઓ ડબ્બાની જેમ ત્યાં જ પડ્યા રહે એથી સમાજનું કંઈ શ્રેય થઈ શકશે ખરું? તો એથી લગામ સહેજ ઢીલી કરીને પણ એમને સાથે ખેંચવાનો પ્રયત્ન ઇચ્છવા યોગ્ય નથી? એક વિદ્વાને આ વૃત્તિને વૃદ્ધાવસ્થાનું કારણ કહ્યું છે. ભલે એમ હોય પણ એ કંઈ બૂરો વિચાર તો નથી જ ને!

બાકી 'ખુશામત'ના આક્ષેપ અંગે તો મારે કહેવું ન જોઈએ છતાં કહેવું પડે છે કે પ્રસિદ્ધ એવા મુનિ–આચાર્યો પાસેથી એકાદ–એને બાદ કરતાં કશું જ મળ્યું નથી. કેટલાકે તો સહાય પાછી પણ ખેંચી લીધી છે છતાં અનેક મુનિ–આચાર્યો સાથે બંધાયેલા સ્નેહ-ભાવને એથી કશો જ વાંધો નથી આવ્યો, કારણ કે એ હૈયાની લાગણીનો સવાલ છે. કેવળ ધન પર એ પ્રતિષ્ઠિત નથી.

**પ્ર. ૧૮** આ વિષયનું ઊંડું અધ્યયન ચિંતન કરી નીડરતા–પૂર્વક કશું પણ ન ગોપવતાં સ્પષ્ટ રહસ્ય પ્રગટ કરવાની જે નૈતિક હિંમત તમે બતાવી છે એથી શરૂઆતના પ્રકરણો વાંચી એમ લાગેલું કે તમારું સંશોધન સંસ્કૃત–પ્રાકૃતમાં અનુવાદિત બની કદાચ આગમ સાહિત્ય ભંડારમાં સ્થાન પામવા જેવું મૌલિક ગણાય તો કંઈ નવાઈ નહીં, પણ ત્યાર બાદ પરંપરાગત લોકોને ખુશ કરવા તેમ જ પંડિતોને ચૂપ કરવા સાધકોનું એક નવું તૂત ઊભું કરી તમે તમારી મૌલિકતા પર જ પાણી ફેરવી દીધું છે. એથી જો 'જૈન મુનિઓ પણ એક વાર માંસાહાર કરતા હતા તેવા સ્પષ્ટ આધારોથી પુરવાર થયેલી વાત' લખવાની તમે આની જેમ જો નીડરતા બતાવી હોત તો તમારું

પુસ્તક ભારે મૌલિક બની જાત. પણ સંશોધક મટી તમે પણ છેવટે એક પક્ષના વકીલ જ બની રહ્યા છો ત્યાં પંડિતો તમારી વાતને કેવી રીતે માન્ય કરશે ?

ઉ. ૧૮ કોઈની ખુશામત કરી માન્ય કરાવવા કે કોઈને ચૂપ કરવા મેં ઇરાદો સેવ્યો જ નથી. પણ મને જે કંઈ સમજાયું છે એ જ મેં લખ્યું છે. બાકી પરંપરાગત લોકોને ખુશ કરવાનો જો મેં ઇરાદો રાખ્યો હોત તો આ નિબંધ અંગે મને જે કડવામાં કડવા અનુભવો થયા છે એ ન થાત અને એને સ્થાને મને આવકાર જ મળત. આથી કહેવું પડે છે કે જો શાંત ચિત્તે આ પ્રશ્ન ફરી વિચારવામાં આવશે તો મારું કહેવું છેવટે યથાર્થ જ લાગશે એવો મારો વિશ્વાસ છે.

(૧) એ ભીષણ કાળને અંગે ઘણા મુનિ–આચાર્યોએ અનશન આદરી પ્રાણત્યાગ કર્યો હતો. ઘણા ઈશાન–પૂર્વના દેશોમાં વિહાર કરી ગયા હતા. અને જે ત્યાં રહ્યા હતા એ પણ બલિદાનની તૈયારી સાથે જ ટકી શકયા હતા. આવી ભયંકર આપત્તિઓમાંથી કેમ હેમખેમ પાર ઉતરી શકાય એ જ એક માત્ર એમની ચિંતાનો વિષય હતો અને તેથી એ પરંપરાગત મુનિ–આચાર્યોને પણ પોતાની ધર્મસ્થિરતા માટે સતત જાગરૂક રહેવું પડતું હતું ત્યાં ભીષણ વાતાવરણમાંથી આવેલા નવસાધકોની ધર્મસ્થિરતા માટે કેવી રીતે નિઃશંકતા લાગે ? અને એવી નિઃશંકતા ન લાગે ત્યાં સુધી ગુરુઓ એમને કેવી રીતે વડી દીક્ષા આપે ? આમ ધર્મસ્થિરતા પ્રાપ્ત કરવાનું ત્યારે વાતાવરણ જ અનુકૂળ ન હોઈ એવી પરિસ્થિતિ નિર્માણ થાય અને ફરી એવી ધર્મસ્થિરતા પ્રાપ્ત થાય ત્યાં સુધી એ નવદીક્ષિતો સાધકો જ રહ્યા હતા. આ અંગે નીચેના પ્રશ્નો વિચારીએ.

(૧) શરૂઆતમાં કેવળીઓ–શ્રૂતકેવળીઓનો યુગ હોઈ દીક્ષા સાથે જ યા ૧૩ દિવસ બાદ વડી દીક્ષા આપવામાં આવતી.

(૨) બાદમાં જેમ જેમ નબળાઈઓ આવતી ગઈ તેમ તેમ એ ગાળો લંબાવવો પડ્યો હતો અને ૧૨ વર્ષના ભયંકર દુષ્કાળને કારણે તો એ ગાળો વર્ષો સુધી લાંબો ચાલ્યો હતો.

(૩) કારણ કે એનો હેતુ અપેક્ષિત ધર્મસ્થિરતા પ્રાપ્ત થાય ત્યાં સુધી રાહ જોવાનો હતો.

(૪) પરિણામ એથી એ આવતું કે ધર્મસ્થિરતા પ્રાપ્ત થવાને કારણે પાછળથી દીક્ષિત થયેલા ક્યારેક વહેલા વડી દીક્ષા પામી શકતા અને પહેલા આવેલા પાછળ પણ રહી જતા.

(૫) આથી ક્રમને કારણે કોઈને અસંતોષ ન થાય એ માટે પણ એવો નિયમ જરૂરી હતો કે જે ધર્મસ્થિરતા પ્રાપ્ત કરી શકે એ વહેલાં પણ વડી દીક્ષા પામી શકે.

(૬) એથી જ્યાં સુધી અનુકૂળ વાતાવરણને કારણે ૧૩ દિવસનો નિયમ પ્રવર્તમાન રહ્યો હતો ત્યાં સુધી ક્રમને કારણે બન્ને દિવસોનું સરખું જ મહત્ત્વ હતું કારણ કે દીક્ષા અને વડી દીક્ષા વચ્ચે સરખું જ અંતર રહેતું.

(૭) પણ પરિસ્થિતિ બદલાઈ ગઈ ત્યારે ધર્મસ્થિરતાની શરત પૂરી કરવા માટે દીક્ષાને બદલે વડી દીક્ષાનું મહત્ત્વ વધી ગયું અને તેથી વડી દીક્ષા બાદ જ દીક્ષાપર્યાય ગણવાનું શરૂ થયું. 'उपस्थापनात: प्रारभ्य दीक्षा पर्याय गणना' વડી દીક્ષા પછી જ દીક્ષાપર્યાય ગણવામાં આવે છે–(કલ્પસૂત્ર–ટીકા)

(૮) આમ વડી દીક્ષાનું વધી ગયેલું મહત્ત્વ જ જણાવે છે કે ત્યાં સુધી નવદીક્ષિતો સાધકો જ રહ્યા હતા.

(૯) વળી એ પણ ધ્યાનમાં લેવાની જરૂર છે કે એવા સાધકોનો અતિ મોટો ભાગ પાછળથી વિશુદ્ધ બની મૂળ પરંપરામાં જોડાઈ ગયો હતો છતાં એમનામાંના કેટલાક સંઘબહિષ્કૃત બની સ્વચ્છંદ–પણે વિહરતા રહ્યા હતા. એવાઓને સારૂપી યા સિદ્ધપુત્ર

તરીકે ઓળખાવી એ બધા જ સાધકોને અનુલક્ષીને નિશીય ગાથા ૪૬૦૨ ચૂ. દ્વારા ખુદ શાસ્ત્રકારો તરફથી કહેવામાં આવ્યું છે કે એમનામાં ફક્ત મુનિવેશ હતો. ચારિત્ર્ય જેવું કંઈ પણ નહોતું. આ પણ એક પ્રબળ પ્રમાણ છે કે એવા સાધકો વિશુદ્ધ થયા પહેલાં મુનિ ગણાતા જ નહોતા.

(૧૦) આ અંગે પરિશિષ્ટમાં આવેલા કેટલાક પ્રશ્નો જેવા. તેના ઉત્તરો–ખાસ કરી અપવાદ માર્ગનું આલંબન ગુપ્ત રાખવાની વાત, મુનિવેશ બદલવાની વાત, હરિશ્ચન્દ્ર ગણિવરનો પ્રશ્ન તથા ભદ્રબાહુકૃત ઓધ-નિર્યુક્તિની અપવાદિક છૂટ વગેરે પ્રશ્નો શાંત ચિત્તે વિચારવામાં આવશે તો મારી વાત સમજાશે કે સાધકોનો વર્ગ એ મેં ઊભું કરેલું તૂત નથી પણ ઘટેલી ઘટના છે.

(૧૧) આમ પરંપરા વિશુદ્ધ રહી હોવા છતાં વ્યક્તિગત રીતે કોઈ મુનિ–આચાર્ય નહીં જ ફસાયા હોય એવું તો મેં કહ્યું જ નથી. એવી નબળાઈ તો સતયુગમાં પણ ચાલતી હોય છે. પણ એ એક વ્યક્તિગત પ્રશ્ન છે. પરંપરાને એથી એની સાથે કંઈ જ લેવાદેવા નથી.

આ પ્રકારે મારા સંશોધનમાં મને જે કંઈ જણાયું છે એ જ મેં અત્રે પ્રગટ કર્યું છે. બાકી પરંપરાગત લોકોને કે પંડિતોને કોઈ કોઈ વાતો ગળે ઊતરે કે ન ઊતરે એ એક જુદી વાત છે. બાકી વિચાર–ભેદ તો જગતમાં ચાલવાનો જ. આમ છતાં થોડા ઘણાં પણ મારું દૃષ્ટિબિંદુ સમજી શકશે તો ય હું મારો પ્રયત્ન સફળ થયો માનીશ.

**પ્ર. ૧૯** તમે આચારાંગ તથા દશવૈકાલિક પરની પૂર્વાચાર્યોની ટીકાઓ ફરી વાંચી જશો. જ્યાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ જેવા સમર્થ પુરુષે જ માંસાહારનો અર્થ સ્વીકાર્યો છે ત્યાં તમે કોણ? જો કે એ અર્થ જ મૂળમાં સાચો હોય તો એની જૈન સંસ્કૃતિ પર બૂરી અસર નિર્માણ થાય. સંસ્કૃતિ જ તૂટી પડે. એ પણ અમારી કલ્પના બહાર નથી. પણ વસ્તુસ્થિતિ એ છે કે આ ગૂંચવાડો ઊકેલી

શકાય તેવો જ નથી. જેથી એમાં માથું મારવા જેવું નથી. સાપના દરમાં હાથ ઘાલવા જેવી એ વાત છે. એથી કહેવું પડે છે કે શું એ પૂર્વાચાર્યોથી પણ તમે વધુ ડાહ્યા છો ?

ઉ. ૧૯ આપણે તો કશું જ નથી. બાકી એ પૂર્વાચાર્યો સમર્થ હતા, જ્ઞાની હતા અને ખૂબ ડાહ્યા હતા એ સાચું પણ મારો મહાવીર એમનાથી પણ અનેકગણો ડાહ્યો હતો, જ્ઞાની હતો, સર્વજ્ઞ હતો અને શાસ્ત્રોનો પ્રદાતા પણ હતો. એથી આપણે મહાવીરનું માનવું કે પૂર્વાચાર્યોનું ? આમ છતાં કહેવું પડે છે કે શ્રી હરિભદ્રસૂરિજી મહરાજનો માંસવાચક અર્થ સામે હોવા છતાં નથી જૈન સંસ્કૃતિ પર બૂરી અસર થઈ કે નથી જૈન સંસ્કૃતિ તૂટી પડી. એથી સિદ્ધ થાય છે કે વસ્તુનાં અનેક પાસાંઓને જોવા જેટલી કૈવલ્ય દૃષ્ટિ એ ધરાવતા ન હોઈ એમનું મંતવ્ય કદાચ સાચું હોય તો પણ આ દૃષ્ટિએ એકાંગી અને અપૂર્ણ જ રહ્યું હોય. કાં તો એમના કહેવાનો ભાવાર્થ આપણે તારવી ન શક્યા હોઈએ. પણ વસ્તુસ્થિતિ જુદી છે.

મૂળ વાત એ છે કે આચાર્યોએ એવા પાઠોનો અર્થ વનસ્પતિ કર્યો છે, જ્યારે કેટલાક આચાર્યોએ માંસપરક કર્યો છે. તો આમ બે અર્થો થવાનું કારણ શું ? એથી તો સહેજે સાશંકતા પેદા થાય કે પછી કયો અર્થ સાચો હશે ? આનો ભેદ કંઈક અંશે હરિભદ્રસૂરિ મહારાજની ટીકામાંથી પ્રાપ્ત થાય છે અને એ મારા નિબંધના મંતવ્ય સાથે પૂરેપૂરો મેળ ખાય છે એમ મને લાગે છે. આ કારણે એમની જ ટીકા જોઈએ. એઓશ્રી લખે છે કે :-

"बहु अट्ठियं पोग्गलं अणिमिसं वा बहु कंटयं
अच्छियं तिंदुय बिल्लं, उच्छुखंडं वा सिंवलिं"

(દશ. વૈ. અ. ૫. ગા. ૭૩)

ટીકા : किं च—बहु अट्ठियं तिसुत्रं, बह्वस्थि 'पुग्दलं' 'मांसम्' 'अनिमेषं' वा बहु कण्टकम्, अयं किल—**कालाद्यपेक्षया ग्रहणे**

**प्रतिषेधः**; अन्ये त्वभिदधति वनस्पत्यधिकारात् तथा विधं फलाभिधाने एते इति।

અર્થ : બહુ હાડકાવાળું માંસ, બહુ કાંટાવાળી માછલી તેમ જ અગથિયા, ટિંબરૂ ફળ, બીલી, શેરડીના કકડા, શાલ્મલિ વૃક્ષનું ફળ વગેરે જેમાં ખાવાનું થોડું અને ફેંકી દેવાનું ઘણું—એ વસ્તુઓ મારે કલ્પે નહીં એમ કહીને મુનિ તે ન લે. આ પાઠનો અર્થ આપણે વિચારી ગયા છીએ છતાં ફરી એની સ્મૃતિ તાજી કરીએ તો જે માંસમાંથી હાડકાં અને ફળફળાદિમાંથી ઠળિયા, છાલ યા કૂચારૂપે ઘણો ભાગ ફેંકી દેવો પડે છે એ બંનેમાં સરખું જ પાપ છે એવો અર્થ પંડિતો કરે છે તો પછી જે માંસમાં હાડકાં જ ન હોય એવા માંસ કરતાં જેમાંથી થોડું ઘણું ફેંકી દેવું પડે છે એવા ફળ–ફળાદિમાં ઘણું પાપ રહેલું છે, એવો અર્થ જ નીકળે જે કેટલો વિચિત્ર છે? ચુસ્ત માંસાહારીઓ પણ એવો અર્થ ન સ્વીકારી શકે, એ ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત છે.

જો કે મૂળમાં તો આ પાઠનો અર્થ વનસ્પતિ જ હતો. પણ अनिमेष શબ્દને આધારે—માછલા જેવા આકારની વનસ્પતિ અર્થ હોવા છતાં—માછલાનો અર્થ લઈ સાથે એનો મેળ બેસાડવા **पोग्गलं** (પુગ્દલ)નો અર્થ પણ માંસ કરવામાં આવ્યો હતો. ને એવા અર્થનો આધાર લઈ એ કાળના લાલચુ મુનિઓએ પોતાના આચાર માટે સમર્થન મેળવ્યું હતું. બાકી **पोग्गलं** નો અર્થ આપ્ટે જેવા માન્ય સંસ્કૃત કોશોમાં પણ 'માંસ' નથી કરવામાં આવ્યો. આમ છતાં એમના મંતવ્યનો અર્થ પાછળથી એ રોગમાંથી મુનિઓ મુક્ત થવા છતાં પણ અર્થ તરીકે તો ચાલતો જ રહેલો. કારણ કે એક અર્થ વહેતો મૂક્યા પછી—વહેતો મૂકનારાઓથી પણ પાછો વાળી શકાતો નથી અને પછી તો કોશકારોને પણ એને સ્થાન દેવું પડે છે ને એ રીતે એ પ્રમાણભૂત બની જાય છે, જે એ કાળનો ઇતિહાસ જાણવા પૂરતો મહત્ત્વનો છે. સાથે એ પણ ફરી જણાવવું જરૂરી લાગે છે કે

અનિમેષનો અર્થ ચાણક્યના અર્થશાસ્ત્રમાં માછલા આકારનું વનસ્પતિ-જન્ય ખાદ્ય કર્યો છે.

આમ એક વાર શરૂ થયેલો અને પરંપરાએ વહેતો નવો અર્થ સૂરિજી મહારાજે આપ્યો છે એમ છતાં પોતાના જ અર્થનો આગ્રહ ન રાખતાં એમણે અન્ય આચાર્યોના મંતવ્યની પણ નોંધ લીધી છે કે અન્ય આચાર્યો એનો વનસ્પતિ અર્થ કરે છે ને એની દલીલમાં પણ જણાવે છે કે "જ્યાં ફળનો અધિકાર ચાલે છે ત્યાં વચમાં માંસ-મચ્છી કેવી રીતે ટપકી પડતાં હશે ? માટે એ શબ્દોનો અર્થ વનસ્પતિ-પરક જ કરવો જોઈએ." આમ અન્ય આચાર્યોની નોંધ લઈને એમણે સંશોધનનો માર્ગ મોકળો રાખ્યો છે, કારણ કે એમણે પોતાના અર્થનો આગ્રહ જ નથી રાખ્યો. તેમ જ માંસ માટે પણ સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે 'कालाद्यपेक्षयाग्रहणे तु प्रतिषेधः' અમુક કાળની અપેક્ષાએ તો એ પણ લેવાનો પ્રતિબંધ છે. જો કે કયા કાળમાં પ્રતિબંધ છે એની સ્પષ્ટતા એમણે નથી કરી. પણ અન્ય ગ્રંથો પરથી કલ્પી શકાય છે કે (૧) ઋતુમાં–વર્ષાઋતુ, (૨) જિંદગીમાં–યુવાવસ્થા, (૩) શારીરિક પરિસ્થિતિમાં–તંદુરસ્તી અને (૪) દેશની પરિસ્થિતિમાં સુકાળ. આ ચાર અવસ્થાઓમાં માંસ લેવાનો પ્રતિબંધ છે. એટલે કે એ સિવાયની પરિસ્થિતિઓમાં અર્થાત્ શિયાળા–ઉનાળામાં, વૃદ્ધાવસ્થા યા બાલ્યા-વસ્થામાં, શારીરિક નિર્બળતા યા બિમારીમાં તેમ જ દુષ્કાળના સમયમાં બીજો કોઈ ઉપાય ન હોય તો એ લઈ શકાય છે.

'લઈ શકાય છે' એટલે કે ઉત્સર્ગ માર્ગ તરીકે લેવાની એ છૂટ નથી. પણ અપવાદ તરીકે જ ખાસ વિશેષ પરિસ્થિતિમાં જ એ લઈ શકાય.

જૈન ધર્મ એ સૂક્ષ્મ અહિંસાનો ધર્મ હોઈ જેમાં ઘોર હિંસા છે એવા માંસ માટે તો સ્થાન હોઈ જ ન શકે. એટલે એ કેવળ અપવાદ દશાની જ વાત છે, જે એમણે સ્પષ્ટતાથી જણાવ્યું છે. આથી એમનું કથન મારા નિબંધને અનુરૂપ મંતવ્ય પૂરું પાડે છે.

મોટા ભાગના આચાર્યોએ વનસ્પતિ અર્થ કર્યો છે, કેટલાકે માંસપરક અર્થ કર્યો છે. પણ સૂરીજી મહારાજે માંસપરક અર્થ આપવા છતાં અપવાદ દશાની વાત કરી આ સમસ્યા ઉકેલવામાં બહુ ઉપયોગી વસ્તુ પૂરી પાડી છે. તેવી જ રીતે ભદ્રબાહુસ્વામીએ પણ પાછળ જોઈ ગયા પ્રમાણે 'તરુણ હોવા છતાં રોગને કારણે કે નિર્બળતાને કારણે જરૂર હોય તો જ અપવાદ દશામાં એણે એ વસ્તુઓ (માંસ–મદ્યાદિ નવ વિગઈઓ) વાપરવી; બાકી નહીં,' આમ કહીને સ્પષ્ટ પ્રમાણ પૂરું પાડ્યું છે. આ કારણે સિદ્ધ થાય છે કે શાસ્ત્રમાં જે કાંઈ આવા પાઠો છે એ કેવળ ડૂબેલાઓના માટે અપવાદ પાઠો હોઈ 'ઉદ્ધાર પાઠો' છે, નહિ કે ઉત્સર્ગના.

**ઇતિહાસના અંકોડા છૂટી જવાથી જે બે મહાપુરુષોના શબ્દો જ આજ સુધી આપણને મૂંઝવતા હતા એ શબ્દો એ જ આ સમસ્યા હલ કરવામાં આજે ખૂબ ઉપયોગી ભાગ ભજવ્યો છે. એથી માનવું પડે છે કે કાળદેવતાના સામ્રાજ્યમાં સમય પરિપક્વ થાય છે ત્યારે જ ફળ સિદ્ધિ આવીને ઊભી રહે છે.**

આ પ્રકરણ પૂરું કરતાં પહેલાં આપણે અપવાદોના પ્રકારો પણ જાણી લઈએ. અપવાદ મોટે ભાગે ૬ પ્રકારના છે.

**(૧) વૈશ્રામિક અપવાદ :** મુનિને પૂર્વનો ભોગવિલાસનો અભ્યાસ ક્યારેક ન ડોલાવી મૂકે, એવી જાગૃતિથી પરચખ્ખાણ લઈ આયંબિલ ઉપવાસાદિ દીર્ઘ વ્રતો અતૂટપણે એ કર્યા કરે છે. પણ મહિનાઓ પછી એને આરામની જરૂર લાગે તો એ થોડો વખત છૂટું મોઢું રાખે એ વૈશ્રામિક અપવાદ છે. એથી વ્રતભંગ નથી થતો તેમ જ એ પતનનો માર્ગ પણ નથી. પણ ફરી ચડવા માટે થોડો સમય આરામ લઈ એ નવી શક્તિ મેળવવા માગે છે એટલું જ.

**(૨) ઔદ્ધારિક અપવાદ :** પૂર્વના ભોગ અભ્યાસને કારણે

કોઈ મુનિ લપસી પડે. મુનિવેશ તજી ગૃહસ્થાશ્રમ ભોગવે, પણ ફરી બ્રહ્મચર્યાદિ મહાવ્રત પાળવાની ભાવનાથી ધર્મ માર્ગ તરફ વળવા ઇચ્છે તો એને ધીરે ધીરે ચડવા માટે તિથિઓ પૂરતું યા દિવસોની મર્યાદા વધારતું બ્રહ્મચર્યવ્રત પાળવાનું વ્રત આપવામાં આવે; એ બ્રહ્મચર્ય મહાવ્રતનો અપવાદ છે. તેવી જ રીતે માંસાહારથી લલચાયેલા અને એમાં ફસાયેલાઓને ધીરે ધીરે એમાંથી છૂટી જવા માટે પ્રસંગે પ્રસંગે અમુક મર્યાદા મૂકવામાં આવે એ બધા 'ઔદ્દારિક અપવાદ'ના સ્વરૂપો છે.

**(૩) ઔત્સર્ગિક અપવાદ :** અપવાદરૂપે પાંચમની સંવત્સરી ચોથની થઈ ચોલપટ્ટા પર કંદોરો આવ્યો જે આજે ઉત્સર્ગનું રૂપ પામ્યા હોઈ ઔત્સર્ગિક અપવાદ ગણાય.

**(૪) સાંધિક અપવાદ :** કારણવશાત્ શાસન હિતને નજરમાં રાખી સંઘ અમુક આદેશ આપે તે સહુ અપનાવી લે એ સાંધિક અપવાદ છે. જેમ કે એક સમય શત્રુંજયની યાત્રાએ ન જવાની આપેલી આજ્ઞા.

**(૫) શુભ હેતુ અપવાદ :** કારણવશાત્ શાસનના હિત ખાતર સમર્થ પુરુષો અલ્પ સમય માટે અપવાદ સેવે તે. વિદ્યાભ્યાસ માટે મુનિવેશનું તજવું, કાલકાચાર્યનો અનાર્ય દેશનો પ્રવાસ, મલ્લધારી હેમચંદ્રે મહારાજા સિદ્ધરાજને ત્યાંથી વહોરેલો ચારે પ્રકારનો આહાર વગેરે.

**(૬) વિપત્કાલીન અપવાદ :** તાત્કાલિક રાહતની જરૂર હોઈ રેલવે કે મોટર દ્વારા મુનિને હૉસ્પિટલમાં ખસેડવાની આપવી પડતી છૂટ, ભયંકર દુષ્કાળમાં બંધનો હળવા કરવાની પડેલી ફરજ, કોંકણમાં ભારે વરસાદને કારણે છત્રી ઓઢવાની આપેલી પરવાનગી વગેરે. આવા અપવાદોમાંથી શાસ્ત્રોમાં આવેલા માંસાહારને લગતા પાઠો એ બીજા વર્ગના 'ઔદ્દારિક અપવાદ'ના સ્વરૂપો છે. પણ આજે

કોઈને એવો અપવાદ ન મળી શકે, કારણ કે આજે આપણે ભદ્રબાહુસ્વામીની નહીં પણ જેમણે ૪ મહાવિગઈઓનો સંપૂર્ણપણે નિષેધ ફરમાવ્યો છે, એ પછીના પૂર્વાચાર્યોની આજ્ઞા નીચે છીએ. એક વાત એ પણ છે કે આજે એની સાધનામાં સ્થિર થયા વિના શ્રમણ સંઘમાં પ્રવેશ જ થઈ શકતો નથી. બાકી ભયંકર દુષ્કાળને કારણે એ યુગની પરિસ્થિતિ જ જુદી હતી અને એટલે જ અપવાદને સ્થાન આપવું પડ્યું હતું.

*

# અંતિમ નિવેદન

જીવન ગમે તેટલું પવિત્ર હોય, એને માટે ગૌરવ હોય છતાં કર્મને–કાળને વશ થવું જ પડે છે, ભવિતવ્યતાને માન દેવું જ પડે છે. એથી થયેલા આક્ષેપો માટે વેઠેલી મૂંઝવણનો હરખ–શોક નહીં કરતાં વિશુદ્ધિના તેજ–કિરણોનો ફરી પ્રકાશ પાથરતા રહેવું એ જ કર્તવ્ય થઈ પડે છે ને એમાં જ સાચું શૌર્ય રહેલું છે. પણ આમ છેલ્લાં ૨૫ વર્ષમાં ઉપરાઉપરી થયેલા આક્ષેપોના હુમલાઓને કારણે આપણામાં એવું શૌર્ય પ્રગટી શકતું નથી, કારણ કે એક વિચાર આપણને મૂંઝવી રહ્યો છે કે જે ધર્મે અહિંસાને ચરમ સીમા સુધી પહોંચાડવાની સાધના કરી છે, એ જ ધર્મમાં માંસાહારની વાત ક્યાંથી આવી તેમ જ એવા પાઠો ને ટીકાઓ પણ ક્યાંથી ઉદ્‌ભવી આવ્યાં–એનો ખુલાસો બીજાઓને કેવી રીતે ગળે ઊતરાવવો?

પણ મૂળ વાત એ છે કે જે પડે છે એ જ ચડી શકે છે; પાછો હટે છે એ જ ફાળ ભરી શકે છે. બાકી સ્થિર—એકધારું જીવન જીવનાર નથી કદી ક્રાંતિ કરી શકતો કે નથી ઉત્થાન કરી શકતો. દોષ આવ્યા વિના ગુણ પ્રગટાવવાનું સામર્થ્ય પ્રગટતું જ નથી. જગતમાં ધક્કો લાગ્યા વિના કોઈ કદી ઊંચે ચડી શક્યું છે? આ રીતે છાશ વલોવાયા વિના અંદરનું સત્ત્વ બહાર નથી આવતું—માખણ નથી ઊતરતું તેમ કુદરતે જ કોઈ અગમ્ય યોગ નિર્માણ કર્યો હતો કે જેથી એવા નિમિત્તે અંદરનું સત્ત્વ બહાર ખેંચી કાઢી એ દ્વારા સમગ્ર દેશ પાસે એક મોટી ફાળ ભરાવવી હતી. અને આપણે

જોઈ ગયા કે પ્રથમના વેશધારી એવા સાધક મુનિઓના ભવ્ય બલિદાનથી દેશે એક મોટી ફાળ ભરી પણ ખરી. આપણને એથી ગૌરવ પ્રાપ્ત થયું સાથે કર્તવ્ય બજાવ્યાનો આત્મસંતોષ પણ થયો.

પણ એમ છતાં એટલું ખરું કે નથી એથી સંઘની પ્રતિષ્ઠા વધી કે નથી કોઈએ એની ખાસ નોંધ લીધી. અધૂરામાં પૂરું પંડિતોએ ઊલટા પરંપરા પર જ પ્રહારો કરવા માંડ્યા. આ કારણે આપણે પોતે જ મૂંઝાયેલા હોઈ આપણું કહેવું એમને ગળે ઉતરાવી શક્યા નથી એ સાચું છે. પણ એ આપણો દુર્ભાગ્ય કાળ હતો. શાસ્ત્ર ભાષામાં વાત કરીએ તો ભસ્મગ્રહને કારણે એ આપણો પીડાકાળ હતો, અપયશકાળ હતો.

પણ આમ છતાં અંદરની વિશુદ્ધિનું બળ એટલું તીવ્ર હતું કે એણે પોતાનું ખમીર ન ખોતાં અંદરનું સત્ત્વ પ્રકાશિત જ કર્યે રાખ્યું છે, જે આપણા માટે આશાજનક પ્રેરક બળ છે. ધસમસતા પાણીનો પ્રવાહ મોટા મોટા વૃક્ષોને પણ મૂળમાંથી ઉથલાવી ફેંકી દે છે પણ ઘાસને એ ઉખાડી શકતો નથી, કારણ કે ઝાડ પ્રબળ દેખાવા છતાં એની શક્તિ સ્થૂલ શક્તિ છે; જ્યારે ઘાસ નિર્બળ દેખાવા છતાં સૂક્ષ્મશક્તિ ધરાવે છે, ને એટલે જ એ ટકી શકે છે. આમ જૈન ધર્મની અહિંસા શક્તિ ઘાસની જેમ સૂક્ષ્મ શક્તિ હોઈ એના ઉપરથી ગમે તેવી આંધીઓ પસાર થવા છતાં એની સાધના સંયમની–ઉર્ધ્વમુખી પ્રયાણની હોઈ એની વિશુદ્ધિ ઝળહળતી જ રહી છે.

આથી જો જૈન ધર્મની આંતરિક શક્તિઓ અને એની સાધના પાછળનું રહસ્ય સમજાયું હોત તો પંડિતો આ પ્રશ્ન જુદી જ રીતે વિચારી શક્યા હોત. પણ આપણે હવે એ જૂની ચર્ચાઓ–પ્રતિચર્ચાઓ જગાડવા નથી ઇચ્છતા તેમ જ આપણા અને તેમના દૃષ્ટિબિંદુમાં અંતર સાંધી ન શકાય એવો મોટો ખાસ ભેદ પણ નથી, કારણ કે આપણી દૃષ્ટિએ ફસાયેલા સાધકો સાચા અર્થમાં મુનિઓ નહોતા જ્યારે વેશને કારણે એમની દૃષ્ટિએ એ સાધકો મુનિઓ હતા.

એમની સામે આપણો કોઈ મોટો અને અસહ્ય વાંધો હોય તો તે આ કારણે નથી પણ ભગવાન મહાવીર પ્રત્યે કરેલા માંહાસારના આરોપ અંગે છે. મેં 'ભગવાન મહાવીર અને માંસાહાર'માં ૩૪ દલીલો વિચારણા માટે મૂકી છે. એથી પૂર્વાપર સંબંધોને ધ્યાનમાં લઈ કેવળ રૂઢ થયેલા અર્થને ચીપકી ન રહેતાં ફરી તેઓ આ અંગે વિચારણા કરે એવું આપણે ઇચ્છીએ છીએ.

મિસ મેયો જેવી કોઈ વ્યક્તિએ લખી નાખ્યું હોય કે મહાત્મા ગાંધીજી દારૂ પીતા, પણ આપણે જે રીતે ગાંધીજીને ઓળખીએ છીએ—જાણીએ છીએ, એથી સ્વપ્નામાં પણ એવી અશ્રદ્ધા કે શંકા બાબત આપણું રૂવાંડુંય ફરકતું નથી. તેમ જે પુરુષે મનથી, વચનથી, કાયાથી જ નહીં પણ કરવા—કરાવવા—અનુમોદના, ઉત્તેજના કે પ્રેરણા આપવા સુધીની પણ હિંસાનો ઇન્કાર કરી સૂક્ષ્મ અહિંસા ધર્મનું પાલન કર્યું છે અને જગતને પણ એવો આચાર શીખવ્યો છે—એ પુરુષ ભગવાન મહાવીર સાથે માંસાહારની વાત ઘટી જ કેમ શકે? એક બુદ્ધિશાળી આદમી પણ આવી વાત જલદી સમજી શકે છે.

એથી કહેવું પડે છે કે જો પંડિતોએ ઘડીભર પાંડિત્યને દૂર કરી અને શબ્દના ચૂંથણાં મૂકી Common Sense સામાન્ય બુદ્ધિથી પણ આ પ્રશ્ન વિચાર્યો હોત તો ય એ આવી ભૂલ ન કરી બેસત. પણ એ વિદ્વાન પંડિતોને આપણે શું કહી શકીએ? કારણ કે ચર્ચા—વાદ-વિવાદ કે તર્કવાદથી એ જલદી પરાજય સ્વીકારી લે એમ માનવું વધારે પડતું છે, પણ જ્યારે એ પોતે જ હૈયાની સૂઝથી આ પ્રશ્ન વિચારશે ત્યારે જ તેઓ સત્ય વાત સમજી શકશે. પણ આપણો વિશ્વાસ છે કે કાળદેવતાના સામ્રાજ્યમાં સત્યનો ભાનુ વહેલો કે મોડો પ્રગટ્યા વિના રહેવાનો જ નથી. પણ એ માટે કાળ પરિપક્વ થાય ત્યાં સુધી આપણે ધીરજ રાખવી પડશે.

પણ કાળ હવે પાકવા આવ્યો છે, એટલે જ આ દિશામાં

છેલ્લાં ૨૫–૩૦ વર્ષોથી પ્રયત્નો શરૂ થવા લાગ્યા છે. જોકે દુર્ભાગ્ય યોગને કારણે આપણે હતાશ થયેલા છીએ, ભયભીત પણ છીએ તેમ જ સત્ય વાત પ્રગટ કરવા જેટલા નિર્બળ પણ છીએ. તેમ જ એ બાબતમાં શંકાશીલ પણ છીએ. પણ એથી હતાશ થવાની કશી જ જરૂર નથી. ભગવાને તો એક જ વાત શીખવી છે કે સત્યને વળગી રહેવું એ જ એક માત્ર સારભૂત છે, ભલે પછી એથી ગૌરવ મળે કે નિંદા થાય, વિજય મળે કે પરાજય ભોગવવો પડે, પણ છેવટે વિજય તો આપણો જ છે, કારણ કે એને સત્યનું બળ છે.

આથી જો આપણો ધર્મ વિશુદ્ધ છે, આચાર વિશુદ્ધ છે. મુનિ પરંપરા વિશુદ્ધ છે. નિષ્કામભાવે કરેલી જનતાની સેવા વિશુદ્ધ છે તો પછી માંસવાચક અર્થ નીકળતા શબ્દોને કારણે ડર શાનો ? ભય કેવો ? એથી જેઓ આ કારણે ન છપાવશો–ન છપાવશો કહી વિરોધ પોકારે છે ત્યારે મારું લોહી ગરમ થઈ જાય છે અને હૈયામાંથી વેદનાની આગ ઝરવા માંડે છે કે,

है क्या ? हमारे पूर्वजोंने ऐसा कौनसा पाप किया है—कौनसा बुरा काम किया है कि आज २३०० साल के बाद भी 'मत छपवाओ —मत छपवाओ' पुकारकर वे चिल्ला उठते हैं !

क्या हमने कहीं पर लोहीकी नदियाँ बहाई है ?। क्या किसी समाज या वर्गकी कत्लेआम चलाई हैं ?। क्या कोई बडे दंगे फिसाद खडे किये हैं ?।

'ऐसा तो नहीं है ?' 'तो है क्या ?'

हमारी मुनिपरंपरा विशुद्ध होने पर भी — जो लोग पेट भरनेके लिये संघ में आ घूसे, और इन्होंने मांस खा लिया तो उसमें हमारा ऐसा कौनसा गुना हो गया कि आज भी हम उनके लिये मुँह छिपाना चाहते हैं और बाद में जिन्होंने विशुद्ध होकर सारे भारतको उठाया, उनकी गौरवभरी गाथाएँ भी हम दबा देते हैं ?

હું તો માનું છું કે વિરોધ કે અણગમો બતાવનારા પરાજિત મનોદશાને કારણે લઘુતાગ્રંથિ (Inferiority Complex)થી બિચારા પીડાઈ રહ્યા છે.

## પરાજયોની પરંપરા :

પરંતુ એમાં એમનો દોષ નથી. એનું પણ કારણ હતું. કારણ કે આજ સુધી દયા, કરુણાથી પ્રેરિત બની જેમ જેમ આપણે કામ કરતા ગયા તેમ તેમ આપણો જ વિરોધ થતો ગયો. જનતાની સેવા કરી, જનતાના નૈતિક ધોરણને ઊંચું ચડાવ્યું તો આપણને જ સાફ કરવાનો વંટોળ ચઢ્યો. ( શંકર, રામાનુજ તથા લિંગાયત યુગમાં ) યજ્ઞહિંસાનો વિરોધ કર્યો. ઘર ઘર ચાલતું કસાઈખાનું બંધ કરાવ્યું તો નાસ્તિક–પાખંડી કહીને આપણી સામે જ તિરસ્કારનું એક વાતાવરણ ઊભું કરી દીધું, તેમ જ કોઈ કોઈ જગ્યાએ તો આપણને અસ્પૃશ્ય જ માની લીધા. અને જનતાને માંસાહારના રોગમાંથી મુક્ત કરવા લગભગ સફળતા મેળવી તો ઉપરથી આજે આપણા જ માથે માંસાહારના દોષનો ટોપલો ઓઢાડવા હલચલ મચાવી દીધી.

આથી અકળાઈને જેમ જેમ આપણે પ્રતિકાર કરતા ગયા તેમ તેમ એ સમસ્યા ઊલટી જટિલ બનતી ગઈ. અને આપણા પ્રયત્નો પણ નિષ્ફળ બનતા રહ્યા. મહાન પૂર્વાચાર્યોય અસફળ નીવડ્યા અને પ્રભાવશાળી વ્યક્તિઓને પણ હાર ખાવી પડી. આથી સારાં કામો કરવા છતાં પણ અપયશ જ મળ્યા કરતો. કારણ એ હતું કે ભાગ્ય આપણું પ્રતિકૂળ હતું. 'કાળદેવતા'નો આપણા પર અનુગ્રહ નહોતો. આપણો એ પૂરો દુર્ભાગ્ય યોગ હતો. શાસ્ત્ર ભાષામાં કહીએ તો ભસ્મગ્રહની આપણા પર વક્ર દૃષ્ટિ હતી. આ બધાં કારણોને અંગે બંધાયેલી પરાજિત મનોદશાએ આપણામાં લઘુતાગ્રંથિ (Inferiority Complex) પેદા કરી છે, અને એને કારણે આવો પ્રશ્ન ઊઠતાં જ આપણે ગભરાઈ ઊઠીએ છીએ. કારણ કે શૌર્ય આપણું હણાઈ ગયું છે, હિંમત આપણી તૂટી ગઈ છે.

પણ તે હિ નો દિવસા ગતાઃ હવે આપણા માઠા દિવસો ચાલ્યા ગયા છે. દુર્ભાગ્ય યોગ હવે પૂરો થાય છે. જે 'કાળદેવતા' ગઈ કાલ સુધી પ્રતિકૂળ હતો તે હવે આજે આપણને અનુકૂળ બની સાથ આપવા તત્પર બન્યો છે. જો એમ ન હોત તો ૨૦૦૦ વર્ષથી ગહન સમસ્યારૂપ બનેલો આ પ્રશ્ન આટલી સરળતાથી અને તે પણ ખાસ પ્રબલ પ્રયત્ન વિના સફળતાના દ્વાર સુધી ન પહોંચી શક્યો હોત.

છેલ્લાં ૩૦ વર્ષ સુધી આ પ્રશ્ને આપણને ખૂબ જ તંગ કર્યા હતા. એ અંગે કુસ્તીજંગો પણ ખૂબ ખેલાતા રહ્યા હતા. અને આપણી મૂંઝવણોનો પણ કોઈ પાર નહોતો, કારણ કે આપણે ત્યારે મંથન કાલમાં હતા, પ્રસવની પીડામાં હતા. પણ એથી હવે એને પરિણામે જ આજે આપણે માખણ ઊતારી શકયા છીએ.

આથી હું નિરાશ થયેલા—નિસ્તેજ—નિર્વીર્ય બનેલા સાધર્મી બંધુઓને ભારપૂર્વક કહું છું કે 'ઊઠો, જાગો અને હિંમતપૂર્વક— દઢ સંકલ્પ સાથે એક નવો નાદ સમગ્ર વાતાવરણમાં ગૂંજતો કરી દો, અને વિશ્વાસ રાખો કે પડતી પછી ચડતી, નિરાશા પછી આશા અને પરાજય પછી વિજય નિઃશંક આવ્યા જ કરે છે.

જો જોવાની દૃષ્ટિ સાંપડે તો સ્પષ્ટપણે જોઈ શકાય છે કે નવ-યુગની ઉષા આપણને હવે તાજગી આપી જગાડી રહી છે. અને આપણો અંધકાર યુગ હવે પૂરો થાય છે. આજ સુધી આપણે ખૂબ સહ્યું, આપત્તિઓ ઊઠાવી. નિરાશાઓ ભોગવી અને ઝંઝાવાતો-માંથી પસાર થયા. પણ હવે આપણા ભાગ્યનો ભાનુ ઊગી રહ્યો છે. એથી ખૂણે ખૂણેથી નિરાશાઓ—કાયરતાઓને ખંખેરી નાખી ઊઠો. જાગો અને ભવ્ય ભૂતકાળથી પણ ગૌરવવંતું ભવિષ્ય ઘડવાનો સંકલ્પ કરી બેઠા થાઓ.

ગઈ કાલ સુધી આપણને નાસ્તિક–પાખંડી માની આપણાં ધર્મ–શાસ્ત્રોને અડવામાં પાપ મનાતું. આજે દેશ કે પરદેશોમાં જૈન

સાહિત્યની માગણી થઈ રહી છે. આજ સુધી અહિંસાને કારણે દેશને નિવીર્ય—ગુલામ બનાવવાનો આપણા પર આરોપ હતો. ઘૃણા પણ હતી. પણ અહિંસાની શક્તિથી દેશ આઝાદ થયો હોઈ આજે દુનિયા 'અહિંસા'નો અભ્યાસ કરવા લાગી છે. તપ–ત્યાગ અંગે પણ આપણી હાંસી ઉડાડવામાં આવી રહી હતી. આજે એનું મહત્ત્વ જગતના ડાહ્યા માણસો સમજવા લાગ્યા છે. અનેકાંતવાદ અંગે પણ કંઈ ઓછા વૈવાદિક આક્રમણ નથી થયા. પણ આજે બીજાઓના દૃષ્ટિબિંદુને સમજવાની ઉદારતા જગવ્યાપી બનવા લાગી છે. આમ અહિંસા–ત્યાગ–તપ અને વૈચારિક ઉદારતાના જ મહાવીરી સિદ્ધાંતો જગમાન્ય થવા લાગ્યા છે.

આથી યુગ હવે આપણી તરફદારી કરી રહ્યો છે ત્યારે હું મારા ધર્મ બાંધવોને પ્રાર્થના કરું છું કે આપણા પૂર્વજોએ કોઈ બૂરું કામ નથી કર્યું પણ બીજાઓને બુરાઈઓમાંથી છોડાવવાનું જ કામ કર્યું છે. એથી એ વિચારને આગળ કરીને એવું વાતાવરણ જમાવો કે ખોટા આરોપો મૂકવાની કોઈની હિંમત જ ન ચાલે. તેમ જ જેઓ આરોપ લગાડી ચૂકચા છે એમનો અવાજ પણ બોદો બની જાય. પ્રતિકાર કરવાનો આ જ એક માત્ર સારો રસ્તો છે. પણ એ ત્યારે જ બને કે જ્યારે આપણે ગુરુભાવ (Superiority Complex)થી પ્રેરિત બની જાગી ઊઠીએ, અને ફરી વીર્ય પ્રગટાવી તેજસ્વી અને પ્રભાવ-શાળી બની રહીએ. પણ એ માટે આપણે દૃઢ સંકલ્પ પેદા કરવો પડશે, અને શાસનગૌરવની અસ્મિતાને પણ પૂરી માત્રામાં પ્રગટાવવી પડશે.

अेक बात और भी कहनी पडती है कि मंदिर—मूर्तिपूजा—उत्सव—महोत्सवादि कार्यक्रमों का हेतु जीवन को विशुद्ध बनानेके लिये हैं, चेतना को जगानेके लिये हैं—ज्ञान और शक्ति को प्राप्त करनेके लिये है परंतु जब धर्म उसीमें ही समाप्त हो जाता है तब हमारी गति रुक जाती है—विकास स्थगित हो जाता है।

हमें तो धर्म का सारे विश्व में प्रचार करना है और इसके लिये साहित्यका प्रचार भी नये ढंगसे करना है और तूटते हुअे समाजको भी खडा करना है—सशक्त बनाना है; और तब ही धर्ममें एक नया तेज–नया जोश प्रगटेगा। बाकी सिर्फ पूजा—महोत्सवों से न कोई धर्म टिकता है—न उसका प्रभाव फैलता है।

**अंतिम विजय की आशा :**

इसलिये जो धर्म की प्रभावना करनी हो, भगवान महावीर के अमर संदेश को जग प्रचारित करना हो तो हमें ज्ञान बढाना होगा, शक्ति बढानी होगी, चारित्र बढाना होगा और संकल्पको भी बढाना होगा। और तब ही भय, शर्म, कायरता और लघुभाव जैसी–समाजमें फैली हुई कमजोरियाँ नष्ट होगी और तब ही हमारा प्रभाव बढता रहेगा।

आज तो सिर्फ दिल की यही भावना है परंतु जब यही भावना एक दिन साकार बनेगी तब छाये हुए अंधार बादल हटकर नयी रोशनी हमें उज्ज्वल बनायेगी और तब ही हमारा विजय प्रस्थान फिरसे शुरू होगा और महावीरके शासनकी धर्मपताका एक दिन समग्र विश्व में लहराने लग जायगी।

આથી ફરીને છેલ્લે ભારપૂર્વક હું મારા સાધર્મી બંધુઓના મનમાં એ ઠસાવવા માંગુ છું કે અહિંસાની દૃષ્ટિએ યોગ્ય જવાબો આપવા છતાં આપણે આપણી વાત પંડિતોને ગળે ઉતરાવી શકતા નહોતા તે માટે કારણ એ હતું કે એક તો મહાવીર યુગની પ્રાચીન ભાષા—કે જે એનાથી યે ઘણા પ્રાચીન કાળમાં જ્યારે ભક્ષ્યાભક્ષ્યનો પ્રશ્ન જ ઊઠ્યો નહોતો ત્યારે માંસ અને વનસ્પતિ બંને અર્થોમાં વપરાતી ભાષામાંથી જ એ ઊતરી આવી હતી, જોકે પાછળથી ભક્ષ્યાભક્ષ્યનો પ્રશ્ન ઊઠ્યા બાદ વનસ્પતિ અને માંસપરક બંને જાતના અર્થોને સૂચવવા શબ્દોને હવે એક યા બીજા વર્ગમાં સ્થિર કરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હતી પણ **આગમોની ભાષા ત્યારે સ્થિર બની**

**ગઈ હોઈ આજની દૃષ્ટિએ માંસવાચક જ રહી ગઈ. આ ગૂંચવાડો મટાડવા સ્પષ્ટતા માટે ટીકાગ્રંથો રચાયા. પણ દુષ્કાળને કારણે એ નષ્ટ થયા.** અધૂરામાં પૂરું પતિત સાધકોએ ભળતા અર્થો કરી ખેલ બગાડ્યો અને તેમાં પણ વળી શાસનહિતને નજરમાં રાખી એવાઓને સમાવી લેવા—સુધારવા એમને નવા મનગમતા પાઠો આપ્યા. જેથી વળી શંકાને ફરી નવું બળ મળવા લાગ્યું ને આનો રંગ વળી આચાર્યોની ટીકાઓમાં પણ ઊતરી આવ્યો. પછી શું બાકી રહે ? જોકે એથી એક બાજુ સૂક્ષ્મ અહિંસા ધર્મ અને બીજી બાજુ માંસાહાર એ બેનો કદી મેળ જ મળતો નહોતો, આથી આ કોયડો દિનભર દિન ગૂંચાયે જ જતો હતો. જેથી 'પરંપરાએ સૂક્ષ્મ અહિંસા પાલનના ધર્મ પર જ ભાર મૂકયો અને પંડિતોએ શબ્દોને પકડી રાખ્યા. પણ **ન કોઈએ આ પ્રશ્નનું વિશ્લેષણ કર્યું, ન કોઈએ સંશોધન કર્યું, ન કોઈએ ઇતિહાસ શોધ્યો કે ન કોઈએ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ ખોજ કરી. આથી આ પ્રશ્ન મૂળમાં જ ગૂંચાયેલો હોઈ જીવનની પરમ વિશુદ્ધતા હોવા છતાં પ્રગટેલા ગૂંચવાડાથી આપણે પોતે જ સાશંક હતા–મૂંઝાયેલા હતા.**

પણ હવે આ પાઠોનું રહસ્ય પ્રગટ થવાથી તથા અસલી રહસ્ય હાથ લાગવાથી આપણી મૂંઝવણ મટી જશે. દીનતા અને લઘુતાની ગ્રંથિ છૂટી જશે. સાશંકતા નિર્મૂળ થશે. ભ્રમણાઓ ભાગી જશે. ડર–શરમ પણ ચાલ્યાં જશે. એટલું જ નહીં, કરોડોની સંખ્યાને માંસાહારના દોષમાંથી ઉગારી લીધી હોઈ એના ગૌરવભર્યા ઇતિહાસને કારણે આપણામાં એક પ્રકારનું ગૌરવ તેજ પ્રગટી ઊઠશે, સાથે વિજય પ્રાપ્ત કર્યાનો આત્મસંતોષભર્યો ગર્વ પણ પેદા થશે. એથી ઉન્નત મસ્તકે અને ગૌરવભરી તેજસ્વી ભાષામાં જગતને પડકાર કરીને જૈન ધર્મના ઉદાત્ત દૃષ્ટિકોણને સમજવાનું આહ્વાન આપો; ભલે પછી પંડિતોને આપણી વાત ગળે ઊતરે કે ન ઊતરે અને એની

ચિંતા કે પરવા રાખવાની પણ હવે કશી જ જરૂર નથી. બાકી આપણે પોતે જ આ બધી મૂંઝવણોમાંથી મુક્ત બની હવે જે નિર્ભયતા, નીડરતા અને નિઃશંકતા પ્રાપ્ત કરી હળવા બની રહ્યા છીએ એ જ આપણો એક મહાન વિજય છે.

એથી છેલ્લે આશા રાખું છું કે મેં પ્રગટ કરેલો આ ગૂઢ સમસ્યાનો ભેદ યથાતથ્ય હોય અને તે માન્ય થવા યોગ્ય હોય તો એ ખાસ જરૂરનું લાગે છે કે આ સમસ્યાનો ભેદ સર્વત્ર ભિન્ન ભિન્ન ભાષાઓમાં પ્રચારિત થવો જોઈએ, અને તો જ કરવામાં આવેલા આક્ષેપો કેવા ખોટા હતા–વિમાર્ગે દોરનારા હતા, સાથે જૈન ધર્મની કલ્યાણ ભાવના કેવી ઉદ્દાત અને ભવ્ય હતી–એ પણ જગત જાણી શકશે.

તા. ૧–૧–૬૬

રાજેન્દ્રગૃહ ભંડાર, શાહ રતિલાલ મફાભાઈ

માંડલ (જિ. અમદાવાદ).

# લેખકનાં અન્ય પુસ્તકો

**નામ** **પ્રકાશક**

(૧) **ત્રિશલાનંદન મહાવીર :** સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય—અમદાવાદ (પાના ૧૨૫) જૈનેતર વિદ્યાર્થીઓને નજર સમક્ષ રાખી લખાયેલું પુસ્તક.

(૨) **અષ્ટ મંગલ :** "જૈન" કાર્યાલય ભાવનગર (સૌરાષ્ટ્ર) (પાના ૧૨૦) જૈન ધર્મની આઠ મૌલિક કથાઓ.

(૩) **ભગવાન મહાવીર અને માંસાહાર :** સિદ્ધહેમ સભા—પાટણ (ઉ. ગુજરાત) (પાના–૧૦૮) ભગવાન મહાવીર પ્રત્યે થયેલા માંસાહારના આરોપ અંગે ૩૪ દલીલો દ્વારા પ્રમાણો સાથે અપાયેલો જવાબ.

(૪) **મારા જીવનનાં સંસ્મરણો :** જૈન યુવક સંઘ—મુંબઈ (પાના ૬૫)

(૫) **ચમત્કાર અને વહેમો :** અરવિંદ લીલચંદ શાહ, (ધૂની) માંડલ (જિ. અમદાવાદ) (પાના ૧૦૦) જેની ૧૦૦૦ પ્રતો ૪ માંસમાં જ ખપી ગઈ.

ઉપરના પાંચે પુસ્તકોની એક પણ કોપી સિલકમાં રહી નથી.

# લેખકનાં અન્ય અપ્રકટ પુસ્તકો

(૬) **મખવાણનો ઇતિહાસ :** જૂના ઝાલાવાડનો અર્થાત્ માંડલ–પાટડી–વિરમગામ તથા ધ્રાંગધ્રા પ્રદેશનો ૧૩૦૦ વર્ષનો કડીબંધ ઇતિહાસ. પાના આશરે ૨૫૦ (૧૫–૨૦ ચિત્રો સાથે છપાઈ રહ્યો છે)

(૭) **માંડલના ઇતિહાસની શૌર્ય–રસભરી કુરબાનીની કથાઓ:** શિલાલેખો ઉપરથી સંશોધિત કરેલી તેમ જ ઇતિહાસ પ્રાપ્ત કથાઓ–આશરે પાના ૧૦૦–૧૨૫

(૮) **સોળ ગ્રામ્યસતીઓ :** ગ્રામ્યજીવનની અભણ નારીઓના ત્યાગ—બલિદાનની ૧૬ પ્રેરણાદાયી સત્ય ઘટનાઓ–પાના આશરે ૧૦૦–૧૨૫

(૯) **બાળકોની સંસ્કાર કથાઓ** : મારા ૪૨ વર્ષના શિક્ષક તરીકેના જીવન દરમ્યાન–વિદ્યાર્થીઓના જીવનમાં બનેલી સત્ય ઘટનાઓને ગૂંથતી કથાઓ—આશરે પાના ૭૫.

(૧૦) **બાળકોની ઘડતર કથાઓ :** ઉપર મુજબ જ વીણેલી સત્ય ઘટનાઓ આશરે પાના ૭૫

(૧૧) **ભગવાન મહાવીરના ઉપદેશ વચનો :** આજના યુગને અનુરૂપ—આજની સમસ્યાઓને હલ કરે તેવા–ભગવાનના મૌલિક વિચારો વ્યક્ત કરતા ઉપદેશ વચનોનો સંગ્રહ —પાના ૨૫

(૧૨) **ભગવાન મહાવીરની ઉપદેશ ધારા :** પુના તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ યોજિત સ્પર્ધામાં ૨૨૭ લેખકોમાં પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત નિબંધ—આશરે પાના ૨૦ (જે તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ –પુના નજીકમાં પ્રસિદ્ધ કરશે)

(૧૩) **જૈન ધર્મની ગૌરવ ગાથાઓ :** આજ સુધી રહેલી કેટલીક અપ્રગટ કથાઓ પાના ૧૨૦ થી ૧૩૦

(૧૪) **જૈનધર્મની બલિદાન કથાઓ :** આ જાતની કથાઓ આજ સુધી લખાઈ જ નથી પાના ૧૨૦ થી ૧૩૦

(૧૫) **જૈનધર્મની ક્રાંતિકથાઓ :** જૈન સંપ્રદાયે પકવેલા ક્રાંતિકારી-ઓની અદ્ભૂત કહાનીઓ પાના ૧૨૦ થી ૧૩૦

(૧૬) **ભગવાન મહાવીર અને તેમના અંતેવાસીઓ :** ભગવાનના સળંગ ચરિત્રને કથાઓ દ્વારા ગૂંથી લેવામાં આવેલું છે. પાના ૧૨૦ થી ૧૩૦

આ પુસ્તક–યશોવિજયજી જૈન ગ્રંથમાળા–ભાવનગર તરફથી

પ્રસિદ્ધ કરવા જાણીતા સાહિત્યકાર શ્રી જયભિખ્ખુએ રાખી લીધું છે.

(૧૭) **બાલ મહાવીર કાંડ :** ૪૫૬ હિંદી કાવ્યો સાથે ગુજરાતીમાં—ભગવાનના બાળજીવનની ૪૪ કથાઓ ભગવાનના ઉત્તરોત્તર જીવન વિકાસને અનુરૂપ ઘટનાઓથી ગૂંથી લેવામાં આવી છે. આ કોઈ શાસ્ત્રીય ચારિત્ર નથી પણ એક ભક્તની દૃષ્ટિએ લખાયેલું ભગવાનના ૨૦ વર્ષ સુધીનું જ ચરિત્ર છે. પાના ૨૨૫ થી ૨૫૦

(૧૮) **'જૈનધર્મ અને માંસાહાર પરિહાર' :** નો હિંદી અનુવાદ.

(૧૯) **જૈનધર્મ અને સંઘ :** ૩૫૦ થી ૩૭૫ પાનાનો આ ગ્રંથ મારા અધ્યનના નિચોડરૂપ છે. ભગવાનનું જીવન, જૈન તત્ત્વજ્ઞાન—જૈન ધર્મના મૌલિક સિદ્ધાંતો પર લખાયેલા ૪૪ પ્રકરણો, જૈન ધર્મનો ઇતિહાસ, આચારવિચાર, માન્યતાઓ, મંદિર, ઉપાશ્રયો, ગચ્છો, ફિરકાઓ, સામાજિક વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ ઉપરાંત જગતમાં ચાલતા ૪૦ જેટલા ધર્મો તથા મહાન ચિંતકોના વિચારોની રૂપ-રેખા સાથે અનેક વિષયો તથા માહિતીઓથી ભરપુર આ એક જ ગ્રંથ એક સામાન્ય જૈનેતર વાંચી જૈન ધર્મ—સમાજ તથા આચારવિચારો વિષે પૂર્ણ ખ્યાલ મેળવી શકશે. ઉપરાંત એ તુલનાત્મક દૃષ્ટિથી લખાયેલો હોઈ પાઠ્યપુસ્તક તરીકે પણ એ ચાલી શકે તેમ છે.

તા. ક. જેમ જેમ આર્થિક અનુકૂળતાઓ સાંપડતી જશે યા કોઈ સાહિત્ય સંસ્થા સહાય કરશે તેમ તેમ એ પુસ્તકો પ્રસિદ્ધ કરવાની આશા રાખું છું. સાથે 'ભગવાન મહાવીરની જાતક કથાઓ' તથા સત્યનારાયણની કથાની જેમ 'મંગલ કથા' પણ લખવા ઇચ્છું છું. પણ એ સંયોગો—સહાય અને શારીરિક સ્વાસ્થ્ય પર આધારિત છે.